નીવી વિગય નવ એગ બિઆસણ, આંબિલ આઠ આગાર જી;
છ પાણસ ચાર ચરિમ પચ્ચખાણઇ, એ આગમ વિચાર જી,
મન સુધઇ આરાધો ભવિકા, જિમ પામો ભવપાર જી. ૩

અરિહંતદેવ અહનિશ આરાધઈ, સાધુતણઇ ગુણઇ રંજઇ જી,
ધર્મધ્યાન ધરઇ જિન ભાખ્યો, દુઃકૃત દુરિત નિકંદઈ જી;
તેહતણા તું વિઘન નિવારઇ, તું દુરિતારીદેવી જી,
વિબુધવિજય સૌભાગ્યઇ સમરી, જિનચરણામ્બુજ સેવીજી. ૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

+ ૩ ( રાગઃ—શત્રુંજયમંડન ઋષભજિણંદ દયાલ )

સંભવજિન સુપરે, ભજો ભગવંત ભૂપાલ,
સાવત્થીપુરી સોહ્યા, મોહ્યા સેનામાત મલ્હાર;
જિતારીનૃપનંદન અશ્વલંછન અતિ ઓપે,
પંચમી દિન પ્રગટ્યો, કેવલ કારણ જિન જોપે. ૧

ત્રીજા ત્રિભુવન તાહરી, આશ ધરું અહોનિશ,
જુગતે જયું જુહારું, સમેતશિખર સિદ્ધ વીશ;
ભોલા ભાલે ભવિ લોકો, ભાલ્યો નરભવ ભાગે,
પ્રત્યક્ષ પ્રભુ પય લાગું, ભવે અબ આયો લાગે. ૨

સમોસરણે સંભવજિન, વાણી પાંત્રીસ ગુણે ગાજે,
બાર પરખદા પૂરી, છત્ર ચામર ચિહું છાજે;
વાજે દુંદુભિ વાજા, ઇન્દ્રધ્વજ ઇન્દ્ર ધરાવે,
પ્રાતિહાર્યે પ્રભાવિક, દ્વાદશ ગુણ એ કહાવે. ૩

યક્ષ તિમુહ જોરાવર, દુરિતારી પરતા પૂરે,
સંઘ સંકટ હરતો, ઝગડા કરમને ઝૂરે;
પંડિતમાં પંડિત, અખંડ ધરે સહુ આણ,
રત્નવિજયની રચના, વનીતવિજયની વાણ. ૪

---

+ ૪

ક્ષેત્રને પરભાવિ દુઃખીયા જીવ કુગતિ હોય,
જિન ગર્ભ જન્મકલ્યાણક અવસરિ તેહિ સુખીયા હોય;
તિણહ કારણે નામ સંભવ જયો જગિ જયકાર,
ધ્યેય ધ્યાતા ધ્યાનતત્ત્વે ભવનો કરતાર. ૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઋષભાદિ જિન ચોવીશ એકાણિ(વ ?)સર્પણી ઇણમાંહિ,
અનભેદશાસન સકલ અતિશય ભિન્નતા કછુ નાહિ;
નાણ દંસણ ચરણ વીરજ વચનિ વસ્તુ સન્માન,
ચરણ વંદનતણો ફલ ઇહ લહે શિવપદ ઠાન. ૨
પરભાવ રજની તિમિર માતી ફૈલી રહી ચિહું કોરે,
છીનમાંજી નસીહીએ તિહારે જિનવયણા રવિ કરી જોરી;
તત્ત્વ જાણી પીછાણી નિજ પરરમણતા થિર જાસ,
ઉપકાર આગમ એહ ઓલખી ચરણ કરણ વિનાશ. ૩
શ્રૃંખલાયુધ ધર્યાં શાસન દુરતિહરણી દેવી,
દુરિતારી પારી ઉતારી સેવક ભકિત વશી નિતમેવી;
કનકવરણી કમલસજ્જાશાયની સુખદાય,
શ્યામસાગર શીશ જંપે દ્યે સુજ્ઞાન સહાય. ૪

## તલોદ(સાબરકાંઠા)મંડનશ્રીસંભવજિનસ્તુતિ

+ ૧ ( રાગઃ–રઘુપતિ રાઘવ રાજા રામ. )

તલોદમંડન સંભવનાથ, મુગતિપુરીનઉ સૂધઉ સાથ;
પ્રહિ ઊઠી ભવિયાં નિત નમઉ, પાપપંક હેલા નીગમઉ. ૧
ચઉવીસઇ જિનવર અતિ ચંગ, પૂજઉ ભવિયાં આણી રંગ;
જિનવર પૂજઇ વંછિત ફલઇ, સંપદ સઘલી આવી મિલઇ. ૨
મદ મત્સર માયા પરિહરું, જિનવરવાણી હિયડઈ ધરું;
ગણધર ગુંથિત આગમસાર, તે સુણતાં લહઇ ભવપાર. ૩
એકમના જે સમરઇ નામ, તેહનાં વંછિત સીઝઇ કામ;
શાસનદેવી સંકટહરુ, કીર્તિવિમલ કહઇ મંગલકરુ. ૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રીઅભિનંદનજિનસ્તુતિઓ

૧ ( રાગઃ-શંખેશ્વરપાસજી પૂજીયે. )

અભિનંદન ચંદન વંદીયે, ભવના સવિ તાપ હરીજી યે,
શિવસંપત્તિ કરગત કંજીયે, નિજ સમકિત શુદ્ધ કરીજી યે. ૧

સેવા જસ ચોવીશ[1] દેવ કરે, એહવા જિન ચોવીશ ચિત્ત હરે;
નવ મંગલમાલ કરે, દેવાધિદેવ જો ચિત્ત ધરે. ૨

રૂડો છે જ્ઞાનપ્રકાશ ખરો, દિલમાં લઇ તમે મોહ હરો;
જ્ઞાને સવિ ઉજ્જવલ ગુણ કહ્યા, નંદી ગુણથી ભવપાર લહ્યા. ૩

અભિનંદન ચરણની સેવ કરે, શાસનપ્રેમીના વિઘ્ન હરે;
જે ધનુષ તોમર હાથ ધરે, નિજ આત્મકમલમાં લબ્ધિ ધરે. ૪

---

+ ૨ ( રાગઃ-શત્રુંજયમંડન ઋષભજિણંદ દયાલ. )

ચિહુંગતિ વારણ કારણ કઠિન કરમ નિરમૂલ,
ભવિયણ શિવસાધન એકરસી અનુકૂલ;
અભિનંદન વદન વંદન પર કરતાર,
દરસણ સમ્યક્‌દાઇ [2]છિઇ દુરતિ વિકાર. ૧

ચિહું તીરથ થાપક કાપક સકલ કલેશ,
ઋષભાદિક ચોવીસું મુનિમનકમલ દિણેશ;
સબ ગાયક લાયક નાયક નય નિરબાધ,
સાધક ગુણસાધન આરાધિક અગાધ. ૨

---

૧ શ્રમણસૂત્રે-चउव्वीसाए देवेहिं । ૨ તિરસ્કાર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચાર કષાયે પૂરીથી રાગાદિકનો ખેત,
ઈમ ભાખ્યો જિનવર મોહ કરમ પર હેત;
આગમ અંજન અંજ એ ભરમ તિમિર દે નાશ,
ઈન સરધાએ સરધે આતમતત્ત્વ પ્રકાશ. ૩
રોહિણિ ગુણરોહણ-ભૂધર ભવિયણ માની,
શાસનની હિતકારિણી દુષ્ટ દમન અ વિધાની;
ધનુ તોમર કરધારિણી વંછિત પૂરણ [1]હીરી,
શ્યામસાગરપદ સેવક ભગતિ સુજ્ઞાન વિહારી. ૪

## શ્રીસુમતિજિનસ્તુતિઓ

૧ (રાગઃ-સુમતિ સ્વર્ગ દીયે અસુમંતને).

સુમતિ વંદન કંદન કર્મનું, સુમતિસ્થાન દીયે શિવશર્મનું;
સકલ લક્ષ્મી નિવાસ એ પદ્મનું, શરણું હયો એ સદા સુખ સદ્મનું. ૧
ઋષભ આદિ જિનેશ્વર ધ્યાઈએ, ગુણ ગણો ભવિ તો બહુ પાઈએ;
કરમ આઠ હરી શિવ જાઈએ, આતમરૂપ સુગંગમાં નાહીએ. ૨
જગતિ જ્ઞાન મહોજ્જવલકારકં, અશુભ કર્મના વાર વિદારકં;
હૃદયદાહક મોહવિનાશકં, જગતતત્ત્વ સમસ્ત પ્રભાસકં. ૩
હરતી શાસનવિઘ્ન સુકાલિકા, કરતી સેવ સદા શિવતાલિકા[2];
ભવતુ નામથી મંગલમાલિકા, જિનથી જાસ સુલબ્ધિ દીવાલીકા. ૪

+૨ (રાગ :-વીરજિનેસર અતિ અલવેસર)

સુમતિજિનેસર અતિ અલવેસર, આશ ધરું અવિનાશી જી,
કોશલ્લાનગરીએ કહાયો, મેઘરાય રવિ ભાસી જી;

૧ એક જાતનું રત્ન. ૨ કુંચી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મંગલામાત સુજાત મલાવ્યો, બીજ દિને જિન જાયો જી,
હરખે કુમરી છપ્પન હુલરાયો, ઈન્દ્રાદિક ગુણથી ગાયો જી. ૧

ગુણ સુમતિ અહે લહે મુક્તિ, પ્રવચને સાચું કે સુણું જી,
અવિનાશી અરજ અવધારી, અનુભવરસમાં સ્યું ઊણું જી;
ગુણ અનંત ગિરુઆના ગાજે, લોક ચઉદ જિનરાજે જી,
પાંચમા સુમતિ પાંચે ત્રિણ ગુપ્તિ, આવે આપો પ્રવચન છાજે જી. ૨

પંચ પરમેષ્ઠિ જ્ઞાનાદિક પાંચે, જિનકલ્પી જિનરાજે જી,
પાંચમા પંચ મિથ્યાત્વ પ્રજાલી, કૌંચલંછનથી વિરાજે જી;
પ્રભુપંચમી ગતિ પોંહચે પોંહચાડે, વિરૂઆ વિષય વિરામે જી,
અચલ નિર્મલ કેવલ દુજે, બીજે સુમતે સિદ્ધ પાવે જી. ૩

ત્રિવંકો ત્રિભુવન યક્ષ તુંબર, બલીયો સંઘને સહાજે જી,
દેવી કાલી રઢીઆળી રૂપાળી, રમઝમ નેઉરી નિવાજે જી;
જિનશાસન આસન અધિકારી, સુમતિ ભગતિ ભલી ભાલી જી,
પંડિતરત્ન પસાયે ઈમ પભણે, વનીતની વાણી રસાલી જી. ૪

---

+ ૩

કુમતિકેલીઅખંધકંધકાટણસુથારં,
જગબંધવ અમલીન જ્ઞાન શિવપદ ઉપચારં;
સુમતિ સુમતિનિધાન યાન ભવજલધિ પ્રતારણં,
પુરુષોત્તમ પરધાન પુન્ય પરમારથ કારણં. ૧
જિન ચોવીસહ તત્ત્વજ્ઞાન પરમાણુ પ્રકાસી,
અતિશય અદ્ભુત એક રંગિ ભિન્નતા બહુ ભાસી;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કારણુ કારિજ રૂપ મૂલ એહવો નહિ ઓરે,
જિમ ભૃંગી સમ હોય ભૃંગ કરી કૃમિ સજોરે. ૨

ગ્યારહ અંગ ઉપાંગ બાર ષટ્ છેદ સુભાષા,
પયન્ના દશ ચાર મૂલ સૂત્રહ સુભિલાષા;
નંદી અરૂ અનુયોગદ્વાર જૈનઆગમ વાણી,
સરધા ભવિયણુ શુદ્ધ સિદ્ધિ શિવઋદ્ધિ વખાણી. ૩

સજલઘન જિમ **શ્યામ** રંગ તનુ તેહા દીપે,
હાથી ગદા ધરી દુષ્ટ કષ્ટદાયક દલ જીપે;
**મહાકાલી** મહાતેજપુંજ શાસન રખવાલી,
દરસણુ [અ]પૂર્વ **સુજ્ઞાન** દાનદાયક મરછરાલી. ૪

## શ્રીપદ્મપ્રભજિનસ્તુતિઓ

+૧ (રાગઃ—વીરજિનેશ્વર અતિ અલવેસર)

કમલલંછન પદમાસન પૂરી, પૂજો પદ્મપ્રભ પાયા જી,
નગરી કોસંબી નિરૂપમ નીરખી, ધરામંડણુ ધરરાયા જી;
કરે ઉદ્યોતકરણુ રવિ કુ તેમ, સુશ્રીમામાત સુહાયા જી,
જન્મ મહોચ્છવ ઇન્દ્ર સુર ઓચ્છવ, છપ્પન લલનાઇ લડાયા જી. ૧

પંચ કલ્યાણુક ઇણિ પરે પૂજે, કર્મ કઠિન કરે દૂરે જી,
સમોવસરણુ સોહાવિત સુર નર, ભેર ભૂંગલ ભવિ પૂરે જી;
દિસો દિસ દુંદુભિ શબ્દ દેવાદિક, મહામદ અઠ ભડ ભૂરે જી,
નવ નવા નાટિક નર સુર નારી, ચ્યવન ચોરાશી લકખ ચૂરે જી. ૨

પદમનામી કમલ પદ્મદ્રહ, વિકસિત જ્ઞાન વિલાસી જી,
જ્ઞાન ધ્યાન નિર્વિષ નિશ્ચલસે, અચલ અથિરસે ઉદાસી જી;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રવિ શશી કમલ વિકાસિત વનમેં, નાભિકમલ તન મનમેં જી,
જેમ વિકસે વિવહારી પંકજ, ત્રિભુવન ઘટપટ તનમેં જી. ૩
જેહથી લીલા અક્ષરે અનુમોદું, ધરમીજનને ધરવી જી,
**કુસુમ** યક્ષ **મહાકાલી** માડી, શાસન સાનિધ કરવી જી;
નિરંજનનાથ સમેતગિરિ સિદ્ધા, રકતવરણે રૂપાલી જી,
પંડિત **રત્નવિજય** પાયરેણુ, ગુણ ગાયે **વનીત** રસાલી જી. ૪

---

## બાલશાસનમંડનશ્રીપદ્મપ્રભજિનસ્તુતિ

+ ૧ ( રાગઃ—વીરજિનેશ્વર અતિ અલવેસર. )

ચુંમાલદેશે ભોયણી પાસે, **બાલશાસન** ખૂબ સોહેજી,
પદ્મપ્રભના દર્શન કરતાં, ભવિજન મનડાં મોહેજી;
બિંબશુદ્ધિ અતિ નિર્મલ નીરખી, મુનિજન ખૂબ વખાણેજી,
બાલપણે મુજ દર્શન આપી, મૂકયો શિવસુખ વ્હાણેજી. ૧
રાંતેજે નેમનાથ બિરાજે, તસ પાસે ખૂબ છાજેજી,
પાટણ પંચાસર પ્રભુ પાસે, આશા પૂરે શિવકાજે જી;
શંખેશ્વર અલબેલો પારસ, પાસ નિકટ ખૂબ ગાજે જી,
જોટાણે શ્રીવીર દીવાજે, દરસનથી દુઃખ દાઝે જી. ૨
પદ્મપ્રભ મુજ આનંદકારી, ચંદ્ર ચકોર નિહારી જી,
વાણી જેમની મન હરનારી, શિવસંપત્ કરનારી જી;
જે ભવિ સાંભલે અદ્દ્ભુતકારી, તે થાયે શિવચારી જી,
ધન ધન એ વાણી ગુણખાણી, થયાં ચતુષ્ટયધારી જી. ૩
શાસનવિઘ્ન હરે **મહાકાલી**, ધ્રૂજે હાલીમવાલીજી,
ધરમીજનની તે રખવાલી, સૌમ્યદષ્ટિએ ભાલી જી;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનંત પુણ્યોદય જસ જાણો, સેવા કરે [1]નિરાલી જી,
આત્મકમલમાં જિનવર સેવે, લબ્ધિ નિત્ય દીવાલી જી. ૪

## નાડોલ(મારવાડ)મંડનશ્રીપદ્મપ્રભજિનસ્તુતિ

+ ૧ ( રાગ:-વીરજિનેશ્વર અતિ અલવેસર )

નાડુલમંડન પાપવિહંડણ, પદ્મપ્રભજિનરાયા જી,
નયન કમલ દલ અતિરૂડી અનોપમ, ભવિજનને મન ભાયા જી;
ધનુષ અઢીસેં રાતે વરણે, કમલલંછન પ્રભુ પાયા જી,
સકલ સુરાસુર નર વિદ્યાધર, પૂજે પ્રણમે પાયા જી. ૧

પાંચ મહાવિદેહમાંહે, વિહરમાન જિન વીશો જી,
પાંચ ભરત ને ઐરવત, જગજીવન જગદીશો જી;
અતીત અનાગત ને વર્તમાન, હોઇ ચોવીસી નીસેસો જી,
સરગ મૃત્યુ પાતાલે જિનહર, તેહ નમું જગદીશો જી. ૨

સુમતિ ગુપતિ સોહેલે સાધે, પ્રણમે સંજમકારી જી,
ઘાતીકરમનો ઘાત કરીને, હુઆ કેવલનાણી જી;
ચૌમુખ ચૌવિધ ધરમ પ્રકાસે, ભવિજીવને હિત આણી જી,
કરમ ખપાવી જુગતે પુહતા, પામ્યા શિવસુખ ખાણી જી. ૩

શ્રીપદ્મપ્રભ પદપંકજ સમરો, કુસુમજક્ષ સુખકારો જી,
ચીર ચુંદડી ચોલી ચરણા, પહિરી નવસરહારો જી;
શાસન સાંનિધકારી સામી, વિઘન વિશેષે વારી જી,
શ્રીરૂપવિજય પ્રભુ ચરણપસાઇ, મુનિ માણેક જયકારીજી. ૪

---

૧ અનુપમ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રીસુપાર્શ્વજિનસ્તુતિઓ

+ ( રાગ :—વીરજિનેશ્વર અતિ અલવેસર )

સ્વસ્તિકલંછન મંગલિક મૂરત, પારસમણી ગુણે ભરીયાજી,
નિરૂપમ નિશ્ચલ નવમે ગ્રૈવક, અષ્ટમીદિને અવતરીયાજી;
૧પતા પ્રતિષ્ઠ સુશિષ્ટ પ્રતાપી, મા પૃથવીઇ ઉધરીયાજી,
ઈન્દ્ર મહોચ્છવ મેરૂગિરિ ઓચ્છવ, હરખે છપ્પન હુલરીયાજી. ૧

સાતમા સુપાર્શ્વ વિષમ કર્મવારક, તારક ત્રિગડે ત્રિલોકીજી,
રત્નજડિત મંડિત જિનમાયા, અનંતજ્ઞાનતેં વિલોકીજી;
અષ્ટ પ્રતિહાર્ય પ્રવચન અડધારીજ, સેવિત સુર નર કોડીજી,
પરખદા બાર પ્રભુ આગલે બેસે, ભજતા ભવિક કરજોડીજી.

અષ્ટ કરમ [૧]વનિષ્ઠ મદ આઠે, શઠ અઠ ભડ ભવિ ભાગોજી,
શિવના સુખ લોભી લેવાને, નિશ્ચલ જિનપદ લાગોજી;
નિશ્ચલ પ્રીત ધરો પ્રભુ પ્રેમે, સંયમ ગ્રહણ સુખ સાધોજી,
નિરૂપમરમણી શિવગતિગમણી, વિદ્યા વિવિધ [૨]વિધ વાધોજી

પ્રગટ પ્રતાપ **માયંગયક્ષ** પૂરે દેવી **અચ્ચુઆ** દુઃખ દૂરેજી,
**સત્તકી** સહાજ કરે સહુ સંઘને, [૩]ચડવડી કરમ દુઃખ ચૂરેજી;
ઝગમગ જ્યોતિ પ્રદ્યોતિ જિનેશ્વર, સમેતશિખર શિવ સાધ્યોજી,
પંડિત **રત્ન** પસાઈ પ્રભુતા, **વનીતનો** જગ જશ વાધ્યોજી. ૪

---

૧ અત્યંત યાચના કરનાર. ૨ રીતે. ૩ ચટપટી-તાબડતોબ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# માંડવગઢમંડનશ્રીસુપાર્શ્વજિનસ્તુતિઓ

+ ૧ ( રાગ :–વરસ દિવસમાં અષાઢ ચોમાસું )

સકલ સુરાસુર નરવર રાયા, ભાવ ધરી પ્રણમે પ્રભુ પાયા,
સચિવાદિક ગુણ ગાયા,
**માંડવગઢ** સુપાસ સુહાયા, સુંદર મૂરતિ કંચન કાયા,
પેખી ભવિક લોભાયા;
તેજે શશધર સૂર સવાયા, ધન્ય દિવસ જિન! પુન્યે પાયા,
જન મન મોહ ન માયા,
છોડી ક્રોધ કપટ મદ માયા, પૂજો પ્રીત ધરી જિનરાયા,
પામી શિવસુખદાયા. ૧

અષ્ટાપદ અર્બુદ ગિરનાર, સમેતશિખર શેત્રુંજ સુસાર,
સુખસંપત્તિ ભંડાર,
નાગલોક સુરલોક [૧]આગારં, ઋષભાદિક જિનવર સુખકારં,
ભવજલ પડત આધારં;
બાવનાચંદન અગર ઉદારં, કસ્તુરી કેશર [૨]ઘનસારં,
પૂજો ભક્તિ અપારં,
અજિત મદન મદનો જેતારં, અષ્ટ કરમ અરિબલહંતારં,
સેવિત સુખદાતારં. ૨

શ્રીજિનવાણી અમીય સમાણી, સાર સિદ્ધાન્તે જે કહેવાણી,
ગણધરદેવ વખાણી,
ચાર હત્યાનો કારક પ્રાણી, આદરતાં સુખસંપત્તિ ખાણી,
અજ્ઞાણી થયો નાણી;

---

૧ મૂર્તિ. ૨ કપૂર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મુનિ મન માનસ હંસ સમાણી, તિર્યંગ નરય ગતિ મુંઝાણી,
જયવંતી જિનવાણી,
કુનય કુમતિ મતિ કેલી કૃપાણી, શિવમારગ [1]શિઢી સમ જાણી,
સાંભલતાં શિવરાણી. ૩

**શાન્તાદેવી** અતિ સુકુમાલી, જે જિનશાસનની રખવાલી,
સુખસંપત્તિની આલી,
ઝાંઝર ઘૂઘરડી ઘમકાલી, પહેર્યાં [2]ચરણાં[ણું?] ચીર[3] ને [4]ફાલી,
જાણે કે રાજમરાલી;
જે જિનમારગ શુદ્ધ સંભાલી, તપ જપ જ્ઞાન ક્રિયા ઉજવાલી
કાઢીયા તેરે ગાલી,
એહવા ભવિયણના ભય ટાળી, **ભોજવિમલ** બુધ [5]શીશ સુખાલી,
ઘો સંપત્તિ સુવિશાલી. ૪

---

+ ૨ ( રાગઃ—વીરજિનેશ્વર અતિ અલવેસર )

મનહ મનોરથ પૂરણ સમરથ, કલિયુગમાં અવતરીયો જી,
રૂપ અનોપમ કમલદલોપમ, નયન અમીરસ ભરીયો જી;
ભાવઠભંજન જનમનરંજન, ઉપશમરસનો દરીયો જી,
**માંડવગઢ**મંડન દુરિતવિહંડણ, કેવલ કમલા વરીયો જી. ૧

ચોવીશ જિનવર શિવસુખદાતા, પદ્મપ્રભ વાસુપૂજ્ય રાતા જી,
ઉજ્જલવરણાં ચંદ્રપ્રભ સુવિધિ, કૃષ્ણ મુનિ નેમ વિખ્યાતા જી;
મલ્લિનાથ પ્રભુ પાસજિનેસર, નીલરતન પરિ સોહે જી,
સોલસ કંચનવરણાં જિનવર, તે દેખી મન્ન મોહે જી. ૨

---

૧ શિઢી–નિસરણી. ૨ ઘાઘરો. ૩ સ્ત્રીઓનું એક રેશમી વસ્ત્ર. ૪ સાડી. ૫ રૂચિવિમલ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગંગ તરંગહ તીણીપરે નિરમલ, ઉજ્જલ કેવલનાણુ જી,
ત્રિગડે બેઠા ધર્મ જ દાખે, ભાખે ત્રિભુવન ભાણુ જી;
શ્રીજિનવાણી અમીય સમાણી, ગણુધર ગ્રન્થે વખાણી જી,
જગહિત જાણી ગુણુમણિખાણી, સુણુજ્યો ભવિજન પ્રાણી જી. ૩

**માતંગજક્ષ** ને **શાન્તાદેવી,** શાસન સાનિધકારી જી,
અંગવિભૂષણુ રચના સારી, કાને કુંડલ ધારી જી;
શ્રીસુપાસની અહનિશ સેવા, કરતી અતિ મનોહારી જી,
**શ્રીવિજયરાજવાચક** વર સેવક, **કીર્તિવિજય** જયકારી જી. ૪

---

૩ ( રાગઃ–શત્રુંજયમંડનઋષભજિણંદદયાલ )

**માંડવગઢમંડન** સુપાર્શ્વ જિન સુખ્યાત,
મોહવારક જિનવર આપે ભવિજન [૧]સાત;
દિનરાત સંભારું હરવા મોહની લાત,
ભવિજનના તારક આપે મુક્તિ [૨]સોગાત. ૧

આદીશ્વર આદિ ચોવીશ જિનવર સાર.
શ્રીભરતે ભરાવ્યાં દેહમાન અનુસાર;
જિન રંગ પ્રમાણે સાંભળી તાતની વાત,
પ્રણુમ્યા શ્રીગૌતમ લેવા શિવસુખ સાત. ૨

વિજ્ઞાન જીવનનું વાણી જિન બલિહારી,
અભિમુક્તિ વિહારી કર્મ કઠિન પ્રહારી;
મુનિ માસતુસ પરે ભવથી પાર ઉતારી,
સુખ આપે અનંતું ગણુધર જાસ પૂજારી. ૩

---

૧ સુખ. ૨ ભેટણું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેવી **અચ્ચુઆ** શાસનની રખવાલી,
સવિ વિઘ્ન હરેવી **માયંગસુર** સહચારી;
સુપાર્શ્વચરણુમાં ઉભય ભ્રમર વિહારી,
નિજ **આત્મકમલમાં લબ્ધિ** ગુણ દાતારી. ૪

## નાડલાઇમંડનશ્રીસુપાર્શ્વજિનસ્તુતિ

+ ૧ ( રાગઃ–વીરજિનેશ્વર અતિ અલવેસર )

નાડલાઈમાં નવ જિનવર જુહારો, શ્રીસુપાસ જિણંદો જી,
અષ્ટમીશશી સમ ભાલ વિરાજે, મુખ શારદકો ચંદો જી;
નયણ રંગીલે વયણ રસીલે, સાસોસાસ સુગંધો જી,
હીણખીણ [1]ગુહણ નવિ હોવઈ, **ઉદય** સદા અ ચંદો જી. ૧
બઈઠા સિંહતણે આકારઇ, અષ્ટાપદ જિણહર સાર જી,
સોલ તીર્થંકર કલ્યાણવરણા, કલ્યાણકરા નિરધાર જી;
ચંદ્રપ્રભ સુવિધિ દો ઉજ્જલ, પદ્મ વાસુપૂજ્ય રાતા જી,
મુનિ**માણેક** સુવ્રત નેમી દો સામલ, મલ્લિ પાર્શ્વ નીલા પાતા જી. ૨
આગમ અગમ અનોપમ સુણીનઇ, આતમને અજુઆલો જી,
હિંસા અલિક અદત્ત ને અબ્રહ્મ, પરિગ્રહ પરમાદ ટાલો જી;
જ્ઞાન દરસણ ચારિત્ર તપ વીરજ, પંચાચાર એ પાલો જી,
પંચમગતિ સાધત પંચમહાવ્રત, પાલી શિવપુર મ્હાલો જી. ૩
**માતંગ**યક્ષ મહિમંડલ મા'લઈ, જિનશાસન અજુઆલે જી,
દ્વેષીનો મદ મચ્છર ટાલે, ધરમીને પ્રતિપાલે જી;
**શાન્તા** શાન્તિ કરઈ ભવિજનનઇ, અહનિશ અતિ ઉજમાલ જી,
**રૂપવિજય** મુનિ**માણેક** પ્રભુનઇ, સેવી સુખ રસાલ જી. ૪

---

૧ ગ્રહણ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રીચંદ્રપ્રભજિનસ્તુતિઓ

+ ૧ (રાગઃ-વરસ દિવસમાં અષાઢચોમાસું)

આઠમા જિનવર વિજયથી આવ્યા, ચ્યવન ચઈત્રિવદિ પાંચમે ઠાયા,
પોષવદિ બારસે જિન જાયા,
ચંદ્રપુરી ચંદ્રપ્રભ ચિત્ત લાયા, માતા લખમણા લાડે લડાયા,
પિતા મહસેન મન ભાયા;
ઉજલી કાંત્યા લંછન શશી સોહે, સુર નર નારી ભવિક મન મોહે,
તરણતારણ એક તો હે,
મેરૂ પર છતે મહોચ્છવ મોટા, ઇન્દ્ર ચન્દ્ર નાગેન્દ્ર સુર છોટા,
ગાલે કરમ ખલ ખોટા. ૧
પોષવદિ તેરસે દીક્ષા દીપે, જૂનાં કર્મ વિકટ નટ જીપે,
મોહ મચ્છર મદ છીપે,
ફૂટડી ફાલ્ગુણતિથિ અજુઆલી, સાતમે કેવલ કર્મ પ્રજાલી,
પદવી તીર્થંકરની પાલી;
દેવાદિક ગતિ કોડાકોડી, સમોસરણ સુહાવે કરજોડી,
નાટિક વિવિધ મન મોડી,
દેવદુંદુભિના શબ્દ દીપાવે, ઘણુણુ ઘરંટ ઘૂઘરા ઘમકાવે,
અખંડ ધુન્ન વાજિંત્ર વજાવે. ૨
અશોકવૃક્ષ ને સુરપુષ્પવૃષ્ટિ, ઇન્દ્રધ્વજ સુ[ર]પતિ ધરે દૃષ્ટિ,
સઘલી સંપદ કરે સૃષ્ટિ,
સાધુ સાધ્વી ગણધર ગાજે, દેવ દેવીપતિ લી છાજે,
ભોગવે ચઉદલોક રાજે;
તિણ છત્ર તપે ત્રિભુવન્ન, હીરા રત્ન જડિત સુવન્ન,
વિવહારીક વસ્તડુ વૃન્ન,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિવહારીક ગુણ ગાંઠથી છૂટે, નિશ્ચે ભંડાર ભર્યો નવિ ખૂટે,
ભવ બેડી તડાતડ ત્રૂટે. ૩
પ્રવચન આઠે પ્રભુજી પાલે, **વિજયાયક્ષ** સંઘ સહુ રખવાલે,
**સંતાદેવી** શાસનદુઃખ ટાલે,
ફાલ્ગુણવિદ સાતમદિન સિદ્ધા, સમેતશિખરગિરિ પુહવી પ્રસિદ્ધા,
એ થોઈ કલ્યાણ પંચ કીધા;
પાંચમ સાતમ તેરસ બારસ, નિરૂપમ તિથિ એ કર્મ નિવારસ,
શુક્લ સાતમ જ્ઞાનધારસ,
એ પાંચે તિથિ પૂજે જિનપાયા, તપગચ્છ પંડિત રત્ન સવાયા,
**વનીતવિજય** ગુણ ગાયા. ૪

---

૨ (રાગઃ-શત્રુંજયમંડનઋષભજિણંદદયાલ)

અષ્ટમ જિનચંદ્ર ચંદ્રપુરી જસ ધામ,
સવિ કામ નિવારે લહીયે તેહનું નામ;
મતિ વિકસિત હોવે લેવા શિવપુર ઠામ,
જિન જિન ઈમ જપીયે, સેવા મુક્તિ આરામ. ૧
જિનરાજા તાજા મેવા અપરંપાર,
સુખદાયી ભવિના ભવના દુઃખહરનાર;
લેવા શિવનારી દૂર તાપ કરનાર,
નિક્ષેપા પૂજો પવિત્ર જેહના ચાર. ૨
ગુણ પાંત્રીશ વાણી ગાજે મેઘ સમાન,
અતિશય ચઉતીસા, ગુણમાંહે પ્રધાન;
ભવિ સંશય ટાળે, અજબ જિન વિજ્ઞાન,
ગુણખાણ મનોહર તાકે મુક્તિ નિશાન. ૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શાસનની રાગી શાન્તાદેવી સાર,
નિત્ય રૂમઝુમ કરતી આવે જિનદરબાર;
ગુણ ગાતી રાતી દુઃખ સંઘના હરનાર,
સુખસંપત્તિદાઈ પામે લબ્ધિ અપાર. ૪

## શ્રીસુવિધિજિનસ્તુતિ

+ ૧ (રાગઃ—શ્રાવણશુદિ દિન પંચમી એ.)

નવમા જિનવર નેહસું એ, લંછન મછ સુવિધિનાથ તો,
કાકંદીનગરી કહ્યો એ, પિતા સુગ્રીવ સનાથ તો;
રામા માતા રૂઅડાં એ, સુપન ચઉદ ગ્રહે સુધ તો,
ગર્ભપણે ગીરૂઆ ગુણે એ, ધર રિધ સિધ બહુ બુધ તો. ૧
ગજ વૃષભ સિંહ સૂંઢસું એ, ચોથે લખમી માય તો,
પંચમે પંચવર્ણ ફૂલની એ, માલા યુગમ મહકાય તો;
છઠ્ઠે ચંદ્ર ભજે ભલો એ, સાતમે રવિ દેવ દયાલ તો,
અડગ ધજા જે આઠમે એ, નવમે કલશ નિહાલ તો. ૨
દશમે પદ્મ સરોવરુ એ, ખીરસમુદ્ર અખૂટ તો,
બહુરૂપી વિમાન જે બારમે એ, તેરમે રત્ન અરૂઠતો;
ચઉદમે અગ્નિ પરજલે એ, જ્યોતિરૂપ જિનજી વિશાલ તો,
સુપન ગુણે સહુ સંથુણ્યોએ, ધર્મધ્વજ ધારી મયાલ તો. ૩
સમોસરણ પ્રાતિહાર્યશું એ, પ્રવચન આવે અંગ તો,
કોડાકોડી દેવ કલ્લોલથી એ, પૂરે જયાજક્ષ અભંગ તો;
જ્વાલાદેવી જિનશાસન સુરીએ, ઝગમગે રમઝમકાર તો,
સુવિધિ પ્રસાદે રત્ન દયાથકી એ, વનીતવિજય જયકાર તો. ૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રીશીતલજિનસ્તુતિઓ

૧ ( રાગઃ–પ્રહઊઠી વંદુ સિદ્ધચક્ર ગુણમાલ. )

શીતલ ગુણુકારક વારક કર્મ વિકાર,
શીતલજિન વંદો ભાવનાચંદન સાર;
ભવપાર થવાને નંદાકૂખ અવતાર,
દૃઢરથનૃપ સોહે જેહના તાત ઉદાર. ૧
ચોવીશજિન વંદી આનંદી ગુણુકાર,
મન વચ કાયાથી તેહની છાયા ધાર;
મુજ ભાગ્ય અનંતે ચોવીશ જિન દરબાર,
આવી ગહગહીયો પામ્યો સમક્તિસાર. ૨
શીતલગુણુકારી નાણુ તાપ હરનાર,
જિનવરનું ભાખ્યું જગમાં જ્યોતિકાર;
દિલદાર સદા યે ધાર ધાર ચિત્ત ધાર,
ધારી તુમ વારો કર્મ સકલનો ભાર. ૩
સેવક શ્રીબ્રહ્મ શીતલ સેવાકાર,
શાસનમાં શોભે સંઘ વિઘ્ન હરનાર;
સમકિતગુણુધારી હોવા ભવથી પાર,
ઇમ લબ્ધિસૂરિ કહે ધન્ય ધન્ય અવતાર. ૪

---

+ ૨ ( રાગઃ–શાન્તિ સુહંકર સાહિબો )

શીતલજિનવર સેવીઇ, કલ્પવૃક્ષતરૂ છાયા,
નંદામાતના નાનડા, બીજ દિને જિન જાયા;
દૃઢરથરાય કુલ ધર્યો, લંછન શ્રીવચ્છ પ્રભુ પાયે,
દશમા દેવ દયાથકી, ધરે નિત સુખ સવાયે. ૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કેવલજ્ઞાન દુજે કહ્યો, ઇન્દ્ર ચોસઠ તિહાં આવે,
ચિહું દેવ ચિહું દ્વારે, ચૂપથી સમોસરણ સુહાવે;
ભગવંત ભામંડલે ભજે, છત્રછાયા ધ્વજધારી,
ચામર વિંઝે ચિહું પાખલે, ખેચર ભૂચર નરનારી. ૨

વાણી પાંત્રીસ ગુણે વરસતા, શીતલ સરોવર ઝીલે,
પાછલાં પાપ પરાં કરે, નિરમલ તન મન ડીલે;
ઝગમગ જ્યોતિ જિન જોઇને, વિકસે કમલ ભવિ તનમાં,
તે ભવપાર પડ્યા પરા, નિકસ્યાં ચોરાશીગત વનમાં. ૩

બીજ દિને કર્મ ક્ષય કરી, સમેતશિખર સિદ્ધા,
યક્ષ **બંભો** જિનશાસનતણી, પૃથવી પ્રજંત પ્રસિદ્ધા;
રમકઝમક ઝબકા કરે, દેવી **સુતારયા** માય,
**રત્નવિજય** કવિરાયનો, **વનીતવિજય** નમે નિત પાય. ૪

---

+ ૩ ( રાગઃ—વીરજિનેશ્વર અતિ અલવેસર )

શ્રીશીતલજિન શીતલકારી, ભવિજનને મન ભાય જી,
શાન્તસુધારસ નયન કચોલા, કનક સુકોમલ કાય જી;
દઢરથરાયસુત નંદાનંદન, પ્રણમે સુર નર પાય જી,
જન્મ જરા મરણ તાપ સમાવા, અહનિશ ગુણગણ ગાય જી. ૧

અતીત અનાગત હુઆ હોશે, જિનવર અનંત અપાર જી,
વિહરમાન જિન વિચરઇ વીશે, મહાવિદેહ મઝાર જી;
ઋષભ ચંદ્રાનન વારિખેણ, વલી વર્દ્ધમાન એ ચાર જી,
ચાર નિખેપે સવિ જિન સેવો, જિમ પામો ભવપાર જી. ૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અતા પરંપરા આગમ, જિનવર ગણધર સાખે દાખ્યું જી,
સૂત્રથી મુનિવરને [1]આપ્યું, સુર નરને અરથ તેં ભાખ્યું જી;
સાધુ સૂરિ ઉવજ્ઝાય વિધિસું, ભણી ગણી ચિત્તમાં રાખ્યું જી,
સુલભબોધિ અલ્પસંસારી, તેણે અનુભવ ચાખ્યું જી. ૩

ચીર [2]ચુંદડી ચોલી ચરણા[ણું] પહિરણ ઝાકઝમાલ જી,
બ્રહ્માયક્ષ અશોકાજખણી, દીસે અતિ ઉજમાલ જી;
શીતલજિનની સેવા સારઈ, ધરમીને પ્રતિપાલ જી,
રૂપવિજય મુનિમાણેક સંઘને, નિત નિત મંગલમાલ જી. ૪

---

+ ૪ (રાગઃ–શત્રુંજયમંડનઋષભજિણંદ દયાલ.)

ભલ ભાવિ વંદો શીતલનાથ જિણંદ,
દઢરથનૃપ કુલ નભ ઉદયો એહ દિણંદ;
સુરપતિ નરપતિ બહુ વિદ્યાધરની કોડી,
ભલ ભાવ ધરીને પ્રણમે બે કરજોડી. ૧

હોય રત્તા જિનવર હોય ઉજ્જવલ હોય નીલા,
હોય અંજનવન્ના સોલસ જિનવર પીલા;
અતીત અનાગત વિહરમાન જિન વીસ,
સીમંધર પ્રમુખા હું વંદું નિશદિસ. ૨

શ્રીજિનવર ભાખે ત્રિપદી મહિમાવંત,
ગણધર વર ગૂંથે પણયાલીસ સિદ્ધાન્ત;
જેહ શ્રવણે સુણતાં ત્રૂટે કર્મની કોટી
શિવસુખ પામી જે લહીયે પદવી મોટી. ૩

---

1 સોંપ્યું. 2 પિતાંબર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જિનપદકજ ભમરી શાસનની રખવાલી,
અશોકાદેવી બહુ ગુણમણિની આલી;
જખ બ્રહ્મા સેવે શ્રીસંઘ સાનિધિકારી,
કવિ સૂર પયંપે પૂરો આશ હમારી. ૪

## શ્રીશ્રેયાંસજિનસ્તુતિઓ

+ ૧ ( રાગઃ–વીરજિનેશ્વર અતિ અલવેસર )

શ્રીશ્રીયંશ જિનરાજ જયંકર, લક્ષ્મી અવિચલ લાહો લેતા જી,
વિષ્ણુરાય કુલકમલદિવાકર, વિષ્ણુમાતા ઉદરે વિદિતા જી;
સુપન ચઉદ પ્રભાવિક પ્રગટે, લંછન ષડગી જીવ છોટા જી,
છપ્પનકુમારી લડાવે અમરી, સુરપતિ મેરૂઇ મોચ્છવ મોટા જી. ૧
એમ સુરાસુર પંચ કલ્યાણે, દેવવિધિકરણી કરતા જી,
આદિ અનાદિ તીર્થંકર સઘલા, સમભાવે સરીખા ગણુતા જી;
સરાગી સંયમ અધિકારી, નિરાગી નિશ્ચલ નવિ ધરતા જી,
તે દેવાદિકદર[સ]ણુ વિન દિન, અલેખે અવતાર સુર ગણુતા જી. ૨
નવ વર સુરવર સમોવસરણુમેં, પરખદા બારે બેઠી જી,
રત્નજડિત મંડત સિંહાસન, વાણી અમૃત ઇક્ષુ મીઠી જી;
દુંદુભિ શબ્દ દેવાદિક દિસોદિસ, વાજિંત્ર ગગન ઘન ગાજે જી,
પ્રવચન પ્રાતિહાર્યે પ્રભુ પૂરા, બારે ગુણે પ્રભુ વિરાજે જી. ૩
ઈશ્વરયક્ષ જાગતી જ્યોતિ, સંઘને સુદૃષ્ટે જોતો જી,
સોઅદેવી સુંહાલી શાસનરખવાલી, કરમ અરિ જાઈ તિહાં રોતો જી;
સદા શાશ્વતા સુખ લહે સમેતગિરિએ, સુખ કંચિત કાંઇ આલો જી,
પંડિત રત્ન વનીત રસ પીવે, અનુભવ અનંતગુણ પી લો જી. ૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨ ( રાગઃ—શત્રુંજયમંડનઋષભજિણંદદયાલ. )

પિતા જસ વિષ્ણુ માતા વિષ્ણુ સાર,
શોભે જિનશાસન નાથ શ્રેયાંસ મલ્હાર;
તસ ચરણે નમીયે ન ભમીયે સંસાર,
ભવિ ભાવ ધરીને પ્રણમો વારંવાર. ૧
ચોવીશજિન વાહલા નીરાલા જગદેવ,
જસ સેવ કરંતાં લહીયે મુક્તિમેવ;
જ્યાં જન્મ મરણ નહિ અજરામરપદ એવ,
જિનવરપદ સેવી મહાલો ત્યાં નિત્યમેવ. ૨
ગુણ ગણ ગહગહતું આગમજ્ઞાન સુજ્ઞાન,
જેના ગુણ બહુ છે પદ આપે પરધાન;
જસ વિવિધ વિધાનો આપે ક્ષાયિકદાન,
ધન ધન તે નરને મલ્યું આગમનિધાન. ૩
જિનવરપદ સેવી શાસદેવી સુખકાર,
દુઃખ હરતી ભવિના જિનશાસન મોઝાર;
કરી પુન્ય અનંતા પામી જિનદરબાર,
**આતમગુણલબ્ધિ** પામી થશે ભવપાર. ૪

## શ્રીવાસુપૂજ્યજિનસ્તુતિઓ

+ ૧ ( રાગઃ—શ્રાવણશુદિ દિન પંચમીએ. )

વ્હાણું વાયે વાસુપૂજ્ય વંદીયે એ, બારમા જિન બલવંત તો,
ચંપાનગરીઈ ચિત્ત વસ્યું એ, ભજો ભદ્રિક રક્ત ભગવંત તો;
વસુપૂજ્યરાયનો વલ્લહો એ, જયાદેવી જનનીનો જાત તો,
મહિ[ષ] લંછનથી મન મલ્યું એ, અનોપમ કાંત અખીઆત તો. ૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અખીઆ તે અનંત જ્ઞાને ભર્યાં એ, પંચતાલી લાખ સિદ્ધ વિસ્તાર જો,
જિહાં પંચ વરણે [1] નેજા ફરહરે એ, જ્યોતમાં જ્યોત ભવિ નિસ્તાર જો;
જ્યોતિરૂપ જિનને સૂરસા અજેએ, અખંડે ઓલગે ગત કોડ તો,
સુહાવે સમોસરણે સદા એ, ઇન્દ્ર ચોસઠ કરજોડ તો. ૨

અશોકવૃક્ષ સુરપુષ્પની એ, વૃષ્ટિ બાર કોડ વરસંત તો,
ગીત ગાયે નાટિક તિહાં નવ નવાએ, સિંહાસને સોહે વાસુ ભગવંત તો;
યોજન વાણી પ્રભુ વરખતા એ, [2] ફડલા ગીતઅણુ ભવિ થેર તો,
પાઉસે અંબર જિમ ગડગડે એ, ટહુકે ઘનઇતી જિમ મોર તો. ૩

કુમારયક્ષ સીરીવછાસુરીએ, [3] ઝાલ ઝબુકે તિકો શશી ભાલ તો,
ખલકે ચૂડી ઘમકે પાએ ઘુઘરીએ, સંઘ સદા કરે રખવાલ તો;
ચંપાપુરી શિવરાણી વર્યાએ, વરત્યા તે જયજયકાર તો,
પંડિત રત્ન પસાયથી એ, વનીતવિજય લહે સુખકાર તો. ૪

---

## આંત્રોલી(કપડવંજ)મંડનશ્રીવાસુપૂજ્યજિનસ્તુતિ

૧ + ( રાગઃ-શ્રીશત્રુંજયતીરથસાર. )

નિરમલ જાણું જિમ ગોક્ષીર, પાવન ગંગાકેરું નીર,
તિણે ભરી કલશ ગંભીર,
તેહ કલશ પ્રભુ ઉપર ઢાલું, વાસુપૂજ્ય જિન અંગ પખાલું,
હું નિજ પાતિક [4] થાલું;
[5] તેહનો નો હઇ કહિઇ ભંગ, એહવો આણી મન સુરંગ,
કરું તિલક નવ અંગ,

---

વાવટા. 2 નાચનારાઓનું ટોળું. 3 કાનનું ઘરેણું. 4 ટાળું. 5 જેહનો.

Jain Education International     For Private & Personal Use Only     www.jainelibrary.org

**આંત્રોલીમંડન** આરાધું એ, પ્રભુજીસું મુજ મન બાંધું,
મુગતિતણા સુખ સાધું. ૧
કર્મભૂમિકા પનર જાણું, તિહાં જિન સયસત્તરિઅ વખાણું,
ઉત્કૃષ્ટા મન આણું,
કનકાચલ લઇને જાવઈ, સુરપતિ ઉછંગઈ જિન ઠાવઈ,
પૂજે નઈ પૂજાવે;
પંચવરણ એ પ્રભુજી કહીયા, ગુરુના વચનથકી સદ્દહીયા,
તિહુઅણ જન એ મહિયા,
એ પ્રભુજી મુજ વિઘ્ન હરજો, મુજ મંદિરમાં [1]લાછા ભરજો,
મુજને સિદ્ધ કરજો. ૨
ગણધરપદવી જેહને દેવે, પ્રથમ તાસ શિર વાસ ઠવેવે,
ત્રિપદી વલી ય કહેવે,
તતખિણ દ્વાદશ અંગ કરેવે, સૂત્ર અર્થે સાધુ ભણેવે,
વલી તસ જોગ વહેવે;
હમણા છે એકાદશ અંગ, જો તસ ભણવા કરઈ રંગ,
પંડિત થઈઈ ચંગ,
**વિજયદેવસૂરીસર** જાણ, ગૌતમ ગુરુને જેહ સમાન,
તપગચ્છ ઉદયો ભાણ ૩
કમલમંડલ વલી જપમાલા, તાહરે પાસે અતિહ વિશાલા,
તેજે ઝાકઝમાલા,
વાસુપૂજ્યજિન શાસનદેવી, બહુ દેવ દેવીઈ સેવી,
**શાન્તિ**નામ ઠવું હેવી;

---

1 લચ્છિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સયલ સંઘને મંગલ કરજે, શ્રાવક ઘર ધન હરખે ભરજે,
વિઘન દૂરિ સંહરજે,
એ મુજ વિનતડી અવધારે, નિજ ચિત્તે નિતે સંભારે,
કહીઈ મતિ વિસ્તારે. ૪

## વડવજમંડનશ્રીવાસુપૂજ્યજિનસ્તુતિ

+ ૧ રાગઃ–( શત્રુંજયમંડનઋષભજિણંદદયાલ )

**શ્રીવડવજ**મંડન વાસુપૂજ્ય જિનરાય,
કિન્નર નર સુરપતિ ભૂપતિ પ્રણમે પાય;
કેશર ચંદન ઘસી પૂજો દેવદયાલ,
જસ નામે લહિયે નવ નિધિ મંગલમાલ. ૧
ભલ ભાવિ પ્રણમો ચોવીસે જિનરાય,
દુઃખ દોહગ દૂરી દીઠે દુરિય પલાય;
સીમંધર આદિ સંપય શ્રીજિન વીસ,
મનવંછિતદાયક પ્રણમીજે નિશદીસ. ૨
જિન ત્રિપદી ભાખે ગણધર અંગ ઇગ્યાર,
રૂચે રૂઅડી પરિસૂત્ર અરથ સુવિચાર;
સુપ્રવચન ભણતાં સુણતાં ભવચો પાર,
સુખસંપય લહીયે ઉત્તમ કુલિ અવતાર. ૩
વીશહત્થી વીશે હાથે વિઘન વિદારે,
જિનશાસનદેવી **ત્રિપુરા** ત્રિભુવન તારે;
જિનવરપયભત્તી સેવકજન સુખદાઇ,
કવિ **સૂર** કહે સા હોજ્યો મુજ વરદાઈ. ૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રીવિમલજિનસ્તુતિઓ

+ ૧

વિમલ નિર્મલ જિન નીરખીને ભજો ભવિ ભલે ભાવે,
કાંપીલનગરીઈ નાથજી સામા ઉદરે સુહાવે;
ક્ષતચરમરાયા કુલતિલો છપ્પન ગોરીઈ ગાયા,
સૂકરલંછને શોભતા વંદો તેરમા જિનરાયા. ૧

ઇન્દ્ર ચોસઠ તિહાં આવીયા વરસે સોવનધારા,
ગગન દુંદુભિ શબ્દ ગડગડે વાજે ઢોલ નગારા;
સમોઅસરણે સાહુબો છત્ર ધર્મધ્વજધારી,
પ્રાતિહાર્યે પ્રવચન પરવડા જોજનવાણી હિતકારી. ૨

જિનરાજ પરખદા પૂરીને વંતર જોતિ વિમાની,
ભવનપતિ સવિ ભય હરે સાધુગુણ વિસરામી;
સાધવી શ્રાવક શ્રાવિકા ઇન્દ્ર ચન્દ્ર સુરદેવી,
કર જોડી પરખદા બારે કહી ત્રિજગ કરે તોરી સેવી. ૩

છમ્મુહયક્ષ છયે મુહથી પવરાદેવી પાલે,
જિનશાસન અસનતણી તપીયા ભવિ રખવાલે;
વિમલ સમેત સિદ્ધિમો જ્યાં પ્રભુ રત્ન પસાયા,
વનીતવિજયની વિનતિ અવધારો વિમલ જિનરાયા. ૪

---

## જોજાવરમંડનશ્રીવિમલજિનસ્તુતિ

+ ( રાગઃ–મનોહરમૂરતિમહાવીરતણી )

જોજાવરમંડન વિમલ ધણી, સુખસંપત્તિ સઘળી આય મીલી;
જે નરનારી રંગ રલી, પ્રહ ઊઠી ભેટઓ ત્રિજગ વલી. ૧



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઋષભ અજિત સંભવ સાચો, એ જિનવર દેખી નર રાચો;
ચઉવીશે જિનવર ધ્યાન ધરો, લબ્ધિલીલા ધરી સુકૃત ભરો. ૨

જે જિનની વાણી તેહિ જ ખરી, જે અંગ ઇગ્યાર ઉપંગ તણી;
નરગાદિક દુરગતિ દૂર હરે, નંદી એહથી તુરત પરે. ૩

સોલ શિણગાર કરી સોહઈ, તિદુતાણદેવી મન મોહઈ;
સંઘ સકલના વિઘન હરઇ, મંગલમાલા ગણિશીલ વરઇ. ૪

## શ્રીઅનંતજિનસ્તુતિ

+ ૧ ( રાગઃ–વીરજિનેશ્વર અતિ અલવેસર. )

અનંતજિ(નેસર) આતમરામી, ગુણહિતના વિસરામી જી,
નયરી અયોધ્યા નિરૂપમ આપે, સિંહસેનરાયા અરિહામી જી;
સુજસામાતા અનંત અવતરીઆ, સેનલંછન સુહાયા જી,
ચોસઠ ઇન્દ્ર છપ્પન સુર અમરી, મેરૂશિખર નવરાયા જી. ૧

ગર્ભથી ત્રિણ જ્ઞાનાદિક ગ્રહીને, દીક્ખાઈ મનઃપર્યવ માતા જી,
કર્મ શુભ સુભટ ભાવઠ સવિ ભાંગી, પાંચમે કેવલ વિખ્યાતા જી;
કેવલ ઓચ્છવ નર સુર મોચ્છવ, વિરાજીત ત્રિગડે વા'લો જી,
ઘંટાનાદ દેવદુંદુભિ નગારા, ગીત ગાયે કિન્નરી રસાલો જી. ૨

બલવંત બારે પરખદા બેઠી, સુણવા જિનવર વાણી જી,
તિરિ નર સુર સહુ ભાખાઇ સમજે, જોજનગામિની સુખખાણી જી;
ભવ ભય ભાગી દીસ્યા દિલ્લ જાગી, જિનસે અનંત લય લાગી જી,
પાતાલવાસી પઆલયક્ષ પ્રગટે, ચતુર્વિધ સંઘ ગુણરાગી જી. ૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પયંકુસાયા** અલખ મચાવે, ઝાંઝરના [1]ઝમકારા જી,
જિનશાસન વાસન વરદાઈ, ઝણુણુણુ ઝાલર ક[ર!]ણુકારા જી;
અજોગીગુણ સમેતશિખર ગ્રહે, ગુણુગ્રહણુ ગ્રહ લાગો જી,
પંડિત **રત્ન** પસાયે પરિભ્રમણો, **વનીત**નો ભય સવિ ભાગો જી. ૪

## શ્રીધર્મજિનસ્તુતિઓ

+ ૧ (રાગઃ–વીરજિનેશ્વર અતિ અલવેસર)

ધરમજિનેસર ધરમના દાતા, તેનો ધ્યાન ધરે મુનિ મોટા જી,
જિનદર્શન સુખ પાવત અનુભવ, પીવે રસ ભરી લોટા જી;
ધર્મ નામ ધર્યો ધન પાવે, પૂરવ પુન્ય પસાયા જી,
વંછિત જિન પન્નરમા પેખી, લહીઇ, સુખ દયાઇ સવાયાજી. ૧

જિહાં દયા તિહાં ધર્મ સહાજ્યો, ધર્મથી કોડ કલ્યાણ જી,
પંચ કલ્યાણ કરણ પ્રભુ જન્મ્યા, રત્નપૂરે ભાનુકુલ ભાણ જી;
સુવ્રતામાતા લડાવ્યા લાડે, છપ્પન કુમરી ઈમ લાયા જી,
ચોસઠ ઇન્દ્ર ઓચ્છર સુર મોચ્છવ, મેરૂશિખર નવરાયા જી. ૨

બાલલીલા જોવનરસ લહીને, કેવલ જિનપદ લીધું જી,
ત્રિગડે બેસી ત્રિભુવન તારક, વારક કર્મદલ કીધું જી;
પરખદા બાર સુણે ભલે ભાવે, દુંદુભિ ગયણે ગાજે જી,
કિન્નરયક્ષ શાસન સુખ આપે, સમેતશિખર શિવ છાજે જી. ૩

રમઝમ કરતી અતિ ઓપંતી, પણ્ણુત્તિદેવી પ્રતાપી જી,
સંઘ સહાજ્ય સદા સુખ દેણી, સવિ સંયમી મન વ્યાપી જી;

---

૧ મધૂર રણકાર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રીવિજયસેનસૂરીસરપાટે, રત્નવિજય ગુરૂરાયા જી,
તાસ પસાઇ વનીતઇમ[પ!]ભણે, ધર્મથી પર[મ!]પદ પાયા જી. ૪

---

## વારહીપુરમંડનશ્રીધર્મજિનસ્તુતિ

+ ૧ ( રાગઃ—વરસ દિવસમાં અષાઢચોમાસું )

શિવસુખદાયક સુરતરુકંદ, જસ મુખ સોહઇ પુનિમચંદ,
પ્રણુમે સુરનરવૃંદ,
નામઈ નાસઈ દોહગદંદ, ભાનુભૂપકુલકમલદિણંદ,
સુવ્રતારાણીનંદ;
વારહીપુરમંડન સુખકંદ, ધર્મનાથ નામે જિનચંદ,
ટાલ્યો મોહ મયંદ,
લંછનવજ્ર જસ પદ અરવિંદ, ભુવનદિનેસર નયનાણંદ,
નામઇ પરમાણંદ. ૧

ચોવીસ જિનવર સુખકાર, પંચવરણુ જસ કાંતિ ઉદાર,
વિશ્વ સકલ શિણગાર,
વાસુપૂજ્ય પદ્મપ્રભ સાર, રક્તકમલ સમ દેહ સફાર,
સોહઇ ભવિ સુખકાર;
સુવિધિ ચંદ્રપ્રભ ધવલ વિશાલ, નેમિનાથ મુનિસુવ્રત સાર,
સજલ જલદ અનુકાર,
મલ્લિ પાસજિન નીલક ધાર, સોવનવન્ન સોલસ મનોહાર,
શુદ્ધ સમકિતદાતાર. ૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[1]સાધુ [2]સાધ્વી જિન પ્રણમેવી, તિમ વૈમાનિક સુરની[3] દેવી,
અગનિકુણિ બેસેવી,
[1]ભવનપતિ [2]વ્યંતર ને જોતિષીદેવી[3], દક્ખણથી શ્રીજિન પ્રણમેવી,
નૈઋતિકુણિ ઠવેવી;
[1]ભવન [2]વ્યંતર ને જોતિષીદેવા[3], પશ્ચિમદિસથી જિનવરદેવા,
વાયુકુણિ કરઈ સેવા,
વૈમાનિકસુર[1] સાવય[2] સાવી[3], ઈશાનકુણિ રહઈ તે આવી,
નિસુણઇ આગમભાવી. ૩

**પ્રજ્ઞપ્તિ**દેવી સુખકરણી, ઉજ્જવલ અંબર ભૂષણધરણી,
કિન્નરસુરની ઘરણી,
ધર્મનાથ જિનપદ અનુસરણી, કીરતિકમલા મંગલકરણી,
સુખસંપત્તિ વિસ્તરણી;
શ્રીજિનશાસનને જયકરણી, કુમતિ મિથાત નિકંદન ખરણી,
હંસાસની સંચરણી,
વિઘન વિયોગતણી અપહરણી, **ધીરવિમલ** કવિ સાનિધકરણી,
**નયવિમલ** દુઃખહરણી. ૪

## શ્રીશાન્તિજિનસ્તુતિઓ

+ ૧ ( રાગઃ–રઘુપતિરાઘવરાજારામ )

શાન્તિનાથ ભજો ભગવંત, આઠ કરમનો કીધો અંત;
જિન પામ્યા શિવપુરીનો વાસ, ભવિજનની તે પૂરઈ આસ. ૧
ઋષભાદિક જિન ચોવીશ, દુર્જય મનમથ મર્દન ઇશ;
[1]ભવિક મન વિકાસ્યું ચંદ, તે નમતાં મુજ હોઈ આનંદ. ૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આગમ ભાખ્યો અરિહંતતણો, તે [2]નમતાં મુજ ઉલટ ઘણો;
ભણુઇ ગુણુઇ જે ભાવે કરી, તે નિશ્ચે પામે શિવપુરી. ૩
શાન્તિનાથ શાસનની સુરી, વિઘન [3]નિવારે બહુ ગુણ ભરી;
ચૌવિહ સંઘની સુખકર સદા, પભણુઇ **દેવવિજય** કવિ મુદા ૪

+ ૨ ( રાગઃ—શ્રાવણશુદિ દિન પંચમી એ. )

સોલમા શાન્તિજિનેસરૂ એ, શાન્તિકરણ દુઃખ વાર તો,
સરવારથથી અવતર્યા એ, અચિરા ગરભે સુખકાર તો;
ભાદરવાશુદ સાતમે એ, મરકી માર નિવાર તો,
ગજપુર વિશ્વસેન રાજીયો એ, તીર્થંકર અવતાર તો. ૧
ચઉદ સુપન માતા લહે એ, ચઉદલોક અધીશ તો,
જેઠશુદ તેરસને દિને એ, જનમ્યા શ્રીજગદીશ તો;
છપ્પનકુમરી લડાવીયા એ, ચોસઠ ઇન્દ્ર સુર બહુ કોડ તો,
મેરૂશિખર પાંડુકશિલા એ, નમણ કરે હોડાહોડ તો. ૨
શાન્તિનાથ સુહામણું એ, નામ સુણી સહુ હરખંત તો,
ચક્રીપદ સુખ ભોગવી એ, સંવચ્છરીદાન વરખંત તો;
જેઠવદિ ચઉદસીને દિને એ, દીક્ષા લહણ અધિકાર તો,
પોષશુદ નવમી કેવલ લહ્યો એ, ભવિજનને હિતકાર તો. ૩
વૈશાખવદિ તેરસે લહ્યો એ, સમેતશિખર સિદ્ધશીસ તો,
કલ્યાણક પંચ પેખજો એ, નિરંજન વિસવાવીસ તો;
ગરુડયક્ષ કંદર્પાસુરી એ, જિનશાસન રખવાલ તો,
**સુખપાટે રત્નગુરુ** રાજવી એ, **વનીતવિજય** ભણે જેમ બાલ તો. ૪

1 ભવિકુમુદવિકાસનચંદ. 2 સુણતાં. 3 નિવારણ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

+ ૩ ( રાગઃ–વીરજિનેશ્વર અતિ અલવેસર )

શાન્તિકરણ શ્રીશાન્તિજિનેસર, સોલમા જિન[વર]રાયા જી,
વિશ્વસેન અચિરાસુત સુંદર, સુરકુમરી ગુણ ગાયા જી;
મૃગલંછન પ્રણમઈ સુરરાયા, કંચનવરણી કાયા જી,
વિવિધ પ્રકારઇ પૂજા રચંતા, મનવંછિત ફલ પાયા જી. ૧

ઋષભ અજિત સંભવ અભિનંદન, સુમતિ પદ્મપ્રભ દેવા જી,
સુપાસ ચંદ્રપ્રભ સુવિધિ, શીતલ, શ્રેયાંસ વાસુપૂજ્ય સેવા જી;
વિમલ અનંત ધર્મ શાન્તીસર, કુન્થુ અર મલિ આણું જી,
મલ્લિ મુનિસુવ્રત નમિ નેમી, પાસ વીર વખાણું જી. ૨

સમોસરણ સિંહાસન બઇઠા, છત્રત્રય શિર સોહઇ જી,
યોજનવાણી વખાણ કરંતા, રૂપઇ ત્રિભુવન મોહઇ જી;
સરસ સુધારસથી અતિ મીઠી, શ્રીજિનવરની વાણી જી,
શ્રવણઈ સુણતાં ભાવઇ ભણતાં, લહીઈ શિવપદરાણી જી. ૩

પાયે નેઉરી રમઝમ કરતી ઘૂઘરડી વાચાલી જી,
પંચાનન જીત્યો કટિ લંકઇ, ચાલઇ રાજમરાલી જી;
શાન્તિનાથચરણાંબુજ સેવી, **નિર્વાણી** મનોહારી જી,
વિબુધશિરોમણી **મુક્તિવિજય** શિષ્ય, **રામવિજય** જયકારી જી. ૪

---

+ ૪ ( રાગઃ–શત્રુંજયમંડનઋષભજિણંદદયાલ )

શ્રીશાન્તિજિનેસર શાન્તિકરણ ભગવંત,
મૃગલંછન કંચનિ વાનિ મનમોહન;
અચિરાસુત સુંદર વિશ્વસેનનૃપ તાત,
ત્રિભુવનમાં જેહના પ્રગટ્યા ગુણ અવદાત. ૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચઉ જંબૂદ્વીપે આઠ ધાતકીખંડે,
તિમ આઠ પુકખર વરદ્વીપ અરધમેં મંડે;
અડ નવ પણુવીશા ચઉવીશ વિજયે જેહ,
વીશજિન વિચરંતા પ્રણુમું સંપ્રતિ તેહ. ૨

દશવિધ મુનિધર્મેં પંચમહાવ્રત સાર,
તિમ શ્રાવકકેરા વ્રત વલી ભાખ્યા બાર;
તે આગમ અરચો શ્રુત સિદ્ધાન્ત વિચાર,
તેહથી પામીજે ભવસમુદ્રનો પાર. ૩

શાસનસુખકારક ગરૂડયક્ષ જયકાર,
નિર્વાણીદેવી સંકટ સઘલાં વાર;
સમકિતદૃષ્ટિને સાંનિધ કરતી સાર,
**શ્રીશાન્તિ** પસાઈ **જ્ઞાનવિમલ** હિતકાર. ૪

---

\+ ૫ ( રાગ:-રઘુપતિરાઘવરાજારામ )

શાન્તિજિણુંદ જુહારીઇ, ભવસંચિત પાપ નિવારીઇ;
ભલે ભાવ ભલે રે પૂજીઇ, નરભવ ફલ લાહો લીજીઈ. ૧

ઋષભાદિક જિનવર ગુણુનીલા, તે વંદો ભવિયણુ જગતીલા;
આઠ કર્મશત્રુ જીતી કરી, જેણે મુગતિવહુ લીલા વરી. ૨

મોહમાયા જાલ નિવારણી, જગજંતુ પ્રતે હિતકારણી;
જિનવરના મુખથકી નીસરી, સા સુણો ભારતી મન ધરી. ૩

ભલે આભરણે કરી દીપતી, વયરીના મદને જીપતી;
વરદાઈ સંઘ સંકટ હરો, સદા **વૃદ્ધિવિજય** મંગલકરો. ૪

Jain Education International　For Private & Personal Use Only　www.jainelibrary.org

+ ૬ ( રાગઃ–રઘુપતિરાઘવરાજારામ. )

અચિરાસુત વંદુ મન રળી, દુઃખ દોહગ જાય સબ ટળી;
મનવંછિત પહુંચઈ સંપદા, સો, શાન્તિ જિણંદ સેવું સદા. ૧
ઋષભ શાન્તિજિન પૂજઈ, નેમિ પાસતણા ગુણ લીજીઇ;
ચઉવીસમા વીરજિનેસરૂ, ઇમ વંદું સકલ જિનેસરૂ. ૨
ભવ પાપ તાપ નિવારણી, સુખસંપત્તિ સોહગકારણી;
સંસારસમુદ્ર એહ તારણી, ઇસી વાણી શાંતિજિણંદની. ૩
સંઘ સુપસન્ન વંછિતકારણી, શાસનદેવ હિતદાયિણી;
શ્રીહીરવિજયસૂરીસરૂ, બુધ રત્નવિજય [1]શીશ જયકરૂ. ૪

---

+ ૭ ( રાગઃ–વીરજિનેશ્વર અતિ અલવેસર. )

શાન્તિજિનેસર અતિ અલવેસર, મનમોહનજિનરાય જી,
ત્રિભુવનનાયક શિવસુખદાયક, દીઠડે હરખ ન માય જી;
ભવભયભંજન જનમનરંજન, અચિરાકેરો નંદ જી,
વિશ્વસેનકુલકમલદિવાકર, મૃગલંછન સુખકંદ જી. ૧
ચોવીશે જિનવર એ જગદીસર, વંદો શિવદાતાર જી,
ભાવ ધરીને પૂજો ભવિયણ, જિમ પામો ભવપાર જી;
સુર નર કિન્નર ભાવે પ્રણમે, સેવા કરે નિશદિસ જી,
અષ્ટ કરમ ખપીને મુગતે, પોહતા વંદું શાસનાધીશ જી. ૨
સમોસરણ બેસીને ધર્મ પ્રકાશે, સાંભલે સુર નર ઇશ જી,
ચઉદપૂર્વ ને પિસ્તાલીસ આગમ, ભાખે શ્રીજગદીશ જી;

---

૧ સૌભાગ્યવિજય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જિનવરવાણી ભવિયણ આણી, જે રાખે હૃદય મઝાર જી,
અષ્ટ કરમ ને દુરગત ટાળે, ગાળે પાપ પ્રચાર જી. ૩

યક્ષ **ગરુડ** જેહની સેવા સારે, પૂરે મનની આશ જી,
**દેવી નિર્વાણી** ચરણાં સેવી, સંઘના વિઘન નિવારે જી;
જિનશાસનકેરી રખવાલી, ઉતારે ભવપાર જી,
**શ્રીનિત્યવિજય** કવિ ચરણનો સેવક, **ગંગવિજય** જયકારી જી. ૪

---

+ ૮ (રાગઃ—મનોહરમૂરતિમહાવીરતણી.)

અચિરાનો નંદન સંતજી, પ્રભુ દેખણ મુજ મન ખંતજી;
વિશ્વસેનરાયકુલચંદજી, મુખ દીઠે અતિ આણંદજી. ૧

આદીસર શાન્તિ જિનેસરૂ, નેમિ પાસ જિનેસર જયકરૂ;
ચોવીશમા વીરજી મનોહરૂ, તુમનામે સુખસંપત્તિવરૂ. ૨

અરિહંતે દીધી દેશના, સુણી બારે પરખદ તે ધના;
ગણધરને ત્રિપદી હિતકરી, ગણધર જુગત્યે રચના કરી. ૩

**ગરુડયક્ષ નિરવાણીકા**, મુજ દેજો મંગલમાલિકા;
ગુરૂ **કુંઅરવિજય** સેવક મુદા, દ્યો **રવિવિજય** સુખસંપદા. ૪

---

+ ૯ (રાગઃ—વીરજિનેશ્વર અતિ અલવેસર)

કુરુજનપદ ગજપુર વરનયરી, વિશ્વસેન અચિરા રાણી જી,
ચઉદ સુપન ચુગ લહી જાયો, શાન્તિકરણ ગુણખાણી જી;
દશ દિક્કુમરી છપ્પન અમરી, આવે હેજે ભરાણી જી,
સૂતિ કરમ નિજ કરમ ભરમહર, કરતી નિજ કર્મ જાણી જી. ૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચૌસટ્ઠિ હરિ મલી જિન જન્મોચ્છવ, મેરૂમહિધર શૃંગે જી,
ન્હવણુ કરાવે જિન ગુણુ ગાવે, શક્ર ધરી ઉત્સંગે જી;
અટ્ઠોત્તર શત પૂજાને વલી, કરી સુરવર નવ અંગે જી,
માત ઉત્સંગે થાપી જિનને, પહોંતા નિજપદ રંગે જી. ૨

અવનિપતિ સુત ઉચ્છવ કીનો, નામે શાન્તિકુમાર જી,
ચક્રીપદ પામી સવિ ઋદ્ધિ, વામી લીનો સંયમભાર જી;
કરમ ખપાવી કેવલ પામી, પરખદપૂર મીલી બાર જી,
સમવસરણુ જિનદેશના નાદે, ભવિક લહ્યા ભવપાર જી. ૩

માસ સંલેખન નવસે મુનિશ્યું, મુગતિ શાન્તિજિણુંદા જી,
સમેતશિખર પર નિર્વૃતિ મહોત્સવ, મીલી કરે ચઉસટ્ઠિં ઇંદા જી;
ગરુડયક્ષ નિરવાણીદેવી, સમકિતધર સુરવૃંદા જી,
લક્ષ્મીવિબુધનો રામ પયંપે, દિઉ સેવક આણુંદા જી. ૪

+ ૧૦ ( રાગઃ—મનોહરમૂર્તિમહાવીરતણી. )

અચિરાનંદન જિનવર સોલમો, વંછિત પૂરણુ સુરતરુઅર સમો;
શ્રીજિનશાન્તિ સદા મનિ ધ્યાઇઇ, પૂજઈ સકલ મનોરથ પાઇઇ. ૧

તેહનઈ સેવઈ સકલ સુરેશ્વરા, અતિશયવંત ઘનાનઇ દિનકરા;
સકલ જિનેશ્વર નિશદિન વંદીઈ, સંચિત દુરિત દુરી નિકંદીઅઈ. ૨

સકલ જંતુ જયિ હિતકારણી, ભવભ્રમણુભય ઇતિ નિવારણી;
જિનતણી વરવાણી મનિ ધરો, એહથી જનમ સફલ માનવ કરો. ૩

વિકટ સંકટ દુરી નિવારિકા, સકલ સંઘતણી હિતકારિકા;
શાસનદેવી શ્રીનિરવાણિકા, માનમુનિજન દુરિત નિવારિકા. ૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

+ ૧૧ ( રાગઃ-વીરજિનેશ્વર અતિ અલવેસર )

શાન્તિકરણશ્રીશાન્તિજિનેસર, વિશ્વસેનનૃપનંદ જી,
અચિરારાણીનંદ ઇન્દ્ર ઇન્દ્રાણી, સેવઈ સુર નરવૃંદ જી;
જસ તનુ સોહઇ જગમન મોહઈ, કંચનવરણી કાયા જી,
પંચમચક્રી દુઃખહર સુખકર, સોલસમો જિનરાયા જી. ૧

કેતા ચન્દ્રકિરણ વર ઉજ્જવલ, કેતા જિન વલી રાતા જી,
કેતા જિનવર નીલા વરણા, જે પામ્યા સુખશાતા જી;
કેતા જિનવર શ્યામ મનોહર, સોવનવરણા વંદો જી,
સયલ જિનેસર પૂજી પ્રણમી, ભવભય પાપ નિકંદો જી. ૨

રજત હેમ માણિકમય ત્રિગડું, વિરચઈ દેવ નિકાયા જી,
પૂરવ દિસિ પદ્માસન પૂરી, બઈસઇ જિનવરરાયા જી;
યોજનગામિની વાણી વરસે, જિમ અમૃતની ધાર જી,
સૂત્ર સિદ્ધાન્તે ભણશે ગુણશે, તે પામે ભવપાર જી. ૩

પાયે ઘૂઘરી ઘમઘમ કરતી, નાકે મોતી સાર જી,
કાને કુંડલ ઝગમગ ઝલકે, ગલે એકાવલી હાર જી;
શાસનદેવી સુરતરુ જેહવી, વંછિત ફલ દાતારી જી,
પંડિત **ધીરસાગર** પદસેવક, **અમરસાગર** સુખકારી જી. ૪

---

૧૨ ( રાગઃ-વીરજિનેશ્વર અતિ અલવેસર. )

*શાન્તિ જિનેસર શિવસુખ કરતા, હરતા દુરિત અશેષો જી;
શેત્રુંજય અષ્ટાપદ અરબુદ, ભેટો ભાવ વિશેષો જી,

* આ સ્તુતિ-થોય ચાર વખત કહી શકાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આગમ શાન્ત સુધારસ સુણતાં, ભવ ભય ભાવટ ભાજઇ જી,
મુનિ માણિક શાસન રખવાલી, નિરવાણી જસ છાજે જી. ૪

## ખેતરવસી( પાટણ )મંડનશ્રીશાન્તિજિનસ્તુતિ

+ १ ( રાગઃ—વીરજિનેશ્વર અતિ અલવેસર. )

અચિરાનંદન જગ આનંદન, ભાવથકી જો સુણીએ જી,
મારી નિવારક શાન્તિકારક, જસ ગુણ પાર ન મુણીઈ જી;
અતિશય મહિમા પંચકલ્યાણક, નરકે પણ અજુવાલુ જી,
ધ્યાનભવનમાં શાન્તિજિનેસર, ધરતાં પાપ પખાલું જી. ૧

રક્ત પીત નીલ શામલ વરણે, ઉજ્જલ પંચ ઉદાર જી,
અષ્ટ કરમ મલ દૂર કરીને, પામ્યા ભવોદધિ પાર જી;
અજર અમર અક્ષય થિતિ જેહની, પરમાનંદ વિલાસ જી,
પૂરણાનંદન [1]સાને સાધી, આતમસત્તા વાસી જી.

કેવલ પામી નિજ ગુણરામી, સમોસરણ મઝાર જી,
ત્રિગડે બેસી ધરમ પ્રકાસે, દેશના અમૃતધાર જી;
નય નિક્ષેપ પ્રમાણ પંચાંગી, કુમતિ કદાગ્રહ ટાળે જી,
ભવિયણ પ્રાણી જિનવર વાણી, સુણતાં સંશય ગાળે જી.

ખેતરવસીઇ ઠવણનિક્ષેપે શાન્તિજિનેસર સ્તવીયે જી,
દેવી નિરવાણી શાસનસુરી, તેહનાં વંછિત પૂરશ્યે જી;
વિઘનનિવારક સંપત્તિકારક એકમનાં થઇ ધ્યાવે જી,
ઉત્તમવિજય વિબુધપયસેવક, રત્નવિજય ગુણ ગાવે જી. ૪

---

૧ આંખ મીંચીને ઉઘાડે તેટલી વારમાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## સવિઆણા( ઉદયપુર )મંડનશ્રીશાન્તિજિનસ્તુતિ

+ ૧ ( રાગ—શત્રુંજયમંડણઋષભજિણંદદયાલ )

શ્રીશાન્તિજિનેસર **સવિઆણા** શિણગાર,
પૂજો ભવિ ભાવે સુખસંપત્તિ દાતાર;
પ્રભુ સુંદર મૂરત દરસણ પાપ પલાય,
જિન જાપ જપંતાં જયલચ્છિ થીર થાય. ૧

શુભ ચંપક મોગર સેવંત્રી જાસુલ,
મુચકુંદા માલતી કેરા આણી ફૂલ;
કેશર ને ચંદન ઘનસારાદિક ઘોલ,
ઋષભાદિક જિનવર પૂજીજે રંગરોલ. ૨

ભગવંતે ભાખ્યો શ્રીસિદ્ધાન્ત રસાલ,
સુણતાં સુખ થાય પાતિક હુવે વિસરાલ;
પુસ્તક પૂજંતાં પામે સુખ અપાર,
દિન દિન જસ દોલત વંશતણો વિસ્તાર. ૩

પાયે નેઉર રણુકે કટમેખલ ગલે હાર,
**નિર્વાણી**દેવી સંઘતણી રખવાલ;
પંડિત **પુણ્યસાગર**કેરો બોલે શીશ,
મુજ દેજ્યો દેવી સંપદ વિશ્વાવીશ. ૪

---

## ખીમેલ( મારવાડ )મંડનશ્રીશાન્તિજિનસ્તુતિ

+ ૧ ( રાગઃ—રઘુપતિરાઘવરાજારામ. )

**ખીમેલ**મંડન શાન્તિજિણંદ, દરસણ દીઠે પરમાણંદ;
સમવસરણ કરતાં સુખ **ભરપૂર**, સંકટ વિકટ જાયે દૂર. ૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઋષભાદિકે જિનવર ચોવીશ, સવિ જિનને નમીયે નિશદિસ;
[ચંદન] કેશર કચોલુ ભરી, જિન પૂજો મન ઉલટ ધરી. ૨

ઇગ્યાર અંગ ને બાર ઉપાંગ, એહ સિદ્ધાન્ત સુણો મન રંગ;
આલસ નિદ્રા અલગી કરો, જિમ ભવસાયર હેલા તરો. ૩

નિર્વાણીદેવી શોભતી, સયલ સંઘના ગુણ ગાવતી;
પંડિત કનકવિજયનો શીશ, કપૂરવિજયની પૂરો જગીશ. ૪

---

## આઉઆઆદિ( મારવાડ )મંડનશ્રીશાન્તિજિનસ્તુતિ

+ ૧ ( રાગઃ—વીરજિનેશ્વર અતિ અલવેસર. )

શાન્તિજિનેસર ભુવનદિનેસર, સેવિત સુર નર વૃંદા જી,
આઉઆમંડન દુરિય વિહંડણ, દૂરી કરે દુઃખદંદા જી;
મેડતે મોહન શાન્તિ જયકારી, સોજિત સુખના કંદા જી,
ગુંદ વચગામિ ખયર બઇઠા, પંચલા જિમ જિનચંદા જી. ૧

આદિ અજિત સંભવ અભિનંદન, સુમતિ પદ્મપ્રભ વંદો જી,
શ્રીસુપાર્શ્વ ચંદ્રપ્રભ સુવિધિ, શીતલ શ્રેયાંસ જિણંદો જી;
વાસુપૂજ્ય વિમલ અનંત, ધર્મ શાન્તિ, કુન્થુ ધીર જી,
અર મલ્લી મુનિસુવ્રત નમિ, જિનને નેમિ નમું પાસ વીર જી. ૨

અનોપમ અંગ ઇગ્યારે તિમ વલી, બાર ઉપાંગ જ ગ્રહીયે જી,
છેદ ગ્રન્થ [૧]રસ સંખ્યા સારી, મૂલ સૂત્ર ચાર લહીયે જી;
દશ પઇન્ના નંદી અનુયોગ, શ્રી જિનવર એ કહીયે જી,
પૈંતાલીસ આગમ પૂરા પુણ્યવંત, હૃદયકમલમાંહિ વહીયે જી. ૩

---

૧. ૬.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ગરૂડ**નામા જક્ખેસર રૂઅડો, **નિર્વાણીદેવી** સારી જી,
સંઘ સહુમાં વિઘ્ન નિવારે, નિર્મલ સમકિતધારી જી;
મનવંછિત સુખદાઇ દેવી, કામગવી અનુકારી જી,
**શંકરસૌભાગ્ય** મહાકવીશ્વર, **ઉદયસૌભાગ્ય** સુખકારીજી. ૪

---

## જાવરાપુર(રાજસ્થાન)મંડનશ્રીશાન્તિજિનસ્તુતિ

+ ૧ ( રાગઃ—મનોહરમૂરતિમહાવીરતણી. )

[1]શાન્તિકર શાન્તિકર **જાવરપુર**ધણી,
સયલ [2]જુગ જાગતિ મૂરત તુમતણી;
રૂપ તુજ નિરખતાં ચિત્ત [3]રંગે ઘણો,
પૂજતાં પામીયે સુખ શિવપુરતણો. ૧

જિનતણા તીરથ જગિ માંહિ જેટલા,
પંચ વર કોટડી પંચ [4]જાવર ભલા;
ચંદ્રપ્રભ વાસુપૂજ્ય શાન્તિજિન સોલમા,
[5]હું નમું પાસને વીર ચોવીસમા. ૨

જોજન ગામિની વાણી સુહામણી,
તે સુણી ગણધરે રચના કીધી ઘણી;
અંગ ઇગ્યાર ને ચઉદપૂરવતણી,
[6]તે નમું આગમ મોક્ષ સાધન ભણી. ૩

---

1 શાન્તિજિન શાન્તિકરી જાઉરાપુરધણી. 2 જગિ. 3 રંજઇ ઘણું, પામીઇ સમરતાં સુખ શિવપુરતણું. 4 જાઉર. 5 નમું અ સિરિપાસનઇ વીર ચઉવીસમા. 6 આગમ તે નમું સિદ્ધિસાધન ભણી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શાસનસામિની [1]શાન્તિજિન સેવિકા,
સંઘસાંનિધ કરે [2]દેવી નિર્વાણીકા;
સાધુ ને સાધવી શ્રાવક શ્રાવિકા,
વિઘન તું ટાળજે પુન્ય પ્રભાવિકા. ૪

---

## ખુડાલા( મારવાડ )મંડનશ્રીશાન્તિજિનસ્તુતિ

+ ૧ (રાગઃ—વીરજિનેશ્વર અતિઅલવેસર.)

[3]અચિરાનંદન શાન્તિજિનેસર, [4]ખોડાડે સુખદાતા જી,
રાજા ચક્રી સબલ તીર્થંકર, ત્રિભુવનમાંહિ વિખ્યાતા જી;
એક લાખ સહુસ બાણુ, રામા રૂવડી ઘરણી જી,
તે ઉપરી વલી સુખ ભોગવતા, કેવલકમલા પરણી જી. ૧

સ્વર્ગ ભુવન પાતાલે જિનવર, માનવલોકે કહીયે જી,
જિનપ્રતિમા જિનસરખી કહીઇ, સૂત્ર સિદ્ધાન્તે લહીયે જી;
અનંત ચોવીશી પાર ન લહીઈ, રતનપુરી અવતરીયા જી,
[5]ખોડાડે અચિરાનંદન વારૂં, સકલ મનોરથ ફલીયા જી. ૨

[6]જિનશાસન સાચી વાણી, મિથ્યામતિ પરિહરીયે જી,
[7]કુગુરૂ કુદેવ નિવારી રૂડુ, સુધસમકિત ધરીયે જી;

---

1 શાન્તકર. 2 માનની ભાવિકા. 3 અચિરામાતા. 4 કોસંબીય. 5 કોસંબીશ્રીશાન્તિજિનેસર 6 જિનવાણી જિન સાચી જાણી. 7 તું ગુરૂ તું દેવ નિવારો જિનજી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

¹જિનવર ગુરુની આણુ ન માને, તે ²જનની કાંઈ જાયા જી,
³ખોડાડે શ્રીશાન્તિજિનેસર, અમરવધૂ ગુણ ગાયા જી. ૩
વદન વિકસિત ઝગમગ ઝગમગ, જ્યોતિ કરે અજુઆલા જી,
⁴દુરજન ડારે દુરગતિ ⁵વિદારે, વિઘન હરે વિષજાલા જી;
**નિર્વાણીદેવી** જગપદ અંબા, **વિનયકુશલ** ગુરુ મિલીયા જી,
**શાન્તિકુશલ** કહે સમકિતધારી, સકલ મનોરથ ફલીયા જી. ૪

---

## શ્રીકુન્થુજિનસ્તુતિ

+ ૧ ( રાગઃ—શત્રુંજયમંડનઋષભજિણંદયાલ. )

જિન કુન્થુ જોઈને પૂરણ લાગી પ્રીત,
જિનધરમી જુહારો નિરમલ ચોકખે ચિત;
સત્તરમા સ્વામી વામી વિષયવિકાર,
જસ સિરીઈ જાયા સુરરાય કુલ શિણગાર. ૧
ગજપુરે પ્રભુ ગાજે ચઉદલોક જિન રાજે,
છાગલંછન છાજે ત્રિગડો રત્ન વિરાજે;
કેવલપદ આલે મલે ઈન્દ્ર સુર નર નારી,
વાણી પાંત્રીશ વરસે જોજન ચઉમુખ વર વારી. ૨
ગુણ અપછર ગાતી નાટિક દુંદુભિ ઘન ગાજે,
પ્રાતિહાર્ય પ્રસિદ્ધ સુધર્મધ્વજ ગગને વિરાજે;
બૂઝી બારે પરખદા સુણીને જિનવાણી,
ભવજલ ભવિ તરીયા વરીયા શિવપટરાણી. ૩

1 જે જિનવરની આણ. 2 જનની સ્યું. 3 કોસંબીઈ. 4 દુરિત નિવારણ. 5 વારણ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગંધર્વજક્ષ જિમનો મનશુદ્ધે કરે સેવા,
દેવી ઝગમગ અચ્યુઆ શાસન દે નિતમેવા;
સમેતગિરિ સિદ્ધા નિરંજનનાથ હમારા,
રત્નરાશ ઘરે પ્રગટે વનીત લહે જયકારા. ૪

## શ્રીઅરજિનસ્તુતિ

+ ૧

શ્રીઅરનાથ અઢારમા પ્રણમો પરભાતો,
પાપ અઢારે દૂરે કર્યા જેમ કાલ વરખાતો;
ભવિ ભજજો ભલી ભાતસું શ્રીદેવીના જાયા,
સુદર્શનરાયા કુલતીલો લંછન નંદાવર્ત પાયા. ૧

જિનપદ ચક્રીપદ લહ્યો ગજપુર નાગપુરમાં,
ગઢ ત્રિગડે તું વિરાજતો આણુ અસુર નર સુરમાં;
કોડાકોડી સેવા કરે ઇન્દ્ર ચોસઠ આવે,
પરખદા બાર પ્રતિબોધતાં વાણી પાંત્રીસ પાવે. ૨

અઠ કરમ મદ આઠને મરડીને માર્યા,
રાગ દ્વેષને નિવારીયા તેવીસ તસ્કર વાર્યા;
ચાર સુભટ કબજે કીયા સતપ્રાતિહાર્ય સુહાયા,
ધરમધ્વજ ઝંડા દીયા સમેતશિખર સિદ્ધ પાયા. ૩

જક્ષંદ્રયક્ષ જાગતો પ્રભુ પરતા પૂરે,
શાસનસુરી રમઝમ કરતી દેવી ધરણેન્દ્ર દુઃખ દૂરે;
તપગચ્છ સેનસૂરિ તપે બુધ શીશ સુખ પાયા,
પંડિત રત્ન પસાયથી વનીતવિજય ગુણ ગાયા. ૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રીમલ્લિજિનસ્તુતિ

+ ૧ (રાગઃ—વરસ દિવસમાં અષાઢચોમાસું)

શ્રીમલ્લિકુમરી પ્રભુ મલ્લિનાથ, નામ ગ્રહ્યાં બે જોડી હાથ,
સાંભલજો સહુ સાથ,
નામ લીયા દુઃખ દૂર બલાય, અઘોર પાપ તે કર્મ પલાય,
તો નાથ મલ્લિ મલાય;
મિથિલાનગરી કુંભસેનરાય, પ્રભાવતીકૂખે તુમ્હે આય,
ચઉદ સુપન દીખલાય,
જબ જગદીશ યોનિ યંત્રે જાયા, છાપન દિક્કુમરી જિન ધ્યાયા,
ગોરડી સહુ એ ગાયા. ૧
ચોસઠ ઇન્દ્રાસન ડોલાય, સુઘોષા ઘંટ વજડાય,
સુરાસુર ઇન્દ્ર બોલાય,
મેરૂ ઉપર નમણુ કરાય, સહુસ અટ્ઠોત્તરી પૂજા થાય,
વાજિંત્ર નૃત્ય ગવાય;
મલ્લિકુમરી પાલણે પોઢાય, અઠ્ઠાઈ મહોચ્છવ નંદીશ્વરે આય;
સુર નિજ થાનિક જાય,
ઇમ નર નારી મોટા છોટા, ગુણ ગાતાં મલ્લિકુમરી થયા મોટા,
ભોગ કરમ કર્યાં ખોટા. ૨
ષટ્મિત્ર પૂરવભવના રાયા, પરણવા મલ્લિકુમરી આયા,
પૂતલી દૃષ્ટાન્ત દિખલાયા,
એકેકો કવલ સંચિત જે છેદ, ઉઘાડી ઢાંકણુ નાક નિર્વેદ,
ઉછળે દુર્ગંધ પામ્યા ખેદ;
શરીર અનિત્ય ભવિ પડિબોહ્યાં, ષટ્રાય દીક્ષા દેઈ તીર્થંકર સોહ્યા,
ત્રિગડે ત્રિભુવન જગ મોહ્યા,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધરમધ્વજ ઇન્દ્રાદિક ધરંતાં, દુંદુભિ ગયણે ગીત નૃત્ય કરંતા,
પરખદા બારે નિત્ય સુણુંતા. ૩

અમૃતવાણી સાકર સરખી, ભવિજનકી હૈયામાંહે પરખી,
ત્રિલોકીજન નામસે હરખી,
નીલાવરણ મોહન જયકારી, સહસ પંચાવન આયુ પાલી,
સમેતશિખર શિવધારી;
કુબેરયક્ષ જિનધર્મ દીપાય, ચતુર્વિધ સંઘ સહુ સુખ પાય,
દેવી વઇરૂટ્ટાને ધ્યાય,
શ્રીવિજયસેનસૂરીશ્વરરાયા, બુધ સુખરત્નગુરૂ પ્રણમું પાયા,
વનીતવિજય ગુણ ગાયા. ૪

---

## શ્રીમુનિસુવ્રતજિનસ્તુતિઓ

+૧ (રાગઃ—શાન્તિજિન સમરીએ જેહની અચિરામાય.)

મુનિસુવ્રતજિન માહરા, હરિવંશ અવતારી,
રાજગૃહીનગરી વસ્યા, સુમિત્રનૃપ કુલધારી;
શ્રાવણસુદ પુનિમ તિથે, પદ્માવતી ઉરે આયા,
સુપન ચઉદ સુહામણાં, જેઠવદિ આઠમે જાયા. ૧

છપ્પનકુમરીએ છેલથી, લાડે કોડે લડાયા,
ચોસઠ ઇન્દ્રાસન ચલ્યા, મેરૂ મહોત્સવ મંડાયા;
તીર્થંકર ત્રિભુવન તિલો, સયંબુધ સ્વશિક્ષા,
ફાલ્ગુનસુદ દશમીદિને, ચઉજ્ઞાને ગૃહી દીક્ષા. ૨

કેવલ ફાલ્ગુનવદ બારસે, રત્ન ત્રિગડો રૂપાલો,
દેવાદિક દુંદુભિ દીયે, સેવિત ઇન્દ્ર ભૂપાલો;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરખદા બારે પૂરીને, વાણી પાંત્રીસ વરખે,
બોધ દીક્ષા વ્રત અંત જે, શિવરમણી સુખ હરખે. ૩

આયુ સહસ્ર વર્ષ ત્રીસનો, શ્યામવરણ સોહાયા,
જેઠ અંધારી નવમીયે, સિદ્ધ સમેતગિરિ પાયા;
**વરુણયક્ષ** દેવી **દત્ત** દીયે, શાસન સુપસાયા,
પંડિત **રત્ન** કવિરાયનો, **વનીતે** વીશમાજિન ગાયા. ૪

---

## ભરૂચમંડનશ્રીમુનિસુવ્રતજિનસ્તુતિ

૧ ( રાગઃ—શ્રીશત્રુંજયતીરથસાર )

**ભરૂચબંદરે** બાંધે વિહાર, શ્રીમુનિસુવ્રતજિનનો સાર,
શિલ્પતણે અનુસાર,
રાજપુત્રી સુદર્શના નામે, પૂરવભવમાં શમળી ઠામે,
જિહાં નવકારને પામે;
સાઠ જોજન કરી વિહાર, કર્યો અશ્વતણો ઉપગાર,
**ચૈત્યઅશ્વ** અવતાર,
તે તીર્થપતિના પ્રણુચે પાય, પાપ સકલ ભવિના દૂર થાય,
ભવથી પાર પમાય. ૧

હિંસક પ્રાણી શમળી જાણો, સાત દિવસની ભૂખી માણો,
એક જ શ્વાસ પ્રમાણો,
લીધો માંસનો ઘાતક જાણે, મારે તીર તદા તે ટાણે.
તડફડે તેના પ્રાણે;
નવકારમંત્ર મુનિ તે ઠાણે, નાંખે સુંદર તેના કાને,
બાંધે પુન્ય મહાને,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનંત શ્રીજિનના ગુણગાને, મહામંત્ર નવકારના સ્થાને,
લીધો રાજભવ લ્હાણે. ૨

રાજપુત્રી યૌવનવય પામે, બેઠી પિતા પાસે સભા ઠામે,
ઠાઠ વ્યવહારીનો જામે,
છીંક આવી વ્યવહારીને જ્યારે, નવકારપદ બોલે તે ત્યારે,
જાતિસ્મરણ તવ ધારે;
ચૌદપૂરવનો સાર વધારે, કામ સાધ્યું તેણે તે નવકારે,
આવી છે ભવને કિનારે,
આવી ભરૂચે દેવળ બાંધે, પુન્યની પેટી લીધી નિજ ખાંધે,
શ્રીજિનધર્મ આરાધે. ૩

**વરૂણદેવ વરદત્તાદેવી**, ભક્તિભાવે જિનવર સેવી,
મુક્તિ છે જેમને લેવી,
રૂમઝુમ રૂમઝુમ નુપૂર રણકે, ગળે મોતીનો હાર તે ઝલકે,
રૂપ અધિક જસ ખલકે;
જિનવર જોઈ જોઈ મનડાં મલકે, શાસનવિઘ્ન હરે એક પલકે,
સ્તવે જિણંદ ઉમળકે,
**આત્મકમલમાં લબ્ધિ** આણે, મુનિસુવ્રતજિનભક્તિ વખાણે,
જન્મ સફલ ઇમ જાણે. ૪

---

## શ્રીનમિજિનસ્તુતિઓ

+૧ ( રાગઃ—શાન્તિસુહંકરસાહિબો સંજમ અવધારે. )

નમિનાથ જિણંદજી, નિત્ય ઊઠીને વંદુ,
ચરણકમલ કમલા વસે, કરી વંદન નંદુ;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાણી શુદ્ધ જિણુંદની, તોડે કરમના કંદો,
મોહતિમિર હરવા પ્રભુ-મુખ પૂનમચંદો. ૧
ચોવીશ જિનશાસન ભલું, કરે જગ અજવાળું,
કુમતિ ફંદ હરે સદા, જસ રૂપ છે કાળું;
શાસન સેવું હું તેમનું, બીજું કંઈ નવિ ભાળું,
દુરગતિના જે દ્વારને, વાસું નિત્ય જ તાળું. ૨
જ્ઞાન જિણુંદનું છે ખરૂં, ઝળહળતો દિણુંદો,
ભવિયણ ચક્કવાકને, જેહ આપે આણંદો;
પુણ્યવંત ચકોરનું, મન માને ચંદો,
સુર અસુર નરનાથને, એથી થાય આણંદો. ૩
દેવી **ગાંધારી ગોમેધ** છે, શાસનરખવાલા,
વિઘ્નરૂપ પતંગીયા, જ્વાલન જેહ જાલા;
શાસનભક્તિ કરી લહે, જેઓ મુક્તિમાલા,
**લબ્ધિસૂરિ** જિનશાસને કરે સેવ નિરાલા. ૪

---

+૨ ( રાગઃ—શત્રુંજયમંડનઋષભજિણુંદદયાલ )

નમિ નિરંજન સ્વામી સમર્યે ક્રોડ કલ્યાણ,
નયરી મિથિલા નીરખી વિજયરાય કુલભાણ;
એકવીશમા જિનવર વપ્રારાણી પ્રભુ માય,
ચઉદ સુપન તે રયણી ત્રણ જ્ઞાને ગર્ભે સુહાય. ૧
મલી છપ્પનકુંવરી સૂતિકર્મ કરી ગીત ગાવે,
ઇન્દ્ર ચન્દ્ર કિન્નર સુર મેરૂશિખરે સહુ આવે;
જન્મ મહોચ્છવ ભારે દીક્ષા વ્રત પ્રભુ પાવે,
કેવલ ધર્મ ધારી ત્રિગડો રતનમે સુહાવે. ૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચાર ગત દેવ દેવી ચઉવિધ સંઘ ભવિ છાજે,
બારે બેઠી બુદ્ધવંત વાણી અમોઘ ઘન ગાજે;
ભામંડલે ભજતા દુંદુભિ દેવ દીયે નાદ,
સત્પ્રાતિહાર્ય શિરોમણી ટાળે કર્મ મિથ્યાવાદ. ૩
નીલોત્પલલંછન દશ સહસ્ર આયુ લીધ,
પીત વર્ણે પ્રસિદ્ધા સમેતશિખર પદ સિદ્ધ;
દેવી ઘમકે **ગંધારી ગોમેહો**જક્ષ નહિ તોલે,
કવિ**રત્ન** પસાયે વાણી **વનીત** ઇમ બોલે. ૪

# શ્રી નેમિજિનસ્તુતિઓ

+ ૧ ( રાગઃ—રઘુપતિરાઘવ રાજારામ )

શ્રીયાદવકુલકૈરવચંદા, સમુદ્રવિજયનૃપકેરો નંદા;
માત શિવાદે નેમિજિણંદા, પ્રણમો પ્રેમે ધરી આનંદા. ૧
અષ્ટાપદે રિસહેસર સીધા, ચંપા વાસુપૂજ્ય પ્રસિદ્ધા;
રૈવત નેમિ પાવાપુરી વીર, વીશ સમેતગિરિ પ્રણમું ધીર. ૨
આગમ શ્રુત આણા આધાર, ધારણા જીત એ [૧]પણ વ્યવહાર;
જે આગમમાં એહ વિચાર, તે ભવિયાં નિસુણો જયકાર. ૩
**ગોમેધ**સુર ને દેવી **અંબાઇ**, સેવે નેમિચરણ લય લાઇ;
**જ્ઞાનવિમલ** પ્રભુતાઇ દીપાઈ. દિન દિન વાધિ **સુજશ** સવાઇ. ૪

+ ૨ ( રાગઃ—વીરજિનેશ્વર અતિ અલવેસર )

રાજુલરાણી ગુણમણિખાણી, તેહતણો ભરતાર જી,
સમુદ્રવિજય શિવાદેવીનંદન, સુખસંપત્તિ દાતાર જી;

૧. પાંચ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શંખલંછન ને શામલવરણી, કાયા કોમલ સાર જી,
નેમિજિનેસર નિત નિત નમતા, હોઈ સદા જયકાર જી. ૧

દશ વૈમાનિક હોય જ્યોતકી, બત્રીશ વ્યંતર ઈંદે જી,
વીશ ભવનપતિ સરવ મલીને, ચોસઠ ઇન્દ્ર આણંદે જી;
મેરૂશિખર જઇ રચીય સિંઘાસન, હઇડે હરખ અપાર જી,
ચોવીશ જિનનો જનમ મહોત્સવ, કીધા અતિ મનોહાર જી. ૨

દાન સુપાત્રે દીજે સુધું, શીલરયણ પાલીજે જી,
તપ તપીઇ પોતાની શકતે, ભાવના મન ભાવીજે જી;
ક્રોધ લોભ માન માયા જૂઠું, પંચ પ્રમાદ પરિહરીયે જી,
એહવી જિનની વાણી સુણતાં, ભવસાયર ઉતરીયે જી. ૩

નેમિનાથ શાસનસુર સોહે, **ગોમેધયક્ષ** મયાલ જી,
સમકિતધારી સંઘ ચતુર્વિધ, સાનિધકારી દયાલ જી;
ભવિકજીવને આનંદ કરતો, સેવતો જિનપાય જી,
**શ્રીવિજયરાજસૂરીસર** વિનયી, **લક્ષ્મીવિજય** ગુણ ગાય જી. ૪

---

+ ૩ ( રાગઃ—રઘુપતિરાઘવ રાજારામ )

સિદ્ધિવધૂકેરો શિણગાર, ગઢ ગિરનારે નેમકુમાર;
સાંવલીયો સાહિબ મુજ મિલે, તો ઘર આંગણ સુરતરુ ફલે. ૧

ચઉવીશે જિનવરના નામ, સમરી સમરી નિત કરું પ્રણામ;
સાંવલીયાકી સેવા કરું, તો શિવસંપદ લીલા વરૂં. ૨

સમવસરણ જિન ભાખે સાર, ચઉદપૂર્વ નઇ અંગ અગ્યાર;
આગમ આરાહો [1]જી સદા, [2]તો પામું સઘળી સંપદા. ૩

---

1 જે. 2 જિમ પામો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નેમિજિનેસરશાસન હી, **અંબાદેવી** મન ભાવ હી;
સિદ્ધિવિજયકી સેવા ભણી, તો પૂરે આશા સવિ મનતણી. ૪

---

+ ૪ ( રાગઃ—વરસ દિવસમાં અષાઢચોમાસું )

શોભાગણી મૃગનયણે સરાગણી, ચંદવયણી સુંદરી ગજગામિણી,
પોયણી પરિ સુકુમાલી;
જિણે છંડી રાજુલબાલા, સો પ્રભુ નેમિજિણંદ દયાલા,
પ્રણમો રંગરસાલા. ૧

તિન ભુવન ભવિજન આધારા, વાણી તરજિત જલધારા,
મહિમા મોહનગારા;
ચઉવીશઈ જિનવર જયકારા, પૂજો આણી પ્રીતિ ઉદારા,
મુગતિરમણી ભરતારા. ૨

પ્રવચન વચન વિવેકી ધ્યાઉં, સિદ્ધિવધૂનઈ વ્હાલા થાઉં,
આણી અંગ ઉમાહઉ;
સુગુરુવયણ ગંગાજલનાહઉ, મણુઅજન્મઉ લઉનઈ લાહઉ,
પુણ્યતણો એ વાહઉ. ૩

ઘૂઘરડી ધમધમકંતિ, નેઉરી રમઝમ રમઝમ કંતિ,
કહઈ ગુણવિજય સુરંગી;
નેમિજિનેસરપદકજ ભૃંગી, શ્રીસંઘ સાનિધિ કરઉ-સુચંગી,
અંબાઈ અતિ ચંગી. ૪

---

+ ૫ ( રાગઃ—મનોહરમૂરતિમહાવીરતણી. )

જયકર નેમિસર જગ જયો, તુજ વંદત હું અતિ અલજઓ;
જાણું ગીરનારઈ આવઈ, રાજુલવરના ગુણ ગાવઈ. ૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હુઆ હોશઈ જે જિન છઈ, પહિલા પ્રણમું પૂજું પછઈ;
બી તી ચઉ પણ અડવિહ ભેદસ્યું, પ્રભુ પૂજી પાતિક છેદસ્યું. ૨

જૈનવાણી સાચી સદ્દહી, શિવસુખ તે લહીઈ ગહગહી;
અંગઈ ગ્યાર નઈ બાર ઉપાંગ, સુણવા ભણવા કરઈ રંગ. ૩

કર ધરતી અંબાલુંબિકા, શુભ ધરતી દેવી અંબિકા;
નેમિક્રમપંકજ મધૂકરી, ધનહર્ષ પંડિત સુખકરી. ૪

---

+ ૬ ( રાગઃ—શાન્તિજિનેશ્વર સમરીએ. )

નેમિજિનેસર સમરીએ, શિવાદેવી માય,
સમુદ્રવિજય કુલ ઉપના, શંખલંછન પાય;
દશ ધનુષ પ્રભુ દેહમાન, શામવરણ તસ કાય,
અષ્ટ કર્મ હેલા હણી, મુગતપુરીમાં જાય. ૧

નવણ વિલેપન વાસની, ધૂપ દીપ નિવેદ,
ફુલ અક્ષતે પૂજીયે, જેહથી જાય ભવ ખેદ;
જિન ચોવીશ પૂજતાં દુરગતિ ન થાય,
મહાનિશિથે ભાખીયું, બારમે દેવલોક જાય. ૨

નેમિનાથ કેવલ લહ્યો, ઉજ્જંતગિરિ આય,
ભવિજીવને કારણે, દેશના દીયે જિનરાય;
સુણી ચારિત્ર કેઇ લહે, કેઇ શ્રાવકધર્મ,
એમ અનેક જીવ ભવ તરા, પામીયા શિવશર્મ. ૩

ગોમેધજક્ષ ને અંબિકા, શાસનરખવાલ,
જિનની સેવા જે કરે, તેની કરે સારસંભાલ;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આભવ પરભવ સુખ ઘણું, જે ધ્યાવે ચિત્ત,
મુનિહુકમ જન સેવીયે, શિવ પામવાની રીત. ૪

+ ૭ (રાગઃ—વીરજિનેશ્વર અતિ અલવેસર.)

બાલબ્રહ્મચારી નેમિજિનેસર, જનમથકી સોહાયા જી,
ત્રણસે વર્ષ ઘરવાસો વસીને, ચારિત્રપદ જે પાયા જી;
ચઉનાણી તે દિનથી જાણો, આત્મકારજ કીધા જી,
કેવલ પામી શિવપદ પોહતા, મનવંછિત ફલ લીધા જી. ૧

શ્રીગિરનારે મુગતે પોહતા, પાંચસે છત્રીશ સાથ જી,
અષાડસુદ અષ્ટમીને દિવસે, હુઆ શિવસુંદરીનાથ જી;
એવા જિન ચોવીશે પૂજીજે, ગુણ તેહના સંભારી જી,
સમરણથી શિવસુખ પામીજે, તસ નામે બલિહારી જી. ૨

ત્રણ ગઢની રચના કીધી, દુવાર ચાર તિંહા સોહે જી,
પોખરણી તોરણ અતિ સુંદર, દેખીને મન મેહે જી;
તિહાં બેસી જિન દેશના દેવે, સાંભલતાં સુખ હોવે જી,
ભવિજીવ તે ચિત્ત ધરીને, શિવપુર સાચું જોવે જી. ૩

એવા જિનની સેવા કીજે, ઉપગાર તેહનો જાણી જી,
મુનિ હુકમ કહે સાહેબ મોરા, હૃદયકમલના દાણી જી;
ગોમેધજક્ષ અંબિકાદેવી, સેવા સારે ભરપૂર જી,
શાસનસાનિધ કરતી નિતે, સંકટ સંઘલા ચૂર જી. ૪

+ ૮ (રાગઃ—વીરજિનેશ્વર અતિ અલવેસર.)

અમર અસુર કિન્નર જ્યોતિષચર, નર અભિવંદિત પાયા જી,
સમુદ્રવિજયકુલકાનનજલધર, શામરયણ સમ કાયા જી;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જય યદુનંદન [1]મદનવિગંજન, ચંદન વચન સુહાયા જી,
નેમ નિરંજન નયન નલીનદલ, પાવન શિવસુખદાયા જી. ૧
જય રાજુલવર કરુણાસાગર, પુન્યપવિત્ર તુજ કાયા જી,
રાજુલ રઢીયાલી લટકાળી, છોડી ચાલ્યો તજી માયા જી;
સત્યભામા વર લેઈ હલધર, તોરણ કિણહી પઠાયા જી,
ઋષભાદિક જિનથી તું અધિકો, કહત શિવા સુણ જાયા જી. ૨
ચારિત્ર લેઇ ચોપનમે દિન, કેવલજ્ઞાન ઉપાયા જી,
ચોવિહ દેવ મલી મનરંગે, સમવસરણ વિરચાયા જી;
બારહ પરખદામાંહિ બેસી, બહુજન ધર્મ બતાયા જી,
શાસન થાપી ત્રિભુવનસ્વામી, આપે મુગત સધાયા જી. ૩
યદુનાયક શ્રી નેમિજિનેશ્વર, યાદવવંશ દીપાયા જી,
રાજુલનારી પિયુને પ્યારી, લેઇ મુગત રખી માયા જી;
જગદંબા અંબા રખવાલી, શાસનદેવી ઠાયા જી,
માય મયા કરી સંઘ વિઘનહર, **ભાનુસાગર** ગુણ ગાયા જી. ૪

+ ૯ ( રાગઃ—રઘુપતિરાઘવ રાજારામ. )

*શ્રીનેમનાથ મહિમા ભંડાર, પ્રહ ઊઠી બિંબ જુહાર;
જેહની વાણી અમૃતસાર, **અંબિકા**માડી વિઘન નિવાર. ૧

## શ્રીપાર્શ્વજિનસ્તુતિઓ

+ ૧ ( રાગઃ—રઘુપતિરાઘવરાજારામ )

પ્રભુ પુરિસાદાણી પાસજી, ત્રિભુવનજન તો જસ દાસ જી;
પસર્યો જગમાં જસ વાસજી, પૂરે મનવંછિત આસ જી. ૧

૧ કામદેવને પીડા કરનારા. * આ સ્તુતિ—થોય ચાર વખત બોલી શકાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સવિ મિલીને બહુત્તરી તે થયા, ચોવીશી ત્રિણના જુજુઆ;
દશ ખેત્રે સાતસેં વીસ મીલી, તે સવિ હું પ્રણમું મન રૂલી. ૨

સૂત્ર નિર્યુક્તિ ભાષ્ય ચૂરણી મલી, વલી વૃત્તિ સુવિસ્તર અતિ ભલી;
પંચાંગી અર્થે સંકલી, તે આગમ નિસુણો લળી લળી. ૩

**શ્રીધરણેન્દ્ર** ને **પદ્માવતી**, શાસન અનુભવ દેખાવતી;
**જ્ઞાનવિમલ** મતિ ગુણ ગાવતી, બોધિબીજ ભવિક મનિ વાવતી. ૪

---

+ ૨ ( રાગઃ—રઘુપતિરાઘવરાજારામ. )

પાસજિનેસર જગધણી, મનવંછિત પૂરણ સુરમણી;
મિથ્યાતમોહર દિનમણી, પ્રણમું પરમારથ શિવ ભણી. ૧

મંગલચૈત્ય યત્ર દ્વારે ઠવી, દેહરે ભગતિ પ્રતિમા હળી;
શાશ્વત પ્રતિમા શાશ્વત સ્થળે, નમું બિંબ ત્રિવિધ જાણી ભલી. ૨

ગમ્યાગમ્યાદિ વિવેચના, આગમ વિણ ન લહે ભવિજના;
ગણધર પણ લીપીને વંદન કરે, સન્માર્ગી શ્રુતને અનુસરે. ૩

**ધરણેન્દ્ર** અને **પદ્માવતી**, પાસજિનની સેવા સારતી;
સવિ સંઘના વિઘન નિવારતી, મુનિ **માન** નેહે નિહાલતી. ૪

---

+ ૩ ( રાગઃ—રઘુપતિરાઘવરાજારામ. )

કપૂર કસ્તુરી ભોગ લીલા, લીના કરી ઘન ધ્યાન પીના;
હવિ સખી પાસજિણંદ ધ્યાઉં, વળી વળી એ મન રંગિ ગાઉં. ૧

જિમા જસા [1]માંડા ખાંડ કેળાં, સુરંગ આંબારસમાંહિ ભેલા;
જો દીઠડો સ્વામી એક વાર, નમિઇ કરૂં સદા તુમ્હનિ જુહાર. ૨

૧ રોટલી—ફુલકા.

બીજી જિકે વાદીવાદી મંડિ, તેહતણું વેગિ માન ખંડિ;
મીઠું જિસું ખીરસમુદ્દ પાણી, એસી સોહાવો જિનરાજ વાણી. ૩
શ્રીશારદાદેવી હંસી બેઠી, માહાલી જસી મયગેલી તુઠી;
હેજઇ કરી વેગી પાયે લાગું, ઘણી ઘણી વિદ્યાબુદ્ધિ માંગું. ૪

+ ૫ (રાગઃ—વીરજિનેશ્વર અતિ અલવેસર.)

પાસજિનેસર પ્રભુ પરમેસર, સેવિત સુરપતિ પાયા જી,
વામાનંદન કમઠ વિહંડણ, તુમ ચરણે ચિત્ત ભાયા જી;
તેજ પ્રતાપે રવિ જિમ દીપઇ, પાપ તિમિર ગમાયા જી,
કીરતિ પ્રભુની ચિહું દિસિ ચાવી, સેવ કરે નરરાયા જી. ૧

અષ્ટાપદ ને સમેતશિખરગિરિ, નંદીસર પ્રભુ વંદો જી,
સિદ્ધક્ષેત્ર શ્રીસોવનગિરિ, તિમ ગિરનારઈ જિનચંદો જી;
સયલ જિનેસર પૂરે થંભણપુર, (પાસ) ચિર નંદો જી,
સુર ભૂત ને તિહાં સહુ કો જાણે, શ્રીજિન પૂજે ઇંદો જી ૨

અંગ ઇગ્યારે બારે ઉપાંગ, વલી એ શ્રીજિનની વાણી જી,
સરસખાણી ઉત્તમ પ્રાણી, પીજે અમૃત જાણી જી;
ભવનિધિતારણ પારી ઉતારણ, પ્રવહણવડી એ આણી જી,
સન્મતિ કારણ દુરમતિ વારણ, સાચી શિવ સહી નાણી જી. ૩

પાયે નેઉર ઝાંઝર ઝમકે, ઘૂઘરના ઘમકારા જી,
કટિમેખલ અતિ ચંગી દીપે, કર કંકણ રણકારા જી;
પઉમાદેવી વિઘન હરેવી, સંઘ સહુ સુખકારા જી,
હીમસોભાગ્ય ગુરુ સેવક પ્રણમે, સુમતિસૌભાગ્ય
જયકારા જી. ૪

+ ६ ( રાગઃ—વીરજિનેશ્વર અતિ અલવેસર. )

પુરીસાદાણી પાસજિનેસર, મૂરત મોહનગારી જી,
સુર નર નારી પૂજા સારી, કરતાં દુરગતિ વારી જી;
સુખકો સાગર ગુણકો આગર, અતુલબલી અવતારી જી,
અશ્વસેનનૃપ વામાદેવી, માત પિતા સુખકારી જી. ૧

જિનવર જગ હુઆ હોશઈ, વર્તમાન વલી જેહ જી,
પ્રહ ઊઠીનઈ પૂજો પ્રણમો, નિત સંભારે તેહ જી;
અનુત્તર દરશન ચારિત્ર તપ બલ, જ્ઞાનાદિક ગુણ ભરીયા જી,
કરમ ખપે નઇ કેવલ પામી, મુગતિવધૂ જઈ વરીયા જી. ૨

શ્રીજિનવરની વાણી સોહઈ, પડિબોહઇ નર નારી જી,
આગમ અરથ અનોપમ જાણી, દેશના સુણવો સારી જી;
પાપ નિવૃત્તિ પુન્ય પ્રવૃત્તિ, આચરણા જે કરશે જી,
જ્ઞાન આરાધઇ તપ જપ સાધઈ, તે ભવસાયર તરશે જી. ૩

પાસજિનેસર સેવા સારી, જિનશાસન જયકારી જી,
પુન્યવતી **પદ્માવતી** માતા, સુખસંપત્તિ દાતારી જી;
તું જગિ સારી સહુને પ્યારી, અલવેસર અવતારી જી,
પંડિત **ધીરસાગર**પદસેવક, **અમરસાગર** હિતકારી જી. ૪

---

+ ७ ( રાગઃ—શ્રી શત્રુંજયતીરથસાર. )

વીશ સાગર આઉ ભોગવીયા, પ્રાણુત દેવલોકથી ચવીયા,
વામાદેવી કૂખે ઠવીયા,
સાતે નરકે થાઉં અજુવાલું, સરવ જીવ થઉ સુખ સાન્યું,
ઈન્દ્રે શક્રસ્તવ સંભાલ્યું;



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જનમદિન છપ્પનકુમારી, શૂચિકર્મ કરે તે ભારી,
વિઘન સવિ તે ટાળી,
રક્ષાપોટલી બાંધે જિનઅંગે, ગીત ગાઈ પ્રણમે ઉમંગે,
નિજ થાનકે જાયે રંગે. ૧
ચોસઠ ઈન્દ્ર સુરગિરિ જાવે, અસંખ્યાતા દેવ તિહાં ભાવે,
સજી ઈન્દ્ર ઘર આવે,
જિન નમી સંપુટ લહીને, મેરૂગિરિ ગયો વહીને,
દેવ નમે આહીને;
આઠ જાતના કલશા કીધા, તીર્થોદક જલ સવિ લીધા,
અભિષેક અઢીસેં કીધા,
પછે મેલ્યા જનનીગેહ, ચોવીશે જિનને એમ તેહ,
ભગતિ કરે ગુણગેહ. ૨
કેવલ પામી દેશના દેવે, આચારાંગ સુયગડાંગ તે લવે,
ઠાણાંગ સમવાયાંગ કે'વે.
ભગવતી જ્ઞાતા [સૂત્ર] ભાખી, ઉપાસગ અંતગડ દાખી,
અનુત્તરવવાઇ ચિત્ત રાખી;
પ્રશ્નવ્યાકરણ વિપાક જેહ, દૃષ્ટિવાદ બારમું અંગ તેહ,
જેના ગુણ છે અછેહ,
ગણધરે તે રચના કીધી, ત્રિપદીથકી એ લીધી,
સદ્દહતા સુખ સીધી. ૩
જરા નિવારણ કારણ જેહ, હરીયે હરી સમરો તેહ,
પ્રત્મા આપી ગુણગેહ,
જાદવકેરી જરા નિવારી, નમણજલ મહિમા ભારી,
થાપના કીધી સુખકારી;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ધરણેન્દ્ર પદમાવતી** દેવ, પાસના ચર્ણ સેવે નિતમેવ,
હઇડે હરખ ધરેવ,
**મુનિહુકમ** એ જિન નામે, સુખ પામે તે ઠામોઠામે,
વેગે શિવપુર પામે. ૪

---

+ ૮ ( રાગઃ—શત્રુંજયમંડનઋષભજિણંદદયાલ. )

પોષ વદ દશમીએ, જનમ્યા પાસકુમાર,
વણારસીનગરી એ, અશ્વસેનભોપાલ;
વામાદેવીનો જાયો, સર્વને આવે દાય,
કર્મ શતરૂ જીપીને, શિવપુર વેગે જાય. ૧

શ્રાવણ સુદ અષ્ટમી, સમેતશિખર સોહાય,
તેત્રીશ સંઘાતે, પોહુતા શિવપુર ઠાય;
ચોવીશીને ચાવો, ષટ દરિસનમેં આપ,
સર્વ જિન સમરતાં જાવે ભવના પાપ. ૨

ચૈત્ર વદ ચોથે, કેવલનાણ લહંત,
ત્રેવીસમો જિનવર, ત્રિગડે તેજ તપંત;
તિહાં ધર્મ પ્રકાશે, દાન શીયલ તપ ભાવ,
આરાધો ભવિયણ, બેસી વરમણિ દાવ. ૩

**ધરણેન્દ્ર પદ્માવતી**, સેવે પ્રભુના પાય,
જે સમરે જિનવર, તેહની કરે સહાય;
પાસજિનસેવાથી, દુઃખ દોહગ સવિ જાય,
**જિનહુકમ** આરાધો, મનવંછિત ફલ થાય. ૪

---

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

+ ૯ ( રાગઃ—શ્રીશત્રુંજયતીરથસાર. )

પ્રહ ઊઠી પ્રણમો શ્રીજિનપાસ, જિમ મનવંછિત પૂરે આશ;
ઋદ્ધિ સિદ્ધિ દે ખાસ,
શ્રીઅશ્વસેનનૃપકેરો નંદ, ટાળે [1]દુરગતિકેરો ફંદ,
મુખ જિસ્યો પૂનમચંદ;
સયલ સતીમાં લદ્ધપશંસ, વામાકૂખે સરોવર હંસ,
ઇક્ષ્વાકકુલ અવતંસ,
સકલ સુરાસુર કિન્નર ઇંદ, વિદ્યાધર નરપતિના વૃંદ,
પ્રણમે પદ અરવિંદ. ૧

ઋષભદેવના તેર ભવ જાણો, શાન્તિનાથના બાર વખાણો,
ચંદ્રપ્રભ આઠ પ્રમાણો,
શ્રીમુનિસુવ્રત શ્રીનેમીશ, નવ નવ ભવની સંખ્યા કહીશ,
વીરના સત્તાવીશ,
પાર્શ્વનાથના દશ ભવ સાર, સત્તર જિનના (ત્રણ) ત્રણ ઉદાર,
પછે પામ્યા ભવપાર,
સમકિત પામ્યા પછી એ વારૂ, ભવસંખ્યા કહી શ્રુત અનુસારૂ,
નમો જિન ભવજલતારૂ. ૨

મુનિ વૈમાનિકી સમણી જેહ, પૂરવ દિસિથી આવી તેહ,
અગ્નિકૂણે ગુણગેહ,
ભવનવઈ વંતર જોઇસ દેવા, નૈઋત્યકૂણે જિનવયણ સુણેવા,
તસ [2]દેવી વાયુ ઠવેવા;

1 ભવ ભવ. 2 ઇશ.

Jain Education International    For Private & Personal Use Only    www.jainelibrary.org

વૈમાનિક સુર નર ને નારી, ઉત્તરથી આવે સુવિચારી,
ઇશાન કૂણે મનોહારી,
નામથકી એ પરખદા બાર, સમવસરણમાં અંગ ઇગ્યાર (બાર ?)
સાંભલી લહે ભવપાર. ૩

ચક્કેસરી અજિયા દુરિઆરી, કાલી મહાકાલી [1]શ્યામા સારી,
[2]શાન્તાભૃકૃતિ સુતારી,
શ્રીઅશોકા ને માનવી ચંડા, [3]વિદિતા અંકુશા તેજ અખંડા,
[4]કંદર્પ નિર્વાણિ દંડા;
બલા ધારણી ધ્યાઓ નર નારી, ધરણીપ્રિયા નરદત્તા ગંધારી,
અંબિકા પદ્માવતી સારી,
**સિદ્ધાયિકા** ઇતિ દેવી ચઉવીશ, **હંસવિજય** બુદ્ધરાયનો શીશ,
**ધીર**ની પૂરો જગીશ. ૪

---

+ ૧૦ ( રાગઃ—શત્રુંજયમંડનઋષભજિણંદદયાલ )

જય પાસજિનેસર પરમેસર પરગટ્ટ,
જસ મહિમા છાજે ભાજે ભવભયવટ્ટ;
અરિ ચોર ઉપદ્રવ રોગ શોગ ટળે કષ્ટ,
શ્રીપાસ પસાઈ લહીયે ઘરે [5]ગહગટ્ટ. ૧

જય મંગલકારણ તારણ ત્રિભુવન રંગ,
મેં પામ્યા જિનવર સેવ કરૂં અભંગ;
અતીત અનાગત વર્તમાન જિનચંગ,
જિનવંદન ભંજન કર્મતરૂ ઉત્તંગ. ૨

---

1 મનોહારી. 2 શ્રુતા. 3 વિજયાંકુશા. 4 કંદર્પા નિર્વાણી ઉદંડા. 5 ગયગટ્ટ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જિનશાસન ભાસન શાશ્વતાં અંગ ઉદાર,
જિનવાણી ખાણી આણી ગુણગણ ધાર;
જગ સોહ ચડાવે પાવે જગ ઉપગાર,
એહવી જિનવાણી **વિજયદેવ** [1]ગણધાર. ૩
**પદ્માવતી** પંકજ અંગજ અદ્ભુત એહ,
મનવંછિત પૂરે ચૂરે સંકટ દેહ;
સુખદાયક નાયક **વિજયસિંહ** ગુરૂ જેહ,
તેહના શિષ્ય બોલે **ગજવિજય** વર દેહ. ૪

+ ૧૧ (રાગઃ—ત્રોટકછંદ—મનોહરમૂરતિમહાવીરતણી)

પ્રણુમામિ સદા પ્રભુ પાર્શ્વજિનં, જિનનાયકદાયક સુખધનં;
ધનચારૂ મહોત્તમ દેહધરં, ધરણીપતિ નિત્તય સેવકરં. ૧
કરૂણારસ રંચિત ભવ્યફણી, ફણી સપ્ત સુશોભિત મૌલિમણી;
મણિકંચનરૂપ ત્રિકોટ ઘટં, ઘટિતા સુર કિન્નર પાર્શ્વતટં. ૨
શ્રુત કેન્દ્રિત કોપ યથા કમઠં, કમઠાસુર વારણ મુક્તિ હઠં;
હઠ હેલ ચ કર્મ કૃતાન્ત ફલં, ફલધામી ધુરંધર પંકજલં. ૩
તટિનીપતિ ઘોષ ગંભીર સ્વરં, સુરનાયકસુ અશ્વસેન નરં;
નર નારી નમસ્કૃતિ નિત્ય પદં, **પદ્માવતી** ગાવતી ગીત સદં. ૪

+ ૧૨ (રાગઃ—વીરજિનેશ્વર અતિ અલવેસર)

*સકલ સુરાસુર નર વિદ્યાધર, પૂજિત પાસજિણંદો જી,
સકલ જિનેસર ભુવન દિનેસર, પામ્યા પરમાનંદો જી;

1 જયકાર. * આ સ્તુતિ—થોય ચાર વખત બોલી શકાય છે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રીજિનવાણી અમીય સમાણી, સુણતાં અતિહી આણંદો જી,
**ધરણેન્દ્ર પદ્માવતી** પૂજો, પ્રભુ **મુનિમાણિક** ચંદો જી. ૧

## શ્રીશંખેશ્વરપાર્શ્વજિનસ્તુતિઓ

+ ૧ ( રાગઃ–મનોહરમૂરતિમહાવીરતણી )

શંખેશ્વરપાસ જુહારીયે, દેખી લોચન ઠારીયે;
પૂજી પ્રણમીને સેવા સારી, ભવસાયર પાર ઉતારીયે. ૧
શત્રુંજય ગિરનારગિરિ વર્યા, પ્રભુ આબુ અષ્ટાપદ શિવ વર્યા;
એવા તીરથ પાય લાગીયે, ઝાઝા મુક્તિતણા સુખ માંગીયે. ૨
સમોસરણ આવી પર્ષદા મલે, સ્વામી ઉપર છત્ર ચામર ઢળે;
વાણી સુણતાં સવિ પાતક ટળે, ભવિજીવનાં મનવંછિત ફળે. ૩
**પદ્માવતી** પરતો પૂરતી, સેવકનાં સંકટ ચૂરતી;
પાર્શ્વજિનનો મહિમા વધારતી, **વીરવિજય**ના વંછિત પૂરતી. ૪

+ ૨ ( રાગઃ–વીરજિનેશ્વર અતિ અલવેસર. )

પ્રણમો ભવિકા ભાવ ધરીનઈ, શ્રીજિનપાસજિણંદો જી,
અશ્વસેન વામાનો નંદન ભવિજન નયણાનંદો જી;
**શંખેશ્વરપુર** વર પ્રભુ સોહઈ, મોહઇ સુરવરવૃંદો જી,
વંછિતદાયક સુરતરૂ સમ એ, મોહનવલ્લી કંદો જી. ૧
અતીત અનાગત નઇ વર્તમાન, વિહરમાન વીશ જેહ જી,
રૂપી નીલી રૂચક નંદીસર, શાશ્વતા જિનવર તેહ જી;
શત્રુંજય આબુ નઇ અષ્ટાપદ, સમેતશિખર ગુણ ગેહ જી,
ઈત્યાદિક તીરથ ત્રિહું કાલે, પ્રણમું હું ધરી નેહ જી. ૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અગ્યાર અંગ નઈ બાર ઉવંગા, મૂલ સૂત્ર તિમ ચાર જી,
છ છેદગ્રંથ નઈ દશ પયન્ના, નંદી અનુયોગદ્વાર જી;
કેવલજ્ઞાન લહી જિન ભાખઈ, આગમ એહ ઉદાર જી,
ભાવ ધરી સુણતાં ભવિ જાણી, લહીઇ ભવનો પાર જી. ૩

ચરણે નેઉર રમઝમ કરતી, કટિમેખલ ખલકારા જી,
કાનઇ કુંડલ રવિ શશી જીપઇ, હિયડઈ હાર ઉદાર જી;
સા **પદ્દમાવતી**દેવી આપો, સંઘનઈ ઋદ્ધિ અપારા જી,
**મુક્તિવિજયશિષ્ય રામ**નઇ કરયો, નિતુ (જય) જયકારા જી. ૪

---

+ ૩ (રાગઃ—વીરજિનેશ્વર અતિ અલવેસર.)

શ્રીશંખેશ્વરપાર્શ્વજિનેસર, વિનતિ મુજ અવધારો જી,
દુરમતિ કાપી સમકિત આપી, નિજ સેવકને સારો જી;
તું જગનાયક શિવસુખદાયક, તું ત્રિભુવન સુખકારી જી,
હરિ હિતકારી પ્રભુ ઉપગારી, યાદવ જરા નિવારી જી. ૧

**શ્રીશંખેસરપુર** અતિ સુંદર, જિહાં જિન આપ વિરાજે જી,
સુરગિરિ સમ અતિ ધવલ પ્રસાદે, દંડક જસ ધ્વજ રાજે જી;
ચિહું દિસિ બાવન જિનમંદિરે, ચોવીશે જિન વંદો જી,
ભીડભંજન જગગુરૂ મુખ નીરખો, જિમ ચિરકાલે નંદો જી. ૨

શ્રીશંખેશ્વર સાહિબ દરિસણ, સંઘ બહુલ તિહાં આવે જી,
ઘન કેકી જિમ જિનમુખ નીરખી, ગોરી મંગલ ગાવે જી;
આઠ સત્તર ઇગવીશ પ્રકારઇ, અષ્ટોત્તર બહુ ભેદે જી,
આગમ રીતે જે જગગુરૂ પૂજે, તે કર્મ કઠિનને છેદે જી. ૩

શંખેશ્વરજિનને જિમણે પાસે, મા **પદ્દમાવતી** દીપે જી,
સુરપતિ **ધરણરાજ** પટરાણી, તેજે રવિ શશી જીપે જી;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તપગચ્છપતિ શ્રીવિજયજિનેન્દ્ર-સૂરિ અહનિશિ તસ આરાધે જી,
કૃષ્ણવિજય જિનસેવા કરતાં, રંગ અધિક જસ વાધે જી. ૪

---

+ ૪ ( રાગઃ—રઘુપતિરાઘવરાજારામ. )

**શંખેસરપુરવરમંડનો,** દુઃખદાલીદ્દદોહગખંડણો;
નાગલંછન નીકો નીરખઇ, પાસજિનવર પૂજી હરખઇ. ૧
દોય નીલા દોય જિન ઉજલા, દોય મરકત દોય રત્તૂપલા;
સોલ ચંપકવર્ણા નિર્મલા, વંદું જિન ચઉવીશ ગુણનીલા. ૨
પાંત્રીશ ગુણે કરી રાજતી, બાર પરખદામાંહે ગાજતી;
સુણી હરખ્યા દેવ માનવી, જિનવાણી ચિત્તમાંહે આણવી. ૩
જિનશાસન સાનિધ સારતી, સંઘના સહુ વિઘન નિવારતી;
નમો **ધરણરાજ પદમાવતી**, બુધ દયાવિજય સુખ આલતી. ૪

---

+ ૫ ( મનોહર મૂરતિ મહાવીર તણી. )

શ્રીશંખેશ્વર પાસજી, પ્રભુ પૂરો વંછિત આશ જી;
પ્રભુ પોષ વદિ દશમી જનમીયા, ચોસઠ ઇન્દ્ર મહોચ્છવ કીયા. ૧
શત્રુંજય તીરથ ધ્યાઇએ, આબુ દેખી નવનિધિ પાઇએ;
સમેતશિખર તીરથ વંદીયે, અષ્ટાપદનામે આણંદીયે. ૨
સમોસરણે બેઠા પાસજી, પ્રભુ નીલવરણ તનુ ખાસજી;
પાંત્રીશ વાણી ગુણે કરી, સહુ સાંભલે દેશના હિતકરી. ૩
પાસચરણકમલ સદા સેવતી, **ધરણીંદર ને પદમાવતી;**
પંડિત **કુંવરવિજય**તણો, કહે **રવિવિજય** વંછિત દીયો. ૪

---

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

÷ ૬ (રાગઃ—શત્રુંજયમંડનઋષભજિણંદદયાલ.)

શ્રીપાસજિનેસર વંદુ એ જિનરાય,
શંખેશ્વરનામે દુરગતિ દૂર પલાય;
સવિ સંકટ ચૂરે પૂરઇ પરમાણંદ,
મુખ સોહે જિનકો આશો પૂનિમચંદ. ૧
ઋષભાદિક જિનવર પ્રણમું એ કરજોડી,
સુખ સંપત્તિ પામે જાઈ સઘલી ખોડી;
અશ્વસેન નરેસર કુલદીપક શિણગાર,
પૂજો ભવિ ઉલટ લહીશો ભવનો પાર. ૨
શ્રીસિદ્ધાન્તે બોલ્યો શ્રીજિનધર્મ ઉદાર,
તે સમરો ભવિયણ જિમ હોય અલ્પસંસાર;
ત્રેવીશમો જિન દીપે અધિક અતિ આનંદ,
વામારાણી જાયો સેવે સુર નર ઈંદ. ૩
પઉમાવઈ દેવી સેવે સુર નર રાય,
શ્રીસંઘ ચતુર્વિધ સાવિધ કરજ્યો માય;
વિજયદેવસૂરીસર વિજયસિંહસૂરિરાય,
સત્યવિજય બુધ સેવક જયવિજય ગુણ ગાય. ૪

+ ૭ (રાગઃ—વીરજિનેશ્વર અતિ અલવેસર.)

શ્રીશંખેસરપાસજિનેસર, કેશર ચરચિત કાયો જી,
સકલ સુરાસુર કિન્નર નરવર, વિદ્યાધર ગુણ ગાયો જી;
અશ્વસેનનૃપવંશવિભૂષણ જનમનવંછિત દાયો જી,
ભટ્ટારકશ્રીવિજયાણંદસૂરિ, પ્રણમે પ્રભુના પાયો જી. ૧
વિદ્રુમ પરે હોય રાતા જિનવર, મરકત જિન દો નીલા જી,
ચંદ્રતણી પરે હોય જિન ધોલા, સોલ જિનવર પીલા જી;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કજ્જલવરણા દોય જિનેસર, ટાળે ભવદુઃખ ફંદા જી,
એ ચોવીશ જિન અહનિશિ સેવે, શ્રી **વિજયારાજસૂરીંદા** જી. ૨

ઇગ્યાર અંગ ને બાર ઉપાંગા નિરમલ ગંગ તરંગા જી,
છ છેદ ને ચાર મૂલ સૂત્ર, નય નિક્ષેપઇ અભંગા જી;
નંદીસૂત્ર અનુયોગદ્વાર, દશ પયન્ના સાર જી,
**વિજયમાનસૂરીસર** મુખથી, સુણતાં સુખ ઉદાર જી. ૩

**પઉમાવઇ** દેવી વિઘન હરેવી, જિનપદપંકજ સેવી જી,
શ્રીવિજય**ઋદ્ધિસૂરીંદ**ના સંઘને, ઋદ્ધિ વૃદ્ધિ કરેવી જી;
સકલપંડિતમંડલીમંડણ, **હંસવિજય** બુધરાય જી,
તસ શીશ સેવક **ધીરવિજયને** મનવંછિત સુખ થાય જી. ૪

---

## શ્રીખંભાતમંડનસ્થંભનપાર્શ્વજિનસ્તુતિ

૧ ( રાગઃ—પુંડરીકમંડનપાય પ્રણમીજે. )

*સ્થંભનપારસ **સ્થંભપુરીમાં**, આપે શિવસુખકંદા જી,
બીજા તેવીશ જિનવર સેવી, લહો ભવિ આણંદા જી;
આગમ **આત્મકમલ** વિકસાવે, ગુણસૌરભ ફેલાવે જી,
**પદ્માવતી** જિનચરણસેવાથી, બોધિ લબ્ધિ મિલાવે જી. ૧

---

## સુરજમંડન( સુરત )શ્રીપાર્શ્વજિનસ્તુતિ

+ ૧ ( રાગઃ—શત્રુંજયમંડનઋષભજિણંદદયાલ. )

**સુરતવરમંડનપાસજિણંદ દયાલ,**
નિત ઊઠી ભવિયણ પૂજા કરો ત્રિણકાલ;

* આ સ્તુતિ—થોય ચાર વખત બોલી શકાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રભુ પૂજ્યો પૂરણ વાંછિત વારૂ પૂરઇ,
સમર્યો એ સાહિબ સંકટ સઘલાં ચૂરઈ. ૧

આદિ આદીસર વર્ધમાન પર્યન્ત,
સેવું ચોવીશે સુંદર સાહિબ મહન્ત;
વલી અતીત અનાગત વરતમાન જિન જેહ,
હું ભાવ ધરીનઇ ભગતિ પ્રણમું તેહ. ૨

પાંત્રીસ ગુણે કરી જિનવર વાણી શુદ્ધ,
મુજ મીઠી લાગઇ જાણે સાકર દુદ્ધ;
તે જિનવરવાણી કાન કચોલઈ પીજઈ,
તો ભવ ભવકેરાં અશુભકર્મ સવિ છીજઇ. ૩

શ્યામવેણી રાજઈ અધર તે અલતા વાન,
પાયે નેઉરી ઘૂઘરી કુંડલ સોહઈ કાન;
ગજગતિ મતિ વારૂ તે **પદ્માવતી**દેવી,
વૃદ્ધિ ઋદ્ધિ વધારે સુખકર જે સુરસેવી. ૪

---

## પાલનપુરમંડનશ્રીપાર્શ્વજિનસ્તુતિઓ

+ ૧ ( રાગઃ—વીરજિનેશ્વર અતિ અલવેસર. )

વામાનંદન જગજનવંદન, સુંદર પ્રભુમુખ મટકો જી,
દીપ ઝલાઝલ અંતર દીપે, સુખદાયક [1]શુભ લટકો જી;
પ્રહ ઊઠી પ્રતિવાસર પેખું, લાગો એ રંગ ચટકો જી,
પાસજિનેસર **પાલવિહારે**, પૂજંતા મન અટકો જી. ૧

---

1 સુખ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઋષભાદિક ચઉવીશ જિનેસર, પરમેસર સુખકંદા જી,
તિણુ જગમેં ઉદ્યોત કરંતાં, જે અવિચલ રવિ ચંદા જી;
જે જિન ધ્યાવે તે [1]જન પાવે, અદ્‌ભુત અતિ આણુંદા જી,
અતીત અનાગત જે વલી હુઆ, તે પ્રણુમું જિનચંદા જી. ૨

[2]સાકર પાણીથી અતિ હૈ મીઠી, મોહન જિનવરવાણી જી,
અંગ ઇગ્યાર ને બાર ઉપાંગા, પાપ પખાલણુ પાણી જી;
ગીરૂઆ ગણુધર શ્રુતધર સઘલે, [3]સાર કરીને જાણી જી,
વિજયએમ[4] ગુરૂથી ગુણુખાણી, મેં મનમન્દિર આણી જી. ૩

ખલખલ કટિમેખલ ખલકાવે, જિનજી વંદન આવે જી,
પાયે ઘૂઘરડી ઘમઘમકાવે, ચરણાં ચોલી સુહાવે જી;
શાસનદેવી વિઘ્ન હરેવી, ધન ધન જે જન ધ્યાવે જી,
ધ્યાન ધરંતાં સેવ કરંતા, નેમવિજય સુખ પાવે જી. ૪

---

+ ૨ ( રાગઃ—વીરજિનેશ્વર અતિ અલવેસર. )

પાલવિહારજિનેસરનામે, વંદો પાસજિણુંદા જી,
ઓચ્છવ મોચ્છવ થાઈ વંદો, જસ નામે આણુંદા જી;
અશ્વસેનકુલકમલદિવાકર, મુખ જિમ પૂનમચંદા જી,
ઠામઠામના સંઘજ આવે, પૂજે જિનના વૃંદા જી. ૧

મહાનંદપદ પોતે પામ્યા, સેવકને પણુ આપે જી,
એહવા જિનવર જાણીને સેવો, કઠિન કરમ તે કાપે જી;

---

1 તીન, અતીત અદ્‌ભૂત આણુંદા જી. 2 સાકરથી વાણી અતિ મીઠી. 3 સાકર. 4 દેવથી ગુરુથી ગુણુખાણી. 5 પદમાદેવી સુરનર સેવી, ધન ધન સંઘ સુહાવેજી, પંડિત માનવિજય હિતકારી, પાસજિણુંદ મન ભાવેજી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કામિતપૂરણ સુરતરૂ સરીખી, નિરખો ભવિજન ભાવે જી,
પુન્યપસાયે એ જિન પામ્યા, નામે નવનિધિ આવે જી. ૨
જે નર નારી ભાવે સુણશે, જિનવરવાણી સારી જી,
પુન્યભંડાર પદ પોતે ભરશે, અહનિશિ દિલમેં ધારી જી;
ચૌદપૂરવ ને અંગ અગ્યાર, બાર ઉપાંગ તે સાર જી,
પિસ્તાલીશ આગમ સંપ્રતિ સોહે, ઉતારે ભવપાર જી. ૩
કાને સુંદર જાલી ઝબૂકે, નાકે સોહે મોતી જી,
એહવી દેવી જિનની સેવા કરતી જિનમુખ જોતી જી;
સકલ **વાચક** શિરતાજ મનોહર, **ભાનુચંદ્ર** ગુરુ શીશ જી,
**વિવેકચંદ્ર** પંડિત ઇમ બોલે, જીવજો કોડી વરિશ જી. ૪

---

+૩ ( રાગઃ—શ્રીશત્રુંજયતીરથસાર. )

**ાલનપુરવર** સોહે પાસ, દરિસન દીઠે શિવસુખ વાસ,
પુહચેં મનની આસ,
રસાદાણી બિરૂદ છે જાસ, ભાવે પૂજો ભવિ તાસ,
છોડાવે ભવપાસ;
ામકિતકરણી એ છે ખાસ, ઉલટ આણી સેવો ઉલ્લાસ,
દુઃખ દોહગ જાઈ નાસ,
ખદાઈ સાહિબ સુવિલાસ, અંતરજામી કરૂં અરદાસ,
આપો લીલ વિલાસ. ૧
મેતશિખર શેત્રુંજો સાર, આબુ અષ્ટાપદ વૈભાર,
તારંગે અજિત ઉદાર,
ક્તાગિરિવર ગઢ ગિરનાર, શંખેશ્વર ગોડી સુખકાર,
પંચાસર ભટવો જુહાર;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શાસતા અશાસતા જૈનવિહાર, સ્વર્ગ મનુષ્ય પાતાલ વિચાર,
ત્રિભુવનપતિ જયકાર,
ઋષભાદિક જે જિનવર ચાર, અતીત અનાગત વર્તમાન ધાર,
વંદો **પાલવિહાર**. ૨

સમવસરણ શોભે જિનભાણ, ચોત્રીશ અતિશય કરી મંડાણ,
વાણી પાંત્રીસ ગુણખાણ,
જીવાજીવાદિ સમકિત ગુણઠાણ, સમતા સંયમ સંવર સંધાણ,
પ્રકાશ કેવલનાણ;
પરખદ બારે સુણે વખાણ, અરથથકી ભાખે જિનભાણ,
સૂત્ર રચે ગણધરવાણ,
ટાળી મિથ્યામતિ વિન્નાણ, ચિદાનંદ ચેતના સુવિહાણ,
જિનમતિ સેવે પરમાણ.

સમકિતધારી જેહ સુરીંદા, વૈમાનિક વ્યંતર વર ઇંદા,
સેવા સારે નાગીંદા,
પઉમાવઇદેવી **ધરણેંદા**, **પાલવિહાર** પ્રભુ પાસજિણંદા,
દિઉ **પાલનપુર** સંઘ સુખવૃંદા,
વિજય **ખીમાસૂરીસર** મુણીંદા, તપગચ્છ શોભાકારી દિણંદા,
નામઈ પરમાણંદા.
પંડિત **દેવવિજયકવિ** ચંદા, પાસતણા ગુણ શીશ થુણંદા,
**કપૂરવિજય** સુખકંદા. ૪

---

## કચ્છદેશમંડનશ્રીપાર્શ્વનાથજિનસ્તુતિ

+ ૧૨

પાસજિણંદા દિલઆણંદા મુખડું પૂનમચંદા જી,
સુરત જેહની કેવલકંદા પાર કર( ચ્છ! )દેશવશંદા જી;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચઈતર વદ ચોથે તે ચવીને વામાઉરે જગ જયકારી જી,
ચઉદ સુપન રયણી અવલોકયાં પોષ વદિ દશમી જન્મ ધારી જી. ૧

કાશીદેશ વણારસીનગરી અશ્વસેનરાયા કુલનંદા જી,
છપ્પનકુમરી મહોચ્છવહંદા ચોસઠ ઇન્દ્ર સુર મલ્લંદા જી;
મેરૂઈમહોચ્છવ મનોરથ માલે, ગાલે ગાઢ કર્મ પ્રજાલી જી,
કમઠ મરદન નાગ દુઃખભંજન નોકારમંત્ર દયાલી જી. ૨

પદ્માવતી ધરણ પદ પાયા પાસ પ્રભુને પસાયા જી,
અગીઆરસ પોષ વદની દીક્ષા ચઇતર વદ ચોથે કેવલ પાયા જી;
મણિ સિંહાસન ગઢ ત્રિગડાસન ચોસઠ સુર નર બલીયા જી,
સત્પ્રાતિહાર્યન્ત ભામંડલે વિરાજિત પરખદા બારે મલીયા જી. ૩

સર્પલંછન પ્રભુ ચરણે નીલા આયુ સો વરસનું કીધું જી,
આસો સુદ આઠમને દહાડે સિદ્ધ સુમતિ ગીર લીધું જી;
**પદ્માવતી** પરતા બહુ પૂરે **ધરણેન્દ્ર** સવિ દુઃખ દૂરે જી,
પરંપદ રત્ન પસાયે **વનીતવિજય** કર્મ ચકચૂરે જી. ૪

## તોડાપુરમંડનશ્રીપાર્શ્વજિનસ્તુતિઓ

+ ૧ ( રાગઃ—શત્રુંજયમંડનઋષભજિણંદદયાલ. )

પ્રણમો ભવિ ભાવે તોડાપુરવરપાસ,
દુઃખ દોહગ ચૂરે પૂરે વંછિત આસ;
અશ્વસેનનરેસરૂ કુલનભબોધન[1]હંસ,
વામા શુભ વામાકૂખિ સરોવર હંસ. ૧

૧—સૂર્ય.

વૈતાઢિ વિપુલગિરિ નંદીસર વકખાર,
અટ્ઠાવય અરબુદ વિમલાચલ ગિરનાર;
વૈભાર વિંધ્યાચલ કુલગિરિ કનકગિરીંદ,
શાશ્વતજિનપ્રતિમા વંદું મનિ આણંદ. ૨

પણયાલીસ આગમ શ્રીજિનગણધર ભાખે,
તિહાં અંગ ઇગ્યારે બાર ઉપાંગ જ દાખે;
મૂલ સૂત્ર પયન્ના છેદ નંદી અનુયોગ,
સાંભલતાં શ્રવણે લહીયે સરવ સંયોગ. ૩

રમઝમ પાયે નેઉર કટિમેખલ કટિ સોહે,
રૂપે રતિ રંભા ઉમયા ઉરવસી મોહે;
**પદ્માવતી**દેવી અલિય વિઘન અઘ ડારે,
કવિ **સુર** કહે મુજ દોલિત દરશ તુહારે. ૪

+ ૨ (રાગઃ—વીરજિનેશ્વર અતિ અલવેસર)

સકલ સુરાસુરકિન્નરસેવિત, પ્રણમું પાસજિણંદ જી,
હરિલંછન સોહઈ ત્રિભુવન મોહઈ, દીઠઇ પરમાણંદ જી;
સર્વ સુખદાયક શ્રીજિનનાયક, નીલવરણ સુચંગ જી,
**તોડાપુર**મંડનવામાનંદન, સેવ કરૂં મન રંગ જી. ૧

વિમલાચલમંડનઋષભજિનેસર, રેવાચલ નેમિનાથ જી,
અષ્ટાપદ ચઉવીશ જિન વંદુ, આબુ શ્રીઆદિનાથ જી;
સમેતશિખરિ વીશઇ જિન સેવું, પાવાપુરી વર્ધમાન જી,
ઇમ સકલ જિનેસર ભવિક તમે પૂજો, આણી નિર્મલ ધ્યાન જી. ૨



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રીભગવતીસૂત્રમાંહિ પ્રતિમાઉ, અરૂ ઠાણાંગ મઝારી જી,
રાયપસેણી સૂરિઆભ જિન પૂજઇ, દ્રુપદીનઇ અધિકારી જી;
નવખેત્ર ભક્તપયન્નામાંહિ, શ્રાવક નિજ ધન વાવઇ જી,
ઇમ આગમવાણી જે આરાધઈ, તે ઉત્તમ સુખ વાધઇ જી. ૩

શ્રીપાસજિનવર ચરણસેવા, સાનિધ કરઇ અપાર જી,
**ધરણેન્દ્ર પદમાવતી** જાણું, સુધ સમકિતધાર જી;
સંઘના તે દુરિત વારઇ, સાનિધ કરઇ અપાર જી,
**શ્રીરત્નવિજય** બુધ શીશ જંપઇ,**સૌભાગ્યવિજય** સુખકાર જી.૪

## તિમરીપુરમંડનશ્રીપાર્શ્વજિનસ્તુતિ

+ ૧ ( રાગઃ—શત્રુંજયમંડનઋષભજિણંદ દયાલ. )

અશ્વસેનનરેસર કુલદીપક જિનરાય,
સુર દાનવ માનવ પ્રણમઇ જેહના પાય;
**તિમરીપુરમંડન** પાસજિનેસર દેવ,
પૂજી પ્રણમીનઇ કીજઇ તેહની સેવ. ૧

જિનવર દોઈ રાતા, દોઈ ધવલા દોઇ નીલ,
કજ્જલ સમ સોહઇ જિનવર દોઇ સુશીલ;
વરકાંચનવરણી સોલસ જિનવર ચંગ,
એ ભાવિ વંદુઉં, આણી અવિહડ રંગ. ૨

આર્ય અનારજ દેશના ઉપના પ્રાણી,
સમજઇ ચિતિ આણી આજ્ઞા મૂલ જિનવાણી;
જિનવરનઉ ભાષ્યઉ સઘલઉ અરથ વિચાર,
નિજ હિયડઈ આણંદઇ જિમ પામઉ ભવપાર. ૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જિનશાસનમાંહિ **પદ્દમાવતી** વિખ્યાત,
જિનવરને ચરણે સેવ કરઈ દિનરાત;
તિમ ચઉવિહ સંઘનઇ પૂરઇ સકલ જગીશ,
કરજોડી જંપઇ **વિદ્યાવિમલ** બુધ [1]શીસ. ૪

## શ્રીગોડીપાર્શ્વજિનસ્તુતિ

+ ૧ ( રાગઃ—શ્રીશત્રુંજયતીરથસાર. )

આંબા રાયણ કીજઈ ભેલાં, રાજગરાં કુંકણીઆકેળા,
બીજોરા જંબીરા,
નાળીયેર નવ રંગ નારિંગા, ડોડી દાડિમ ને દ્દોડોડિંગાં,
અમૃતફળ અંજીરા;
ખડબૂજાં કોહલાં સુવિશાલા, શકાલિંગા ફણુસ રસાલા,
આંબહિડા અતિફારા,
ઇત્યાદિક જાયાં ફલ જોઉં, શ્રીગોડીચા આગલિ ઢોઉં,
જિમ ભવપાર પામું. ૧
ખારીક સિંગોડાં અતિ સુંદર, નીલાંશ્રીફળતણીય કચુંબર,
દ્રાખ અખોડ બદામ,
ચારોલી ચારબીઈ ભેલી, નિમજા પસ્તા આવઈ મેલી,
એ મેવો અભિરામ;
પચડાં ને સાકરીઆ પાપડ, ખાજા તેની ખાસ ઉકાપડ,
ખાતાં પહુંચઈ હામ,
ઉપરિ ગંગા પારિપાડ, માં માં કરતાં મૂકઈ માડ,
સકલ જિનેસર નામ. ૨

---

[1] શ્રી કીર્તિવિમલજી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બાવન પલની થાલી વારૂ, શાલિ દાલિ નઇ ઘીય ઘરારૂં,
અઠોતર સઉ શાક,
વડાં વેઢમી લહચૂઈ પૂડા, હાંસાગહુંના માંડાં રૂડા,
જેહમાં ઝાઝો વાંક;
વાસી ઉવલીય કપૂરી કરંબ, પ્રીસઈ પદમિનિ રૂપી રંભ,
ચંપકવરણી ચંગ,
એલચી વાસ્યાં પાણી નિરમલ, એહથકી જિનવાણી શીતલ,
સુણઈ આણી રંગ. ૩

પાન અડાગર નાગરવેલી, ખયરસાર સોપારી બેલી,
તજ એલચીય લવિંગ,
જાઇફલ જાવંત્રી વીરીહાલી, ચીણીકબાલા ચતુર નિહાલી,
કરતી ટાઢિક અંગ;
એ તંબોલ અછઈ ગુણતેર, પુણ્યવંત ધની કરીય કુબેર,
લિ રસલીલ ભુઆલ,
કહઇ **ગુણવિજય** સુકવિ **ધરણીંદ**, સાનિધ્યથકી સદા આનંદ,
નવનિધિ મંગલમાલ. ૪

## શ્રીચિંતામણીપાર્શ્વજિનસ્તુતિ

+ ૧ (રાગઃ—રઘુપતિરાઘવરાજારામ)

જે ત્રિભુવન જિન ચૂડામણી, મહિમા મહિમા ગુણગામિણી;
મનવંછિત દાન ચિંતામણી, તે પ્રણમું પાસચિંતામણી. ૧

જસુ સેવઈ સુર નર નાગરા, જ્ઞાન ધ્યાન રયણ ગુણ આગરા;
કરૂણારસ સુંદર સાગરા, નિતુ વાંદું તેસુ ત્રિજગગુરા. ૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જિનભાષિત સુરવર ચાહિઈ, તિહાં અરથ વિમલ જલ નાહીઈ;
પાપ પંક સબ પખાહિઈ, ઇમ સિદ્ધિ બુદ્ધિ આરાહિઇ. ૩
શ્રીપાસજિનેસર સેવતી, ભલી ભગતિ કરઈ મન ભાવતી;
અહનિશ જિનવર ગુણ ગાવતી, તે સમરું **શ્રીપદ્માવતી.** ૪

---

## ડભોઇમંડનશ્રીલોઢણપાર્શ્વજિનસ્તુતિ

+ ૧

લોડણમૂરતિ મોહનગારી, દેખત જાઉં બલિહારી જી,
ભાવનાચંદન ભરીય કચોલી, સુગંધદ્રવ્ય ભલા ભેલી જી;
દક્ષિણસાડી પહિરે લાડી, પાસ પૂજે લટકાળી જી,
નીલવરણ જિનસેવા સુંહાલી, પાસ દીઠે દીવાલી જી. ૧

આબુ અષ્ટાપદ સુખ કરીયાં,શેત્રુંજે અનંત જીવ બહૂ ઉદ્ધરીયા જી,
શંખેશ્વરો ગોડી ગુણ ભરીયા, ગિરનારે નેમિ શિવ વરીયા જી;
વીશે વિહરમાન ચિત્ત ધરીયા, વામાનંદન દેખી દિલ ઠરીયા જી,
સુકૃત સંચે જગતણે કીરીયા, જિન ચોવીશે જનમન ધરીયા જી. ૨

ત્રિણ ગઢ તખતે જિનજી બેઠાં, બાર પરખદા પડિબોહે જી,
ચિહું મુખવાણી શિવ સેતાણી, સાંભલતાં મન મોહે જી;
ચિહું ગતિ વારણ સુખનો કારણ, સરસ સુધાથી મીઠી જી,
જિનવરવાણી પીજે પ્રાણી, જિમ વરો શિવવધૂ રાણી જી. ૩

**દર્ભાવતી**માં સાહિબ મલીયો, મુજ મનવંછિત ફલીયો જી,
**વિજયપ્રભસૂરિ** ગુણમણિ દરીયો,આજથકી મુજ દિન વલીયો જી;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાસ જિનપૂજા કરો રે રંગીલી, દેવી **પદમાવતી** મટકાલી જી,
**હર્ષવિજય** કવિ દિન દિન ચઢતી, દે દોલતી દેવી મયાલી જી. ૪

---

## ઉંબરવાડીમંડનશ્રીપાર્શ્વજિનસ્તુતિ

+ ૧ (રાગઃ–ઉત્સર્પિણી અવસર્પિણી આરો હોય મિલે બાર જી.)

**ઉંબરવાડી**પાસજિનેસર, પૂજ્યા પરમાનંદ જી,
નીલવરણ તનુ સોહે સુંદર, ઉપશમરસનો કંદ જી;
અશ્વસેનકુલ વામાજાયો, ઉત્તમતમહરણ દિણંદ જી,
આશાપૂરણ સંકટચૂરણ, સેવે સુર નરવૃંદ જી. ૧

પાસનામ જગમાંહે જાચું, ચિંતામણી મન વસીયો જી,
અન્ય લોક પિણ ઈહ[ક]ને આવી, પૂજે મન ઊલસીયો જી;
ગુણ અનંતે નામ અનંતા, ભવિયણ ભાવે ધ્યાવો જી,
ઇણિપરિઈ સયલ જિનેસર પૂજી, શિવરમણી સુખ પાવો જી. ૨

ચોમુખજિનજી ઈણપરિ ભાખે, જોગ વહી ઉપધાન જી,
ગૃહિ યતિ આરાધક તે તો, ભણશે થઈ સાવધાન જી;
જિનવરવાણી અમીય સમાણી, જેહ પીયે ઘટમાંહે જી,
મહોદયપદવી અજરઅમર તે, વિલસે સુખ ઉચ્છાંહે જી. ૩

**ધરણીરાય પદમાવતીદેવી**, સેવ કરે સુવિશાલ જી,
વિઘ્નવિદારણ જગ જયવંતી, કરજ્યો મંગલમાલ જી;
જિન **ઉત્તમ** ગુરુ પદકજ સેવક, **રત્નવિજય** ઈમ ભાખે જી,
પાસનામ અહનિશિ સંભારે, સુખ અનંતા ચાખે જી. ૪

---

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ચાણસ્મા(પાટણ)મંડનશ્રીભટેવાપાર્શ્વજિનસ્તુતિ

+ ૧ ( રાગઃ–પુંડરીકમંડનપાયપ્રણમીજે. )

**ચાણસ્માપુરમંડન** સુખકર, પાસજિનેસર સોહે જી,
વંછિત પૂરણ સુરતરૂ સમવડી, સુર નરના મન મોહે જી;
કમઠ હઠી હઠ ભંજનગંજન, મોહ મહાભય ભ્રાંતો જી,
તે શ્રીપાસજિનેસર પૂજો, રાણી પ્રભાવતી કંતો જી. ૧
વર્તમાન જિન પંચદશ ક્ષેત્રે, જિનશાસનના ઇશ જી,
વલી અતીત અનાગત જિનવર, પ્રણમો વિશ્વાવીશ જી;
સકલ સુરાસુર સેવિત પદકજ, સકલ જિનેસરકેરા જી,
એકમના આરાધો ભવિયાં, જિમ ન હોઈ ફેરા જી. ૨
ચાર નિકાયના દેવ મિલીને, સમવસરણ વિરચંત જી,
સુર નર કિન્નર કોડાકોડી, આવે ભવિ ગુણવંત જી;
ભવદવતાપને જલ સમ વાણી, વરસે શ્રીજિનવાણી જી,
તે જિનવાણી ધરી ચિત્ત પ્રાણી, જિમ હોઇ પંચમનાણી જી. ૩
**પાસ ભટેવો** ભાવ ધરીને, પ્રણમો ભવિજનવૃંદા જી,
જેહ પસાઇ વિઘન નિવારે, **પઉમાવઇ ધરણીંદા** જી;
સકલપંડિત શિરમુગટ નગીનો, **દીપસાગર** ગુરુશીશ જી,
**સુખસાગર** પ્રભુપાસ પસાઇ, દિન દિન અધિક જગીશ જી. ૪

## સમીનગરી(રાધનપુર)મંડનશ્રીશામલાપાર્શ્વજિનસ્તુતિ

+ ૧

મેરૂમહીધર સુંદર શિખરં, પાંડુકવન સમ ઉત્તંગ શિખરં,
તિહાં [1]મલીયા સુરનિકરં,

1 સનાત રૂચક સધરં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્રિદશ સુર નિપજાવે પવરં, પંચ સનાતન રૂપસધરં,
જય જય ધ્વનિ મુખ મધૂરં;
પણુવીશ જોયણુ ઉચ્ચઅ પરં, એક કોડી સાઠ લાખ સંખ્યા નિકરં,
મીલી કલશ જલ સભરં,
નલિનીદલ તનુ અતિ સુકુમારં, પાસજિનેસર મહિમાગારં,
કીધ સનાત્ર ઉદારં. ૧

જિન ચોવીશે જગદાધારં, કેવલજ્ઞાન રયણુ ભંડારં,
શિવવનિતા ભરતારં,
મોહ મહા વારણુ મદધારં, જેહ નિવારણુ ઈણુ સંસારં,
પંચાનન અનુકારં;
ભવવનછેદન તરલ કુઠારં, કર્મદહન શમવા જલધારં,
જાસ મહાઉપગારં,
વિષય મહાગદના ઉપચારં, ઉપશમના શુચિ ભૃંગારં,
તે વંદુ જયકારં. ૨

જિનમુખપદ્મદ્રહથી પસરી, સુલલિતવાણી ગંગાલહરી,
ગુણુ ગુણુ પૂરે ગેહરી,
ભવિકહૃદયે વૈતાઢયે વિતરી, ધ્યાન મહોદધિમાંહે વિચરી,
સ્હેજે ન શકે ઉતરી;
સમવસરણુ ધર્મધ્વજ ફુહરી, પૂર્યો ધર્મતણો વડ સપૂરી,
દ્વીપ પરમ ગુણુ ઉપરી,
તિહાં જો બેસે કોઈ [1]શહેરી, [2]તેહ તજે તુરતમેં દુહરી,
અનુભવ અક્ષયનયરી. ૩

---

1 સનાત રૂચક સધરં. 2 સયરી.

[1]અણુવટ પાય નેઉર ઝણુકારં, પાવન વસન સુગંધ સુભારં,
કટિમેખલ ખલકારં,
કંચુક ઉર વલી નવસરહારં, વલયાવલ ચૂડી ખલકારં,
વલી કુંડલ ઝલકારં;
સા **પઉમાવઇદેવી** વૃન્દારં, **શામલાપાસની** [2]મહિમાગારં,
**સમીયનયરી** શિણુગારં,
સંઘ સાનિધ કરવા વિસ્ફારં, **રૂપવિજય** કવિ સેવાધારં,
**મોહન** જય જયકારં. ૪

---

## પાલી(રાજસ્થાન)મંડનશ્રીપાર્શ્વજિનસ્તુતિ

+ ૧ (રાગઃ—રઘુપતિરાઘવરાજારામ)

**પાલીપુર**વરમંડન પાસ, ભવિયણુ જનની પૂરઈ આસ;
શાસનનાયક અહનિશિ નમઉ, તીર્થંકરમાં ત્રેવીસમઉ. ૧
અતીત અનાગત નઈ વર્તમાન, ત્રિણુ ચઉવીસી બહુત્તરિ માન;
સંપ્રતિ વિહરમાન જિન વીશ, તે ભાવિ વંદઉ નિશદિશ. ૨
સકલશાસ્ત્ર જિનશાસન સાર, પૂરવ ચઉદ નઇ અંગ અગ્યાર;
અર્થથકી ભાખઈ જિનપતિ, સૂત્રથકી ગૂંથઇ ગણુપતિ. ૩
ટાળઇ સંઘતણુા ભય સતી, **પદ્માવતીદેવી** ભગવતી;
**કીર્તિવિમલ** કહઇ મહિમા ઘણુઉ, **વિજયસેનસૂરીસર** તણુઉ. ૪

---

૧ સ્ત્રીઓના પગના અંગૂઠાનું ઘરેણું. 2 મહિમાસારં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# વરકાણા( રાજસ્થાન )મંડનશ્રીપાર્શ્વજિનસ્તુતિઓ

+ ૧ (રાગઃ—રઘુપતિરાઘવરાજારામ)

[1]વરકાણું પાસજિનેસરૂ, જસ પ્રણમઈ નાગ નરેસરૂ;
ભવિયણ મનવંછિય સુહકરૂ, વંદુ વરશિવરામા વરૂ. ૧
ચઉવીશય જિનવર વંદીઇ, મદ મચ્છર માયા નંદીઈ;
ભવસંચિત પાપ નિકંદીઇ, જિમ શિવનગરી ચિર નંદીઇ. ૨
ગત પાર ભવોદહિ પવર જાણુ, ભવિપંકજ બોહણુ વિમલ ભાણુ;
સુખદાયક શિવકમલા નિહાણુ, જય જિનમત પરમત દલીય માણુ. ૩
ભવિયણ જન સંકટ ટાળતી, નિજ દુરિત તિમિર ભર વારતી;
શ્રીપાસતણા ગુણુ ગાવતી, તે વિઘન હરઉ **પદ્માવતી.** ૪

---

+ ૨ (રાગઃ—રઘુપતિરાઘવરાજારામ.)

**શ્રીવરકાણાપાસ** પ્રભુ, મુજ વંછિત દ્યો આનંદ વિભુ;
જ્યોતિ ઝલામલ તનુ અતિ દીપે, કાને કુંડલ રવિ શશી જીપે. ૧
સુર નર કિન્નર વર મોહે લીધા, વિણુ મંત્રે તેં કોઇ કામણુ કીધા;
હરિ હર બંભ પુરંદર દેવા, કરજોડી માંગે તુય પાય સેવા. ૨
દરિસન દીઠાં બહુ સુખ પાયો, આણંદ લહી રે મુજ ઘરી આયો;
મંગલમાલા મુજને દીજે, ભવ ભય ફંદા દૂરે કરીજે. ૩
**પદ્માવતીદેવી** કમલા પૂરો, સંઘતણા સંકટ સવિ ચૂરો,
અરિયણ વ્યાધિ અલગા જાયે, પ્રણમે **જિનેન્દ્રવિજય** તુમ પાયે. ૪

---

૧ પૂ.આ.શ્રીહીરસૂ.મ.ના શિષ્ય શ્રી કુશલવર્ધનમહારાજકૃત:

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ફલોધિ(રાજસ્થાન)મંડનશ્રીપાર્શ્વજિનસ્તુતિ

+ ૧ (રાગઃ—મનોહરમૂરતિમહાવીરતણી)

શ્રીફલવર્દ્ધિમંડન પાસ ધણી, પ્રભુ મૂરતિ મોહન અજબ બની;
સેવા સારે સ્વામીતણી, સંપદ પાવે તેહ ઘણી. ૧
હોય રત્તા હોય શ્વેત વના, હોય નીલા હોય શ્યામ ઘના;
સોલસ કાંચન કાન્તિતના, ભવિજન પૂજો એહ જિના. ૨
જિણિ જિનવરવાણી ચિત્ત ધરી, તસ ગુણ ગાવે નિત્ય અમરી;
ભવસાયર તરવા એહ તરી, વિમલ લચ્છી લીલા તેણી વરી. ૩
પદ્માવતીદેવી પદ્મકરા, સંઘ સહુના વિઘ્નહરા;
ઉદયસૌભાગ્ય આણંદકરા, સા દેવી દેજો સુખભરા. ૪

---

## ભીનમાલ(રાજસ્થાન)મંડનશ્રીપાર્શ્વજિનસ્તુતિ

+ ૧ (રાગઃ—મનોહરમૂરતિમહાવીરતણી.)

પ્રભુ પાસજિણંદ પુરીસાદાણી, ભીનમાલ જયંકર ગુણખાણી;
સુરતરૂમેં સાચો એ પાયો શ્રીકુશલસાગરપાઠક ગાયો. ૧
આબુ અષ્ટાપદ પ્રમુખ નમો, સવિ તીરથ દેખી દુરિત ગમો;
તીર્થંકર શંકર ચીર પ્રતપો, શ્રીકુશલસાગરઉવજ્ઝાય જપો. ૨
એ અર્થથકી જિનવર ભાખ્યો, ગણધર ધૂરી સૂરિ સૂત્રથકી રાખ્યો;
સિદ્ધાન્ત સુધા લહી રસ પીજે, શ્રીકુશલસાગર ફલ નિત લીજે. ૩
દેવી પઉમાવઇ પ્રગટ થઇ, તસુ આણા આવે સિદ્ધ વહી;
શ્રીકુશલસાગરઉવજ્ઝાય કવિ, ઇમ ત્રૂઠી ઉત્તમ કામગવી. ૪

---

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## આગ્રા( યૂ. પી. )મંડનશ્રીપાર્શ્વજિનસ્તુતિ

+ ૧ ( રાગઃ—વીરજિનેશ્વર અતિ અલવેસર )

પોષહ બહુલી દશમી દિન જાયો, દિસિકુમરીએ ગાયો જી,
ચોસઠ સુરપતિ જનમમહોચ્છવ, કરી સુરગિરિશૃંગ વધાવો જી;
પૂજી પ્રણુમી જનની પાસે, આણી મન ઉલ્લાસ જી,
આગરાનગરે પ્રણમો ભવિજન, શ્રીચિંતામણીપાસ જી. ૧

અશોકવૃક્ષ સુરકુસુમ નિકરવર, દિવ્યધ્વનિ મનુહાર જી,
ચામર જુગ સોવનસિંઘાસણ, ભામંડલ શ્રીકાર જી;
દેવદુંદુભિ ગયણે ગાજે, છત્રત્રય મન મોહે જી,
સયલજિનેસર પ્રણમું આઠે, પ્રાતિહારજ જસ સોહે જી. ૨

દશ દૃષ્ટાન્તે દુર્લભ નરભવ, જાણી ધરમ કરીજે જી,
શ્રાવકનો કુલ ઉત્તમ પામી, સમકિત સુધ ધરીજે જી;
શ્રીસિદ્ધાન્ત સુણી સદ્દહીયે, લીજે ચારિત્ર ચંગે જી,
ઇમ માનવભવ સફલ કરીજે, સેવે રમણી સુરંગે જી. ૩

આગરાસંઘના સકલ મનોરથ, પૂરે પાસજિણંદા જી,
ધરણીરાજ પઉમાવઇદેવી, ચૂરે સંકટવૃન્દા જી;
તપગચ્છનાયક વંછિતદાયક, શ્રીવિજયપ્રભસૂરીશ જી,
પંડિત જયવિજયનો સેવક, ગુણવિજય કહે શીશ જી. ૪

---

## શ્રીઅંતરીક્ષ(વરાડ)પાર્શ્વજિનસ્તુતિ

+ ૧ ( રાગઃ—રઘુપતિરાઘવરાજારામ. )

અંતરીક્ષપાર્શ્વ આરાધું દેવ, સકલ સુરાસુર સારે સેવ;
વામાકૂખે સરોવર હંસ, મુગતિનારીતણો અવતંસ. ૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અતીત અનાગત સવિ ભગવંત, સવિ પુરૂષોત્તમ છે ગુણવંત;
ચોત્રીશ અતિશય તેહજતણા, વાણીના વળી પાંત્રીશ ભણ્યા. ૨

સુધર્માસ્વામી ગણધર સાર, જંબૂ આગલ સૂત્ર વિચાર;
તે વાંચના સદ્દહુ સહી, જેહને અરપી પવિત્ર મહી. ૩

**પદ્માવતી** તે પૂરે આશ, સેવા કરે નિરંતર જાસ;
મનવંછિત સુખસંપત્તિ લહે, જે આજ્ઞા અરિહંતની વહે. ૪

---

## દેવાસ( રાજસ્થાન )મંડનશ્રીપાર્શ્વજિનસ્તુતિ

+ ૧

**દેવાસમંડન** દુરિતખંડણ સકલ મૂરત પાસ એ,
અશ્વસેનનંદન ત્રિજગતિવંદન દેહચંદન વાસ એ;
દેવ દાનવ અસુર માનવ ચરણ સેવે જાસ એ,
જિનરાજ દીનદયાલ મહિમાવંત લીલ વિલાસ એ. ૧

મચકુંદ મરવો માલતી કેવડો ચંપકમાલ એ,
જાસૂદ મોગર પેડ પાડલ દમણ ગંધ વિલાસ એ;
બાવનાચંદનમાંહિ કેશર ઘસીય ઘણું ઘનસાર એ,
ચોવીશ જિનવર પૂજંત એ, પામીયે ભવજલ પાર એ. ૨

સિદ્ધાન્તસાગર પુન્ય આગર ભવિકજીવ આધાર એ,
જિન કહ્યો અર્થ ઉદાર સુંદર ગુંથિયો ગણધાર એ;
પરિહાર આલસ મોહ નિંદા જેહ સુણીજે કાન એ,
જિનવચન સુણતાં લઇએ ભવિકજન નિર્મલ કેવલજ્ઞાન એ. ૩

સારંગનયની ચંદવયણી કંઠ ઉજ્જવલ હાર એ,
આનંદકરણી અશુભહરણી વિદ્યાનો ભંડાર એ;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રીજિનશાસન ભવિક ભાસન તરણીરૂપ સમાન એ,
ગુણરત્ન શીશ ઈમ જંપે દીજીયે વરદાન એ. ૪

## મંદસોર(રાજસ્થાન)મંડનશ્રીપાર્શ્વજિનસ્તુતિ

+ ૧

દશાપુરમંડન સોહે, નવફણ જગ મન મોહે;
પાસજિનેસર સામી, નમશું હું શિરનામી. ૧
લોકે જિનબિંબ કહીયે, સદ્‌ગુરૂ વચનેથી લહીયે;
તેહની ભવિ કરો સેવા, ધ્યાવો એક જિનવર દેવા. ૨
જિનવર કેવલનાણી, વિધિસું ભાખ્યે વાણી;
ભવિયણ ભવિ આરાધો, મોક્ષનગર જિમ સાધો. ૩
**સરસતી** ગુણભંડારા, સયલ સંઘ સુખકારા;
**શ્રીપદ્મસાગરસૂરિરાયા** તાસ ઉદો કરો માયા ૪

## માંડવગઢમંડનશ્રીજિરાવલાપાર્શ્વજિનસ્તુતિ

+ ૧

શ્રીજીરાવલોપાસ નમીજે, અષ્ટ કરમ ખય કીજે જી,
સંપત્તિકારણ તારણ એ જિન, અષ્ટ મહાસિદ્ધિ લીજે જી;
**માંડવગઢ** મહારાજ વિરાજે, દેખી ભવિજન રીઝે જી,
અશ્વસેન વામાસુત સેવો, શાન્ત સુધારસ પીજે જી. ૧
ઋષભ અજિત સંભવ અભિનંદન, સુમતિ પદ્મજિન ત્રાતા જી,
સુપાસચંદ્રપ્રભસુવિધિશીતલ,શ્રેયાંસવાસુપૂજ્યવિમલઅનંતા જી;

Jain Education International    For Private & Personal Use Only    www.jainelibrary.org

શ્રીધર્મશાન્તિકુન્થુઅરમલ્લિ,મુનિજિનનમિનેમિપાસવિધાતા જી,
વીરશાસન સેવો ભવિપ્રાણી, જિમ પામો સુખશાતા જી. ૨
શ્રીજિનભાષિત આગમ ગણધર, ગૂંથિત ભવિજન વરીયો જી,
ભવભય વારક તારક એ ભુવિ, સુખસંપત્તિસું ભરિયો જી;
દુરિત દોહગ દુઃખ દૂર નિવારે, જીવદયાનો દરીયો જી,
પતિતપાવન ભુવિ જનમનમોહન, શિવરામા અનુસરીયો જી. ૩
ધરણેંધર પદ્માવતીદેવી, જિનશાસન ભય વારી જી,
સાધુ સાધવી શ્રાવક શ્રાવિકા, વિઘન હરો સુખકારી જી;
માયા મમતા મોહ નિવારી, જિન સેવો ચિત્ત ધારી જી,
ભોજવિમલ બુદ્ધ શીશ પયંપે, રૂચિવિમલ જયકારી જી. ૪

## મક્ષીજી(રાજસ્થાન)પાર્શ્વજિનસ્તુતિ

૧

મગસીમંડનપાસજિનેસર, પૂરવ પુન્યે પાયા જી,
વામાનંદન પાસ નિકંદન, શિવગોરી ગુણ ગાયા જી;
કેશર ગોલી સહિયર ટોળી, પૂજા રચે મન રંગે જી,
પૂજી પ્રણમી શીશ નમી જી, શ્રીવિજયદેવ જયકારી જી. ૧

## શ્રીવર્દ્ધમાનજિનસ્તુતિઓ

+ ૧ ( રાગઃ—મનોહરમૂરતિમહાવીરતણી. )

સકલ સેવિત સુર નરસુંદરૂ, ત્રિશલાનંદન વીર મનોહરૂ;
જયો હીરવિજયસૂરીસરૂ, જસ પસાઇ સેવું જિનવરૂ. ૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પંચ કલ્યાણક જેહના સુર કરઈ, વિષમ ભવસાયર સહજ તરઈ;
**હીરવિજયસૂરીસરી** ધ્યાઇયા, ઇસ્યા જિનવર મઈ આરાહિઆ. ૨
અરથ અરિહંતઇ ભાખ્યો નિરમલો, ગણધરઇ પરબંધ કીયો ભલો;
**હીરવિજયસૂરીસર** અભ્યસ્યો, ઇસ્યો આગમ મોરઇ મને વસ્યો. ૩
જ્ઞાનાદિક ગુણ રયણિસું ભર્યો, **હીરવિજયસૂરીશ્વર**ની અનુસરો;
ઇસ્યા સંઘતણાં સંકટ હરો, **શ્રુતદેવી** ઓચ્છવ મંગલ કરો. ૪

---

+ ૨

શાસનપતિ ચઉવીશમો વીર નામે જાણું,
દયાનિધિ ગુણ આગરૂ જસ મહિમા વખાણું;
ચૂરણ એ ગતિ ચારનો ધર્મચક્રી જિણંદ;
જ્ઞાનાનંદે પૂરણો નમતાં નિત્ય આણંદ. ૧
આગરવાસ છાંડી કરી ગ્રહે સંયમભાર,
દેવ મનુ તિર્યંચના ઉપસર્ગ સહ્યા અપાર;
તપ તપતાં થયાં કેવલી, સ્વામી ત્રિભુવન ઇશ,
ભાવ ધરી ચિત્તમાં ઘણો, વંદુ જિન ચોવીશ. ૨
ત્રિભુવનપતિ ત્રિશલાતણો, સમવસરણ મઝાર;
વાણી સુધારસ વરસતો, સુણે પરખદા બાર;
ભવ દવ તાવ સમાવતો, મહિમાવંત મહંત,
અષ્ટ કરમના નાશથી પામ્યા ભવનો અંત. ૩
વરતે દુષમ કાલમાં શાસન શ્રી સુખકાર;
વંછિત પૂરે દુઃખ હરઈ સિદ્ધાઈ સાર;
**ખીમાવિજય** જિનરાજને, નિત્ય નામઈ શીશ,
**ઉત્તમવિજય** ગુરુ મહિરથી લહે **રત્ન** જગીશ. ૪

---

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

+ ૩ (રાગઃ—શ્રીશત્રુંજયતીરથસાર.)

વીરજિનેસર ગુણ ગંભીર, ગોયમ જાસ વડો વજીર,
મેરૂ સમોવડ ધીર;
ટાલણ ભવદુઃખ ભવ્ય ગંભીર, વાણી વિષાનલ નિરમલ નીર,
વંદુ શ્રીમહાવીર. ૧

અતીત અનાગત ને વર્તમાન, તીર્થંકર પ્રણમું બહુમાન,
રાખી નિરમલ ધ્યાન;
સિત્તરસો ઉત્કૃષ્ટે કાલે, વિહરમાન વીશ સુવિશાલે,
વંદુ હું ત્રિણકાલે. ૨

અંગ ઇગ્યાર ને બાર ઉપાંગ, દશ પઇન્ના અતિ હે સુચંગ,
છ છેદગ્રન્થ ઉત્તંગ;
મૂલ સૂત્ર ભણ્યા છે ચાર, સુણતાં લહીઈ ભવનો પાર,
નંદી અનુયોગદ્વાર. ૩

દેવી સિદ્ધાઇ સમકિતધારી, જિનશાસનની છે હિતકારી,
શ્રીસંઘને સાનિધકારી;
ભાવે વંદો નર નારી, જિમ પામીજે સંપત્તિ સારી,
રાજવિજય જયકારી. ૪

---

+ ૪ (રાગઃ—મનોહરમૂરતિમહાવીરતણી)

ત્રિશલાનંદન વીરજિનેસરૂ, ભજો ભવિજનકમલ દિનેસરૂ;
જય ચઉદશ સહસ્સ મુનિસરા, પ્રણમીઈ એકાદશી ગણધરા. ૧

કેવલનાણી અતીતિ સમી હુઆ, ઋષભદેવ પ્રમુખ જિન જુજુઆ;
પદમનાભ અનાગતિ વંદીઈ, જિમ સદા સુખ સંચિર નંદીઈ. ૨



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જિનમુખ પદ્મદ્રહથી નીસરી, ગૌતમ ગંગા નવઉ સરી;
વચનદેવી નદી શિવસુખકરી, સકલ મુનિજન સેવિત ગુણભરી. ૩
સકલ શરણાગતિ જિનભાયિકા, વિકટ સંકટહરણ વિધાયિકા;
જયતિ શાસનદેવી સિદ્ધાયિકા, શ્રીસૌભાગ્ય સદા સુખદાયિકા. ૪

---

+ ૫ (રાગઃ—શ્રીશત્રુંજયમંડનઋષભજિણંદદયાલ).

શ્રી સિદ્ધારથ કુલકમલ વિકાશનચંદ,
જસ નામ જપંતાં લહીઇ અતિ આનંદ;
પ્રભુ પૂજા રચતા પાતિક દૂરી પલાય,
શ્રીવીરજિનેશ્વર પૂજઈ નિરમલ કાય. ૧

શ્રીકેવલનાણી પ્રમુખ અતીત ચઉવીશ,
ઋષભાદિક જિનવર પૂજઇ એ તિહુજગીશ;
પદમનાભ અનાગત ભાવિ જિનવર વંદો,
વિહરમાન જિન વીશે પ્રભુ મનિ આનંદો. ૨

સવિ ગણધર કેરી વાણી અતિહિ રસાલ,
અંગ ઉપાંગ નઈ પૂરવ રચના અતિહિ વિશાલ;
તસ અરથ પ્રકાસઇ ત્રિભુવન નાયક વીર,
આરાધઇ ભવિજન તે લહઇ મુગતિ સુતીર. ૩

સુધ સમકિતધારી જે છઇ સંઘ સુજાણ,
શ્રીજિનવરકેરી ભગતિ કરઈ વહઈ આણ;
તસ વિઘન નિવારે દેવી શ્રીસિદ્ધાઇ,
સુખસંપત્તિકારી વિજયસૌભાગ્ય મુનિ ભાઇ. ૪

---

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

+ ૬ (રાગઃ—શત્રુંજયમંડનઋષભજિણંદદયાલ.)

જિનશાસનનાયક વર્દ્ધમાન જિનરાય,
જયવંતા વરતો સુર નર પ્રણમે પાય;
ત્રિશલાદે માતા સિદ્ધારથનો નંદ,
નયન અમીય કચોલા મુખ સોહે પુનમચંદ. ૧

અતીત અનાગત વરતમાન જિન જેહ,
શાશ્વતા જિનવર પ્રણમો આણી નેહ;
એકસો ને સિત્તેર અજિત જિનેસર વારે,
વિહરંતા જિનવર નમતાં જય જયકાર. ૨

સમોવસરણે બેઠા શોભે જિનવર દેવ,
વાણી અમીય સમાણી સુર નર સારે સેવ;
ગણધર જિન થાપ્યા આણી હરખ અપાર,
પ્રભુજીને પૂછે ગણધર અરથ ઉદાર. ૩

સિંહલંકી ચતુરા સિદ્ધાયિકા સુકુમાલ,
જિનશાસનદેવી દેજો મંગલમાલ;
શ્રીવિજયમાનસૂરિ તપગચ્છકેરો રાય,
ગુરુ કુંઅરવિજયનો રવિવિજય ગુણ ગાય. ૪

---

+ ૭ (રાગઃ—પર્વપજૂસણ પૂન્યે પામી પરિઘલ)

પૂજો પૂરણ પ્રેમ ધરીનઇ, ભવિકા શ્રીમહાવીર જી;
શ્રીસિદ્ધારથ ત્રિશલાનંદન, મેરૂતણી પરિ ધીર જી;
શારદ શશી સમ વદન વિરાજઇ, સાયર જિમ ગંભીર જી,
મૃગપતિલંછન સેવા સારઇ, સોવન વાન શરીર જી. ૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શત્રુંજયમંડન શ્રીરિષહેસર, [1]દહિઉદરી શ્રીશાન્તિ જી.
ગિરનારી શ્રીનેમિજિનેસર, સમુદ્રવિજયનો જાતિ જી;
શ્રીશંખેશ્વરપાસજિનેસર, પ્રાત:સમય પ્રણમીજઇ જી,
ધમડકઇ મહાવીર પૂજીનઇ, નરભવ લાહો લીજઇ જી. ૨

વૈશાખસુદિ દશમી નઈ દિવસઈ, પામ્યા કેવલનાણુ જી,
સમોસરણુ સુર અસુરઇ રચીઉ, યોજનભૂમિ મંડાણુ જી;
રયણુજડિત સિંહાસન બઇઠા, જિનવર તિહુઅણુ ભાણુ જી,
અમીય સમાણી વાણી ભાખઇ, સુણતાં કોડી કલ્યાણુ જી. ૩

શશીસમ વયણી પંકજ નયણી, ગયગમણી સુકુમાલી જી,
કટિલંકાલી પહિરણી ફાલી, અધર રંગ પરવાલી જી;
સિદ્ધાઈ દેવી સુર સેવી, વીરશાસન રખવાલી જી,
કવિ શ્રીમુક્તિવિજય શિષ્ય પભણુઈ, તું તુઠઇ દીવાલી જી. ૪

---

+ ૮ ( રાગઃ—વીરજિનેશ્વર અતિઅલવેસર )

સકલ કુશલ કમલાવર મંદિર, મંદરગિરિ સમ ધીર જી,
લીલાઈ કંપિત વર સુરગિરિ, વર્દ્ધમાન મહાવીર જી;
શ્રમણુ તિન એ નામ અનોપમ, ગુણુમણિ રોહણુ કીર જી,
જસ નામે નવ નિધિ સિદ્ધિ લહીઈ, ગૌતમ જાસ વજીર જી. ૧

અતીત અનંત થયા ભગવંતા, વર્તમાન જે વરતે જી,
સંપ્રતિ વીશ અ છે સુવિદેહે, અનંત અનાગત સરતે જી;
વિવિધ વરણુ ને વિવિધ લંછન વર, પંચ ઐરવત ભરતે જી,
પુન્ય પસાઈ તે સવિ પ્રણમું, આ સંસાર વરતે જી. ૨

---

૧ હાલમાં દધિથલી નામે ઓળખાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંગ ઈગ્યાર ને બાર ઉપાંગ, મૂલ સૂત્ર તિમ ચાર જી,
દશ પયન્ના છેદ ષટક તિમ, નંદી અનુયોગદ્વાર જી;
એ પણુયાલીસ આગમ કહીઇ, અવર અનેક પ્રકાર જી,
તે સવિ વિધિસું જે આરાધે, તે પામે ભવપાર જી. ૩

**માતંગજક્ષ** શાસન સાંનિધિકર, શ્રી**સિદ્ધાઈ**દેવી જી,
પરતા પૂરે સંકટ ચૂરે, વીરચરણકજ સેવી જી;
દુરિત નિવારે ભવિ સાધારે, સુરતરૂવેલી જેહવી જી,
જેહથી સમકિત **જ્ઞાનવિમલ** ગુણ, લીલા લચ્છિ લહેવી જી. ૪

---

+ ૯ (રાગઃ—પર્વ પજૂસણ પુન્યે પામી પરિઘલ)

સંસારદાવાનલ સમાત્રે, જિમ પુકખરાવર્ત નીરો જી,
ભવભવસંચિત કરમ કઠિન રજ, હરવા સાર સમીરો જી;
કપટકોટ ગિરાવા ગોલો, માયા મહીવિદારણ સીરો જી,
સિદ્ધારથસુત ત્રિશલાનંદન, વીરજિન સાહસ ધીરો જી. ૧

સકલ સુરાસુર સુરગિરિ આવી, સકલ જિણંદ નવરાવ્યા જી,
દેવ વિબુધ તે સાચા જાણો, નિજ સયલકરમ હરાયા જી;
કનક કલશ જલ ભરીને ઊભા, જાણે ભવોદધિ તરીયા જી,
પૂજે પ્રણમે રાચે માચે, શિવવધૂને વરવા જી. ૨

આઠ પહુરનો પોસો કરીને, આઠમ તિથિ આરાધો જી,
પાંચ સમત ત્રિણ ગુપત આરાધી, અષ્ટ મહાસિદ્ધિ સાધો જી;
તપ જપ ધ્યાન ધરંતા ભવિજન, આઠ કરમને સાધો જી,
શ્રીઆગમ આરાધી પામો, શિવસુખ સાર અગાધો જી. ૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**માતંગજક્ષ** ( મહિમા )વંત મોટો, મહિમંડલમાં ગાજે જી,
શ્રી**સિદ્ધાઇ** કમલવાસની, નયન કમલ અતિ રાજે જી;
મુખકમલ દેખીને લાજ્યો, ચંદો દૂરે ભાજે જી,
શ્રી**રૂપવિજય** મુનિ**માણિક** સંઘના, સારે વંછિત કાજ જી. ૪

---

+ ૧૦ ( રાગઃ—રઘુપતિરાઘવરાજારામ. )

વીરજિનેસર પ્રણમું પાય, સગ કર કંચનવરણી કાય;
સિદ્ધારથસુત ત્રિશલા માય, શાસનનાયક શિવસુખદાય. ૧
જિન ચોવીશે જગદાધાર, ભવદરીયો તટી પામ્યા પાર;
તેહની આણ જે શિર ધરે, તે સવિ સંપત્તિ હેલા વરે. ૨
જિનવાણીના ગુણ પાંત્રીશ, સહુ સમજે તિમ ભાખે ઈશ;
નય ગમ ભંગ નિખેપ નિધાન, આગમ સમરૂં ભુવન પ્રધાન. ૩
માતા **સરસતી** સેવક જાણી, વરદે બ્રહ્માણી ગુણખાણી;
શાસનદેવી તણે સાનિધિ, લહીઇ **પુન્યમહોદય** ઋદ્ધિ. ૪

---

+ ૧૧ ( રાગઃ—વીરજિનેશ્વર અતિ અલવેસર. )

વીરજિનેસર અતિ અલવેસર મૂરતિ સુરત સારી જી,
પૂજો પ્રણમો ભવિજન ભાવઈ ઉતારી ભવપાર જી;
ગુણમણી રોહણ જગસંમોહણ કંચન સમ એ કાયા જી,
ત્રિશલામાતા જગવિખ્યાતા તાત સિદ્ધારથરાયા જી. ૧
સયલ જિનેસર જગપરમેસર ભુવનદિનેસર દેવા જી,
પૂજી પ્રણમી પદકજ તેહના સુર નર સારે સેવા જી;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અતીત અનાગત ને વર્તમાન વિહરમાન જિન વીશ જી,
તે સંભારી નિત સમરંતા પહુંચઇ સયલ જગીશ જી. ૨
સમોવસરણ બેસી કરી જિનવર ભાખી અરથ અનેક જી,
ગણધર રચના સારી જાણી સુણો હૃદય વિવેક જી;
જ્ઞાન અનોપમ દીવા સરીખું જાણો જાણ સુજાણ જી,
પાપ નીકાસે પુન્ય પ્રકાસે જિમ ઉદયાચલ ભાણ જી. ૩
શાસનદેવી નિત સમરેવી સંઘને સાનિધિ કરજો જી,
દોલતિદાતા **ભગવતી**માતા સેવકને ચિત્ત ધરજો જી;
રૂપ અનોપમ વાન અનોપમ અનોપમ એ જગિ સારી જી,
પંડિત **ધીરસાગર** પદ સેવક **અમરસાગર** જયકારી જી. ૪

---

+ **૧૨** ( રાગઃ—મનોહરમૂરતિમહાવીરતણી. )

સયલમંગલદાયક સુરતરુ, ત્રિશલાનંદન વીરજિનેસરૂ;
સુગુરૂ **હીરવિજયસૂરીસરૂ,** જયું નિરમલ નાણ દિવાયરૂ. ૧
ચઉવીસઈ ઋષભઆદિક જિનવરા, સબલ મોહ મિથ્યાત નિરાકરા;
**હીરવિજયસૂરીશ** સોહંકરા, હોજ્યો સુજનઇ સહુ સંકટહરા. ૨
અરથથી જિનવર ભાખીઉ, ગણધરી તિમ સૂત્રિ દાખીઉ;
**હીરવિજયસૂરીસરી** રાખીઉ, જય આગમ શિવસુખ સાખીઉ. ૩
ભવિયજનનાં વિઘન નિવારિણી,વિમલમતિ દિઉ **સરસતિ** સામિણી;
**હીરવિજયસૂરીસર** સુખી સુણી, **કુશલવર્દ્ધન** સંપદકારિણી. ૪

---

+ **૧૩** ( રાગઃ—રઘુપતિરાઘવરાજારામ. )

શ્રીમહાવીર મોટો જગનાથ, મુગતિપુરીનો સુધો સાથ;
ઉજ્જલ પામ્યા કેવલજ્ઞાન, જાણે ઊગ્યો દુજો ભાણ. ૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિહરમાન છે જિનવર વીશ, સર્વ લોકના કહીયે ઇષ્ટ;
રીસતણો કીધો પરિહાર, પહુવી ઉપર કરો વિહાર. ૨
જીવદયા છે મોટો ધર્મ, જિનશાસનનો એહજ મર્મ;
ભણો ગણો ને આદર કરો, જિનવર વચન સુધા ધરો. ૩
કામિતલોકને સરસી (શી ?)રૂપ,સિદ્ધાયિકાદેવી અતિ સ્વરૂપ;
વીરશાસનના સંકટ હરે, પુન્યરૂચિને દોલિત કરે. ૪

---

+ ૧૪

સુર અસુર મોહી માર મોડી મોહમાયા છંડી,
સિદ્ધત્થનંદન સિંધલંછન કરમ કલિમલ ખંડી;
ભયસત્ત વામી સિદ્ધિ પામી સયણુ સંગતિ તોડી,
તં વીરદેવં થુણુ ભવિયણુ સદા કરજુગ જોડી. ૧

ચઉસઠ્ઠિ સુરપતિ સકલ મુનિપતિ વહઇ શિરસા આણુ,
સંસાર છેદી મુગતિ પુહુતા લહીય કેવલનાણુ;
અતિ વિકટ ચાર કષાય વઇરી જેહિં કીધા દૂરી,
તે તિત્થનાયક સર્વ વંદુ લહું જિમ સુખસૂરિ. ૨

ખજૂર સાકર થકી મધૂરી વીરજિનવર વાણી,
ગંભીર નય ગમ ચંગ ભંગ ભવ્યજીવ સુહાણી;
ચઉદશીય દિનિ પાખીય બોલી ચાર તત્થિ આરાધી,
ગચ્છવાસમાંહિ ધર્મ ભાખીઉ, આપ છંદી ઉપાધિ. ૩

નિવ્વાણુમારગ નાણુ દંસણુ વાંણુ પાલનહાર,
છક્કાય રકખા કરઈ અહનિશિ કુમતિ ટાલણહાર;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે સાધુના સવિ વિઘન વારઇ કરઇ વંછિત સાર,
તે દેવ દેવી સદા સમરૂં શુદ્ધ સમકિતધાર. ૪

---

\+ ૧૫ (રાગઃ—રઘુપતિરાઘવરાજારામ)

બાલપણે ડાબો પાય ચાંપ્યો, જાણે સહુ થરહર મેરૂ કાંપ્યો;
ઇસ્યું મહાવીરતણું ચરિત્ત, હું સાંભલી જન્મ કરૂં પવિત્ત. ૧
જિણે હણ્યા હેલે કર્મ અદ્દ, તીખે કુહાડે જિમ ખીરકદ્દ;
બીલી કરે ચોસઠ ઇંદ સેવા, તે દેવ ચોવીશ પાય નમેવા. ૨
મીઠો જિસો ખીરસમુદ્ર પાણી, મીઠી તિસી વીરજિનેન્દ્ર વાણી;
જે આદરે મેલે માન ગેલે, તિહાં તણી વાધે પુણ્યવેલે. ૩
[1]જે પંથીયા તીરથ પંથ ધ્યાવે, તે ઉતરી સંકટ પાર જાવે;
**સિદ્ધાયિકા** જે મનમાંહિ આણે, તે ચિંતવ્યા કાજ ચઢે પ્રમાણે. ૪

---

\+ ૧૬ (રાગઃ—વિમલકેવલજ્ઞાનકમલાકલિતત્રિભુવનહિતકરં)

વર્ધમાનજિનવર પરમ મુનિવર મદનમાન વિહંદનો,
અદ્દભુતરૂપ સરૂપ કંચન વરણ કામ નિકંદતો;
જિનજ્ઞાન ભાન સમાન ઊગ્યો સકલ કર (મ ?) નિરંજનો,
દેવાધિદેવ ત્રિલોકય નાય(ક) દેવ ત્રિશલાનંદનો. ૧
ત્રિકોટ કોટ વિશાલ અ રચિત રતન મંડિત સોહ એ,
જિન મુકુટ કુંડલ હાર હિયડે દેખતાં મન મોહ એ;

---

1 સોહે જિસી આંબા ડાલ રૂડી, સોહે તિસી ગિરનારી રૂડી;
સેવ્યો જી એ ઠાકુર નેમિનાથ, **શ્રીઅંબિકા** મેલે મુક્તિ સાથ. ૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેવ દેવી નર પુરંદર સમોવસરણ વિરાજ એ,
ગાવંત કિન્નર ગીત ઇણુવિધ સકલ જિનવરરાજ એ. ૨
પણુતીસ વચન વિલાસ સુંદર મધુર જોજનગામિની,
તિહાં ટળે પાપ સંતાપ દુરગતિ વાણી સુણીયે સ્વામિની;
ગરજંતિ મેઘ સમાન વરસત સકલ લોક સુહામણી,
ભવિ મોર ચાતક પીકહ પપૈયા તૃષા તાસ બુઝાવણી. ૩
કમલપત્ર વિશાલનયની કમલદ્યુતિ કમલાસની,
કમલવયન વિહસિતરમણી વીરચરણુનિવાસિની;
સા જયતિ સબ શિણુગાર શોભત વીણા પુસ્તકધારિણી,
**શ્રુતદેવી સરસત** કહે સાહિબ સિદ્ધ મંગલકારિણી. ૪

---

+ ૧૭ (રાગઃ—મનોહરમૂરતિમહાવીરતણી)

દયાતણઉસાયર મુગતિ કેરઉ, [1]વાલંભ વારઈ ભવમાંહિ ફેરઉ;
આણુંદ બીજી મનશુદ્ધિ મેત્રી, સ્વામી મહાવીર નમું ત્રિવેલી. ૧
એ મોહના કટકમાંહિ [2]મલાવદીતા, ચારઇ કષાય વડેરાવત જેણિ જીતા
તિયાંતણે પાઇ પડઇ સુરેન્દ્ર, નમું ત્રિવેલી સવિ તે જિનેન્દ્ર. ૨
બાધા મયા બંધન મોહ લીધા, એ જીવજોણી ભવ દૂરી કીધા;
સુહામણી વીરતણી સુવાણી, વંદુ સદા વારિસુધા સુહાણી. ૩
શ્રીસંઘરકખાકર તેણી બેણી, લોકત્રયઇ નાયકનામ લેણી;
**સિદ્ધાયિકા** ભાવદીવાદ ચૂરઇ, ધામીતણુઇ ચિત્તિઉ સમાધિ પૂરઈ. ૪

---

1. આલંબન. 2. ભાલા વદીતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

+ ૧૮ (રાગઃ—શત્રુંજયમંડનઋષભજિણંદદયાલ.)

*શ્રીજિનવર સુખકર વીરજિનેસરદેવ,
જસ સુરવર નરવર સારઈ અહર્નિશિ સેવ;
સુણીઇ તસ પ્રાણી અમીય સમાણી વાણી,
અંબાઇ સેવઈ **નયવિમલ** ગુણખાણી. ૧

---

+ ૧૯ (રાગઃ—વીરજિનેશ્વર અતિ અલવેસર.)

*સકલ મનોરથ પૂરણ સુરતરૂ, વીરજિનેસરરાયો જી,
સરગ મૃત્યુ પાતાલઈ જિનહર, ભવિજનનઇ સુખ દેજ્યો જી;
શ્રીજિનવાણી ગુરૂગમણીખાણી, સુણતાં હરખ ન માયો જી,
માતંગજક્ષ સિદ્ધાઇ સેવે, પ્રભુ મુનિમાણિક પાયો જી. ૧

---

## સુરતપુરમંડનશ્રીવર્દ્ધમાનજિનસ્તુતિ

+ ૧ (રાગઃ—વરસ દિવસમાં અષાઢચોમાસું)

સુરતરૂપ પ્રભુ દીપક ચંદા, સિદ્ધારથ કુલ કમલદિણંદા,
ભવિયણ નયનાણંદા,
મોહ મહીરૂહ ભગ્ન ગયંદા, જસ મુખ સોહઇ પૂનિમચંદા,
લોચનવર અરવિંદા;
સકલ મુનીસર કેરો ઇંદા, વંછિત પૂરણ સુરતરૂકંદા,
વારઈ ભવભયફંદા,
શ્રીવિજયસિંહસૂરિ સર સૂરીંદા, દરસનથી લહીઇ પરમાણંદા,
થુણીઈ વીરજિણંદા. ૧

---

* આ સ્તુતિ–થોય ચાર વખત બોલી શકાય છે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અતીત અનાગત નઈ વર્તમાન, જિન જપીઇ છોડી અભિમાન,
ધરીઈ નિર્મલ ધ્યાન,
ઋષભ ચંદ્રાનન નઈ વર્દ્ધમાન, વારિષેણ શાસય અભિધાન,
સુણ્યો દેઇ કાન;
શ્રીવિજયસિંહસૂરિ પુરૂષ પ્રધાન, પ્રતિબોધઇ ભૂપતિ સુલતાન,
મોડઈ કુમતિના માન,
તાસ પસાઇ જિનગુણગાન, દિન દિન લહીઈ ધર્મ નિધાન,
વાધઈ અધિકો વાન. ૨
ગણધર ગૂંથ્યા અંગ ઈગ્યાર, તિમ ઉપાંગ વલી ભાખ્યાં બાર,
મૂલ સૂત્ર શુભ ચાર,
વિવિધ પઇન્ના ગ્રંથ ઉદાર, છેદ ગ્રંથ ષટ્ કહીઇ સાર,
નંદી અનુયોગદ્વાર;
ટીકા નઈ નિરયુક્તિ વિચાર, ભાષ્ય ભવોદધિ આપઇ પાર,
શાસ્ત્ર સમુદ્ર અપાર,
શ્રીવિજયસિંહસૂરિ ગણધાર, ભણઇ ભણાવઇ એ શ્રુત સાર,
તે સુણતાં જયકાર. ૩
સુંદર મણિમય ભૂષણ ઠાવઇ, ચરણા ચોલ્રી ચીર સુહાવઈ,
શાસનદેવી કહાવઈ,
ગયણાંગણ ચમકંતી જાવઇ, શાસનકાર્મિ દોડી આવઇ,
અરિયણનઇ સમજાવઈ;
શ્રીવિજયસિંહસૂરિ ધ્યાનિ ધ્યાવઈ, જેહથી અધિકો આણંદ પાવઈ,
તેહનો જાપ જપાવઈ;
ભાવ ભગતિ અધિકો મન ભાવઈ, લીલા લચ્છિ અનંતી ફાવઇ,
**લાલકુશલ** ગુણ ગાવઇ. ૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ગંધારબંદરમંડનશ્રીવર્દ્ધમાનજિનસ્તુતિ

+ ૧ ( રાગઃ—શ્રીશત્રુંજયતીરથસાર. )

ગંધારે વંદુ મહાવીર, રયણાયરની પરે ગંભીર,
કામિત કામ કરીર,
મસ્તકે સોહિ સાર કુટીર, પાપતમોરજ હરણ સમીર,
મેરૂતણી પરે ધીર;
ટાળે દોહગ દુઃખ જંજીર, ઇન્દ્રભૂતિ જસ વડો વજીર,
ભવ્ય જીવતરૂ કીર,
જો પહેરી ઉત્તમ ચીર, સુકૃતવાડી વિકાશન નીર,
સોવનવન્ન શરીર. ૧

ધ્યાન ઋષભ પ્રમુખ જિણંદ, સેવકને દીયે પરમાનંદ,
જસ મુખ પુનિમચંદ,
દૂરે કીધો દુરગતિ ફંદ, ટાલ્યો કઠિન કરમનો કંદ,
ધ્યાયે દેવ મુણીંદ;
સેવે અહનિશિ ચઉસઠિ ઈંદ, દીપે નિરમલ જ્ઞાન દિણંદ,
સરસ સકલ સુખકંદ,
લોચન વિકસિત વર અરવિંદ, પ્રેમે પૂજે ભવિજન વૃંદ,
જેહની શક્તિ અમંદ. ૨

જિનવર ભાખ્યા અંગ અગીઆર, બાર ઉપાંગ અતિ હૈ ઉદાર,
છ છેદ ગ્રન્થ વિચાર,
દશ પયન્ના સુખદાતાર, નંદી ને અનુયોગદુવાર,
મૂલ સૂત્ર વલી ચાર;
પિસ્તાલીસ આગમ સુવિચાર, નિસુણી સુકૃત કરો અવતાર,
પામી જય જયકાર,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્રિપદી પામી જગદાધાર, ગણધર ગૂંથે સૂત્રથી સાર,
એહનો અર્થ અપાર. ૩

માતંગજક્ષની મોટી મામ, કીરતિ જેહની ગામોગામ,
રૂપે જીત્યો કામ,
ધ્યાન ધરે જિનનો અભિરામ, સબલ શક્તિતણો તે ધામ,
રૂડો જેહનો નામ;
ગુણમણી રયણતણો તે ધામ, સોહે ભૂષણ ઠામોઠામ,
જિનને કરે પરણામ,
ગજવિજય પંડિત પરકામ, હિતવિજય લચ્છિ ઉદ્દામ,
પામે વંછિત કામ. ૪

## આદ્રીયાણાપુરમંડનશ્રીવર્દ્ધમાનજિનસ્તુતિ

+ ૧ (રાગઃ—પર્વ પજૂષણ પુણ્યે પામી પરિઘલ)

વંદો વીરજિનેસર ભવિયણ, આણી મન આનંદા જી,
સિદ્ધારથમહીપતિ કુલગયણે, ઉદયો એહ દિણંદા જી;
આદ્રીયાણાપુરમંડનજિનવર, ત્રિશલાદેવીનંદ જી,
અહનિશ પય પ્રણમી તપગચ્છપતિ, શ્રીહીરરત્નસૂરીંદો જી. ૧

જંબૂ ધાતકી પુષ્કરદ્વીપે, વિહરમાન જિન વીશ જી,
અતીત અનાગત જે ચોવીશી, તે વંદુ નિશદિશ જી;
નંદીશ્વરાદિક દ્વીપ મઝારે, શાશ્વતા જિનવરદેવ જી,
ગચ્છપતિ શ્રીરત્નસૂરીશ્વર, નિત્ય કરે સુર સેવ જી. ૨

જિનવરભાષિત અંગ ઈગ્યારહ, બાર ઉપાંગ ઉદાર જી,
છ છેદ ને દશ પયન્ના, મૂલ સૂત્ર પણ ચાર જી;

Jain Education International　For Private & Personal Use Only　www.jainelibrary.org

નંદી અનુયોગ આગમ સુણતાં, લહીઈ ભવનો પાર જી,
શ્રીહીરરત્નસૂરીશ્વર તેહના, ભાખે અર્થ વિચાર જી. ૩
ચંદ્રવદન મૃગલોચની પોયણી–પત્ર જિસિ સુકુમાલી જી,
ગજગામિણી સામની સુંદર, દેવી **સિદ્ધાયિકા** બાલી જી;
**કીર્તિ** કહેજી સેવક જનના, દુઃખ દોહગ સવિ ચૂરો જી,
શ્રીહીરરત્નસૂરિ સુપસાઈ, સંઘ મનોરથ પૂરો જી. ૪

---

## બામણવાડા(રાજસ્થાન)મંડનશ્રીવર્દ્ધમાનજિનસ્તુતિ

+ ૧ (રાગઃ—શત્રુંજયમંડનઋષભજિણંદદયાલ)

જયકર કમલા કરણુ સદા ગોવિંદ,
ત્રિશલાસુત સાહિબ સાચો વીરજિણંદ;
**બંભણવાડી** બિઠો દીઠો મઈ સુખકંદ,
નર અમર વિદ્યાધર સેવઈ પાય અરવિંદ. ૧

વર્તમાન જિનેસર અતીત અનાગત દેવ,
સીમંધર આદિ વિહરમાન કરઉ સેવ;
શિવસુખનઈ કારણઈ પ્રણમું હું નિતમેવ,
પૂરવભવ પુન્યે પામ્યા શ્રીજિન દેવ. ૨

અતિ મીઠો અમૃત આગમ સરસ રસાલ,
ત્રિગડે જિન બિઠા ભાખઈ ધર્મ મયાલ;
કરૂણાકર સાહિબ સકલ જંતુ પ્રતિપાલ,
વર્દ્ધમાન વિબુધપતિ તિન ભુવન રખવાલ. ૩

શાસનદેવી સેવી સદા સુખકાર,
ભ્રમરી પરી કરતી જિન પાયકમલિ ગુંઝાર;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શુભવિજય** શુભંકર તસ સેવક જયકાર,
ઋદ્ધિ વૃદ્ધિ કરો નિત **અમર** કહી વારંવાર. ૪

---

## સાચોરનગરમંડનશ્રીવર્દ્ધમાનજિનસ્તુતિ

+ ૧ ( રાગઃ—વીરજિનેશ્વરઅતિઅલવેસર )

વંછિત પૂરણ કલ્પતરૂપમ, નિર્જિત મદનનરેશ જી,
સિદ્ધારથ કુલ વંશવિભૂષણ, દૂષણ નહિ લવલેશ જી;
ત્રિશલાનંદન દુરિતનિકંદન, **સાચોરનયરે** સોહે જી,
વીરજિણંદ મુખચંદ અનોપમ, ભવિકકમલવન બોહે જી. ૧

ઋષભ અજિત સંભવ અભિનંદન, સુમતિ પદ્મપ્રભ વંદો જી,
શ્રીસુપાસ ચંદ્રપ્રભ સુવિધિ, શીતલજિન સુખકંદો જી;
શ્રેયંસ વાસુપૂજ્ય વિમલ અનંત જિન, ધર્મ શાંતિ કુંથુ અર મલ્લિ જી,
મુનિસુવ્રત નમિ નેમિ નમીજે, પાસ વીર સુખવલ્લી જી. ૨

ત્રિગડે બેસી જિનવર ભાસે, આગમ અરથ ઉદાર જી,
સૂત્રની રચના ગણધર વિરચે, પામી ત્રિપદી સાર જી;
નાગમંત્ર સમ શ્રીજિનવાણી, ભાવ ધરી ભવિપ્રાણી જી,
સુણીઇ ત્રિકરણ શુદ્ધ કરીને, વરીઇ શિવપટરાણી જી. ૩

રૂમઝમ કરતી ગજગતિ ચલતી, ભરતી પુન્યભંડાર જી,
**સિદ્ધાયિકાદેવી** સુવિચારી, સંઘ સકલ સુખકાર જી;
વીરજિણંદપદ સેવાકારી, શાસનવિઘન નિવારી જી,
પંડિત **લક્ષ્મીવિજય** ગુરૂ સેવક, **જ્ઞાનવિજય** જયકારી જી. ૪

---

Jain Education International　For Private & Personal Use Only　www.jainelibrary.org

# દ્વાદશતરંગ

## સ્તુતિચતુર્વિંશતિકા

### મંગલાચરણ

સમરૂં સરસતિ સામણી માય, ગંગા જિમ ઉજ્જવલકાય;
કરજ્યો સુ[ખ]પસાય, ભાંજઇ કુમતતણા ભડવાય. ૧
**વિજયસેન** ગુરૂ સૂરિ સવાય, તેહના પ્રણમી પાય;
જાં લગી વારિધિ જાં લગી વાય, જાં લગી પૃથવી સૂરજ જાય. ૨
તાં લગી જસ જસ વાય, તેણુઈ છાંડ્યાં સયલ કષાય;
મનથી મેલ્યા હરખ વિષાય, તે પ્રણમું જિનરાય. ૩

---

+ ૧ ( રાગઃ—વરસદિવસમાં અષાઢ ચોમાસું. )

જે જિન સાહિબ સકલ મહીનઉ, તેહ ચરણે જે નલીનઉ,
તે નવિ હુયઈ ધન હીનઉ,
જેહનઇ નિરમલ ન્યાન ખજીનઉ, જે જિનશાન્તસુધારસ ભીનઉ,
કેહઉ અવર કથીનઉ;
**વિજયસેન** ગુરૂ સૂરિ નગીનઉ, જિનવરચરણે જે લયલીનઉ,
જિમ જલમાંહિ મીનઉ,
જસુ તનુ સોહઈ સાલ જરીનઉ, તે **આદીશ** નમી ફલ લીનઉ,
કંથ સુનંદા જિનઉ. ૧—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મણિ માણેક નઈ કનકની કોડી, જેણુઈ પ્રમદા પરિજન છોડી,
ઋદ્ધિ અનંતી જોડી,
જેહથી આવઈ લચ્છિ દ્રવડી, શિવગતિ આવઈ હી હોડી,
સકલ કર્મ વિછોડી;
પુહવી પેખઉ પુરૂષહ કોડી, કોઈ નહિ **વિજયસેન**ની જોડી,
જિન વંદઈ કરજોડી,
તે **જિનવૃંદ** નમઉ મદ મોડી, મ કરઉ કોઈ આડાખોડી,
નિજ મન તનુ સકોડી. ૧-૨

જિનવર ભાષિત અંગ અગ્યાર, ઈમ ઉપાંગ વલી બોલ્યા બાર,
નંદી અનુયોગ ઉદાર,
દશ પયન્ના ગ્રંથ ઉદાર, તિમ વલી છેદ ગ્રંથ ષટ્ સાર,
મૂલસૂત્ર વલી ચાર;
એ પણયાલ લખકી ભવપાર, લહીઈઈ નિશ્ચલ નર નિરધાર,
મ કરઉ શંક લગાર,
**વિજયદેવસૂરિ** ગણધાર, જાણઇ એહનઉ અર્થવિચાર,
**સૂત્ર** સમુદ્ર અપાર. ૧-૩

મણિ રયણે કરી ઝાકઝમાલી, કાને સોહઈ સોવનવાલી,
કટિમેખલા વાચાલી,
સયલ સંઘતણી રખવાલી, શાસનકામઇ[ પ્રેમે ]ચાલી,
અરિયણ મૂકચ ગાલી;
**માન** કહઈ મનિ જોઈ નિહાલી, અવર દેવી પરિ નહિ વિકરાલી,
**શાસનદેવી** સુહાલી,

Jain Education International　For Private & Personal Use Only　www.jainelibrary.org

**વિજયસેનસૂરિ** શ્રુતશાલી, જેહનું જાપ જપઈ જપમાલી,
તે તુઠઈ દીવાલી. ૧–૪

ગર્ભ રહીઈ ગુણ દીઠી બાપઈ, **અજિતનામ** ઈસુ તવ થાપઈ,
મહિયલિમાંહિ વ્યાપઈ,
જે જિન નામ મુખિ આલાપઈ, તે નર દુરગતિ દૂરઈ કાપઈ,
અરિ કો નવિ સંતાપઈ;
તેસું કિંપિ ન ચલઈ કાંપઈ, લખમી લીલા જાસ પ્રતાપઈ,
વરત નઈઉ થાપઈ,
**વિજયદેવ**ગુરૂ આપો આપઈ, જેહનું જાપ જપઈ નિજ જાપઈ,
તે જિન સત્રિ સુખ આપઈ. ૨

કોઈ કામી કોઈ કેહવઉ, જગમાં જોતાં જિનવર જેહ વહુઉ,
કોઈ ન દીસઈ તેહવઉ,
**સંભવનાથ** સદા સમરેવઉ, **વિજયસેન**ગુરૂ ગણધર સેવઉ,
એહજ દેવત સેવઉ;
પરભવ શંબલ એહજ લેવઉ, એહ જ સુખડી એહ જ મેવઉ,
જિનવર જાપ જપેવઉ,
જિન પૂજી નઈ ધૂપ ઉખેવઉ, યાચક જનનઈ દાન પણિ દેવઉ,
મત સંશય નાણેવઉ. ૩

**અભિનંદન**જિન જબ દૃષ્ટિ આયઉ, તવ ભવ સંચિત પાપ ગમાયઉ,
હીયડઈ હરખ ન માયઉ,
સંઘ ચતુર્વિધ જેણુ નિપાયઉ, જેણુઇ જનમિઇ દેસ સવાયઉ,
ભવિજનનઈ મનિ ભાયઉ;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રીસિદ્ધાર્તથારાણીઈ જાયઉ, છપ્પનકુમરી હરખઈ ગાયઉ,
ઇન્દ્રઇ જલિ ન્હવરાયઉ,
**વિજયદેવસૂરીસર** ધ્યાયઉ, પુણ્યવંત પુરૂષ એ પાયઉ,
જિનવરમાંહિ સવાયઉ. ૪

પંચમજિન પંચમ [1]ગય(ઈંગત ?),જઇ ભવિજનના ભય સત્ત,
ધર્મધ્યાન દૃઢ ચિત્ત,
મથિયઉ મોહ મહા મયમત્ત, સુર અસુરાદિક જેહના ભત્ત,
શત્રુ મિત્ત સમ ચિત્ત;
**વિજયસેનગુરૂ** જાણિઉ તત્ત, **સુમતિસામી** નમઇ નિત નિત્ત,
આપઈ અવિચલ વિત્ત,
જેહનઇ પોતઇ પૂરવ દત્ત, તેહજિ સેવઈ જિનનઈ સત્ત,
કરી થોતિ સુપવિત્ત. ૫

જેતઉ અંતર [૨]સુકડિ સાગઈ, જિતઉ અંતર કોઇલ કાગઈ,
જે વલી પૂજા જાગઇ,
જિનવરપૂજા કરવી રાગઈ, હિંસા જાણી જે વલી ભાગઈ,
તેહનઇ દુરગતિ આગઇ;
શ્રીજિનસેવા મતિ તઉ જાગઇ, ન્યાનગર્ભ થયઇ વઇરાગઇ,
કઈવલી સબ લઇ ભાગઇ,
**સિરિપદ્મપ્રભ**જિનવર પાગઈ, **વિજયસેનસૂરીસર** લાગઇ,
અવિચલ શિવસુખ માગઈ. ૬

સ્વસ્તિકલંછન સ્વામિ **સુપાસ**, સેવ્યઉ ટાલઇ નરયનિવાસ,
પૂજ્યઉ પૂરઇ આસ,

---

1 ગયરકૃત. ૨ સુખડ.

Jain Education International    For Private & Personal Use Only    www.jainelibrary.org

**ધર્માધર્મ** નઈ લોકાકાશ, ઉતપતિ સ્થિતિ નઈ વલી વિનાશ,
તેહનઉ કરીઉ પ્રકાશ;
**વિજયદેવગુરૂ** ધ્યાયઈ જાસ, સુર નર કિંન્નર જેહના દાસ,
જગિ જેહનો વિશ્વાસ,
કીરતિ ઉજ્જલ જિમ કૈલાસ, પૂજઉ લેઈ ભોગ સુવાસ,
કમલગંધસી શ્વાસ. ૭

અલિ બાકુલ નઈ આકુલ થાય, જેહથી જગના જન પીડાય,
તો કિમ દેવ કહાય,
**વિજયસેનગુરૂ** સૂરિ સવાય, જેહના પ્રણમઇ પ્રીતિ પાય,
દેવતણઉ તે રાય;
ગુણ અનંત જિનના કહાય, લોકાલોક લગઇ તે જાય,
વનમાંહિ ન માય,
જેહથી સીઝઈ સયલ ઉપાય, મહાબલી માનઇ મોટા રાય,
તે **શશિપહદેવ** પસાય. ૮

કેઈ દેવ ધરઇ હથીયાર, કરઈ સૃષ્ટિ અનઈ સંહાર,
આપ લીઇ અવતાર,
પાસઇ પ્રમદાદિક પરિવાર, દીસઈ બઈઠા ભુવન મોઝાર,
તેહની કેહી કાર;
તું નિરદોષી નિરહંકાર, સકલ દેવતણા શિરદાર,
જય જય જગદાધાર,
**સુવિધિસામી** સુમતિ દાતાર, **વિજયસેનસૂરિ** ગણધાર,
તિણિ જાણીઉ તું સાર. ૯

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નાટિક નાચઈ નવ નવ છંદ, જેહનઈ આગલિ અપછરવૃંદ,
ભરઙ ભેદ ભવનિંદ,
ભવિકુમુદ વિકાશનચંદ, તેજઇ જિનઉ જેણ દિણંદ,
ટાલઇ ભવનું ફંદ;
જે **વિજયદેવસૂરીશ** મુણીંદ, જેહનઈ ધ્યાયઇ ધરી આણંદ,
મહિમા મેરૂગિરીંદ,
વાચા અવિચલ જિમ હરિચંદ, જયઉ **શીતલસામીજિણંદ**,
જય જય નંદાનંદ. ૧૦

જેહની મૂરતિ મોહનગારી, મૂકઈ કર્મ સકલ સંહારી,
જાણઈ સહુ સંસારી,
મદનમત્તંગ મૂકીઉ મારી, જેહથી લહીયઇ મુગતિકુમારી,
મોહગયઉ વલી હારી;
પુરૂષરયણ નઈ પરઉપકારી, **વિજયસેનસૂરિ** ગણધારી,
તેહનઇ જે હિતકારી,
તે **શ્રીયાંસ** નમઉ નર નારી, જિમ તુમ્હ પામઉ સંપત્તિ સારી,
દુરગતિ દૂર નિવારી. ૧૧

સમોસરણિ જિનરાજ હજૂર, ગાયઇ કિન્નર વાયઉ તૂર,
જયો જયો પુન્ય અંકૂર,
સંધ્યારાગ જિસ્યઉ સિંદૂર, વિદ્રુમરાગ જિસિઉ નવ સૂર,
તેહવઉ જિનતનુ નૂર;
હણીઉ જણઇ ક્રોધ કરૂર, મારી મોહ કિયઉ ચકચૂર,
જિમ કૃષ્ણઇ વાનૂર,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**વિજયદેવ**નઇ દિઇ સુખપૂર, પૂજઈ લેઈ કુસુમ કપૂર,
**વાસુપૂજ્યજિન**[જ]રૂર. ૧૨

વિમલકીરતિ નઇ વિમલઅવદાત, **વિમલનાથ** વાંદઈ સુપ્રભાત,
વંશ ઇક્ખાગ વિક્ખાત,
**વિજયસેનસૂરીસર** ધ્યાત, જેહની જાણુઈ સહુ કો વાત,
શ્યામારાણી જાત;
ઉત્તમ આતમ ઉત્તમ ધાત, ત્રિભુવનનાયક ત્રિભુવન તાત,
કરઈ વિઘન વિઘાત,
ચૂરઇ કર્મઅરિ સંઘાત, જિણુ પિણુ કરઇ સુખશાત,
ભંજઈ ભવિ ભય સાત. ૧૩

જેહનઉ જાણી જગિ વૃત્તાંત, મોહ મહીપ ભયઉ ભય ભ્રાંત,
નાથઉ રતિનઉ કંત,
જેહને ચરણે વાસવ સંત, સંપત્તિ સઘલી પામઇ સંત,
જે જિન મહિમાવંત;
અનંતશક્તિ સદા ઉપસંત, કર્મ આઠનઉ આણુઈ અંત,
મહિયણમાંહિ મહંત,
**વિજયદેવસૂરિ** ભગવંત, ધ્યાયઇ તે શ્રીદેવ **અનંત**,
સુખદાયક અરિહંત. ૧૪

**ધર્મનાથ** ધરાઉદ્ધારણુ, **વિજયસેન** સદા સુખકરણુ,
વંદઉ વસુધાભરણુ,
સોવનકુંડલ શોભિત કરણુ, ટાલઈ જન્મ જરા ભય મરણુ,
સર્વકાલ શુભાવરણુ;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મોહમહોદધિતારણતરણ, તેજઇ જીપઇ દિનકર કિરણ,
પાતક પીડા હરણ,
સેવઇ સુરવર જેહના ચરણ, જસ યોગીસર લીઈ વલી શરણ,
તે જિન સોવનવરણ. ૧૫

આવઇ દેવી દશ દિસિ હુંતી, તેજઈ વીજલી જિમ ઝબકંતી,
ચાલઈ તે ચમકંતી,
લેઇ તાલ અનઇ વલી તંતી, જેહનઇ આગલી બહુ ગુણવંતી,
નાટારંભ કરંતી;
કરઇ કરમતણી ઉપસંતી, સેવક સુરતરૂ સોવનકંતી,
ભંજઇ ભવિજન ભ્રાંતિ,
**વિજયદેવ** ધરી મનિ ખંતી, જેહની અહુનિશિ પય પ્રણમંતી,
તે સેવઉ શ્રીશાન્તિ. ૧૬-૧

જે જિન દેઈ વરસીદાન, સંયમ લેઈ ઝાયઈ ઝાણ,
પામ્યા કેવલનાણ,
**વિજયસેન** ગુરૂ સૂરિ સુજાણ, જેહઉ અહનિશિ કરઈ વખાણ,
બુઝઇ જાણ અજાણ;
સમોસરણ તનુ મંડાણ, જિનનું દેખી દેવવિમાન,
છાંડઇ સવિ અભિમાન,
તેજઈ જીપઇ શશીહર ભાણ, જેહની ઈન્દ્ર વહઈ શિર આણ,
તે જિન કરઉ કલ્યાણ. ૧૬-૨

જિનવર **આગમ** ઉદધિ અપાર, જેહનઉ કોઇ ન લાભઇ પાર,
વરગુણમણિભંડાર,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**વિજયદેવસૂરિ** ગણધાર, જાણઈ તેહનઉ અર્થવિચાર,
અવર ન જાણઈ સાર;
જે વલી યોગ વહઈ અણગાર, તેહનઉ ઇહાં કુણિ છઇ અધિકાર,
ન ભણઈ અવર લગાર,
જેહનઉ અર્થ અનેક પ્રકાર, સૂત્રપાઠ સુવિચિત્ર ઉદાર,
તે ભણતાં જયકાર. ૧૬–૩

રૂપઈ રંભા નઇ ઇન્દ્રાણી, શ્રી જિનશાસનકિરી રાણી,
આપઈ અવિરલ વાણી,
**વિજયસેનસૂરીશ** વખાણી, **માન** કહેઈ મહિમા ગુણખાણી,
સયલ સંસારઇ જાણી;
જેહથી સુખીયા થાયઇ પ્રાણી, તે ભવિ સેવઉ આદર આણી,
દુર્હીતલ પીલણ ઘાણી,
દુરમતિ કદલી છેદ કૃપાણી, પાપ તાપ નિવારણ પાણી,
તે વર દિઉ બ્રહ્માણી. ૧૬–૪

**કુન્થુનાથ**કથા ભવિ સુણજ્યો, **વિજયદેવસૂરીસર** થુણજ્યો,
નામ નિરંતર ગુણજ્યો,
જિનગુણવાણી અહનિશિ વણજ્યો, ભગવન ભગવન ભાવઇ ભણજ્યો,
મોહમહિપતિ હણજ્યો;
પુણ્યવંત પુરૂષ પરિકરજ્યો, જિનવર ધ્યાન સદા મનિ ધરજ્યો,
સુરગતિવધૂ જઈ વરજ્યો,
પુન્ય પૂજીનઉ ઇણિપરિ મરજ્યો, પાપતણી મતિ તે પરિહરજ્યો,
ન્યાય નીતિ આદરજ્યો. ૧૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જિનશાસન જિન ચઉવીશ, તિહાં અઢારમઉ **અર** જગદીશ,
પૂરઈ સંઘ જગીશ,
ઈન્દ્ર નમાવઈ જેહનઈ શીશ, જેહનઈ ધ્યાયઈ રયણી દીશ,
**વિજયસેનસૂરીશ;**
લખણ સોહઈ અંગ બત્રીસ, બોલઈ તે વલી વિસવાવીસ,
વાણી ગુણ પઈંત્રીસ,
જેહમાં અતિશય છઈ ચઉત્તીસ, તે જિન જીવઉ કોડી વરીસ,
**માન** દિયઈ આશીસ. ૧૮

**મલ્લિનાથ** મહિમા અભિરામ, મનમાં ધરીયઈ જિનવર નામ,
પાતક નાવઈ તામ,
**વિજયસેનસૂરિ** ગુણધામ, જોઈ સુંદર શુચિ અતિ ઠામ,
ધ્યાયઈ જેહનું નામ;
જેણિ વધારી મહિમા મામ, સુરતી જેહની સુંદર શામ,
જેહનઉ શુભ પરિણામ,
ભક્તિ સુરવર કરઈ પ્રણામ, સેવકજન આશા વિશ્રામ,
વરગુણ તરૂ આરામ. ૧૯

**વિજયદેવ** સુગુરૂ વાંદીજઈ, ગુરૂને ચરણે વંદન કીજઇ,
ગુરૂથી દેવ લહીજઈ,
ગુરૂના વયણ સુધારસ પીજઇ, અંતરજામી જિમ ભેદિજઇ,
ધરમ રહઈ [1]જિમમાં જઈ;
**શ્રીમુનિસુવ્રતનાથ** નમીજઈ, સઘલાં પાતક પરહાં કીજઈ,
નરભવ લાહઉ લીજઈ,

૧ અસ્થિમજ્ઝા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અરિહંતદેવ સદા સમરીજઈ, જિનનેં ચરણે શરણુ ગ્રહીજઈ
કામ કિસું હવઈ બીજઈ. ૨૦

જેહનઈ જનમઈ સુરપતિ આવઈ, દેવ સુઘોષા ઘંટ વજાવઈ,
જિનનઈ શીશ નમાવઈ,
મેરૂ મહીધર જિન ન્હવરાવઈ, પૂજ કરીનઈ ભાવન ભાવઈ,
આગલી અપછર ગાવઈ;
તે નમિનાથ નમઉ મન ભાવઈ, પૂજ કરી જઈ મોટઈ દાવઈ,
વંદઉ સરલ સભાવઈ,
વિજયસેનગુરૂરાજ પ્રભાવઈ, જિનવરસેવા સવિજન પાવઈ,
ધર્મરાજ કહાવઈ.

સોવન શોભિત વર શિણગાર, તોરણ તરૂણી છાંડી સાર,
નિસુણી જીવ પુકાર,
દેઈ દાન માસ વલી બાર, આપી અભિનવ તરલ તુષાર,
માણિક મોતી હાર;
ધન ધન ગિરિ ગઢ ગિરનાર, તિહાં જાઈ લીધઉ સંયમભાર,
સહસપુરીસ પરિવાર,
વિજયસેનસૂરિ ગણધાર, જેહનઈ વાંદી કરઈ જુહાર,
તે જિન નેમિકુમાર. ૨૨–૧

દ્રવ્ય ભાવનઈ નામ કારઈ, વિપમકાલિ જેહુ સમ આરઈ
જે જિન જનનઈ તારઈ,
વિજયસેનગુરૂ વારો વારઈ, જેહનું સમરણ ચિત્તિ સંભારઈ,
જે નહિ કોહનઈ સારઈ;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાણુા રાઉલિ વન વેડિ જી વારઈ, રોગ શોક નઈ દાહિલી વારઈ,
તિહિં જે કષ્ટ નિવારઈ,
કર્મ ખપાવી સિદ્ધિ પધારઈ. તે જિન પૂજ્યાં પુન્ય વધારઈ,
સેવક કામ સમારઈ. ૨૨–૨

મોહ મહોરગ ખીલણુમંત, મુક્તિવધૂ વશી કરીઆ તંત,
દુહુતિલ પીલણુ જંત,
સૂધ શિરોમણી સાધુ મહંત, વિજયસેન ગુરૂ વિદ્યાવંત,
જે ધ્યાયઈ ઈક ચિત્ત;
જે વલી ભવિયણુ ભવભય ભ્રાંત, જેહનઈ સમરણિ હુયઈ ઉપસંત,
જેહનઉ અરથ અનંત,
જિનવરભાષિત સૂત્ર સિદ્ધાન્ત, રાન વેલાઉલ હુયઈ સરન્ત,
ટાલઈ દુક્ખ દુરન્ત. ૨૨–૩

શાસન કામઈ આવઈ ઊઠી, પરદરસન સિઉં જે વલી જૂઠી,
પાપમતિ નઈ સૂઠી,
પરશાસનને મારઇ મૂંઠી, વિજયસેનસૂરીનઈ તુઠી,
આવી કરઈ ગુણુ ગુઠી;
જેહની દુરમતિ દૂરઈ નઠી, તુચ્છ માન કહઈ ધનુવુઠી,
પાપકરમી મન મઠી,
શાસનદેવી સમકિતદિઠી, જિનવર ભગતિ અમરીતદઠિ,
કરઉ પુન્યની પુટ્ઠી. ૨૨–૪

જે જગિ યોગીનઈ સન્યાસી, તે સિતઉ જાણુઈ દેવ ઉપાસી,
તિમ માહણુ સસવાસી,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જિનવર મતસ્યું જિણિ મતિવાસી, વિજયદેવગુરૂકુલવાસી,
જાણુઈ દેવ ઉપાસી;
માયા મોહતણી છઈ માસી, જેહથી દૂરિગઇ તે નાસી,
આશા કીધી દાસી,
તે શ્રીપાર્શ્વ વિપત્તિ વિનાસી, જેહનઉ જનમ થયઉ છઇ કાસી,
જોયઉ નયન વિકાસી. ૨૩-૧

હેમવરણનઇ વિદ્રુમલાલ, ધવલ નીલ વલી વર્ણઇ કાલ,
જે જિન જનપ્રતિપાલ,
જે વલી જંગમતીર્થ દયાલ, વિજયદેવગુરૂ ચિત્ત વિશાલ,
તે વંદઇ ત્રિણીકાલ;
અંગ પહિલું કરી પખાલઇ, કેશરી પૂજઇ લેઈ માલ,
સુર કિન્નર ભૂપાલ,
જેહનઇ જાણુઇ બાલગોપાલ, જેહનઈ નામઇ નાસઇ કાલ,
તે વંદુ જિનમાલ. ૨૩-૨

જેહની કીરતિ હીડઇ ફીરતી, જિહાંલગિ સૂરજ જિહાંલગી ધરતી,
જાં લગિ જલનિધિ જગતિ,
જે ગુરૂ જાણુઇ આગમ જુગતી, વિજયદેવસૂરીસર સુમતિ,
વાલ્યા કલિમાજી મતિ;
જે નર નારી આગમ ભગતિ, સુણુઈ સુત્ત જે આતમશક્તિ,
તે વલી પામઇ મુગતિ,
તે વલી વરતઉ જય સંજુગતિ, સૂત્ર વૃત્તિ ટીકા નિરયુક્તિ,
જિનવર ભાખીત ઉગતિ. ૨૩-૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાઢઇ કુમતિકેરા કંદ, શાસનકમલ વિકાશન ચંદ,
જે ધ્યાયઇ જિનચંદ,
વારઇ સંઘતણા દુહદંડ, શાસનભક્ત અ છઇ સુરવૃંદ,
શું જાણુઈ મતિમંદ;
જે જગિમાંહિ અ છઇ યોગીંદ, જેહનઈ વંદન આવઈ ઈન્દ,
વિજયદેવસૂરીંદ,
તેહનઈ કરયો પરમાણુંદ, દેવી પઉમા નઇ ધરણીંદ,
બોલઇ માન કવીંદ. ૨૩—૪

કલ્પવૃક્ષ સમ કેમ કરીર, સાહિબ સરિસઉ કેમ ફકીર,
કિહાં ધાવલી કિહાં ચીર,
કિહાં રેણુ નઇ સુરભિ અબીર, અયર દેવ નઇ જિનવર વીર,
જાણઉ અંતરધીર;
જેણઇ હણીવઉ મોહ હમીર, કેશરીલંછન કનકશરીર,
દુઃખ દાવાનલ નીર,
વિજયદેવગુરૂ ચિત્ત ગંભીર, જેહનઉ સાહિબ સબલ સુધીર,
તે વંદઉ જિનવીર. ૨૪—૧

જે જિન દેઇ વરસીદાન, મૂકી સયલ સજન ધન ધાન,
પામ્યા કેવલન્યાન,
ઉજ્જલ કજ્જલ કનક સમાન, નીલ વરણુનઈ વિદ્રુમવાન,
ઈમ બોલઇ કવિ માન;
અતીત અનાગત નઇ વર્તમાન, જેહનું નાવઈ સંખ્યા માન,
અતિશય મહિમાનિધાન,

**વિજયદેવગુરૂ** સૂરિ પ્રધાન, જેહનઇ ધ્યાયઇ નિર્મલ ધ્યાન,
તે દીઅઉ **જિનવર** દાન. ૨૪-૨

જેહથી જાણુઇ **સુત્ત** પુરાણ, જ્યોતિષ વૈદ્યક કાવ્ય પ્રમાણ,
સકલ સૃષ્ટિ બંધાણ,
અવની અંબર ઉદધિ પ્રમાણ, જેહથી લહીયઇ દેવવિમાન,
માનઈ રાઉલ રાણ;
હરઇ અંધારૂ જિસ જગિ ભાણ,જેણુઇ જાન માન હોઇ હરાણ,
તે વલી દપ સમાણ,
**વિજયસેનગુરૂ** સૂરિ સુજાણ, જેહનઇ વિત્તિ જેહનું ઠાણ,
તે દીપું જગિ જાણ. ૨૪-૩

જે **ચક્કેસરી** જે **અંબાઇ**, મહિયલિમાંહિ જે મહમાઇ,
જે **કાલિકા** કહાઇ,
શાસન કામઇ આવઈ ધાઇ, **માન** કહે એ જગની આઈ,
કવિજનકેરી માઇ;
જે નર નિરમલ નઇ નિરમાઇ, તેણુઇ ગ્રંથ ગીતે ગાઇ,
જેહથી સર્વ ભલાઈ,
**વિજયદેવગુરૂ** સુર સવાઈ, તેણુઇ નિરમલ ચિત્તઈ ધ્યાઇ,
તે તૂસઉ **સિદ્ધાઈ**. ૨૪-૪

## પ્રશસ્તિ

ઈમ સયલ જિનવર નાણ દિણયર દેવ દેવી સંત્થુઆ,
**શ્રીબુદ્ધિસાગર** સુગુરૂ શીસઇ **માનસાગરે** સંથુઆ;
**વિજયસેન** ગણધર તાસ જિનવર કરઉ સૌખ્ય પરંપરા,
તસ પદ નિરમલ કમલ દિનકર **વિજયદેવ** સુહંકરા. ૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## મંગલાચરણ

શ્રીજિન માત પિતા લંછન કરી, જન્મ પુરી ગુરૂ નામી અલંકરી;
ચઉવીશ જિન થુઇ આણુંદ કરી, રચીઇ ચઉવિહ સંઘ ક્ષેમ કરી. ૧

+ ૨ (રાગઃ—મનોહરમૂરતિમહાવીરતણી)

**વિમલગિરિમંડન ઋષભજિનેસર, નાભિરાયા મરૂદેવી** કુઅરૂ;
**વૃષભ**લંછન **વિનીતા**અલંકરૂ, થુણુઇ **શ્રીહીરવિજયસૂરીસરૂ**. ૧
નયરી **અયોધ્યા જિતશત્રુ** રાજઉ, **વિજયાનંદન** જગમિ ગાજીઉ;
**મયગલ**લંછનગજગતિ ચાલતો,સો **વિજયસેનસૂરિ** મનિ ભાવતો.૨
નયરી **સાવત્થી** જાણે સુરપુરી, રાય **જિતારી સેના** અલંકરી;
**શ્રીહીરવિજયસૂરીસર** સુખકરૂ,**શ્રીસંભવજિન તુરી** લંછન ધરૂ ૩
**અયોધ્યા** નરવર **સંવર**નંદન, **સિદ્ધાર્થા**સુત જિન **અભિનંદન**;
**શ્રીવિજયસેનસૂરિ** આનંદન, **વાનર**લંછન ભવતાપ ચંદન. ૪
નયરી **અયોધ્યા**નૃપ **મેઘ**કુઅરૂ, **મંગલા**નંદન **સુમતિ** જિનેસરૂ;
**શ્રીહીરવિજય** પરમાણુંદ કરૂ, સો પ્રણમું **ક્રૌંચ**લંછન ધરૂ. ૫
**ધર**રાય **સુસીમા** કેરો નંદ, **પદ્મ**લંછન પદ્મા ઘઇ આનંદ;
**પદ્મપ્રભ**જિન **કોસંબી**રાય, **શ્રીવિજયસેનસૂરિ** નમઇ પાય. ૬
**વાણારસી**નયરી **પઇઠ્ઠ**ઇરાય, **પુહવી**સુત સોહઈ હેમકાય;
**સ્વસ્તિક**લંછન પ્રણમું **શ્રીસુપાસ,શ્રીહીરવિજયસૂરિ** પૂરઇ આસ.૭
**ચંદ્રપુરી**મંડન [1]**મહસેન**રાય, રાણી **લક્ષ્મણા**કેરો[2] જાય;
**ચંદ્ર**લંછન **ચંદ્રપ્રભ**જિણિંદ, જસ સેવઇ **વિજયસેનસૂરીંદ**. ૮
**કાકંદી**કેરો **સુગ્રીવ**કંત, **રામા**નંદન **સુવિધિ પુષ્ફદંત**;
**મીન**(નક્ર)લંછન ચંદ કુમુદવનિ, **શ્રીહીરવિજયસૂરિ** ધરઇ ધ્યાનિ. ૯

1 સિદ્ધસેન. 2 કૂખિ સોહાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભદ્દિલપુરાધીશ દ્દઢરથનરવરૂ, નંદાનંદન શીતલ જિનવરૂ;
વિજયસેનસૂરીસર સુખકરૂ, શ્રીવચ્છલંછન જગ શોભાભરૂ. ૧૦

સિંહપુરાધિપરાયનંદનો, માત પિતા નામ વિષ્ણુનંદનો;
ખડ્ગીલંછન શ્રેયાંસ જિનવરૂ, નમઇ હીરવિજયસૂરિ ગુરૂ.૧૧

ચંપાનયરી વસુપૂજ્યરાજીઉ, જયાનંદન વાસુપૂજ્ય ગાજીઉ;
મહિષલંછન ત્રિજગમંગલકરૂ, ગુણ થુણઇ વિજયસેનપુરંદરૂ. ૧૨

કૃતવર્મ રાજા કાંપિલપુરધણી, શ્યામારાણી કૂખી સુરમણી;
શૂકરલંછન સેવઈ સુરધણી, વિમલ હીરવિજયકજ દિનમણી. ૧૩

નયરી અયોધ્યા સિંહસેન ભૂપતિ, સુયશારાણી જાઉ દિનપતિ;
સેનાંકિત વિજયસેનસૂરીવરૂ, અનંત સુખદાતા અનંતજિનેસરૂ. ૧૪

[1]રત્નપુરભૂભૂષણ ભાનુરાય, સુવ્રતારાણી [2]કૂખિ સોહાય;
વજ્રાંકિત ધર્મજિણિંદ દેવ, શ્રીહીરવિજયસૂરિ કરઈ સેવ. ૧૫

ગજપુરાધિપવિશ્વસેનનરવરૂ, અચિરાનંદન મૃગલંછનધરૂ;
ત્રિજગજન શાન્તિકરૂ જગદીશ્વરૂ, વિજયસેનસૂરિ શુભ સુખકરૂ. ૧૬

ગજપુરાવનિમંડન સુરરાય, શ્રીદેવી સોહઇ જિન કુન્થુ માય;
છાગલંછન સોવનવન્નકાય, શ્રીહીરવિજયસૂરિ નમઇ પાય. ૧૭

સુદર્શનરાજા દેવીમાત, નંદાવર્તલંછન જગવિખ્યાત;
ગજપુરી ષટ્ખંડ પુહવીપાલ, અરજિન કહઇ વિજયસેન કૃપાલ. ૧૮

મિથિલાધિપ શોભઇ કુંભભૂપ, પ્રભાવતીરાણી અતિ સ્વરૂપ;
સુતા મલ્લિજિન કુંભલંછનધરૂ, શ્રીહીરવિજયસૂરિ સુખકરૂ. ૧૯

---

1 રત્નપૂરભૂષણ. 2 કેરૂ જાય.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાજગૃહિનયરી સુમિત્રરાય, પદ્માદેવીકૂખિ અતિ સોહાય;
મુનિસુવ્રત કૂર્મલંછન ધરૂ, કહઇ વિજયસેનસૂરિગુરૂ. ૨૦
મિથિલાધિપ વિજયનરેશ નંદ, વિપ્રા સુખસાગર પૂર્ણચંદ;
નીલોત્પલલંછન હેમવર્ણ, [1] શ્રીહીરવિજય નમિજિન પ્રસન્ન. ૨૧
શૌરીપુર સમુદ્રવિજયનરીંદ, શિવાદેવીનંદન નેમિજિણંદ;
શંખલંછન જલધર ઘન સમાન, કહઇ વિજયસેનસૂરિ પ્રધાન. ૨૨
વાણારસી અશ્વસેનરાય, વામાનંદન પ્રણમઇ વિશ્વપાય;
નાગલંછન નાગપતિ કરઇ સેવ, શ્રીહીરવિજય નમઇ પાસદેવ. ૨૩
રાય સિદ્ધારથ ત્રિશલા કુઅરૂ, સિંહલંછન વીર મનોહરૂ;
ક્ષત્રિકુંડગ્રામ શોભાભરૂ, સેવઈ વિજયસેન સંઘસુખકરૂ. ૨૪
×દો ધવલા [2] દોઅ રત્તડા, દોઇ મેઘ સમા દોઇ નીલડા;
જિન સોલઇ સોવનગિરિ સમાન, કહઇ હીરવિજયસૂરિ યુગપ્રધાન૨૫
સત્તરિ સઉ જિનવર જાણીઈ, ઉત્કૃષ્ટઇ કાલિ વખાણીઇ;
જિનવચનિ વીસઈ વિહરમાન, [3] કહઈ વિજયસેનસૂરિ પ્રધાન. ૨૬
જક્ખ જક્ખણી શાસનશ્રુતધરા, જય ચઉવિહ સંઘ સાંનિધિકરા;
ભણઇ હીરવિજયસૂરિ ગણધરા, જય ક્ષેમકુશલ મુનિ સુખકરા. ૨૭

## પ્રશસ્તિ.

ચઉવીશ જિનવર ત્રિજગહિતકર જયસિરિ શોભાભરા,
પંચ બોલઈ ગુરૂનામ ગર્ભિત સંસ્તવ્યા ક્ષેમંકરા;

---

1 હીરવિજય નમઇતિ પ્રસન્ન. × ૧ થી ૨૪ સુધીની ક્રમસરથી શ્રી-ઋષભદેવભગવંતથી શ્રીવર્દ્ધમાનભગવાન સુધીની સ્તુતિ–થોયો છે. ૨૫–૨૬ અને ૨૭ મી ગાથા દરેક ગાથાની સાથે ઉમેરવાથી ૨૪ જિનના સ્તુતિ–થોયોના જોડાઓ થાય છે. 2 દોઈ 3 કહી શ્રીહીરવિજય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બહુ ભક્તિ આણી ત્રિકાલ થુઇયે ભણુઇ ગુણુઇ સાંભલઇ,
કેવલકમલા [1]મુક્તિ વિમલા ક્ષેમકુશલિ તે મિલઇ. ૧

## મંગલાચરણ.

શ્રીશાન્તિજિનેસર ભગતિ પ્રણમી પાય,
સમરૂં તિમ સરસતી કવિજનની જે માય;
અનુદિન નિજ ગુરૂને ચરણે નામી શીશ,
ભવસાયર તરવા સ્તવશું જિન ચઉવીશ.

+ ૩ ( રાગઃ—શત્રુંજયમંડનઋષભજિણંદદયાલ. )

પહેલું નિત પ્રણમું આદીશ્વરજિનરાય,
સુર દાનવ માનવ પ્રણમઇ જેહના પાય;
મરૂદેવીનંદન મંદરગિરિ જિમ ધીર,
ત્રિભુવનજનનાયક સાગર સમ ગંભીર. ૧

ગજલંછન બીજઉ પ્રણમું અજિતજિણંદ,
મુખપંકજ સોહઇ જાણે પૂનિમચંદ;
સંકટ ભય ચૂરઈ પૂરઇ ભવિયણ આસ,
શિવરમણી પામ્યા મંગલકેલિનિવાસ. ૨

સંભવજિન ત્રીજઉ મહિમાવંત અપાર,
કરજોડી પ્રણમું ગુણહ તણઉ ભંડાર;
જસ નામ જપંતાં સીઝઉ વંછિત કામ,
નિજ કર્મ ખપાવી પામ્યા અવિચલ ઠામ. ૩

1 સ્તુતિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચઉથઇ **અભિનંદન** આપઇ સેવ્યઉ સિદ્ધિ,
જસ સમરણ કરતાં વાધઇ બહુલીબુદ્ધિ;
મહિમંડલી મોટઉ મહિમા મેરૂ સમાન,
ઉપશમરસ આણી પામ્યું કેવલજ્ઞાન. ૪

શ્રી**સુમતિ**જિનેસર ત્રિભુવનકેરૂ નાહ,
પંચમજિનનાયક ફેડઈ ભવદુહદાહ;
શુચિ ચંદ્રકલા જિમ નિરમલ ગુણભંડાર,
મન શુદ્ધિ પ્રણમું શિવરમણી ભરતાર. ૫

છઠઉ પરમેશ્વર **પદ્મપ્રભ**જિનરાય,
શુભ ભાવઈ સેવ્યઉ ભાજઇ ભવભડવાય;
ઋદ્ધિ રમણી છાંડી લીધઉ સંયમ સાર,
વલી કીધઉ જેણઇ કર્મતણઉ પરિહાર. ૬

પદ પંકજ પ્રણમઇ નરનારીના વૃંદ,
પ્રભુ ધ્યાનિ લીના ગુણ ગાઈ સૂર ચંદ;
વર સ્વસ્તિકલંછન સમરૂં સ્વામિ **સુપાસ**,
પંચાણું ગણધર ત્રિણ લાખ મુનિ જાસ. ૭

અવિચલપદકેરી પ્રગટી કીધી વાટ,
વર કેવલ પામી ટાલ્યા સવિ ઉચ્ચાટ;
શશીલંછન સોહઈ **ચંદ્રપ્રભ**જિનદેવ,
કરજોડી કરસ્યું તેહ તણી નિત સેવ. ૮

ભવ સંકટ ભંજણ ત્રાયક દેવદયાલ,
નવમઉ પ્રભુ પ્રણમઉ **સુવિધિનાથ** ચિરકાલ;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અઠ્યાસી ગણધર જેહુના અતિહિ સુજાણ,
ઊંચી જસ કાયા એક સઉ ધનુષ પ્રમાણ. ૯

**શીતલજિન** દસમઉ દરસણિ લીલવિલાસ,
સુરપતિ નરનાયક સરીખા જેહનઇ દાસ;
નિત નિત પાય પ્રણમઇ રાય રાણાના વૃંદ,
દુર્ગતિ દુઃખવારણ પ્રણમું મનિ આણંદ. ૧૦

**શ્રેયાંસજિનેસર** અદ્ભુત રૂપ અપાર,
વર સહસ ચઉરાશી સાધુતણઉ પરિવાર;
મનવંછિત પૂરણ કામકુંભ એ સાર,
બહુભગતિ પ્રણમઉ શિવરમણી દાતાર. ૧૧

વિદ્રુમ સમ સોહઈ દેહ કાન્તિ અતિ ચંગ,
પ્રહ ઊઠી પ્રણમઉં **વાસુપૂજ્ય** ભગવંત;
ભયભંજન સામી દેખી દીનદયાલ,
નિજ સેવક થાપઉ આપઉ સુક્ખ રસાલ. ૧૨

વર રૂપ અનોપમ સુંદર સુરતિ જાસ,
મનવંછિતકામી સામી લીલવિલાસ;
**શ્રીવિમલજિનેસર** તેરસમઉ જિનચંદ,
મન રંગિ વંદઉ દરસણિ અતિ આણંદ. ૧૩

ધન કણ બહુ આપી દીધું વરસીદાન,
વર સંયમ લેઈ પામીઉં કેવલજ્ઞાન;
મનશુદ્ધિ વંદઉ **અનંતજિનેસરદેવ**,
જગગુરૂ જગનાયક સુરપતિ સારઈ સેવ. ૧૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિધિસું જિન વંદઉ **ધર્મનાથ** ગુણવંત,
ભવસંચિત પાતક ટાળી થયા ભગવંત;
ભવિયણ બહુ તારીયા ઉતારીયા ભવપાર,
જસ નામ જપંતાં ખૂટઇ પાપ અપાર. ૧૫

સોલસમઉ જિનવર **શાન્તિનાથ** અભિરામ,
પ્રભુ ધ્યાનઈ સીઝઇ વંછિત સઘલા કામ;
વર ચંદ્રકલા જિમ નિરમલ ગુણ અવદાત,
જગમાંહિ જેહનઉ મહિમા પ્રગટ વિખ્યાત. ૧૬

**શ્રીકુન્થુજિનેસર** પ્રણમું ગુણભંડાર,
પાંત્રીસ વર ગણધર સાઠિ સહસ અણગાર;
ભવસંતતિ ત્રૂટઈ જપતાં જેહનું નામ,
નિરમલ યશ વ્યાપઈ આપઈ અવિચલ ઠામ. ૧૭

**અરતિત્થેસર** ત્રિભુવનનાયક દેવ,
પૂજી પ્રણમીનઈ કીજઈ જિનવર સેવ;
સુર અસુર નરેસર વિદ્યાધરની કોડી,
મનિ ભાવ ધરીનઈ ગુણ ગાઈ કરજોડી. ૧૮

પ્રભુ ધ્યાનઈ લીનઉ ગુણ સમરૂં નિશદિશ,
**મલ્લિનાથ** તિત્થંકર નિત નિત નામું શીશ;
જગગુરૂ મુખ સોહઇ શારદપૂનિમચંદ,
કરજોડી પ્રણમઈ નર નારીના વૃંદ. ૧૯

બહુ ભગતિ પ્રણમું **મુનિસુવ્રત**ના પાય,
અષ્ટાદશ ગણધર ત્રીશ સહસ મુનિરાય;

Jain Education International          For Private & Personal Use Only          www.jainelibrary.org

સુખસંપદકારી પદ્માંત મલ્હાર,
ગુણસાગર સામી આપઈ શિવસુખ સાર. ૨૦

નમિનાથ તિત્થંકર કરૂણાસાગર દેવ,
સુરપતિ ગુણ ગાઈ હોયો તુમ પદ સેવ;
શિવરમણી વરીય ઉતરીઉ ભવપાર,
કુલદીપક જિનવર વિશ્વતણુઉ આધાર. ૨૧

શ્રીનેમિજિનેસર દશ ધનુ શ્યામ શરીર,
શંખલંછન સોહઈ મોહઇ ભવિયણ ધીર;
અવિચલ પદ પામ્યા દર્શન જ્ઞાન અનંત,
ભવિયણ જિન વંદઉ ભાવ ધરી ભગવંત. ૨૨

નિરમલ યશ કીરતિ વામાનંદન પાસ,
જગજીવન સામી પૂરઇ સેવક આસ;
ચઉસઠિ સુરનાયક સેવ કરઇ દિનરાતિ,
મનિ ઉલટ આણી નામ જપું પરભાતિ. ૨૩

જિનવર જે પૂજઇ નવિ પામઇ તે ખોડી,
તસ ઘરિ નિત વિલસઇ સુખસંપદની કોડી;
સિદ્ધારથનંદન સુંદર સાહસ ધીર,
મદ મત્સર ટાલી વંદઉ વિધિસું વીર. ૨૪

×વિદ્રુમ કુંદ સરીખા દો દો જિન અભિરામ,
મરકત ઘન સરીખા દો દો જિન ગુણધામ;

× ૧ થી ૨૪ સુધીની ક્રમસરથી શ્રીઋષભદેવભગવંતથી શ્રીવર્દ્ધમાન-જિન સુધીની સ્તુતિ–થોયો છે. ૨૫–૨૬ અને ૨૭ મી ગાથા દરેક ગાથાની સાથે ઉમેરવાથી ૨૪ જિનના સ્તુતિ–થોયોના જોડાઓ થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તિમ સોલસ સોહઇ કંચન સમ જગદીશ,
એ શાસનનાયક વંદિઉ જિન ચઉવીશ. ૨૫

નરવર વિદ્યાધર કિન્નર દેવ વખાણી,
નિરમલ ઉપશમરસ ગુણરયણની ખાણી;
નાનાવિધ દેશના ઉપના ભવિયણપ્રાણી,
સમજઇ ચિત્તિ આણી આજ્ઞામૂલ જિનવાણી. ૨૬

જિનશાસનમાંહિ સઘલઈ જે વિખ્યાત,
મનવંછિત પૂરઇ સંઘતણાં દિનરાત;
તિમ સેવકજનની પૂરઇ સકલ જગીશ,
જિનશાસનદેવી વિઘન હરો નિશદિશ. ૨૭

## પ્રશસ્તિ

તીર્થંકરકેરી ચઉવીશી એ સાર, નિભાવી ભગતિ પભણી ગુરૂ આધાર,
એ ભાવિ ભણતાં લાભઇ સંપદ સાર, એ ભાવિ ભણતાં [1]સઘલઇ જય જયકાર;
નવિ ઈન્દુ રમણી મણિમાણિક ભંડાર, હું એક જ માંગું આવાગમન નિવાર,
શ્રીતપગચ્છનાયક વિજયસેનસૂરીંદ, પદપંકજ પ્રણમું આણી પરમાણંદ,
તસ પાટ પ્રભાકર વિજયદેવસૂરિરાય, જસ નામ જપંતાં કાય નિરમલ થાય. ૧

ઇમ સ્તવ્યા ભાવઈ સકલ સુહકર જગત્રમંડન જિનવરા,
જે ભાવિ ભણસ્યિં અનઇ ગુણસ્યિં લહઈ સંપદ તે નરા;

1 પહુંચઈ સઘલા થોક.

**શ્રીવિજયવિમલ** બુધ શીશ શિરોમણી પંડિત **લાલજી ગણિવરૂ,**
તસ શીશ પભણઇ **કીર્તિવિમલ** બુધ ઋદ્ધિ વૃદ્ધિ મંગલકરૂ. ૨

+ ૪ ( રાગઃ—મનોહરમૂરતિમહાવીરતણી )

**સંરસ કોમલવાણી નિરમલી, સરસતી મુજ આપઉ અતિ ભલી;**
સાહિબ શ્રીવિજયદાનસૂરિતણુઉ, **ઋષભજિન** ધ્યાઉં રળીયા-
મણુઉ. ૧

**અજિતજિનવર** નવિ જીત્યા કિણુઈ વસ્યા **હીરવિજયસૂરિ** મનઇ;
તેહતણે ચરણે શિર નામઇ, અલવિસું શિવરમણી પામઇ. ૨
**વિજયદાનસૂરિસર** ગુરૂ મિલ્યઉ, ભવ અનંત ભ્રમણ દૂરઉ ટલ્યઉ;
**સંભવજિનવર** મુજ ઉલખાવીઉ, સુરતરૂ જાણુ કરતલિ આવીઉ. ૩
**હીરવિજયસૂરીસર** ગુણુનીલઉ, મુખ અનોપમ પૂનિમચંદલઉ;
ઇસા પૂજ્યતણે સુપસાઉ લઈ, **અભિનંદનજિન** પ્રણુમું પાઉલઈ. ૪
**વિજયદાનસૂરીંદઇ** હું ઉધર્યંઉ, મૂરખ ટાળી જાણીતઉ કર્યંઉ;
**સુમતિજિનવર** ચરણુ જુહારીઈ, સુગુરૂનઉ ઉવચાર સંભારીઇ. ૫
**હીરવિજયસૂરિ** આણા હીઇ ધરૂ, **પદ્મપ્રભજિનવર** થુઈ કરૂં;
સુકૃત સબલ સહી પોતઈ ભરૂં, વિષમ ભવસાયર સહજઇ તરૂં. ૬
**વિજયદાન** અહો ! બુદ્ધિ તાહરી, મોહનિદ્રા ટાળી માહરી;
**શ્રીસુપાસ** ભેટાડીઉ અતિભલઉ, જિન નમી થયઉ આજ હું નિરમલઉ.।
ચંદ્રતણી વરિ ચંદ્રવદન સદા, **ચંદ્રપ્રભજિનવર** પ્રણુમું મુદા;
**હીરવિજયસૂરિ** ગુણુ કેતા કહું, જિસુ પસાદઇ જિનસેવા લહું. ૮
**વિજયદાનસૂરીશ્વરી** મેળવ્યા, **સુવિધિજિન** શિવપુરી આપઈ તવ્યા;
**તિણુઇ કારણી ગુણુ ગાઉં વલી વલી, પદકમલલિ શિર નામું લળી લળી.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શીતલ** સુખદાયિક દસમા જિન, **હીરવિજયસૂરિ** ધ્યાઈ ધિન;
ગુણ અમૃતરસ ઘટ ઘટ પીજીઇ, વીતરાગ તવી ફલજીઇ. ૧૦
**વિજયદાનતણુઉ** પ્રભુ જાણીઈ, તિણુભુવન **શ્રેયાંસ** વખાણીઈ;
સબલ પુન્ય પોતઈ હુઉઇ જેહનઈ, મિલઈ એહવા અરિહંત તેહનઇ. ૧૧
**વાસુપૂજ્યજિનેન્દ્ર** મનોહરૂ, ભજઉ ભવિકા કામિત સુરતરૂ;
**હીરવિજયસૂરીશ્વર** વાંદીયા, ધરી પ્રેમ હૃદય આણુંદીયા. ૧૨
**સહજિવિમલ વિમલજિન** ધ્યાઈઈ, વિમલ સુખગુણ તવ પાઇઇ;
**વિજયદાન** અહો નાગરપણું, નિતું સરૂપ વખાણુઈ જિનતણું. ૧૩
કાલ અનંત હું મોહિ વિનાણીઉ, નરજનમ સફલઉ આજ માનીઉ;
**અનંતજિનવર** જઉ મનિ આણીઉ, **હીરવિજયસૂરિથી** જાણીઉ. ૧૪
**વિજયદાનસૂરિ** ગુણ આગર, તેહ તણુઉ હું ચરણુસેવાકર;
**ધરમનાથ** નમું જિન પનરમા, અતહિં વલ્લભ ચિંતામણી સમા. ૧૫
જપું જુગતઇ **શાન્તિ** સોહામણુઉ, **હીરવિજયસૂરિ** સુખકારણુઉ;
સંકટ વિકટ વિષમ દુઃખ વારણુઉ, ભવિક જનનઇ ભવજલતારણુઉ. ૧૬
**કુન્થુનાથ** સુણુઉ કહું વિનતિ, જનમના દુઃખ ટાલઉ જિનપતિ;
તુજ ચરણિ રંગરાતઉ હું અતિ, **વિજયદાન** મિલ્યઉ જઉ મુજ યતિ. ૧૭
**હીરવિજયસૂરિનઉ** નાયક, **અર** અઢારમઉ શિવસુખદાયક;
વલી વલી કહું રસને બાપડી, જપતિ પ્રભુ મ રહે એકા ઘડી. ૧૮
**મલ્લિ** મૂરતિ જોતાં પ્રભુ તાહરી, સકલ આસ ફલી આજ માહરી;
**વિજયદાનસૂરિ** મતિ તું વસ્યઉ, કંચનમૂડિ કોપરિ મણિક જિસઉ. ૧૯
અહો અહો ગોયમ સમ અવતર્યઉ, **હીરવિજયસૂરિ** સમતારસ ભર્યઉ;
**મુનિસુવ્રત** આરાધન વિધ કહઇ, ભવિકજન સદહી સુખ બહુ
લહઇ. ૨૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**વિજયદાનસૂરીશ્વર** રાજીઉ, ત્રિણુ ભુવન જસ મહિમા ગાજીઉ;
એહનઈ રાજઈ હું આણુંદીઉ, **નમિ** નિરૂપમ જઉ મઈ વાંદીઉ. ૨૧

માયતાય બાંધવ તું મુજ ગુરૂ, **હીરવિજયસૂરિ** અતિ વાલ્હેસરૂ;
ચરણુસેવા નવિ મૂકું કદા, એહનઇ મહિમાઇ **નેમિ** નમું સદા. ૨૨

પ્રગટ મહિમા **પાસજિણુંદનઉ**, તારક **શ્રીવિજયદાનસૂરીંદનઉ**;
ધ્યાન કરતાં ભ્રવ સંકટ ટલઇ, વાંછિત સુખ સંપત્તિ આવી મિલઇ. ૨૩

**હીરવિજયસૂરિ** ધ્યાનઈ રમઉ, જિણુઈ મેલ્યઉ **વીર** ચઉવીસમઉ;
અશુભ કરમની રાશી સવે ટલી, જિન જુહાર્યા પહુતી મનિ રૂલી. ૨૪

×ભરતાદિક દશ ખેત્રે ત્રિકાલના, સગ સઈવીશ સદા પ્રણુમું **જિના;**
**વિજયદાનસૂરીંદિ** વખાણીયા, તેહતણા ગુણુમઇ મનિ આણીયા. ૨૫

**વિજયદાનસૂરિ આગમ** કહુઈ, **હીરવિજય** પ્રમુખ સહુ સદહુઈ;
જિનતણા અવદાત જહાં પામીઇ, ઇસા શ્રુતનઇ નિતુ શિરનામીઇ. ૨૬

**વિજયદાનસૂરીશ્વર** સુંદરૂ, **હીરવિજયસૂરિ** પાટી પટોધરૂ;
એહનઉ ચઉવિહ સંઘ જે જિન તવઈ, **શ્રુતદેવી** તસ વાંછિત પૂરવઇ. ૨૭

## પ્રશસ્તિ

ઝગમગતિ યશ જગમાંહિ જેહનઉ, જયઉ જગજી મુનિવરૂ,
ગોયમ સોહમ સરિસરૂ, જેણુઇ મેલ્યવ્યાએ ગણુધરૂ;
જિસુ પ્રસાદઈ તવ્યા જિનવર, **સહજવિમલ** આણુંદીઉ,
ભ્રવ સંઘ સહિત **વિજયદાન-સૂરીંદ** પહુ વિજયઉ જયઉ. ૧

× ૧ થી ૨૪ સુધીની ક્રમસરથી શ્રીઋષભદેવભગવંતથી શ્રીવર્દ્ધમાન-જિન સુધીની સ્તુતિ–થોયો છે. ૨૫–૨૬ અને ૨૭ મી ગાથા દરેક ગાથાની સાથે ઉમેરવાથી ૨૪ જિનના સ્તુતિ–થોયોના જોડાઓ થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

+ ૫

ઋષભદેવજિનં જિનનાયકં, વિજિતદુર્જયમન્મથસાયકં;
પ્રણુત માનવ દાનવ નાયકં, ભજત પાપહરં શિવદાયકં. ૧
અજિતનાથજિનં જનશંકરં, દ્વિરદલાંછન ચરણ(પાદ ?) શુભં કરં;
કનકકાન્તિ[1]શરીરમનોહરં, નમત ભવ્યજના શિવમંદિરં. ૨
સંભવનાથજિનં સુરપૂજિતં, શ્રવણહારી મનોહર કૂજિતં;
સાવત્થીનગરીનો(?) રાજીયો, તુરગલાંછન નાથ સદા જયો. ૩
અભિનંદનજિનચંદન શીતલં, દરિસન જેહનું દીપે નિરમલં;
પૂરવ લાખ પચાસનું આયુષં, ભવિજનને સેવ્યો દીઈ શિવસુખં. ૪
સુમતિનાથજિનેશ્વર પાંચમો, ભાવે ભવિયણ કરજોડી નમો;
મૂરતિ મોહનગારી(છે) જેહની, સુરતીની બલિહારી(છે) તેહની. ૫
શ્રીપદ્મપ્રભનાથ મયા કરી, સેવકની દીલ ધારો(ર તું) ચાકરી;
મનુષ દેહી અઢી શત દીપતી, સુંદર કાંતિ પ્રવાલ(ને) જીપતી. ૬
સ્વામી સુપાસ સુણો મુજ વિનતિ, નિશદિન [2]તુમને કરૂં હું નતિ;
નિર્મલ નાણ નિશાનને દીજીયે,તુજ વાણી(વચો) રસ(નો) ઘટ પીજીયે ૭
શ્રી(જિન)ચંદ્રપ્રભચંદ્રસમ પ્રભં, ચરણે લાંછન ચંદ્ર શોભે શુભં;
નગરીચંદ્રાનનો ધણી, સેવકની પૂરે ઈચ્છા (ઘણી) ઘણી. ૮
સુવિધિનાથજિનેશ્વર વંદીઈ, ઘનચિરાર્જિત પાપ નિકંદીઈ;
જિનશાસન ગગને દિનમણી, નગરીકાકંદીનો છે (એહ)ધણી. ૯
જિન શ્રીશીતલનાથ સુખાકરૂ, શીતલવાણી ભવિજનભયહરૂ;
શીતલતા નયને હુઈ અતિઘણી, જિમ દેખો પ્રભુ દર્શન શશીમણી. ૧૦

1 કાન્તિ મનોહરં સુંદરં. 2 તુમ્હને ભાવે કરૂં નતિ–ભાવે કરૂં તવ વિનતિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રીજિનરાજ શ્રેયાંસ ઈગ્યારમો, ખડ્ગીલાંછન ભક્તે (ભવિ) નમો;
વરસ લાખ ચોરાશી છે જીવિતં, માનવ દાનવ વાસવસેવિતં. ૧૧
શ્રીવસુપૂજ્યનૃપાંગજ સુંદરં, ધનુષ સિત્તરી માન મનોહરં;
મહિષાસુર ચરણે આવી વસ્યો?, સબલાને શરણે તસ ભય કિસ્યો. ૧૨
વિમલનાથ નમું વિમલાનનં, વિમલતા નયને જસ દર્શનં;
શ્રવણ યુગલ પાવન (જે) ઘણાં, નિસુણી પ્રભુવયણ સોહામણાં. ૧૩
અનંત શ્રીજિનસ્યું મન મેલીયે, દૂધમાંહે જિમ સાકર ભેલીયે;
સાચો રંગ કરારી જાણીયે, ખોટો રંગ પતંગ વખાણીયે ?. ૧૪
ધર્મજિનેશ્વર ધર્મ ધુરંધરૂ, ધરીઈ ધર્મ સનેહ જિનેસરૂ;
રતનપુરીનો નાયક સોહતો, કંચન કાન્તિ સદા મનમોહતો. ૧૫
શાન્તિજિનેશ્વર સાહિબ સોલમો, સારંગલાંછન ચક્રી (જે) પાંચમો;
વરસ લાખનું જીવિત જેહનું, ધનુષ ચાલીસ માન છે દેહનું. ૧૬
સૂરનૃપાંગજ કુન્થુજિનેશ્વરં, ભવિક સેવ (તું) વિશ્વકૃપાકરં;
મન કાય સુસ્થિર કરી સેવીયે, શિવરમા વિમલા (ઝટ) પાવીયે. ૧૭
અરજિનો ભવવારિધિ તારકો, ઈતિ અનીતિ અધર્મ નિવારકો;
ભવિકપંકજ કાનન બોધતો, ધ્યાનાનલ આતમ શોધતો. ? ૧૮
મહિમા મલ્લિજિનેસર અતિ ઘણો, નીલકમલદલ દેહ સોહામણો;
જિનપદ કુમરીરૂપે ભોગવ્યું, બાલપણાથી બ્રહ્મવ્રત અનુભવ્યું. ? ૧૯
સુવ્રત શ્રીમુનિસુવ્રત ધારકં, પ્રણમું પ્રેમે ભવિજન તારકં;
અકલકલા દીસે પ્રભુ તાહરી, રાગ રહિત શિવનારી તેં વરી. ? ૨૦
શ્રીનમિનાથ નમું પરમેશ્વરં, મિથિલાપુર અધિકારી જિનેસરં;
વરસ સહસ દશનું જીવિતં, ધનુષ પન્નર ધારી સુરનતં. ? ૨૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બ્રહ્મચારી સિરીનેમિજિનાધિપં, વંદુ વેગે પ્રણુત સુરાધિપં;
સમુદ્રવિજય નૃપ નયનાનંદનં, માતા શિવાદેવી ચિત્ત જ ચંદનં. ? ૨૨
પુરિષાદાણી પાર્શ્વજિનોત્તમં, નિર્મલ ભાવે પૂજો ધૃતે શમં;
ચરણુકમલ પ્રણુમે જે સ્વામિના, પાતિક ચૂરે પૂરે મનકામના. ? ૨૩
વર્દ્ધમાન નમું શ્રીચરમં જિનં, જનત્રિભુવન માનસ રંજનં;
શ્રીજિનશાસન ભાસન જગધણી, ગૌતમ જાસ ગણુધર મહામુણી. ?૨૪
×શ્રીઋષભઆદિક જિનવર જે થયા, પાતિકપંક ધોઈ નિરમલ ભયા;
ચઉદરાજ અલગા જઈને વસ્યા, ધ્યાનગુણે [1] મનમંદિર ઉલ્લસ્યા. ? ૨૫
અરથથકી અરિહંતે ભાખીયા, સૂત્રથકી ગણુધરમુનિ દાખીયા;
આગમ પિસ્તાલીસ સોહામણાં, સાંભલતાં લીજે તસ ભામણાં. ? ૨૬
કટિ તટિ મેખલ ખલકે ઘૂઘરી, રમઝમ કરતી ચરણે નુપૂરી;
રૂપે [2] સુંદર શાસનની સુરી, શ્રીકલ્યાણુસાગરસૂરિ જયકરી. ? ૨૭

---

+ ૬ ( રાગઃ—શત્રુંજયમંડનઋષભજિણંદદયાલ )

સિરિઆદિજિનેસર　　ભુવનદિનેસરદેવ,
સુર અસુર નરેસર સારઇ જેહુની સેવ;
પ્રભુ દેહ પ્રભા કરી દીપઈ જિમ કલ્યાણુ,
જિનનામ જપંતાં હુઈ અહનિશિ કલ્યાણુ.　　૧
જિન વિજયાનંદન નંદનવન શુભ છાય,
જગજનનાનંદન શ્રીનંદન સમ કાય;

---

× ૧ થી ૨૪ સુધીની ક્રમસરશ્રી ઋષભદેવભગવંતથી શ્રીવર્દ્ધમાન જિન સુધીની સ્તુતિ—થોયો છે. ૨૫—૨૬ અને ૨૭ મી ગાથા દરેક ગાથાની સાથે જોડવાથી ૨૪ જિન સ્તુતિ—થોયોના જોડાઓ થાય છે. 1 ગમ. 2 રૂડી.

Jain Education International　For Private & Personal Use Only　www.jainelibrary.org

દુર્ગતિતરૂ કંદન ચંદન સમ સુખવાય,
ભવભીતિ વિભેદન વાંદીજઈ જઈરાય. ૨

ભજીઈ વિભુ સંભવ વિભવ વિમા દાતાર,
અતિરૂપ અનૂપમ **શ્રીસંભવ** અવતાર;
ભવદવ પરિદાહન અભિનવ દવ અનુકાર,
વર કેવલ કમલા ગલ કમલાવલી હાર. ૩

જિનવર વરદાયક **અભિનંદન** પ્રણમીજઈ,
ભવરૂપ ભયંકર વનમાંહિ ન ભમીજઈ;
ગુણગણના ઘાતક પાતક દૂર ગમીજઈ,
રમણીય શિવરમણી સાથઈ રંગ રમીજઈ. ૪

પંચમગતિદાયક પંચમનાણ ધરંત,
પંચિંદિય જય કરી ત્રોડ્યાં કર્મ અનંત;
**શ્રીસુમતિ**જિનેસર કેશર સમ તનુ વાન,
ભાવઈ કરી ભેટઈ તે થાઈ ભગવાન. ૫

પદમાનન સોહઈ **પદમપ્રભ** અરિહંત,
પદમાકર સાકર રસ સમ વયણ વહંત;
નવહેમપદમમાંહિ જિનપદ પદમ ધરંત,
ધન તે નર નારી જે પ્રભુ નિત સમરંત. ૬

શ્રમણાદિક દ્વાદશ પર્ષદ હર્ષદ જાણ,
ભવ પાસ વિછોડન મોડન મનમથ માણ;
પ્રહ ઊઠી પ્રણમઈ જે જિન નામ **સુપાસ**,
ભવિજન તે પામઈ અવિચલ સુખ ઉલ્લાસ. ૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચંદ્રાનન ચિત્તહર **ચંદ્રપ્રભજિનચંદ**,
જિનશાસન સાયર ઉલ્લાસન નવચંદ;
જસ જશ અતિનિર્મલ જિમ શારદકો ચંદ,
જિનચરણ નમંતાં છૂટઇં ભવનો ફંદ. ૮

બહુ વિધિસું વાંદુ **સુવિધિનાથ** ભગવંત,
નિત નવનિધિ થાઇં જાઇં દુરિત દુરંત;
મુગતાફલ નિર્મલ ગુણગણ જસ સોહંત,
અતિ ઉજ્જવલ ઉત્પલદલ સમ તનુ [1]ઝલકંત. ૯

રત્તુપલ કોમલ ચરણકમલ અતિસાર,
જસ મંગલ કમલા કેલિ કરણ આગાર;
ભવતાપ સંતાપિત શીતલ હરિ અનુસાર,
**શ્રીશીતલ**જિનવર નમતાં સુખ અપાર. ૧૦

**શ્રેયાંસ**જિનેસર નમીઇં ગમીઇં પાપ,
ટાલઇં જે જલ જિમ મોહાનલ સંતાપ;
ભયભીડ વિભંજન રંજન સજ્જન લોક,
જાણઇં વરનાણઇં જે સવિ લોકાલોક. ૧૧

ત્રિભુવન ઉપગારી વારી મોહ વિકાર,
તીર્થંકરપદવી જિણે પામી અતિસાર;
**વાસુપૂજ્ય**જિનેસર અમરેસર અનુરૂપ,
પ્રણમંતા પામઈ અવિચલ ઋદ્ધિ અનૂપ. ૧૨

જગ જનતા માનસ માનસસરવર હંસ,
કૃતવર્મ મહિપતિ નિર્મલ કુલ અવતંસ;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અતિ સુંદર મૂરતિ સૂરતિ રતિપતિ જોડ,
શ્રીવિમલજિનાધિપ નમીઇ બે કરજોડ. ૧૩

કરુણારસ ભરિયો દરિયો જેમ મહંત,
ધ્યાનાનલ સેતી પાતક ગહન (વન ?) દહંત;
ચઉદસમો જિનવર નામઈં જેહ અનંત,
સાહિબ સેવંતા લહિઈં સુખ અનંત. ૧૪

ઘન કર્મ કુકર્દમ શોષણ ઘર્મ સમાન,
નિત સિદ્ધિવધૂસું નર્મ કરઈં ભગવાન;
ચઉમુખ જિનભાસઈ ચઉવિહ નિરમલ ધર્મ
ચઉગતિ દુઃખવારક નમીઇ શ્રી જિનધર્મ. ૧૫

ચારિત પરિચારક ચિત્ત ભીતરિ સંચારી,
બહુ ચતુર ચકોરહ ચંદરોચિ અનુચારી;
અચિરાસુત ચરણે જે ચિર પરિચયકારી,
નિશ્ચય તે ચેતન હુઇ પંચમગતિચારી. ૧૬

મનમથ પરિપંથી નાશન પૃથિવીનાથ,
પરમારથપંથી સાથતણો જે નાથ;
દુત્થિઅહર સુણતાં કુન્થુનાથજિન નામ,
અનરથ સવિ જાઇ થાઇ થિર ઘન ધામ. ૧૭

વસુધાતલ વરસઈં વચન સુધારસપૂર,
જેહથી મદ માચઈં નાચઈં વિબુધ મયૂર;
શ્રીઅરજિન જલહર સિંચઇ પુણ્ય અંકૂર,
જાઇ જગ જનનઇં કુમતિ તપતિ સવિ દૂર. ૧૮



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જલ જલણ ભયાદિક સંકટ સકલ પલાઇં,
કલિ કલુસ વિલાઇં કેવલનાણ મિલાઈં;
મલ્લિસર ચરણે જે અવિકલ લય લાઈ,
વર મંગલમાલા ગલ તેહનઈ લહલાઇ. ૧૯
શ્રીજિનમુનિસુવ્રત તીવ્ર કિરણ જયવંત,
જસ દરસન દેખી ભવિકકમલ વિકસંત;
સુવ્રત મુનિચકવા ચિત્ત આણઇ આણંદ,
સમકિત દિન પ્રગટઈ ઘટઇ કુમતતમવૃંદ. ૨૦
નમઈ નમિ નામઈ શ્રીજિન નામી શીસ,
જગદાયક નાયક જગબંધવ જગદીશ;
નિજવંશ વિભાકર કરમ દાવાનલ મેહ,
શારદશશી સુંદર કીરતિ કન્યા ગેહ. ૨૧
હરિવંશ દિવાયર સાયર જિમ ગંભીર,
જિણે જીતો હેલઇં મોટો મનમથ ધીર;
નિજ નારી સેતી પોહતો જે શિવદેશ,
તો પિણ બ્રહ્મચારી તે નમું નેમિજિનેશ ૨૨
મહીમાંહી મહિમા જેહનો જન સુપ્રસિદ્ધ,
શ્રીપાસજિનેસર સેવંતા સવિ સિદ્ધ;
દેવી પઉમાવઈ ભાવઈં સેવઇ જાસ,
સવિ સંકટ ચૂરઇ પૂરઇ ભવિજન આસ. ૨૩
ત્રિભુવન જન જીપત વીર મહીધર ધીર,
હેલઇં ભવ દરિયો તરિયો જેણિ ગભીર;
સિદ્ધારથનૃપ કુલ ગયણ વિભાસન હંસ,
પ્રભુ ધ્યાન ધરંતા વાધઇ બહુ ધન વંસ. ૨૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

×અવતરણ જમ્મણ દિઠખા નાણુ નિવ્વાણ,
કલ્યાણક પાંચે જસ જસ કારણ જાણ;
હુઆ વલી હોસ્યઇ વર્તમાન જિન જેહ,
વાંદિજઈ દિન દિન દોલતિદાયક તેહ. ૨૫
જિનવર જે ભાજીઈ અર્થ વિચાર અનંત,
અંગાદિક ગૂંથઇ ગણધર સૂત્ર મહંત;
દિનકર પરિ દીપઈ છીપઈ કુમત અંધાર,
ભગતઈ કરી ભણીઈ શિવપુર દાર ઉદાર. ૨૬
**ચક્કેસરી** પમુહા જે જિનશાસનદેવી,
મહારિદ્ધિ મહાસુખ સુર પરિવારઈ સેવી;
સંઘ વિઘન નિવારઈ મહીયલ મંગલકાર,
કવિ **મેઘવિજય** કહઈ સમરો વારંવાર. ૨૭

## પ્રશસ્તિ.

ઇમ થુણ્યા જિનવર સયલ સુખકર ચઉવીસઇ અતિ સાર એ,
કલ્યાણ કોડિ સમૃદ્ધ આપઇ જાપઈ જે જસકાર એ;
**તપગચ્છનેતા** કુમત જેતા **વિજયદેવસૂરિંદ** એ,
તસ પટ્ટ શોભાકરણ પરગટ **વિજયસિંહમુણિંદ** એ,
કવિ રૂપ બુદ્ધિ અનૂપ દીપઈ **કૃપાવિજય** જયવંત એ,
તસ શિશ **મેઘવિજય** પયંપઇ જયો જયો ભગવંત એ. ૨૮

× ૧ થી ૨૪ સુધીની ક્રમસરથી શ્રી ઋષભદેવ ભગવંતથી શ્રી વર્દ્ધમાનજિન સુધી સ્તુતિ–થોયો છે. ૨૫–૨૬ અને ૨૭ મી ગાથા દરેક ગાથાની સાથે ઉમેરવાથી ૨૪ જિનસ્તુતિ–થોયોના જોડાઓ થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

+ ૭ ( રાગઃ—શત્રુંજયમંડનઋષભજિણંદદયાલ )

શ્રીઋષભજિનેસર કેશર ચરચિત કાય,
ત્રિભુવન પ્રતિપાલે બાલકને જિમ માય;
સુંદર સોવન જિમ ધનુષ પાંચસે કાય,
તે જિનવર મુજને આપો સુમતિ પસાય. ૧-૧

હોય શશીકર વરણા હોય જિન હિંગુલ છાય,
હોય નીલક વાને શામલ હોય સુહાય;
ઉત્તમ કંચન જિમ પીલા સોલ કહાય,
પ્રેમે તે પ્રણમો ચોવીશે જિનરાય. ૧-૨

જિનવરની વાણી મીઠી અમીય સમાણી,
નિસુણો ભવિપ્રાણી મન મલ નાશન પાણી;
જેહમાંહી વખાણી સદ્દહણા ગુણખાણી,
સદ્દહણાપાખે સકલ ક્રિયા અપ્રમાણી. ૧-૩

શારદશશી વયણી મૃગનયણી શુચિદેહ,
જિનભક્તિ કરેવા સાવધાન [1]થઇ જેહ;
સંઘ સાનિધ કરજો ચક્રેસરી ગુણગેહ,
શ્રીવિજયરાજસૂરિ શિષ્ય ઉપર ધરો નેહ. ૧-૪

શ્રીઅજિતજિનેસર સાર્થક જેહનું નામ,
માતા પિણ જીતી ગર્ભબલે ગુણધામ;
મોહાદિક વયરી જિણે જીત્યા નિજ જોર,
તે સાહિબ બીજો મુજ મન વનનો મોર. ૨

1 નિત

Jain Education International     For Private & Personal Use Only     www.jainelibrary.org

ભવ ભવનો ભેદી અકળ સરૂપ અવેદી,
ન કદા નિરવેદી શિવવધૂ સંગ ઉમેદી;
દુઃખ દુરિત વિછેદી અતિશયવંત અખેદી,
સેવો **સંભવજિન** વસ્તુ સકલનો વેદી. ૩

જિનવર **અભિનંદન** ચંદન જિમ જસ વાસ,
સંવરનૃપનંદન પાપનિકંદન ખાસ;
જગ જન આનંદન નંદનવન પરે જેહ,
નિતુ વંદન કરિયે ધરિયે પૂરણ નેહ. ૪

સુમતિ ગુણ ગહિયે સુમતિ કીરતિ [1]ધ્યાયે,
સુમતિ ગુણ ગહિયે સુમતિ અવગુણ જાયે;
ઓળખિયે સુમતિ વસ્તુ અવસ્તુ વિશેષ,
**સુમતિપ્રભુ** સેવો અહી સુમતિ [2]દિલરેખ. ૫

**પદ્મપ્રભસ્વામી** પદ્મ જિસ્યો મુખવાસ,
પદ પદ્મ નમે જે તસ ઘર પદ્માવાસ;
મણી પદ્મરાગ સમ અરુણ વરણ જસ દેહ,
મુજ માનસ પદમેં અચલ [3]રહો જિન તેહ. ૬

પૃથવીનો નંદન પૃથવીપતિ [4]નમે પાય,
પૃથવીમાં જેહનો સઘલે સુજશ ગવાય;
પ્રભુજી પૃથવી જેમ ગુણગણરયણ નિવાસ,
ભવિજન બહુ ભાવે સેવો દેવ **સુપાસ**. ૭

અષ્ટમ જિનનાયક **ચંદ્રપ્રભ** અભિધાન,
જસ વદન વિરાજે પૂર્ણચંદ્ર ઉપમાન;

---

1 થાયે. 2 વિહિ લેશ. 3 રહ્યો. 4 નત.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અદ્‌ભુત જસ કાયા ઉજ્જવલ જેહવો ચંદ્ર,
ચંદ્રલંછન સ્વામી મુનિજન કૈરવ ચંદ્ર. ૮

જિન **સુવિધિ**તણા પય સુવિધિ કરી આરાધો,
મદ મચ્છર મૂકી શિવપુર મારગ સાધો;
નવમો પ્રભુ નવમા રસનો [1]સાગર એહ,
નવમેહતણી પરે ટાળે દુરિતની [2]ખેહ. ૯

શીતલ મન જેહનું શીતલ જેહની દૃષ્ટિ,
શીતલ જસ વાણી માનું અમૃતવૃષ્ટિ;
જસ દર્શન દેખી તન મન શીતલ થાય,
તે **શીતલ**જિનના ગુણ ગાતાં દુઃખ જાય ૧૦

સુપ્રભાતે સમરો શ્રીશ્રેયાંસનું નામ,
જેહથી છે અલગા મદ મત્સર ને કામ;
નહિ ક્રોધ લોભ જસ અવિરતિ ને અજ્ઞાન,
રતિ અરતિ નહિ [3]તિમ નહિ ભય શોક નિદાન. ૧૧

વસુપૂજ્યધરાધિપ કુલ [4]ઉદયાચલહંસ,
પ્રણમે જશ અહનિશિ સુર નરના અવતંસ;
જયાદેવી ધન ધન, જસ સુત જગ શિણગાર,
**બારસમો** જિનવર ભવિજન મન આધાર. ૧૨

મન વિમલ કરી નિજ **વિમલ**નાથ ગુણ ભાવો,
ગુણ ભાવનયોગે આપ વિમલતા પાવો;
જિનવર ગુણધ્યાને જિન સમતા પામંત,
જિમ ભમરીધ્યાને ઇયલી ભમરી હુંત. ૧૩

---

1 સાર. ૨ રજ. 3 જસ. ૪ સૂર્ય.

Jain Education International		For Private & Personal Use Only		www.jainelibrary.org

જસ જ્ઞાન [1]અનંતુ દરિસન વીર્ય અનંત,
સુખ [2]તેમ અનંતુ બલ શરીર અનંત;
ગુણ જાસ અનંતા આપ સદાપિ અનંત,
ચઉદશમો જિનવર નમિયે તેહ **અનંત**. ૧૪

ધર્મીજન ધર્મે નિજ મન નિશ્ચલ કીજે,
ગુણ **ધર્મનાથના** ધર્મહેતુ સમરીજે;
જિમ કર્મ મર્મનો નાશ પલકમાં થાયે,
ચંદનરસયોગે ભરમ સકલ મિટ જાયે. ૧૫

**અચિરાનોનંદન** જગવંદન જિનરાય,
સોલસમો સ્વામી સમતાવંત સોહાય;
તીર્થંકર ચક્રી બે પદવીનો ભોગ,
અહો પૂરવ ભવનો પુણ્યતણો સંયોગ. ૧૬-૧

વ્યંતર ભવનાધિપ જ્યોતિષી જાતિ કહાય,
ચોથા વૈમાનિક સકલ મિલી સુરરાય;
જસ ભગતિ કરે બહુ હિત સુખ મુગતિને કાજ,
ત્રિવિધે તે પ્રણમો સકલતીર્થનો રાજ. ૧૬-૨

જિન કેવલઠામે સમોસરણ વિરચંત,
મિલે પરખદામાંહી સુર નર અસુર અનંત;
પ્રભુ અર્થ પ્રકાશે ગણધર સૂત્ર રચંત,
તે આગમ વરતા જગમાંહી જયવંત. ૧૬-૩

કદલી સમ કોમલ કદલીદલ જિમ કાય,
મૃગપતિ જસ વાહન બહુ આયુધ સમુદાય;

---

[1] અનંત વલી. [2] તેજ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિરવાણી નામે શાસનદેવી સહાય,
શ્રીવિજયરાજસૂરિ શિષ્ય સદા સુખદાય. ૧૬–૪
સત્તરમો સાહિબ કુન્થુ કલાનિધિરૂપ,
કેવલકમલાનો [1]મંદિર મહિમા અનૂપ;
અકલંકિત જેહના ગુણ સુર નર બહુ ગાય,
જસ ભક્તિ પસાઈ મુક્તિવધૂ વસી [2]જાય. ૧૭
અરજિન અધિકારી જેહની શક્તિ અનંત,
જિણે સાહમેં ધાઈ હણ્યો મોહ બલવંત;
ષટખંડ ભરતની પ્રભુતા પોતે છોડી,
આતમગુણ પ્રભુતા બહુ યતને કરી જોડી. ૧૮
જિનમલ્લી મહામુનિ મલ્લિસુકુમ કુસુમાલ,
નૃપ કુંભતણો સુત લંછન કુંભ રસાલ;
પ્રભુ કુંભતણી પરે ભવસાયર ઉતારે,
સુરકુંભપરે જે વંછિત કારજ સારે. ૧૯
મુનિસુવ્રત મહિમા કહેતાં નાવે પાર,
હરિવંશવિભૂષણ નિર્દૂષણ સુખકાર;
જગમાંહે જેહને નહિ કો મિત્ર અમિત્ર,
જેહ મિત્ર ભુવનનો જેહનો તાત સુમિત્ર. ૨૦
નમિ જિનવર નમીઈ વમઇ દુરિત અશેષ,
[3]ઉપશમીઇ અંગે ખમીઈ કઠિન કલેશ;
જિનધ્યાને રમીઈ ધમીઈ કર્મનો કાટ,
અંતરરિપુ દમીઇ એ શિવપુરની વાટ. ૨૧

1 ભોગી જગત. 2 થાય. 3 જેહથી નિતુ લહિયે આતમગુણ સુવિશેષ; ઉપશમિયે અંગે શમિયે કર્મનો કાટ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હરિવંશ વખાણું જિમ વયરાગરી ખાણુ,
જિહાં રત્ન અમૂલિક **નેમિનાથ** જગભાણુ;
લઘુવય બ્રહ્મચારી જગિ રાખિયા ખીઆત,
પહોંતા પંચમગતિ કર્મ હણી ઘનઘાત. ૨૨–૧

ક્રોધાદિત સોલસ છે જે કષાય અતિ દુષ્ટ,
હાસ્યાદિક નવ જેનો કષાય બલપુષ્ટ;
એ પ્રકૃતિ ખપાવા પામ્યા શુદ્ધ ચરિત્ર,
તે જિનપતિ સઘલા [1]વંદો પુણ્ય પવિત્ર. ૨૨–૨

પ્રવચનની રચના ગણધર કરે ગુણવંત,
જેમાંહી જીવાજીવાદિક [2]વિરતંત;
લોકસ્થિતિ અતિ અદ્ભુત અષ્ટપ્રકાર કહાય,
તે ભણતાં સુણતાં સંશય સકલ પલાય. ૨૨–૩

જસ દોય કર સોહે આંબાલુંબી ઉદાર,
દોય કર નિજ અંગજ સુંદર ને શ્રીકાર;
**અંબાઇદેવી** અકલ રૂપ અવિકાર,
**શ્રીવિજયરાજસૂરિ** શિષ્યને જયજયકાર. ૨૨–૪

પ્રભુ [3]પુરિસાદાણીય **પાર્શ્વનાથ** દયાલ,
[4]પ્રભુ નીલકંદબસમ નવ કર તનુ સુકુમાલ;
કલિયુગમાંહી જસ મહિમા પ્રબલ પ્રચૂર,
પૂજો ઘસી કેશર ચંદન સરસ કપૂર. ૨૩–૧

સોવન સિંહાસન ગણુંગણુ નિતુ ચાલે,
ધર્મધ્વજ ઉન્નત રણુઝણુ પવને હાલે;

1 વહો. 2 વિરચંત. 3 દાણી પારસનાથ. 4 કલિનીકદંલસમ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છત્રત્રય ચામર ધર્મચક્ર તેજાલ,
અતિશય જસ એહવા તે જિન વંદુ ત્રિકાલ. ૨૩-૨

આગમ ગુણ મોટા ખોટા નહિ લવલેશ,
જિહાં સમતા ભાખી સુખનો હેતુ વિશેષ;
સમતા આદરીએ મમતા કરીએ દૂર,
[1]મમતા દુઃખ કારણ દુરગતિ તરુ અંકુર. ૨૩-૩

જસ અરુણ [2]ચરણ તનુ તેજે ઝાકઝમાલ,
વાહન જસ કુર્કુટ [3]ઉરગ મહાવિકરાલ;
**પદ્માવતીદેવી** શાસનની રખવાલ,
શ્રીવિજયરાજસૂરિ શિષ્યને મંગલમાલ. ૨૩-૪

શાસન અધિકારી સમરથ સાહસ ધીર,
ઇન્દ્રે અતિ હર્ષે નામ ઠવ્યું મહાવીર;
તે **વર્દ્ધમાન**જિન વર્દ્ધમાન ગુણગેહ,
સિદ્ધારથનંદન કુલલતા વનમેહ. ૨૪-૧

ઉત્કૃષ્ટે આરે સિત્તરસો અરિહંત,
તિમ કાલ જઘન્યે વીશ હોયે વિચરન્ત;
ચોવીશી તિનના બહોંતેર જિનવર જેહ,
મન નિશ્ચલ કરીને પ્રણમીજે નિત્ય તેહ. ૨૪-૨

જિન કેવલ પામી ત્રિપદી કહે તતકાલ,
તે નિસુણી ગણધરને પ્રગટે બુદ્ધિ વિશાલ;
કરે આગમ રચના પૂરવ અંગ ઉદાર,
તે આગમ સુણતાં સુખસંપત્તિ વિસ્તાર. ૨૪ ૩

---

1 શ્રીજિનનામે દહિયે દુરગતિ તરુ અંકુર. 2 વરણ. 3 ગુરુતર.

Jain Education International  For Private & Personal Use Only  www.jainelibrary.org

સિદ્ધાઈ સમરથ શાસન સાનિધિકાર,
ગિરૂઈ ગુણરાગિણી પોતે ગુણભંડાર;
શ્રીવિજયરાજસૂરિ ચરણકમલ સુપસાય,
કહે દાનવિજય ઈમ મંગલ કરજો માય. ૨૪-૪

---

+ ૮

[1] *આદિ આઠે કર્મ હન્તા સુધર્મ શોભંદા હૈ,
અર્હન્તાનંતા પામે સંતા ટાળે મોહંદા હૈ;
લક્ષ્મી પામી મોક્ષાગામી દેવે ઉદ્દેસંદા હૈ,
તે વાચા રત્નં પાર્ખે જલં શાસનદેવંદા હૈ. ૧

[2] *અજિતજિણંદા નમું સુખકંદા ટાળે મોહફંદા હિયો એહ બંદા,
અરિહા અનંતા ગયે મોક્ષહંદા અમે આજ પામ્યા તુમે તારણંદા;
તુંહિ તાર મોયે દઈ દક્ષ સક્ષા કરૂં એ વિપક્ષા કટે કર્મ જક્ષા,
સુરા શાસનાધીશ સહાય રત્નં પરીક્ષં પરીક્ષા કરે આપ જલં. ૨

[3] *સંભવજિનવર દેવ સેવ અહનિશ નિત કીજયે,
અર્હં અર્હં જાપ સદા મુખસે ઉચ્ચરીજયે;
સમવસરણમેં બેઠ ધ્વનિ અનહદ વરસીજયે,
શાસનદેવ સહાય રત્નકી પરીક્ષા દીજયે. ૩

[4] *અભિનંદન મહારાજકે દર્શ પાયે કછુ કર્મકી જોર ફાવે ને ફેરી,
મીલે ઇચ્છિતાનંદ અર્હંતકે ધ્યાનમેં ભેદકે છેદકી દેત લેરી;

---

* આ સ્તુતિ-થોય ચાર વખત કહી શકાય છે. ૧ સારંગછંદ.
૨ ઝુલણાછંદ. ૪ રસાઉલછંદ ૪ ઝુલણાછંદ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કટે ભર્મં કર્મં મિલે આત્મધર્મં દસી વાણી તેરી અતિ જ્ઞાન ઘેરી,
વદે રત્ન પાખં સુરાધીશ સખં દિયે શક્તિ મેરી કરૂં ભક્તિ તેરી. ૪

[1]*સમરસ સતા સૂધી ધત્તા સચા સુમતિજિના,
સવિ પ્રભુ પત્તા સાધી સત્તા તજી કુમતિ મના;
સમવસરણે વાણી વર્ણે અપાપર શાસના,
શક્ર સુચરણે ભક્તિ ભર્ણે પરીક્ષક શાસના. ૫

[2]*ચિત્યંક પદ્માંસુ પ્રકાશનાથં, અર્હન્તનાણું ભણું એહ ગાથં;
દીજયે કૃપા આગમ વાત જાણું, દેવી દિયે રત્નપરીક્ષ જાણું. ૬
[3]*સુપાસજિણંદ કુપાસ મેટો, અભિન્ન અર્હંતપણે સમેટો;
સુણંત નાણં ઉપદેશરત્નં, પરીક્ષ દેવી વરદેય જત્નં. ૭

[4]*ચંદ્રપ્રભ મુખચંદ્ર અનોપમ દરિસન નિત્યે કીજયે,
તીર્થંકરપદ અનુભવ ઉત્તમ નંતા એમ ભણીજયે;
સમોસરણ અમૃત ધ્વનિ ઝરતા દુંદુભિનાદ સુહાવે,
શાસનદેવ સુરત્ન પરીક્ષક જયાનંદ ગુણ ગાવે. ૮

*સુવિધિજિણંદ નમો ભવિ ભાવે જેના ગુણ સુર નર મિલ ગાવે,
તીર્થંકરપદ અવિચલ થાવે પ્રભુ અનંતા એમ સોહાવે;
દેશના અમૃતવાણી બનાવે સુધ વિધિ સબકું બતલાવે,
શાસનદેવ દેવી બહુ આવે રત્નપરીક્ષક પદવી પાવે. ૯

*[5]શીતલજિનજી જાચા, શ્રીઅરિહંત જ સાચા;
શીતલ શીતજ્ઞવાણી, દેવ પરીક્ષક જાણી. ૧૦

---

* આ સ્તુતિ-થોય ચાર વખત કહી શકાય છે. ૧ હરણીછંદ.
૨ ઇન્દ્રવજ્રાછંદ. ૩ ઉપેન્દ્રવજ્રાછંદ. ૪ દુવહિયાછંદ. ૫ ચિત્રપદાછંદ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

*[1]શ્રીશ્રેયાંસ દિનેશ, અરિહંતપદ પરગાસતા;
વાણી રત્ન વિશેષ, પરીક્ષક શાસનદેવતા. ૧૧

*[2]વાસપૂજ્ય જિન ભાવે પ્રણુમો સમરો શ્રીઅરિહંત,
વાણી અનુપમ રત્નપરીક્ષક, શાસનદેવ સોહંત. ૧૨

*[3]વિમલ જિનેસર નિતે નમિયે શ્રીઅરિહંત જ સાર,
વાણી વિવિધ વર રત્ન, પરીક્ષક શાસનદેવ સફાર. ૧૩

*[4]અનંત જિનવર તું મુજ દેવ, અરિહંતપદ પ્રણુમું નિતમેવ;
જ્ઞાન અનંત જ રત્ન વિશાલ, પરીક્ષક શાસનદેવ દયાલ. ૧૪

*[5]પ્રણુમત ધરમજિણુંદા, સબ અહિંદા નમનકંદા;
અનુપમ વાણી રત્નની આણી, પરીક્ષક દેવ સરવ પીછાણી. ૧૫

*[6]શાન્તિજિણિંદ દયાલ મયાલ કરો કરૂણા મુજ આતમારાય,
શાન્તિપદં અરિહા સવ સાધત હોય લદા મહ મોક્ષ સકામા;
વાણી અનુપમ સાર સુધારસ હાકમ હૂકમ હોય પણામા,
શાસનદેવ સહાય કરી તવ રત્ન પરીક્ષ કરે પરણામા. ૧૬

*[7]શ્રીકુન્થુનાથ પ્રણુમે પરમા સદાય,
અર્હન્તનાગ સમરે સવિ પાપ જાય;
વાણી અનુપ વર રત્ન પરીક્ષ કામ,
ઐન્દ્રાદિ શાસનસુરા ચડતે પ્રણામ. ૧૭

*[8]તીરથનંતં અરજિન સંતં, શ્રીઅરિહંતં ભજ ભગવંતં;
વાણી વિશિષ્ટં રતનપરીક્ષં, શાસનધીશં સકલ સમીક્ષં. ૧૮

* આ સ્તુતિ–થોય ચાર વખત કહી શકાય છે. ૧ સોરઠાછંદ, ૨ લલિતાછંદ. ૩ હરિપદછંદ. ૪ ચોપાઈછંદ. ૫ કુસુમ વિચિત્રાછંદ. ૬ મત્તગયંદછંદ. ૭ ઉર્ધ્વસીનીછંદ. ૮ અનુકુલા છંદ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

*[1]મલ્લિજિનવર દેવ દયાલ, શ્રીઅરિહંત સમર ત્રિકાલ;
વાણી અનુપમ રત્ન અગાધ, શાસનદેવ પરીક્ષક સાધ. ૧૯

*[2]સુવ્રતનાથ શચીપતિ સેવએ, પરમ શ્રીઅરિહંત પયેવ એ;
વયણ શાંતસુધારસ ટેવ એ, થહુ સુરભ પરીક્ષક દેવ એ. ૨૦

*[3]સમરણ શ્રીનમિજિનનું કીજયે, ઈમ સહુ જિનજી સમજ લીજયે;
અતિગુણ ખાણી અનુપમ વાણી, પરતક્ષ દેવ રત્ન પરખાણી. ૨૧

*[4]સૂધ શીલવત નેમં સાધીયે સુધ પ્રેમં,
સવિ અરિહંત એમં પામીયે નિત્ય ક્ષેમં;
અનુપમ સત વાણી આગમે તે લખાણી,
સુર તન પરીક્ષાણી શાસનાદેવી જાણી. ૨૨

*[5]શ્રી શ્રીપાસં પૂરે આસં વામાનંદા બંદા હૈ,
સારં સારં અર્હદારં સુધાનંદાકંદા હૈ;
વાણી રત્નં પર્ખે જત્નં હર્ષંદા પર્ષંદા હૈ,
દેવી દેવા સારે સેવા ચૌષઠીદા છંદા હૈ. ૨૩

*[6]શ્રીમહાવીરં શાસનાધીશ સાચા,
એ ચોવીશીમાં ચર્મ અર્હન્ત જાચા;
સુધાત્માનંદી વાણી સિદ્ધાન્તખાણી,
સિદ્ધાઇદેવી રત્ન પર્ખે પ્રમાણી. ૨૪

* આ સ્તુતિ–થોય ચાર વખત કહી શકાય છે. ૧ હાકલછંદ. ૨ દ્રુતવિલંબિતછંદ. ૩ નવમાલનીછંદ. ૪ માલનીછંદ. ૫ સારંગીછંદ. ૬ વિશ્વદેવાછંદ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ત્રયોદશ તરંગ.

## શ્રીસીમંધરઆદિ જિનસ્તુતિઓ.

### શ્રીસીમંધરજિનસ્તુતિઓ.

+ ૧ ( રાગઃ—મનોહરમૂરતિ મહાવીરતણી. )

અજવાલી બીજે ચંદા તું અવધાર,
વિનતડી મારી જાય વિદેહ મઝાર;
સીમંધર પ્રણમું મુજ દુરિત કરજોડ,
પ્રભુજી નમતાં નિત પહોંચે વંછિત કોડ. ૧

ઉત્કૃષ્ટે કાલે સિત્તરસો જગનાથ,
ઊપજે મહીમંડલ મુગતિપુરીનો સાથ;
તિહાં કેવલજ્ઞાન કેવલદર્શન અનંત,
સમરો ભવિ ભાવે જિમ પામો ભવ અંત. ૨

અઢી દ્વીપમાંહે પંચ વિદેહ પ્રધાન,
વિચરે તિહાં પ્રતિદિન વીશ વિહરમાન;
અતિશે ગુણવંતા દે ભવિયણ ઉપદેશ,
તસ વાણી સુણતાં સાંસો નહિ લવલેશ. ૩

શાસનહિતકારી સમકિત દૃષ્ટિ દેવ,
તે સાંનિધ કીજે શ્રીસંઘ નિત પ્રતિમેવ;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રીવિજયગચ્છનાયક સાગરજ્ઞાનસૂરિંદ,
પદપંકજ પ્રણુમું અહુનિશિ વીરજિણુંદ. ૪

( ૨ )

સીમંધરસ્વામી મોરા રે, હું તો ધ્યાન ધરું તોરા રે;
રાણી રુક્મણીના ભરતાર રે, મનવંછિત ફલ દાતાર રે. ૧
વીશ વિહરમાન જિન નામે રે, વીશેને કરું પ્રણામ રે;
જેનું દર્શન આનંદકારી રે, તેને પાય નમે નર નારી રે. ૨
ગણધરને ત્રિપદી દીધી રે, સિદ્ધાન્તની રચના કીધી રે;
એનો અર્થ અનુપમ લહિયે રે, સુગુરુને વચને રહિયે રે. ૩
દેવી **ચક્રેશ્વરી** સાનિધકારી રે, તેણે પાય નમે નર નારી રે;
એ તો થોય રચી છે સારી રે, એવા **કનકસોભાગી** જયકારી રે. ૪

+ ૩ ( રાગઃ—શત્રુંજયમંડનઋષભજિણુંદદયાલ )

શ્રીજિન સીમંધર બંધુર નાણુ નિવાસ,
પ્રભુ ત્રિગડે સોહે મોહે લીલવિલાસ;
સેવકજન કેરી વંછિત પૂરઇ આસ,
સવિ સંપત્તિ મેલઇ જેહતણા ગુણરાશ. ૧
ચોવીશે જિનવર આદિ આદિજિણુંદ,
સિદ્ધારથનંદન જાવ વીર સુખકંદ;
પાતિકદલ ગયઘડ દૂરીકરણુ મયંદ,
સુખ સાર સુધારસ વરસો જ્યું જગિ ચંદ. ૨
સઘલે જે શાસ્ત્રે કલાતણા વિસ્તાર,
તેજે જલનિધિનો એકઈ બિંદુ ઉદાર;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભણીઇ તે આગમ અરથરયણુ ભંડાર,
શુભ મતિ આદરઈ વરીઇ જય જયકાર. ૩
સીમંધર જિનવર શાસન શોભાકાર,
પંચાંગુલીદેવી હિયડઇ હેજ અપાર;
વિજયદેવ પટોધર વિજયસિંહ ગણુધાર,
જય ઉદય મહોત્સવ ઋદ્ધિ વૃદ્ધિ વિસ્તાર. ૪

---

+ ૪ (રાગઃ—ઋષભ ચંદ્રાનન વંદન કીજે.)

પુંડરગિરિનયરી જસ પુરી, શ્રીશ્રેયાંસનરેશો જી,
રાણી સત્તકી ઘરણી જાણો, સોમ ગુણે કરી પ્રીતો જી;
સીમંધર તસ નંદન સુંદર, રુખમણીનો ભરતારો જી,
વૃષભલંછન સેવે નર રાણા, કંચનવરણુ સફારો જી. ૧
કુન્થુનાથ અર અંતર જાયો, સીમંધર જગદીશો જી,
મુનિસુવ્રતજિન નમિને અંતર, લહઈ દીક્ષા જિન ઈશો જી;
ઉદયદેવપેઢાલને અંતર, લહેશે મુક્તિ [1]અભંગો જી,
ઇત્યાદિક જિન સઘલાં નમીઈ, જિમ હોઇ નિત્ય [2]નિત્ય રંગો જી. ૨
પુકખલવઇ વિજયમાંહે રાજે, ગુહરી વાણી ગાજે જી,
મનછાઈ લવ સપ્તમ સુરના, દુરઘટ સંશય ભાંજે જી;
સુર નર તિર્યંચાદિક સહુ સમજે, અતિશય [3]ચોત્રીશ રાજે જી,
છત્રત્રય ચામર તસ વિઝઈ, નીરખે બહુ દિવાજે જી. ૩
સીમંધરજિન શાસનરખવાલી, પંચાંગુલી ધન પૂરે જી,
ભરતક્ષેત્રમાં જે તુજ સમરે, તેહનાં સંકટ ચૂરે જી;

---

1 અલગાજી. 2 નિત રંગા જી. 3 તુંજ.

હસ્ત અઢાર આયુધ કરી સોહે, ભવિકાવલી સંત્રાતા જી,
ઉદયચંદ બુધ ચરણ પસાઇ, કહે [1]સુખચંદ વિખ્યાતા જી. ૪

---

\+ ૫ ( રાગઃ–વીરજિનેશ્વર અતિ અલવેસર. )

જગચિંતામણી સુરતરુ સરીખા, સીમંધર જિનરાયા જી,
પ્રાતિહારજ આઠ બિરાજે, કનકવરણ સમ કાયા જી;
અતિશયધારી સુવિહિતકારી ટાળે ભવભય ફેરા જી,
[૨]ચરણવૃન્દ નિત સેવે સુરપતિ, પ્રણમું ઊઠી સવેરા જી. ૧
યુગમંધર બાહુ સુબાહુ સુજાત, સ્વયંપ્રભ દુઃખવામી જી,
ઋષભાનન અનંત વિશાલ, સુરપ્રભ વજ્રધરસ્વામી જી;
ચંદ્રાનન ચંદ્રબાહુ ભુજંગ, ઈશ્વર નમિ સુખધામી જી,
વીરસેન મહાભદ્ર દેવજશ, અજિતને કરું પ્રણામ જી. ૨
સમવસરણ બેઠા જિન નાણી, વાણી સુધારસ વરસે જી,
ભવદવદાહ સમાવણ જલધર, અહિત તાપ વિનાસે જી;
ખીર દધિ મધુ દ્રાખ ને સાકર, મીઠી અધિક જિનવાણી જી,
ભવિજન કરણ કચોલે પીવત, અસ્થિમજ્જા ભેદાણી જી. ૩
સમકિતધારી મંગલકારી, નામે પંચાંગુલી સારી જી,
શાસન રખવાલી દુષ્કૃત ટાળે, જિનઆણા શિરધારી જી;
સીમંધરજિન ધ્યાન ધરંતાં, સંકટ વિકટને ચૂરે જી,
કૃષ્ણવિજય શિશુ દીપ સેવકના, મનહ મનોરથ પૂરે જી. ૪

---

1 રૂપચંદ. ૨ આ સ્તુતિ–થોય સ્તુતિતરંગિણી ભા. ૧ ના પૃ. ૧૩૨ ઉપર છપાવી છે છતાંય આ સ્તુતિ–થોયમાં અહીંથી ગાથાઓ જુદી આવવાથી ફરી છપાવવામાં આવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

+ ૬ ( રાગઃ—ચોપાઈછન્દ )

સીમંધરજિન ધ્યાઈઈ, જિમ દુરિત સવિ મિટાઈઈ;
અષ્ટકર્મ તે દૂરે જાઈઈ, જિમ શિવસુખ પદવી પાઈઈ. ૧
સીમંધર ધ્યાન ધરે, જિમ અડસિદ્ધિ નવનિધિ કરે;
સંસાર ફેરીમાં નવિ ફરે, વલી અવિચલ પદવી તિમ વરે. ૨
સીમંધરજિન સોહે છે, બેઠા ભવિજનને પડિબોહે છે;
નર નારી વૃંદ જે મોહે છે, આનંદિત થઈ પ્રભુ જોહે છે. ૩
પંચાંગુલીદેવી જયં કરું, વલી ઈતિ ઉપદ્રવ તે સંહરું;
જિનશાસનમાં શોભા કરું, કહે પદ્મ રિદ્ધિ વૃદ્ધિ કરું. ૪

+ ૭ ( રાગઃ—શત્રુંજયમંડનઋષભજિણંદદયાલ. )

સીમંધર જિનપતિ વિનતિ સુણો મહારાજ,
ભવભ્રમણ નિવારી તારી દ્યો શિવરાજ;
મુજ આશા પૂરણ ચૂરણ કર્મજંજીર,
તુમ સમ નહિ જગમાં ઈણમેં કોઈ સુધીર. ૧
[1]પાંડવ વિદેહમાં સોહે વિજય સત સાઠ,
ઉત્કૃષ્ટે કાલે સિત્તર સો જિન પાઠ;
વિહરમાન વિચરે વિરહ નહિ ત્રિહું કાલ,
એ જિનને નમીઈ લહીઈ મંગલમાલ. ૨
જિન ત્રિગડે સોહે મોહે પરખદા બાર,
જિનવાણી સુણતાં કેઈ પામે ભવપાર;
નય તત્ત્વ વિચારી સારી સીમંધરવાણ,
સમજે સવિ પ્રાણી બૂઝે જાણ અજાણ. ૩

---

૧. પાંડવ=પાંચ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જિનશાસનનાયક દાયક સમકિત સાર,
તસ આણાકારી સુવિચારી નર નાર;
તસ સાનિધ કરજો હરજો વિઘન અનેક,
**દેવ દેવીની** શકિત **કાન્તિ** સેવક **સુવિવેક.** ૪

---

+ ૮ (રાગઃ—વીરજિનેશ્વર અતિ અલવેસર.)

શ્રીસીમંધર સાહેબ મેરા, વિનતડી અવધારો જી,
નરક નિગોદ ભીતિ નિવારો, જનને તારણહારો જી;
રાય શ્રેયાંસકુલ નગીનો, માતા સત્યકી સંતો જી,
રુકખમણી કંત વિરાજિત સોહે, ભવભંજન ભગવંતો જી. ૧
ત્રિજગધારણ યુગલ નિવારણ, સમકિતદાઈ સારો જી,
મિથ્યાત વન તિમિર નિવારણ, ધર્મરૂપ દાતારો જી;
ઉપશમરસ ધ્યાનનો દરિયો, ગાજે ગુહિર ગંભીરો જી,
પ્રવચનસાર સુધારસ વરસે, ઉપશમ નિરમલ નીરો જી. ૨
શ્રીસીમંધર સાહિબ હિયે, અભિનવ આગમ ભરિયો જી,
ઉદ્યોતે શશી સૂર સમા ગુણ, મિથ્યાતે સવિ હરિયો જી;
ક્રોધ લોભ અરુ માયા કેરો, તાપ હરે સવિ દૂરો જી,
કેવલજ્ઞાને સૂરજ જયું ઓપે, ભવિજનને આધારો જી. ૩
પગે નેઉર રુમઝમ કરતી, કંઠે નવસરહારો જી,
કર કંકણ વર ચૂનડી વિરાજે, બાજૂબંધ સફારો જી;
કાને કુંડલ શીર મુગટ મનોહર, સજી સોલ શણગારો જી,
**શાસનદેવી** વિઘનનિવારણ, **પદ્મ**વિજય જયકારો જી. ૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

+ ૯ ( રાગઃ–ચોપાઈછન્દ. )

ઉજિયાલી બીજ સુહાવઇ રે, શશીરૂપ અનૂપ વિભાવઈ રે;
ચંદા વિનતિ ચિત્તમાં ધરજો રે, સીમંધર વંદન કરજો રે. ૧
વીશ વિહરમાન જિન વાંદી રે, જિનશાશ્વત પૂજા આનંદી રે;
તિહાં નામ અમારું લેજો રે, ચંદા એ હિતકામિત દેજો રે. ૨
સીમંધર જિનની વાણી રે, ચંદા સુણતાં અમીય સમાણી રે;
તે નિસુણી અમને સુણાવો રે, ભવસંચિત પાપ ગમાવો રે. ૩
શ્રીસીમંધરજિન સેવી રે, ચંદાભાસન શાસનદેવી રે;
તે હોજો સંઘનઈ માતા રે, ગજાણુંદ આણુંદ વિખ્યાતા રે. ૪

---

+ ૧૦ ( રાગઃ—શત્રુંજયમંડનઋષભજિણુંદદયાલ. )

શ્રીસીમંધરજિનવર રાય નમું નિત પાય,
ચોરાશી પૂરવ લાખ તણું જસ આય;
સોવનવન સોહે જગ મોહે જગદીશ,
સંપ્રતિ જગમાંહે સબલી જાસ જગીશ. ૧
અતીત અનાગત વર્તમાન ભગવંત,
પન્નરે ક્ષેત્રે જે રાખે જગ જંત;
વલી વંદુ ભગતિ વિહરમાન જિન વીશ,
સુખ દુઃખ સવિ જગમાં જે જાણે નિશદિશ. ૨
આગમને અંગીકરી તુજ પરતિક્ખ એહ,
વિષ વિષયને ટાળે નિઃસંદેહ;
સેંગુ પય પામી જિનવાણી અભ્યાસ,
કીજે સુણો ભવિયણ જિમ પહુંચે સવિ આસ. ૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જિનશાસન ભાસન સકલ સુરાસુર દેવ,
**દેવી** વલી સમકિતવંતી જે નિતમેવ;
જિનશાસન સાનિધિ કીજે કરુણા આણી,
સાંભલજો સુર સઘલાં શ્રીલબ્ધિવિજયની વાણી. ૪

+ ૧૧ ( રાગઃ—શત્રુંજયમંડનઋષભજિણંદદયાલ. )

સીમંધર મૂરતિ સૂરતિ સુરતરુકંદ,
જસ સેવઈ સુર નર વિદ્યાધર નાગિંદ;
તે ધન ધન કહીઇ જે નામઈ તુમ શીશ,
મુજ હોજ્યો ભવ ભવ તુમ સેવા જિન ઈશ. ૧
વર કેવલન્યાનઈ શોભિત અતિશયવંત,
વર વાણી ગુણ તે પાંત્રીસે સુમહંત;
સવિ દોષ રહિત તે વીશે જિન વિચરંત,
જસ નામ જપંતાં લહીઇ સુખ અનંત. ૨
જસ ગણધર ગિરૂઆ ગૂંથઈ અંગ ઉપાંગ,
ચઉદપૂરવ પૂરાં સાંભલતાં સુખ સંગ;
જસ અમીય સમાણી વાણી જિનવર સંત,
ધન ધન તે મુનિજન અનુદિન તે સુણંત. ૩
વર કર કડી ચૂડી રૂડી રંગ રસાલ,
કટીમેખલ ખલકઈ નેઉરડી ઝમકાર;
શાસનસુર **દેવી** સેવી શ્રીજિનપાય,
સંઘ વિઘન નિવારી વિજયસૌભાગ્ય સુખદાય. ૪

+ ૧૨ ( રાગઃ—શાન્તિ સુહંકર સાહિબો )

શ્રીસીમંધરજિનવરા વિચરે જંબૂદ્વીપે,
પુકખલવઇવિજયે નયર પુંડરગિણી દીપે;

સુત શ્રેયાંસરાજાતણો સોવન્નવરણી કાય,
પૂરવ ચોરાશીલાખનું આયુ જાસ સોહાય;
પાંચસે ધનુષ્યનું શરીર છે એ વૃષભલંછન પાય,
રુક્મણીરાણી નાહલો સત્યકી જેહની માય. ૧

દશ લાખ કેવલી જેહને સો કોડી મુનિવર સ્વામી,
સાધવી સો કોડી શ્રાવિકા શ્રાવક સંખ ન પામી;
પ્રાતિહારજ આઠ છે વાણી ગુણ પાંત્રીશ,
પૂર્વવિદેહે જાણિયે નમતાં લહિયે જગીશ;
ઇહ ભરતે પ્રભુ કુંથુજીએ સિદ્ધપુર પોહતે,
અરજિન જનમ થયો નહિ એહ અંતર સોહતે. ૨

સીમંધરજિન ઊપના સુરપતિ મહોચ્છવ કીધો,
સુવ્રત નમિજિન અંતરે દીક્ષાકલ્યાણક સીધો;
ઉદયપેઢાલ ભાવિ પ્રભુ તસ અંતર કહેવાય,
સીમંધરજિન પામશે અવિનાશી પુર થાય;
આ ભરતે પિણ પ્રાણિયો સુલભબોધિ તેહ,
જાપ જપે તુજ મંત્રનો લાખ સંખ્યાએ જેહ. ૩

ભવસ્થિતિ નિર્ણય તસ હોયે અથવા ધ્યાનપણાએ,
ઊપજી વિદેહે કેવલ લહે નામે વરસ ઉચ્છાહે;
શાસનસુરી પંચાંગુલી સેવક સાનિધ સારે,
સીમંધરજિન સેવતા ભવિ દુઃખ દોહગ ગાલે;
પ્રહ ઊઠી જિન નિત નમો એ આણી મન આણંદ,
**લક્ષ્મીસૂરિ** પ્રભુનામથી પ્રગટે પરમાણંદ. ૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

+ ૧૩ ( રાગઃ—વીર જિનેશ્વર અતિ અલવેસર )
*શ્રીસીમંધર સત્યકીનંદન, ચંદ્રકિરણ સમ સોહે જી,
સમવસરણ બેઠા જગ સ્વામી, સુર નરના મન મોહે જી;
વાણી અમીય સમાણી પ્રભુની, સાંભલતાં અઘ ગાળે જી,
સમકિતદષ્ટિ **શાસનદેવી**, દુખ દોહગ સવિ ટાળે જી. ૧

## શ્રીવીશવિહરમાનજિનસ્તુતિ

+ ૧ ( રાગઃ—વીરજિનેશ્વર અતિ અલવેસર. )
શ્રીસીમંધર યુગમંધર સ્વામી, બાહુ સુબાહુ તે જાણો જી,
સુજાત ને સ્વયંપ્રભ ઋષભાનન, અનંતવીર્ય વખાણો જી;
વંદુ સુરપ્રભ વિશાલ વજ્રધર, ચંદ્રાનન ચંદ્રબાહુ જી,
ભુજંગ ઇશ્વર નમિપ્રભ વીરસેન, મહાભદ્ર દેવયશ પ્રાહુ જી. ૧
અજિતવીર્ય એ વીશ જિણંદા, મહાવિદેહ વિચરંતા જી,
કેઈ કુમરપદ કેઈ નૃપપદવી, કેઈ જિનેશ મહંતા જી;
અઢીદ્વીપમાં પંચવિદેહે, વિહરમાન જિન વીશો જી,
ભાવ ધરીને નિત પ્રણમંતા, પહોંચે મનહ જગીશો જી. ૨
દાન શિયલ તપ ભાવ અહિંસા એ, જિનઆગમ સાર જી,
પ્રવચનમાં એહ જિનવર ભાખ્યો, તે પાલો નિરધાર જી;
અમીય સમાણી શ્રીજિનવાણી, ગૂંથી ગણધર જાણી જી,
તે આગમ ભવિજન આરાહો, ભાવ અધિક મન આણી જી. ૩
સમકિતધારી સાનિધકારી, દેવ દેવી સુખકારી જી,
જિનશાસન અધિષ્ઠાયક સુરવર, સંઘ સકલ હિતકારી જી;
**પંચાંગુલી**દેવી જિનસેવી, નિજ સેવકને સહાય જી,
**શ્રીકપૂરવિજય** સદ્ગુરુ સુપસાયે, **માનવિજય** ગુણ ગાય જી. ૪

* આ સ્તુતિ—થોય ચાર વખત બોલી શકાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ચતુર્દશતરંગ.

## શ્રીશત્રુંજયઆદિતીર્થસ્તુતિઓ.

### શ્રીશત્રુંજયસ્તુતિઓ

+ ૧ ( રાગઃ—શત્રુંજયમંડનઋષભજિણંદદયાલ. )

સિરિ જિનહર સુખકર જિનવર આદિજિણંદ,
શાસનસુખદાયક નાયક પરમાણંદ;
રાયણતલિ પગલા પૂજ્યા મિલિ સુરવૃંદ,
નિન્નાણુ પૂરવ સમવસર્યા સુખકંદ. ૧
જે અતીય અણાગય સંપય પય વટ્ટમાણુ,
તે સયલ સુખાકર અતિશયવંત પહાણ;
પણતીસવયણ પુણ બારહ ગુણ સુવખાણ,
પ્રણમું તે જિનવર સયલ સમીહિત ઠાણ. ૨
જે અંગ ઇગ્યારહ બારહ સરિસ ઉવંગ,
છેય ગ્રંથ છેદે પુણ દશ પઇન્નગ ચંગ;
મૂલસૂત્રસું ચારે નંદી અનુયોગ ભંગ,
પણયાલીસ આગમ પ્રણમું બહુ સુયરંગ. ૩
ચક્કેસરી ગોમુહ કવડજક્ખ સુર સામ,
જિનવયણ પાલક ચૂરણ કરમ નિકામ;
મનવંછિયપૂરણ વિઘન હરણ શિવઠામ,
સૂરિઉદય વખાણે વિમલાચલ ગુણ પાય. ૪

+ ૨ ( રાગઃ—મનોહરમૂરતિમહાવીરતણી. )

શ્રીશેત્રુંજમંડન વંદુ આદિદેવ, અહનિશિ સારુ તાસું સેવ;
રાયણિતલિઇ પગલાં પ્રભુતણાં, પૂજે સફલ ફૂલ સોહામણાં. ૧
ત્રેવીશ તીર્થંકર સમોસર્યા, વિમલાચલ ઉપરી ગુણ ભર્યા;
ગિરિકંડ આવ્યા નેમિનાથ, એ જિનવર મેલે મુક્તિ સાથ. ૨
શ્રી સોહમસ્વામી ઇમ ઉપદિશ્યો, જંબૂગણધરને મનિ વસ્યો;
પુંડરગિરિ મહિમા જેહમાંહી, તે આગમ સમરું મનિ ઉચ્છાહિ. ૩
**ચક્કેસરી ગોમુખ કવડ**જક્ષ, મનવંછિત પૂરણ કલ્પવૃક્ષ;
સિદ્ધખેત્રશિહરે દેવતા, ભણે **નન્નસુરિ** તૂમે સેવતા. ૪

---

+ ૩ (રાગઃ–શ્રીશત્રુંજયતીરથસાર.)

શેત્રુંજે શ્રીઋષભજિણંદ, જિનમુખ સોહે પૂનિમચંદ,
પેખિયે પરમાનંદ,
જેહને સેવે ચોસઠી ઇંદ, નાભિરાયા કુલકમલદિણંદ,
મરુદેવાનો નંદ;
જેહને જીત્યો મોહ દિણંદ, ટાલ્યો દુઃખ દોહગનો દંદ,
મોહનવલ્લીકંદ,
જેહને નામે હોય આણંદ, ધ્યાવે **શ્રીવિજયપ્રભસુરિંદ**,
પૂજે નરના વૃંદ. ૧
વિદ્રુમ સરીખા જિનવર દોય, દો નીલા દો ઉજ્જવલ દોય,
કાલા જિન દો હોય,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કંચનવરણા સોલ અરિહંતા, એ ચોવીશે જગ જયવંતા,
રાગાદિકના હંતા;
વિહરમાન વંદુ જિન વીશ, જેહની જગમાં અધિક જગીશ,
ત્રિભુવન કેરા ઈશ,
તીરથ થાનિક પ્રતિમા જેહ, વંદે શ્રીવિજયપ્રભસૂરિંદ તેહ,
આણી અધિક સનેહ. ૨

સમવસરણ બેઠા જિન રાજે, દેવદુંદુભિ આકાશે વાજે,
નાદે અંબર ગાજે,
વાણી વરસે જિમ જલધાર, સુણવા આવે પરખદા બાર,
આણી હર્ષ અપાર;
ત્રિપદી ભાખે જગદાધાર, ગણધર રચના કરે ઉદાર,
આગમ અરથ વિચાર,
અમૃતથી અધિકી જિનવાણી, શ્રીવિજયપ્રભસૂરિંદ વખાણી,
ભાવે સુણો ભવ્ય પ્રાણી. ૩

ગજગતિ ચાલે ચલે ચમકંતી, ચરણે નેઉર રણુરણુકંતી,
કટિમેખલ ખલકંતી,
હિયડે નવસરહાર વિશાલ, કાને કુંડલ ઝાકઝમાલ,
બોલે વચન રસાલ;
ચક્રેસરીદેવી કરે ચક્રધાર, શત્રુંજયની સેવા સાર,
સંઘના દુરિત નિવાર,
શ્રીવિજયપ્રભસૂરીસર રાયા, મણીવિજય બુધ પ્રણમી પાયા,
રત્નવિજય ગુણ ગાયા. ૪

---

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

+ ૪ ( રાગઃ—શ્રીશત્રુંજયતીરથસાર. )

વિમલાચલતીરથનો રાયા, સુરનર પ્રણમે જેહના પાયા,
દીઠે [1]દુરગત પલાયા,
શત્રુંજામહાતમ [2]ઋષભજિન આયા, પુંડરીક[3] પાંચસે કોડી
સાહુ સુહાયા, ધ્યાન ધરી સિધાયા;
તિર્યંચગણુ જે પાપે ભરિયા, તે પણ શેત્રુંજે સેજે તરિયા,
ઈમ બહુ શિવપુર વરિયા,
સકલ સુરાસુર પૂજિત કાયા, ભવિજન ભાવે એ ગિરિ ધ્યાયા,
તેહના વંછિત થાયા. ૧
તાતવાણી સુણી ભરતજી રાયા, સંઘ લેઈ સિદ્ધાચલ આયા,
ઊલટ અંગ ભરાયા,
શેત્રુંજે કનકપ્રસાદ કરાયા, મણિમય આદિજિનના થપાયા,
ત્રિભુવન નામ રખાયા;
સુનંદા સુમંગલા મરુદેવી માયા, બ્રાહ્મી સુંદરી બહિની નવ્વાણું ભાયા,
શેત્રુંજે તસ બિંબ ભરાયા,
અતીત અનાગત તીરથરાયા, વર્તમાન જિન વંદુ પાયા,
વિહરમાન ચિત્ત ધ્યાયા. ૨
રાયણરુખ તલે સુર નરરાયા, રચીય સમોસરણ સુખદાયા,
તિહાં બેઠા જિનરાયા,
ઈંદ ચન્દ્ર કિન્નર ચાર નિકાયા, બારે પરખદા અરથ સુણાયા,
સૂત્ર રચે ગણધરરાયા;
અંગ ઇગ્યાર ઉપાંગ દશ દોયા, નંદી અનુયોગ મૂલ ચારે હોયા,
છ છેદ વિશેષે જોયા,

1 દુરિત. 2 જણાયા. 3 પાંચ કોડી સાથેસું આયા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દશ પઇન્ના મૂલસૂત્ર સુણાયા, ભવિકલોકને બહુ ફલદાયા,
સાંભલતાં પાપ ગમાયા. ૩
કવડજક્ષ કરે દિનરાયા, શેત્રુંજે સાનિધ શિવપદદાયા,
ગોમુખ ચક્કેસરી રાયા,
ચંપકવરણી જેહની કાયા, પિહરણ નવ રંગ વેષ બનાયા,
નાભિનંદન શિવ [1]માયા,
**શ્રીવિજયદેવસૂરિ** પાટ સોહાયા, **શ્રીવિજયપ્રભસૂરિ** પાટ
વધાયા, અમૃતવાણી સુણાયા,
**હર્ષવિજય** કવિ શિશ સવાયા, **દર્ભાવતી**માં સિદ્ધાચલ ગાયા,
**લક્ષ્મીવિજય** સુખ પાયા. ૪

૫ ( રાગઃ—ચોપાઈછન્દ )

આદિ અનાદિ તીરથ સાર, વિમલાચલનામિ જયકાર;
સિદ્ધ અનંતા હુઆ જિણઈ ઠામ, કરજોડીનિ કરું પ્રણામ. ૧
તીર્થંકર વંદુ ચઉવીશ, વિહરમાન સમરું જિન વીશ;
એક વાર જો નયને મિલઈ, સફલ મનોરથ સહિજિ ફલી. ૨
ગણધર સહુની મતિ નિર્મલી, અંગ ઉપાંગ રચઇ મને રુલી;
**શ્રીહીરવિજયસૂરિ** મુનિવરુ, આગમ ભાખઇ જે સુંદરું. ૩
ગિરુઉ ગોમુખ શેત્રુંજધણી, આશા પૂરઈ શ્રીસંઘતણી;
**ચક્કેસરી** પ્રભુ સાનિધ કરઇ, **આનંદહરખ** સુખ સંપદ વરઇ. ૪

---

1 સિધાયા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

+ ૬ ( રાગઃ—વીરજિનેશ્વરઅતિઅલવેસર. )

**શેત્રુંજામંડન** દુરિત વિહંડન, વંદુ આદિ જિણંદા જી,
વંછિત પૂરણ સંકટ ચૂરણ, શિવસુખ સુરતરુકંદા જી;
તસ પદપંકજ બે કરજોડી, પ્રણમે **તપગચ્છ**ઇંદા જી,
સકલ ભટ્ટારક ચક્ર પુરંદર, **વિજયક્ષમાસૂરિંદા** જી. ૧
બાલપણે ઋષભાદિક જિનવર ઇન્દ્રાણી જિનરાયા જી,
અજિતનાથ જિનવરને વારે, સિત્તર સો જિનરાયા જી;
પંચકલ્યાણક દિવસે ચોસઠ, ઇન્દ્ર મિલી ગુણ ગાય જી,
તેહતણા પ્રણમે નિત પાયા, **વિજયક્ષમાસૂરિ**રાયા જી. ૨
શ્રં જિનની વાણી ગુણખાણી, અમીય સમાણી જાણી જી,
આદરશે જે પ્રાણી વાણી તે લહસ્યે શિવરાણી જી;
છદ્મસથને કરે કેવલનાણી ગુણ પાંત્રીશ વખાણી જી,
**શ્રીવિજયક્ષમા**ગણધરની વાણી, જિનવાણી સહી નાણી જી. ૩
સમકિતધારી દેવી **ચક્કેસરી**, શ્રીજિનશાસન માતા જી,
તપગચ્છહિતકારી અધિકારી, **માણિભદ્ર** સુવિખ્યાતા જી;
**શ્રીવિજયક્ષમાસૂરિ**શિરોમણી, સુખસંપત્તિનો દાતાર જી,
**જિનેન્દ્રસાગર** ઇણપરિ જંપે, દ્યો સંઘને સુખશાતા જી. ૪

---

+ ૭ (રાગઃ—વીરજિનેશ્વરઅતિ અલવેસર)

સીમંદરને પૂછે ઇંદા, વિનતડી અવધારો જી,
ભરતક્ષેત્રમાં વડુ કુણ તીરથ, તે મુજને નિરધારો જી;
વલતું શ્રીજિનમુખે ઇમ ભાખે, સુણ ઇંદા મુજ વાતજી;
સકલ તીરથમાં શ્રીશેત્રુંજો, તિહાં ભરતેસર તાત જી. ૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અતીત અનાગત ને વર્તમાન, બહોત્તર જિનવર વંદુ જી,
વિહરમાન જિન વીસ વંદુ, ભવની કોડી નિકંદુ જી;
ચંદ્રાનન વારિખિણ વર્ધમાન, ઋષભ આનંદી વલી કહીઇ જી,
એ છન્નુ જિનનાં ગુણ ગાતાં, શિવરમણી સુખ લહીઈ જી. ૨
અગ્યાર અંગ ને બાર ઉપાંગ, છ છેદ ગ્રંથ કહીઇ જી,
ચૌદપૂરવ ને દશપઇન્ના, મૂલ સૂત્ર ચાર લહીઇ જી;
દુરગતહરણી સંપત્તિકરણી, શિવમંદિર નિસરણી જી,
જિનની વાણી અમરિત પાણી, સુણો ભવિકા ભાવ આણીજી. ૩
પાટ પટોધર સુધ પ્રરૂપક, શ્રીવિજયદેવ ગણધાર જી,
ગોમુખયક્ષ ચક્કેસરીદેવી, તેહના વિઘન નિવારે જી;
વીરવિજય જ્ઞાનવિજયતણો શિષ્ય, બોલે આણંદ આણી જી,
સંઘવિજયને વંછિત દેજો, કવડજક્ષ સુણો વાણી જી. ૪

---

+ ૮ ( રાગઃ—ચ્યાસીલાખપૂરવઘરવાસો. )

શ્રીશેત્રુંજે આદિજિન આયા, પૂર્વ નવ્વાણું વારો જી,
અનંત લાભ તિહાં જિનવર જાણી, સમોસર્યા નિરધારો જી;
વિમલગિરિવર મહિમા મોટો, સિદ્ધાચલ ઇણે ઠામો જી,
કાંકરે કાંકરે અનંતા સિદ્ધા, એકસો આઠ ગિરિ નામો જી. ૧
પુંડરીકપરવત પહોલો કહીયે, એંસી જોજન માનો જી,
વીશ કોડસું પાંડવ સિદ્ધા, ત્રણ કોડસું રામ જી;
શાંબ પ્રદ્યુમ્ન સાડી આઠ કોડ સિદ્ધા, દશ કોડ વારિખેણ જાણી જી,
પાંચ કોડસું પુંડરીકગણધર, સયલ જિનની વાણી જી. ૨
સયલ તીર્થનો રાજા એ વલી, વિમલાચલ ગિરિવરીઈ જી,
સાત છઠ્ઠ દોય અઠ્ઠમ કરીને, અવિચલ પદવી લહીયે જી;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છ'રીપાલી જાત્રા કરીઈ, કેવલકમલા વરીઈ જી,
સકલ સિદ્ધાન્તનો રાજા એ વલી, તીર્થ હૃદેમેં ધરીઈ જી. ૩
શ્રીસિદ્ધક્ષેત્ર શેત્રુંજે જાણું, શ્રીઆદીસરરાયા જી,
ગોમુખજક્ષ ચક્કેસરીદેવી, સેવે પ્રભુજીના પાયા જી;
શાસનાદેવી સમક્તિધારી, સાનિધ કરે સંભારી જી,
રંગવિજય ગુરુ ઇણિપરે જંપે, મેરૂવિજય જયકારી જી. ૪

---

+ ૯ (રાગ :–વીરજિનેશ્વરઅતિઅલવેસર.)

ઋષભજિનેસર અતિ અલવેસર, કેશર ચરચિત કાયા જી,
શ્રીશેત્રુંજયગિરિવરમંડન, આદિજિનેસરરાયા જી;
શ્રીસીમંધર સ્વમુખે બોલે, શેત્રુંજગિરિ ગુણવંતો જી,
જે ભવિ ભાવ ધરીને સેવે, તે થાશે ભગવંતો જી. ૧
કેશર ચંદન ઘસીય કપૂર, મૃગમદ માંહિ ભેલીજે જી,
ચઉવીશે જિનવર પૂજા કીજે, માનવભવ ફલ લીજે જી;
કૃષ્ણાગરુનો ધૂપ ઉવેખી, નાટિક જે જન કરશે જી,
ઇણિપરે જિનવર પૂજા કરશે, તે ભવસાયર તરશે જી. ૨
જિનવરવાણી અમીય સમાણી, સુણીયે નિજ મન આણી જી,
અંગ ઇગ્યાર ને બાર ઉપાંગ, છ છેદ મૂલ સૂત્રે ગુંથાણી જી;
ભણો ભણાવો લખો લખાવો, એ સમકિતની કરણી જી,
જિનવાણી ભવિપ્રાણી નિસુણી, તિણે શિવરમણી પરણી જી. ૩
નવજોબન પુણ્યવંતી બાલા, આવે અતિ સુકુમાલા જી,
દેવી ચક્કેસરી નયન વિશાલા, કંઠે કુસુમની માલા જી;
ધરમીજનના સંકટ ચૂરે, આપે ઋદ્ધિ ભંડારા જી,
પંડિત મેરૂવિજયનો સેવક, નયવિજય જયકારા જી. ૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

+ ૧૦ ( રાગઃ—વીરજિનેશ્વરઅતિઅલવેસર. )

શ્રીવિમલાચલ ગરિવર કહીઇ, મોક્ષતણો અધિકાર જી,
ઇણગિરિ હુંતિ ભવિજન નિહચે, પામ્યા કેવલ પાર જી;
કાંકરે કાંકરે સાધુ અનંતા, સિદ્ધા ઇણગિરિ આયા જી,
કર્મ ખપાવીને કેવલ પામ્યા, થઈ અજરામર કાયા જી. ૧
ઋષભજિનેશ્વર આદિ મુનીંદા, પૂર્વ નિવ્વાણું હી વારા જી,
ઇણગિરિ ઉપર ફિર ફિર આવ્યા, જાણી લાભ અપારા જી;
ભરતનરેશ્વર પ્રથમ જ ચક્રી, પ્રથમ ઉદ્ધાર તિણે કીનો જી,
સંઘ ચલાવીને સંઘમાલ પહેરી, તે શિવસદ્મે લયલીનો જી. ૨
શૈલ મનોહર ઉપર સોહે, નાભિનરેશ્વરનંદા જી,
ભવિજન ભાવે નિત પ્રતિ સેવો, પ્રત્યક્ષ પુન્યતરુ કંદા જી;
ગિર કંડિ આવ્યા નેમિજિનેશ્વર, આશાતના મન આણી જી,
ઇણગિરિ ઉપર પાવ ન દીનો, સિદ્ધક્ષેત્ર ઇમ જાણી જી. ૩
પુંડરગિરિનો મહિમા મોટો, ગુણમણિરયણ ભંડાર જી,
ભાવ સહિત નર નારી જે પ્રણમે, સફલ કરે અવતાર જી;
દેવી **ચક્કેસરી** સાનિધકારી, **ગોમુખ**જક્ષ ઘન કોડે જી,
વિબુધ **પ્રતાપ**નો શિશ જ પ્રણમે, **જિનેન્દ્રવિજય** કરજોડે જી. ૪

---

+ ૧૧ ( રાગઃ—રઘુપતિરાઘવરાજારામ. )

શ્રીશત્રુંજગિરિ સોહે આદિનાથ, મુજ મિલીયો અવિહડ મુગતિસાથ;
જસ કાયા દોઈ સહસ્સ હાથ, તે વંદુ જોડી દોઇ હાથ. ૧
ગિરિ ઉપરી આવી સમોસર્યા, ત્રેવીશ જિનવર ગુણ ભર્યા;
નવિ ચઢીયા નેમિજિનેસરા, ચોવીશે સંપ્રતિ સુહકરા. ૨



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શિવ પહોંતા મુનિવર ઇહાં અનંત, ઈમ બોલે આગમ બહુ સિદ્ધાન્ત;
જસ મહિમા આદિ નહિ ય અંત, શત્રુંજગિરિ સેવો તેહ સંત. ૩
જસ સાનિધિકારી **કવડ**જક્ષ, કલિકાલે એ છે કલ્પવૃક્ષ;
લહે **જ્ઞાનવિમલ** પ્રભુતા ઘણી, જિનસેવા છે ચિંતામણી. ૪

+ ૧૨ ( રાગઃ—શત્રુંજયમંડનઋષભજિણંદદયાલ. )

*પુંડરગિરિસ્વામી આદિજિનેસરદેવ,
પ્રહ ઊઠી વંદુ ચઉવીશે નિતમેવ;
અંગ ને ઉપંગે એ ગિરિનો અધિકાર,
**ગોમુખ ચક્કેસરી સૌભાગ્યનો** દાતાર. ૧

## ગિરનારમંડનશ્રીનેમિજિનસ્તુતિઓ

+ ૧

ગિરિનારીમંડન નેમિજિનેસર સેવકનઈ ઉપગારી,
બાલપણાથી પ્રભુ બ્રહ્મચારી, છાંડી રાજુલનારી;
શામલવરણી કાયા દીપઈ તેજઇ ઝાકઝમાલી,
કેવલ પામી મુગતિ પહોતા નામઈ રંગ રસાલી. ૧
કોસંબીનગરી ચંદેરી અપાપા ઉજ્જેણી,
અર્બુદ અષ્ટાપદ શત્રુંજઈ સમેતશિખર મનિ આણી;
તિહાં ઋષભાદિક ચઉવીશ જિનેસર સેવો ભવિજન પ્રાણી,
એહતણાં નિત નામ જપંતાં પામઇ શિવરાણી. ૨
વૈમાનિક વ્યંતર જ્યોતિષ મીલી ભવનપતિ મન રંગી,
સમવસરણ મન શુદ્ધિ રચીનઇ ગાઇ જિનગુણ ચંગી;

* આ સ્તુતિ—થોય ચાર વખત બોલી શકાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તિહાં બઇસીનઈ સયલ જિનેસર આગમઅર્થ પ્રકાસઈ,
તે સુણતાં નિત મંગલમાલા મનવંછિત સુખ આપઈ. ૩
શિર સિંદૂરઈ સિંથો પૂર્યો અંબા ચંપકવાનિ,
નેમિજિનેસર શાસનદેવી ઝાલી ઝળુક્કઇ કાનિ;
પંડિતમંડલ તિલક સમાન **માનવિજય** ગુરુરાજ,
તસ પદ સેવી **પ્રીતિ** દીસીનઈ આપો વંછિત આજ. ૪

---

+ ૨ ( રાગઃ—શત્રુંજયમંડનઋષભજિણંદદયાલ. )

**ગિરનારી** ગિરુઓ સાહિબ નેમિજિણંદ,
સંપદ સુખદાયક દીઠે પરમાણંદ;
શીલવંત શિરોમણી ગુણનિધિ ગરીબનિવાજ,
શુદ્ધે મન આરાહો જિમ પામો વંછિત રાજ. ૧
ચરણકમલ નિવસે ઈન્દ્ર ઈન્દ્રાણી રાય,
ગાવે ગુણ પ્રભુના માયા ન'વ મૂકાય;
સહુ એહવા જિનવર આણી ભાવ ઉદાર,
પ્રહ ઊઠી પ્રણમો જય જય જયકાર. ૨
મિથ્યા મત મૂકી ટાળી વિષય કષાય,
જિનધર્મ આરાહો જેહથી શિવસુખ થાય;
જિનવરની વાણી નિસુણી શ્રવણે પ્રાણી,
ચિત્તમાંહિ ધરીઇ વરીઈ શિવ પટરાણી. ૩
બ્રહ્માણી **અંબા** શાસનની રખવાલી,
વિઘન સકલ હરંતી માતા તુ સુકુમાલી;
અરાહિ ધ્યાને **શ્રી વિજયધર્મસૂરીશ**,
ઇમ કૃષ્ણ પયંપે પૂરો સંઘ જગીશ. ૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

+ ૩ ( રાગઃ—શત્રુંજયમંડનઋષભજિણંદદયાલ )

યાદવકુલમંડન નેમિનાથ જગનાથ,
ત્રિભુવન જન મોહન શોભન શિવપુર સાથ;
ગિરનારશિખરશિર દિક્ખા નાણુ નિવ્વાણુ,
સૌરીપુરનયરે ચવણુ જનમ સુખખાણુ. ૧
ઇમિ ભરતે પંચઇ ઐરવતે વલિ સાર,
ચૌવીસી જિનના થાવે જિન આધાર;
તસુપંચકલ્યાણુક વંદે પૂજે જેહ,
નિરુપમ સુખ સંપત્તિ નિશ્ચે પાયે તેહ. ૨
જિનમુખ લહી ત્રિપદી ગણુધર [2]ગૂથ્યા જેહ,
વર અંગ ઇગ્યારહ દૃષ્ટિવાદ ગુણુ ગેહ;
ત્રિણિ કાલ જિનેસર કલ્યાણુક વિધિ તેહ,
સમકિત થિર કારણે સેવો ધરી સનેહ. ૩
શ્રીનેમિજિનેસર શાસન વિનયે રત્ત,
જિનવર કલ્યાણુક આરાધક ભવિ ચિત્ત;
દેવચંદ્રને શાસન સાનિધીકર નિતમેવ,
સમરીજે અહનિશિ સા અંબાઇદેવી. ૪

---

## શ્રીસહસ્રકૂટસ્તુતિઓ

+ ૧ ( રાગઃ—શ્રીશત્રુંજયતીરથસાર. )

શ્રીસદ્ગુરુનાં પ્રણુમું પાય, સહસ્રકૂટ ગાઇશ જિનરાય,
સાંભળો ભવિજન ભાય,

1 શુચિ. 2 થયા.

Jain Education International  For Private & Personal Use Only  www.jainelibrary.org

અતીત અનાગત ને વર્તમાન, બહોત્તેર જિનનાં અભિધાન,
જ્ઞાનીજન કહ્યો જ્ઞાન;
પંચ ભરત ઐરવત પંચ જાણ, દશે ક્ષેત્રતણો પરિમાણ,
સાતસેં વીસ જગભાણ,
દોષ અઢાર રહિત એ દેવ, પંચમગતિ પામ્યા સયમેવ,
વંદુ દેવાધિદેવ. ૧
કલ્યાણક જિનવર ચોવીશ, ભરતક્ષેત્રમાંહે સુજગીશ,
દેવતણાં મલે ઇશ,
ચોવીશે અરિહંતના જાણુ, પંચકલ્યાણક ગુણમણિખાણુ,
એકશો વીસ પરિમાણુ;
આઠસેં ચાલીશનો એ માન, ધ્યાવો એહનો નિત નિત ધ્યાન,
ગીત નૃત્ય ગુણજ્ઞાન,
દશે ક્ષેત્રતણા જગનાથ, અશરણશરણુ અનોપમ આથ,
સાચો શિવપુર સાથ. ૨
મહાવિદેહ ક્ષેત્રે હિતકારુ, જિહાં બત્રીશ વિજય છે વારુ,
સુખ સંપત્તિ શ્રીકારુ,
પંચવિદેહમાં વિજયનો ઠાઠ, મેલતાં હુયે એકસો સાઠ,
એક એક જિન એ પાઠ;
એકસો સાંઠ થયા જિન એહ, આઠસેં ચાલીશ મેલ્યા તેહ,
સહસ થયો ગુણગેહ,
વાણી ગુણ સોહે પાંત્રીશ, રુપે મોહ્યા સુર નર ઈશ,
નિત નિત નમું નિશદીશ. ૩
વિચરંતા જિનવર જે વીશ, ચાર શાશ્વતા એ જગદીશ,
સહસ અધિક ચોવીશ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સહસ્રકૂટ છે એહનો નામ, **શ્રીસિદ્ધાચલ** ઉપરિ ઠામ,
**પાટણ**મેં અભિરામ;
એહને વાંદ્યા આણંદ થાય, દુઃખ દોહગ સવિ દૂર પલાય,
થિર સંપત્તિ સુખ થાય,
**શ્રીવિજયધર્મસૂરીસર**રાય, **માણિભદ્ર** છે એહને સહાય,
**ઋષભસાગર** ગુણ ગાય. ૪

---

+ ૨ ( રાગઃ–વીરજિનેસરઅતિઅલવેસર. )

સ્વસ્તિ શ્રીદાયક જિનનાયક એક સહસ ચોવીસ જી,
**શ્રીસિદ્ધાચલ** ઉપર થાનિક પ્રણમું હું નિશદિસ જી;
**પાટણ**માહિ **મણેટીપાડે** જગતારક જિનરાજ જી,
**સહસ્રકૂટ**જિન ત્રિકરણ યોગે નમતાં સિઝે કાજ જી. ૧
અતીત અનાગત ને વર્તમાન ત્રણ ચોવીશી કહીઈ જી,
પાંચે ભરતે બહોત્તર બહોત્તર ઐરવતે તિમ લહીઈ જી;
એ દસ ખેત્રના દશગુણા કરતાં સાતસે ઉપર વીશો જી,
દ્રવ્ય સહિત ભાવે જિનપૂજો પહોંચે મનહ જગીશો જી. ૨
મહાવિદેહે પાંચમા વિજયે એકસો સાંઠી વખાણી જી,
ઉત્કૃષ્ટે કાલે સહુ ઠામે વિચર્યા જે જિનનાણી જી;
સંપ્રતિકાલે વીશ જિનેસર ઈમ એકશો ને ઍંસી જી,
પર્ષદા આગલ ધર્મ પ્રકાશે સમવસરણમાં બેસી જી. ૩
સંપ્રતિ પાંચ ભરત ચોવીશી એક સો વીશ જિણંદા જી,
શાશ્વતા નામે ચાર જિનેસર સરવાલે સુખકંદા જી;
એક સહસ્ર ઉપર ચોવીશે જિનવરની રખવાલી જી,
રંગે **તેજવિજયને** **દેવી** દેજ્યો મંગલમાલી જી. ૪

---

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રીનંદીશ્વરદ્વીપસ્તુતિઓ.

+ ૧ ( રાગઃ—શત્રુંજયમંડનઋષભજિણંદદયાલ. )

**નંદીશ્વરદ્વીપે** શાશ્વતા જિનવર ચાર,
પ્રહ ઊઠી વંદું ઋષભાનન મનોહાર;
ચંદ્રાનનસ્વામી વારિખેણ વર્ધમાન,
કર્તા નહિ કોઈ ચઉ પ્રતિમા જિન ઠાન. ૧
મીલ સુરવર કોડી યાત્રા હિત તિહાં જાય,
અઠ્ઠાઇ મહોત્સવ કરે બહુ હર્ષ ભરાય;
જિન પંચકલ્યાણક અવસર એહ વિખ્યાત,
ભવ દુરિત મિટાવે યાત્રા સ્નાત્રે ધ્યાત.
જિન અંગ ઇગ્યારે દ્વાદશ સુણીયે ઉપાંગ,
પ્રભુ મેઘઘટા ધ્વનિ ધારા અર્થ સુચંગ;
કરી રચના ગણધર જિનમુખ સુણીયે જેમ,
ચોરાશી આગમ ચઉદે પૂરવ તેમ.
સુખશાન્તિસુધારસ વાણી અમીય સમાણી,
ભવિ હિયડે ધરીયે જિન ચઉવીશ વખાણી;
ગચ્છનાયક દાયક **સૂરિવિજયરાજેન્દ્ર,**
**પરમોદ** રૂચિધર વંદો ભવિક મુનીંદ. ૪

---

+ ૨ ( રાગઃ—રઘુપતિરાઘવરાજારામ )

૧વર **નંદીસર**દ્વીપ સોહામણું, તિહાં સદા બાવન જિનહર થુણું;
વિમલભાવ ધરી મનિ અતિ ઘણું, જિન નમી નરભવ સફલ ગણું. ૧

---

૧ પૂ. આ. શ્રી હીરસૂરીશ્વરજી મ. ના પૂ. મુનિરાજશ્રી સહજવિમલકૃત.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભરત ઈરવત એ દશ ક્ષેત્રના, ત્રણ ચઉવીશી કેરા શ્રીજિના;
સગસઈવીશ તીર્થંકર વંદીઇ, ગુણ ગ્રહી નિજ ચિત્તિ આણંદીઈ. ૨
કરમ આઠ તણી જે ગજઘટા, કુમતિ મિથ્યા મૃગજઉ સાંમટા;
તેહતણા મદ મચ્છર જીપતઉ, સો એ જયઉ આગમ હરિ દીપતઉ. ૩
શુક્ર શશી રવિ ગ્રહ દિગપાલકા, જિન ચઉવીશતણાં અધિષ્ઠાયકા;
સંકટ વિકટ શ્રીસંઘતણા હરઉ, નિતુ પ્રભાત સમઈ મંગલ કરઉ. ૪

## શ્રીઅષ્ટાપદસ્તુતિ.

+ ૧ ( રાગઃ—રઘુપતિરાઘવરાજારામ. )

પરવત **અષ્ટાપદ** ગુણ ભરઉ જિનભવન કરી અલંકરઉ;
ભરહેસરિ થાપ્યા જિન ચઉવીશ, નિશિ વાસરી નામું તાસ શીશ. ૧
જિસુ જનમમહોચ્છવ મેરુશૃંગિ, સવે ઇન્દ્ર મિલી રઈ મનહિ રંગી;
તે જિનચરણે શિર નામીઇ, મનવંછિત જિમ સુખ પામીઈ. ૨
સવિ કુમતિ તાપ દૂરઇ પલાઈ, શ્રુતિ સુણતાં શીતલ અંગિ થાઇ;
તે આગમ સમરું વાર વાર, જેહથી લહીઇ ભવતણઉ પાર. ૩
**ધરણેન્દ્ર** અનઇ **પદ્મમાવતી**, શાસનદેવી અતિ દીપતી;
જિનભવનતણી રક્ખા કરઉ, શ્રીસંઘતણાં સંકટ હરઉ. ૪

## ષષ્ઠતીર્થસ્તુતિ.

+ ૧ ( રાગઃ—શ્રીશત્રુંજયતીરથસાર. )

**શ્રીશત્રુંજય** તીરથનાથ, નાભીરાયાંગજ શિવપુર સાથ,
ભવિક લતાવન પાથ,
**રૈવતગિરિ**વર શિર અવતંસ, સમુદ્રવિજય કુલગગને હંસ,
દીપાવન યદુવંશ;

Jain Education International    For Private & Personal Use Only    www.jainelibrary.org

તારંગે શ્રીઅજિતજિનેશ, ભૃગુપુરે સુવ્રત ભુવનેશ,
થંભણપાસ મહેશ,
સાચોરે વંદુ શ્રીમહાવીર, તપ જપ સંજમ પાલન ધીર,
સાગરવરગંભીર. ૧

ભવનપતિ વ્યંતર ને કલ્પ, નવગ્રૈવેક અનુત્તરકલ્પ,
જ્યોતિષિ ભવન અનલ્પ,
જંબૂ પુક્ખર ધાતકીખંડ, રુચક નંદીસર પુન્ય કરંડ,
કુંડલદ્વીપ અખંડ;
મેરુ મહીધર તીરથ અનેક, જિનપ્રાસાદ તિહાં સુવિવેક,
ઋષભાદિ ચિહું છેક,
શાશ્વતજિન પ્રણુમું નિજભાવે,તિમ અશાશ્વતા જિનગુણગાવે,
પરમાનંદ પદ પાવે. ૨

શ્રીમહાવીર જનનાકંત, પરમારથ નીરગત પસરંત,
જેહથી ભવદવ સંત,
ગૌતમ ગંગાવૃત્ત લહીને, ભેદે સગ વઇતાઢ વહીને,
પાવન કરતા મહીને;
શ્રીદ્વાદશાંગી રચિત અનૂપ, ઉત્પત્તિ સ્થિતિ ભંગ તિરૂપ,
ત્રિપદી ગામિ સરૂપ,
જ્ઞાનાંબુજ વરસંતા વાધે, કરમ ધરમ મુજ કદીય ન બાધે,
તે વંદી શિવ સાધે. ૩

ચક્કેસરી અંબાવઇ ધરણેન્દ્ર, ગોમુખજક્ષ કપર્દીચંદ્ર,
ગ્રહ બ્રહ્મ શાંતિ મહેન્દ્ર,
દિગપતિ દિનપતિ પ્રમુખ જે દેવા, સંઘ ચતુર્વિધ કરે નિતસેવા,
વાઘેશ્વરી નિતમેવા;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તપ જપ સંજમવ્રત શુભકરણી, સાહ્ય કરે તિહાં સર્વ દુઃખહરણી,
જિન કરીયા ભવતરણી,
પંડિત ઉત્તમસાગર શીશ, ન્યાયસાગર કહે સમકિત ઈશ,
પૂરો સંઘ જગીશ. ૪

---

## શ્રીપંચતીર્થસ્તુતિ.

૧ + ( રાગઃ—શ્રીશત્રુંજયતીરથસાર. )

**શ્રીશત્રુંજો ને ગિરનાર, આબુ અષ્ટાપદ** અતિ સાર,
**સમેતશિખર** શિરદાર,
મહિયલમાંહિ તીરથ ઉદાર, એ પાંચે છઈ મહિમાગાર,
શિવપુરના દાતાર;
ભાવ ધરીને જે નર નાર, ફરસ્યૈ તે તરસ્યૈ સંસાર,
તે જાણો નિરધાર,
એ તીરથનો દરિસણ સાર, ભવિયણ કરસ્યૈ શુદ્ધાચાર,
તાસ સફલ અવતાર. ૧
ઋષભ અજિત સંભવ અભિનંદન, સુમતિ પદ્મપ્રભ જગજનવંદન,
સુપાસ કર્મ નિકંદન,
ચંદ્રપ્રભ મહસેનનો નંદન, સુવિધિ શીતલ શીતલ જિમ ચંદન,
વિધિસું કીજે પૂજન;
શ્રેયાંસ વાસુપૂજ્ય મોહ વિભેદન, વિમલ અનંત ધર્મ નિજ કુલમંડન,
શાન્તિ કુન્થુ મનરંજન,
અર મલ્લિ ભવદુઃખવિહંડણ, મુનિસુવ્રત નમિ મુગતિ નિબંધન,
નેમિ પાસ વીર કરું વંદન. ૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અરથ પ્રકાસે શ્રીજિનરાજ, ભીમ ભવોદધિ તરણ જહાજ,
ભવિયણને હિત કાજ,
સૂત્રવચન રતનનો સાજ, ગણધરદેવ રચિત છે આજ,
**વિજયપ્રભસૂરિરાજ;**
બેસઈ મીલી જિહાં સંઘ સમાજ, તિહાં દાખે ગુરુ બહુત દિવાજ,
ગાજે જિમ મૃગરાજ,
તે સાંભલતાં વાધે લાજ, તેહને પ્રણમે શ્રીસૂરિરાજ,
તે સૂત્ર નમું શિવકાજ. ૩
સુવિહિત સાધુતણો શિણગાર, રંગે પરણી સમતા નાર,
**વિજયપ્રભ**ગણધાર,
તાસ પાટે રવિને અનુકાર, ચઉદવિદ્યા ગુણનો ભંડાર,
**શ્રીરત્નસૂરીશ** જીતાર;
પંડિત **ભાવસાગર** સુવિચાર, થુઇ રચી નિજમતિ અનુસાર,
**ઉનાનગરે** મઝાર,
જક્ષ જક્ષણી સમકિત ધાર, જે જિનશાસનના હિતકાર,
તે થાજો સુખકાર. ૪

---

+ ૨ ( રાગઃ—શ્રીશત્રુંજયતીરથસાર. )

આદઈ **આદિજિનેસરસ્વામી, શાન્તિનાથ** જિનવર **શ્રીનેમિ,**
**પાસ વીર** શિવગામી;
એ પંચે પરમેસર પાયા, વંદે **વિજયસેનસૂરીસરરાયા,**
મુજ મન અતિહિ સુહાયા. ૧
દો ધોલા દો શામલ વન્ના, દો રાતા દો મરકત વન્ના,
સોલસ કાંચન વન્ના;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સત્તરિસય ઉત્કૃષ્ટ જિણિંદા, વંદે **વિજયસેનસૂરિંદા,**
**પદ્મવિજય** જયકંદા. ૨

મધૂર સુમધૂરી અમીય સમાણી, નય વિવહાર રયણમણિખાણી,
ગણધરદેવ કમાણી;
**શ્રીવિજયસેનસૂરીશ** વખાણી, જૈનાગમ બંધાણી વાણી,
સુણીઇ આણંદ આણી. ૩

ભવનાધિપ વ્યંતર જોઇસીયા, વૈમાનીસુર વાસઈ વસીયા,
શ્રીજિનસેવા રસીયા;
જે નર નારી સમકિતધારી, તાસતણાં સવિ વિઘન નિવારી,
**પદ્મવિજય** જયકારી. ૪

---

+ ૩ ( રાગઃ–વીરજિનેસરઅતિઅલવેસર. )

આદિ **આદિજિનેસર** સુંદર, ત્રિભુવન જન [1]હિતકારી જી,
શાન્તિકરણ **શ્રીશાન્તિ** મહામુનિ, **નેમનાથ** બ્રહ્મચારી જી;
પુરિષાદાણી **પાસ** પ્રગટમલ્લ, **મહાવીર** ઉપકારી જી,
એ પાંચે પંચમગતિદાયક, વંદો [2]સવે નર નારી જી. ૧
કેતા ચંદ કિરણ પરિ ઉજ્જલ, જિનવર અતિ અભિરામા જી,
નીલા નીલકમલ પરિ કેતા, અંજનપરિ કેઇ શામ જી;
પદ્મરાગ પરિ કેતા રાતા, સોવનપરિ કેઇ પીલા જી,
પંચ વરણ ઇમ સયલ જિનેસર, દ્યો મુજ શિવસુખ લીલા જી. ૨
જયકર જીવદયા પાલીજે, જૂઠું નવિ બોલીજે જી,
વસ્તુ પિયારી જે અણદીધી, તેહ કિમે નવિ લીજે જી;

1 મનોહારીજી. 2 સુર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મૂલ થકી મૈથુન પરિહરવું, પરિગ્રહ ચિત્ત ન ધરવો જી,
એ પાંચે વ્રત જિહાં ઉપદેશે, તે આગમ આદરવો જી. ૩
સયલ જિનેસર ચરણસરોરુહ, જેહ ભમર પરિ સેવે જી,
સુરતરુ પરિ જે સેવકને, વંછિત સંપદ દેવે જી;
જસ કર વજ્ર વિરાજે ભાસુર, જિમ ઉદયાચલ ભાણ જી,
ભાવ સુહંકર સુરપતિ કરજો, જિનશાસન કલ્યાણ જી. ૪

---

+ ૪ ( રાગઃ—શત્રુંજયમંડનઋષભજિણંદદયાલ )

**આબુ અષ્ટાપદ વિમલાચલ ગિરનાર,**
તિમ **સમેતશિખરગિરિ** પાંચે તીરથસાર;
ચુવા ને ચંપક વલી કેશર ઘનસાર,
પૂજો પુરુષોત્તમ જિમ પામો ભવપાર. ૧
અષ્ટાપદ સીધા આદિજિનેસરદેવ,
ગિરનારે ગિરુઓ નેમિનાથજિન દેવ;
ચંપાપુરી વાસુપૂજ્ય પાવાપુરી જિન વીર,
વીશે વલી વંદુ સમેતશિખર ગુણ ધીર. ૨
આગમ અતિ અનોપમ નિશ્ચે ને વ્યવહાર,
અંગાદિ આગમ આતમનો આધાર;
ભવિયણ શુભભાવે સાંભલજો ગુણખાણી,
સાકરથી મીઠી અમીય સમાણી વાણી. ૩
શાસન **શ્રુતદેવી** સેવો સુર નર વૃંદ,
તપગચ્છપતિ દીપે **વિજયરત્નસુણીંદ**;
કવિ **વીરમુનિ** જંપે હૃદય ધરી ઉલ્લાસ,
**શ્રીકાલુનયરે** સંઘતણી પૂરો આસ. ૪

---

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પંચદશ તરંગ

## ૭ અઠ્ઠાઈસ્તુતિઓ.

### કાર્તિકચાતુર્માસસ્તુતિ.

+ ૧ ( રાગઃ—રઘુપતિરાઘવરાજારામ. )

કાર્તિકચોમાસું મહાપર્વ, છટ્ઠ કરઇ તપ મુનિવર સર્વ;
શ્રાવક છેલઈ પોસહ કરો, શ્રીવીર સમરણ ચિત્તમાં ધરો. ૧
તિહુઅણુ વરતી તીરથ જેહ, ભવિયણ તે સવિ પ્રણમો તેહ;
કાર્તિકપૂનમનઈ દિન દેવ, ઉજ્જવલ વિધિ પૂજો જિનદેવ. ૨
શ્રીજિનભાષિત અંગ ઉપાંગ, નિસુણો ભવિયણ મનનઈ રંગ;
ઉજ્જવલ વિધિસું આગમ ભક્તિ, કરીઇ ધરીઇ આગમયુક્તિ. ૩
રખવાલી વીરશાસનતણી, **શાસનદેવી** સોહામણી;
સયલ સંઘનઈ સાનિધિ કરો, **ગજાણંદ** સદા જયવરો. ૪

---

### ફાગણચાતુર્માસસ્તુતિ.

+ ૧ ( રાગઃ—વીરજિનેશ્વરઅતિઅલવેસર. )

ફાગુણમાસ સદા સુખદાઈ ખેલઈ લોક સદાઇ જી,
ધર્મિજન માને અધિક વધાઈ ધર્મ કરો ચિત્ત લાઇ જી;
ફાગુણચોમાસા દિને પોસહ છઠ કરો વિધિ ઠાઇ જી,
કેવલજ્યોતિ વીર સમરણ કીજઈ લીજઇ લાભ સવાઇ જી. ૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કેશર ચંદન મૃગજ કપુરસું ભેલી ગુલાલ રસાલ જી,
ભવિયણ શ્રીજિનપૂજો પ્રણમો તીરથમાલ ત્રિકાલ જી;
ધરો ધમાલ સુરંગઇ ગાઓ ચંગ વજાઓ વિશાલ જી,
ફાગુણચોમાસું સવિશેષઈ આરાધઇ ગોપાલ જી. ૨
શ્રીજિનભાષિત આગમ ભણઇ ભક્તિ વિશેષઇ ગણીઇ જી,
ફાગુણચોમાસા વિધિ સુણઈ બંધ નિકાચિત હણઈ જી;
મૃગજ અરગનો કેશરીસ્યું ઘસી આગમપૂજા થુણીઇ જી,
ઇમ ફાગુણચોમાસા દિવસઇ વિધિ કરતાં દુઃખ લુણીઇ જી. ૩
શ્રીફાગુણચોમાસા ઉપાસનકારિકા શાસનાદેવી જી,
સયલ સંઘના વિઘન નિવારઇ સારઇ કામિત સેવી જી;
શ્રીજયાણંદ પંડિતપદ સેવક **ગજાણંદ** સમરેવી જી,
સદા જયોદયકામિત કમલા લીલા નિત્ય કરેવી જી. ૪

---

## શ્રીસિદ્ધચક્રસ્તુતિઓ.

+ ૧ ( રાગઃ—વરસદિવસમાંઅષાઢચોમાસું )

અરિહંત સિદ્ધ સૂરિ ઉવજ્ઝાય, મુનિવર સમકિત નાણ સુહાય,
ચારિત્ર તપ સુખદાય,
ગૌતમ કહે સુણો શ્રેણિકરાય, શ્રીશ્રીપાલ ત્રિદશપદ પાય,
નવમે ભવે શિવ જાય;
એ નવપદ મહિમા જિન ગાય, ભવિયણ ભાવ ઘણો મન લાય,
આદરે કર્મ ખપાય,
આસોસુદિ સાતિમથી કરાય, તિમ ચૈતર સુદિમાંહિ કહાય,
ઓલી નવ નિરમાય. ૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બાર લોગસ્સ અરિહંત લહીજે, આઠ પન્નર એકત્રીશ વહીજે,
લોગસ્સ સિદ્ધ કહીજે,
સૂરિપદે છત્રીસ કહીજે, પાઠક પચવીશ ભણીજે,
મુનિ સત્તાવીશ લીજે;
દર્શનપદ સડસઠ વરીજે, નાણુ એકાવન પંચ વરીજે,
આરાધી શિવ સીઝે,
સત્તર ને વલી સિત્તેર દીજે, ચારિત્રપદે મન ઉજ્જવલ કીજે,
નિર્મલ ભાવ વહીજે. ૨
બાર તથા પચાસ ધરંત, તપપદ ધ્યાન ધરો ઉલસંત,
સિદ્ધચક્ર જયવંત,
દેવવંદન ત્રિણ ટંક કરંત, પડિલેહણ પ્રતિક્રમણ કહંત,
ભૂમિશયન સુખ સંત;
તનુ મન વચન એકાગ્ર કરંત, નવવાડે બ્રહ્મચર્ય ધરંત,
તો શિવસુખ લહંત,
શ્રીશ્રીપાલ ચરિત્ર સુણંત, શ્રીસિદ્ધચક્રનું ધ્યાન ધરંત,
ગુરુ વિનયાદિ લહંત. ૩
ઇમ ગુરુ વિધિસું ઓલી કીજે, ગુરુ મુખ આંબિલવ્રત ઉચ્ચરીજે,
દાન સુપાત્રે દીજે,
સાડાચાર સંવત્સર કીજે, ઉજમણું નિજ શક્તિ કીજે,
તો તસ ફલ સુખ લીજે;
ખુશાલસુંદર વાણી વદીજે, કૂડ કુવચનને ત્યાજ્ય કરીજે,
અક્ષય સુખ વરીજે,
શ્રીવિમલેશ્વરયક્ષ કહીજે, દેવી ચક્રેસરી વિઘન હરીજે,
શ્રીસંઘને સુખ દીજે. ૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

+ ૨ ( રાગઃ—રઘુપતિરાઘવરાજારામ. )

આસો ચઈતિરથકી ઓલી કરો, સુદ સાતમથી હઇડે ધરો;
સિદ્ધચક્રની પૂજા કરો, ભવસાયર લીલાએ તરો. ૧
સિદ્ધચક્રજીનો તપ છે સાર, અનંત ચોવીશીએ નિરધાર;
નવપદ ધ્યાન ધરો નરનાર, જેમ પામો સુખસંપત્તિ સાર. ૨
શ્રીપાલકુમારજીનો ટાલ્યો રોગ, નમણથકી પામ્યા સંજોગ;
એ તપનો છે મહિમા ઘણો, પૂજો વંદો ભવિજન ભણો. ૩
**શ્રીવિમલેસર** જેનો જક્ષ, પ્રત્યેક પ્રણમે તે પ્રત્યક્ષ;
આલો અવિચલ હેજે **દાન**, દેવી **ચક્કેસરી** જય જયકાર. ૪

---

+ ૩ (રાગઃ—વીરજિનેશ્વરઅતિઅલવેસર. )

શ્રીસિદ્ધચક્ર જિનેસર સુંદર, સુરતરુ સમ જસ મહિમા જી,
તસુ છાયાઈ જે નર રસીયા, વસીયા તે સમકિત ગરિમા જી;
ભવ અનાદિનો સહજ સંબંધી, કરમ ધરમ વિભમિયા જી,
શુભ કુસુમ ફલ સુર શિવપદથી, અંતર અરિ ઉપશમિયા જી. ૧
પહેલે અરિહંત બીજે સિદ્ધપદ, ત્રીજે સૂરિપદ ગુણિયે જી,
પાઠકપદ ચોથે મુનિ પંચમ, છટ્ઠે દંસણ સુણિયે જી;
સાતમે નાણસ્સ આઠમે ચારિત્ત, તપપદ નવમે સોહિયે જી,
અતીતાદિ અરિહા ઇમ નવપદ, કહેતા જન મન મોહિયે જી. ૨
શ્રીજિન આગમ સૂત્રથી વિરચે, ગોયમ ગણના સ્વામી જી,
તે ગણધર શ્રેણિકનૃપ આગે, મહિમા કહે હિતકામી જી;
શ્રીશ્રીપાલનરપતિ સતિ મયણા, વયણે ગુણણ કહાયા જી,
સિદ્ધચક્ર આરાધન કરતાં, સવિ દુઃખ દૂર પલાયા જી. ૩



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રવિપ્રભા નિજ કાન્તે જીતી, **શ્રીવિમલેશ્વરદેવા** જી,
વિઘન નિવારણ વંછિત પૂરણ, સુરમણિ સમ જલ હેવા જી;
આતમ પ્રભુતા ઉલસે અનંતી, જે તુમ ધ્યાવે ભાવે જી,
**સૌભાગ્યલક્ષ્મીસૂરિ** સુખ અનુભવ, લહે સિદ્ધચક્રપ્રભાવે જી. ૪

+ ૪ (રાગઃ—વીરજિનેશ્વર અતિ અલવેસર.)

સકલમંગલ(ને શિવ) સુખકારી, સિદ્ધચક્ર હિતધારી જી,
મોટો મહિમા મહીયલમાંહિ, વીર વદે સુવિચારી જી;
મગધદેશ રાજગૃહનયરી, કહે ગૌતમગણધારી જી,
શ્રીશ્રીપાલનરેંદ મયણા—પતિ લહ્યો સુખ જયકારી જી. ૧
પહેલે પદ અરિહંતજ જપીઈ, બીજે સિદ્ધ ઉદારા જી,
ત્રીજે નમો આચારજ ધ્યાઓ, ઉવજ્ઝાય ભેદ વિચારા જી;
પાંચમે સર્વ સાધુની સેવા, છઠ્ઠે દંસણ સારા જી,
નાણ ચરણ તપ પદ નવ ગણતાં, શાશ્વતાં સુખ અપારા જી. ૨
ત્રિકાલે પૂજા દેવવંદન, પડિક્કમણા દોય કીજે જી,
આસો ચૈત્રે આંબિલ વિધિસું, શ્રીપાલચરિત્ર સુણીયે જી;
પંચ પ્રકાર વસ્ત્રાદિક ધ્યાને, સિદ્ધચક્ર પ્રકર ધરીજે જી,
ઉજમણું અતિ ઓચ્છવ કરતાં, પુન્ય ભંડાર ભરીજે જી. ૩
સિદ્ધપદ સોવન રુપાદિક, દ્રવ્ય ભલે ભરાવો જી,
પંચ પરમેષ્ઠિ પ્રતિષ્ઠા કરાવી, શ્રીજિનપૂજા રચાવો જી;
સાંનિધકારી **શાસનદેવી**, **સિદ્ધપુર** સંઘ સવાયા જી,
પંડિત **દેવવિજય** ગુરુ સેવક, **કપૂરવિજય** સુખદાયા જી. ૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

+ ૫ ( રાગઃ—વીરજિનેશ્વરઅતિઅલવેસર. )

શાસનનાયક શિવસુખદાયક, અતિશયવંત ઉદાર જી,
વીરજિન ભાખે પરખદા સાખે, પૂછે શ્રીગણધાર જી;
નવદિન તપવિધિ શિવસંપદ નિધિ, સિદ્ધચક્ર ગુણમાલ જી,
આરાધે તપ સુખ વાધે, સાધે સુખ શ્રીકાર જી. ૧
સુરગિરિશૃંગે ઊલટ અંગે, રંગે જે જિનબાલ જી,
ઇન્દ્રે નવરાવ્યા ભાવના ભાવ્યા, આણી ભાવ રસાલ જી;
તે જિન ધ્યાયો ભાવે ગાયો, પૂજો તેહ ત્રિકાલ જી,
ઇમ આરાધો શિવસુખ સાધો, સિદ્ધચક્ર ગુણમાલ જી. ૨
આસો ચૈત્રે અંગે પવિત્રે, નવદિન તપ એ ભણીઇ જી,
પડિક્કમણું દેવવંદન કરીને, ભાવે પ્રણમું ગણીઈ જી;
સાધુ સામી પુન્યે પામી, તાસતણા ગુણ માનીઈ જી,
ઈત્યાદિક વિધિ જિહાં છે સિદ્ધાન્તે, સૂત્ર સિદ્ધાન્તે સુણીઇ જી. ૩
રૂપે સોહે ત્રિભુવન મોહે, ભૂષણભૂષિત સાર જી,
**શાસનદેવી** સુર નરસેવી, સોહે અતિ મનુહાર જી;
સિદ્ધચક્ર આરાધિક ભવિને, હોઈ સાનિધકારી જી,
પંડિત **જ્ઞાનવિજય** ગુરુ સેવક, **નયવિજય** જયકારી જી. ૪

---

+ ૬ ( રાગઃ—શત્રુંજયમંડનઋષભજિણંદદયાલ. )

આદીસર પૂજો આણી મન ઉલ્લાસ,
સિદ્ધચક્ર આરાધો જિમ પહોંચે મન ઉલ્લાસ;
આસો ચૈત્ર સાતમથી ઓલી કીજે સાર,
આંબિલસ્યું કરતાં લહીયે જય જયકાર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અરિહંત સિદ્ધાદિક આચારય વલી જેહ,
ઉવજઝાય શ્રીસાધુ દરસન જ્ઞાનસું નેહ;
ચારિત્ર તપ ધારી નવપદ ગુણભંડાર,
પંચ વરણાં જિનવર સેવંતા સુખકાર. ૨
શ્રીપાલનરેસર મયણસુંદરી તપ સાર,
ઉપદેશે શ્રીવીરજી પરખદા બાર મઝાર;
શ્રેણિકનૃપ આદિ સાંભલે હરખ અપાર,
આરાધો ભાવે ઋદ્ધિ વૃદ્ધિ ઉદાર. ૩
રમઝમકે નેઉરી ચીર ચુંદડી નથ સાર,
**ગોમુખ ચક્કેસરી** શ્રીઋષભશાસન હિતકાર;
વંછિત ફલ દેયો સુખ સંપત દાતાર,
ગુરૂ **કુંઅરવિજયનો રવિ** લહે જયકાર. ૪

---

+ ૭ ( રાગઃ—વીરજિનેશ્વર અતિ અલવેસર. )

ભાવ ભગતિસું ભવિજન પૂજો, સંપત્તિ સુખ દાતાર જી,
સવિ સુખદાયક વંછિત પૂરણ, સુરતરુ સમ અવતાર જી;
દાલિદ્ દુઃખ દોહગ ભવ નાસઈ, પાતિક પંક પણાસઇ જી,
સિદ્ધચક્ર આરાધો અહનિશિ, જિમ હોઇ લીલ વિલાસ જી. ૧
ચોવીશે જિનવર શિવ પુહતા, સિદ્ધ થયા સુકુમાલ જી,
કંચનવાનિ રજત સમ કેઈ, કેઇક વાનિ પ્રવાલ જી;
નીલકમલદલ સરીખા નીરખો, અંજનવાનિ વિશાલ જી,
પંચ વરણ જિનવર તે વંદો, જિમ હોઇ મંગલમાલ જી. ૨
અરિહંત સિદ્ધ આચારજ વાચક, સાધુતણો સમુદાય જી,
દંસણ નાણ ચરણ તપ નવપદ, ગણતાં સવિ સુખ થાય જી;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સિદ્ધચક્રતપ મહિમા દાખ્યો, આગમમાંહે જિનરાઈ જી,
આરાધઈ ભવિજન જે ભાવઈ, તે અજરામર થાઈ જી. ૩
જિનશાસન સાનિધકર સુરવર, **ગોમુખ** પ્રમુખ ઉદારા જી,
**ચક્કેસરી પઉમાવઈ** પમુહા, દેવી જય જયકારા જી;
સંકટ ચૂરઈ વંછિત પૂરઈ, જિમ પુષ્કલ જલધારા જી,
સિદ્ધચક્ર સુણતાં નિતુ હોવઈ, **નય** સમકિત સુખકારા જી. ૪

---

+ ૮ ( રાગઃ—વીરજિનેશ્વરઅતિઅલવેસર. )

નવપદ ધ્યાન ધરો ભવિપ્રાણી, સિદ્ધચક્ર ગુણખાણી જી,
અષ્ટ કમલદલ હૃદય ધરીને, ધ્યાવો એક ચિત્ત પ્રાણી જી;
તન મન વચન કરી અતિ નિરમલ, ભાવ સહિત જે વંદે જી,
નિત પ્રતિ મંગલમાલા પાવો, જિનવર નમત આણંદે જી. ૧
કમલ કર્ણિકા મધ્ય બીરાજે, શ્રીઅરિહંત મહંત જી,
પૂરવદિસિ શ્રીસિદ્ધ ઠવીજે, દક્ષિણ સૂરિ કહંત જી;
પશ્ચિમદિસે શ્રીપાઠક નમીઇ, ઉત્તર મુનિવર જાણો જી,
અગ્નિખૂણે વલી સમ્યક્દર્શન, નૈઋતિ નાણ વખાણો જી.
વાયવ્યકુણે ચારિત્રપદ વલી તપપદ ઇશાન જાણો જી. ૨
સમવસરણ વિચે શ્રીતીર્થંકર, બારહ પરખદા આગે જી,
અર્થમઇ વાણી પરકાસે, ગણધર હૃદયે જાગે જી;
સૂત્ર રચે આગમ પિસ્તાલીસ, જિહાં નવપદ અધિકાર જી,
જે ભવિ એક ચિત્તે આરાધે, પામે તે ભવપાર જી. ૩
શાસનનાયકદેવી **ચક્કેસરી,** વિઘન નિવારક ધ્યાવો જી,
**શ્રીવિમલેસરદેવ** આરાધો, મનવંછિત ફલ પાવો જી;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રીતપગચ્છપતિ વિજયજિનેન્દ્રસૂરિ પ્રતપે દિનદિન જેહ જી,
તાસતણે સાનિધથી પભણે, ભૂપવિજય ગુણ ગેહ જી. ૪

+ ૯ (રાગઃ—શત્રુંજયમંડનઋષભજિણંદદયાલ.)

મંત્રાધિપ મહિમા નવપદ પરમ પવિત્ર,
સવિ દુરિત પ્રણાસે પરિઘલ લચ્છિ વિચિત્ર;
ઇહભવ પરભવનો એ ભવિ સાધન સાધો,
વૃદ્ધિ વિબુધ વદનથી સિદ્ધચક્ર આરાધો. ૧
પંચૈરવય પંચે ભરહ પંચ વિદેહ,
જે સમકિતદિટ્ઠિ તે પદ સેવે એહ;
તિમ અતીત અનાગત વર્તમાન ચોવીશ,
એ ચૌદપૂરવનો સાર શાસય સુજગીશ. ૨
ચૈત્રી ને આસો નવ નવ આંબિલ કીજે,
વિધિ મંત્ર આરાધન નવ ઓલી ગણી લીજે;
શ્રીપાલતણી પરે તેહ વરે શિવરાણી,
સિદ્ધારથનંદન મુખની એહવી વાણી. ૩
નવપદ અધિષ્ઠાતા શ્રીવિમલેસરયક્ષ,
જિનશાસન સાનિધિકરણ પુનિત પરતક્ષ;
સિદ્ધચક્રતણે તપ પરમ તરુફલ ચાખે,
કવિ રૂપવિબુધનો મોહનવિજય ઇમ ભાખે. ૪

+ ૧૦ (રાગઃ—વીરજિનેશ્વરઅતિઅલવેસર.)

દેવમણી સમ શ્રીસિદ્ધચક્ર, અવિચલ પદ દાતારી જી,
અરિહંત સિદ્ધ સૂરિ ઉવજ્ઝાય, સાધુ મહાહિતકારી જી;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્ઞાન દર્શન ચારિત્ર તપ વંદો, શાસયસુખ વર કંદો જી,
નવપદલંકૃત શ્રીસિદ્ધચક્ર, જંત્ર પૂજી ચિર નંદો જી. ૧
આસો સુદ સાતમથી નવદિન, નવપદપૂજા કીજે જી,
મૃગમદ કેશર ચંદન ઘોલી, માંહિ બરાસ ભેલીજે જી;
તીરથ ગંધોદકે નમણુ કરીને, ધૂપ દીપ પ્રગટીજે જી,
અરિહંતાદિક જે નવપદનું, અનુક્રમે ધ્યાન ધરીજે જી. ૨
શ્રીસિદ્ધચક્રનમણુ મહિમાથી, હોવે શરીર નિરોગ જી,
નવનિધિ ઋદ્ધિ સદા ઘર પ્રગટે, પામે વંછિત ભોગ જી;
માલવપતિતનુજા મયણાને, કોઢી મલ્યો ભરતાર જી,
અવિહડ આંબિલતપ આરાધી, પામી સુખ જયકાર જી. ૩
અસુરપતિ **ગોમુખ** તસ ઘરણી, તેજે ઝાકઝમાલ જી,
સમકિતધારી નામ **ચક્કેસરી**, શાસનની રખવાલ જી;
શ્રીસિદ્ધચક્રની સેવા સારે, અહનિશ કરે પ્રતિપાલ જી,
**કૃષ્ણવિજય** જિનવરને ધ્યાને, દીપે **સુજશ** વિશાલ જી. ૪

---

+ ૧૧ ( રાગઃ–શત્રુંજયમંડનઋષભજિણંદદયાલ. )

સમરું સુખદાયક મન શુદ્ધ વીરજિણંદ,
જિણે નવપદ મહિમા ભાખી જ્ઞાનદિણંદ;
આસુ મધુ ઉજ્જવલ સાતમથી નવ દિશ,
નવ આંબિલ કરીયે મન ધરી અધિક જગીશ. ૧
અરિહંત વલી સિદ્ધ આચારિજ ઉવજ્ઝાય,
મુનિ દરસન તિમ વલી નાણ ચરણ તવ થાય;
પ્રતિપદનો ગુણણો ગુણીયે દોય હજાર,
સહુ જિનની પૂજા કીજે અષ્ટ પ્રકાર. ૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બાર અડ છત્રીશ પણવીશ સગવીશ સાર,
સડસઠ ઇક્કાવન સત્તરિ પચાસ પ્રકાર;
ઇણ સંખ્યા કાઉસગ્ગ પ્રદક્ષિણા પરિણામ,
આગમભાષિત વિધિ ઇમ કીજે અભિરામ. ૩
**ચક્કેસરી દેવી વિમલેસર યક્ષ,**
શ્રીપાલતણી પરી પામે વંછિત સુક્ખ;
ઇણવિધ આરાધો સિદ્ધચક્ક ભવિપ્રાણી,
જિમ હર્ષ વધે નિત શ્રીજિન**ચંદ્ર**ની વાણી ૪

---

+ **૧૨** ( રાગઃ—મનોહરમૂરતિમહાવીરતણી. )

અરિહંત સિદ્ધ જપીઈ આયરીય, ઉવજ્ઝાય સાહૂ ઉત્તમ ચરીય;
દંસણહ નાણ સુચરણ ત્રાઈ, સિરિ સિદ્ધચક્ક એ નવ પયાઇ. ૧
ત્રિહું ચઉવીશી બહુત્તરી જિનેશ, શાસય જિનચારઈ હરઈ કિલેશ;
જયવંતા વિહિરમાન, સિદ્ધચક્ક તિહાં કરઉ કલ્યાણ. ૨
દશમું પૂરવ વિજ્ઝા પરવાય, તિહાં ઓલઉ સિદ્ધચક્કતણઉ ઉપાય;
તે સહિતુ અવર જે શ્રીસિદ્ધન્ત, તે ધ્યાયં હૈદિઈ જેમ મંત. ૩
**ચક્કેસરી**દેવી **વિમલ**દેવ, સિરિસિદ્ધજિનેસર કરયઇ સેવ;
ભણી**નન્નસૂરિ** સિરિસિરિપાલ, જિમ સિદ્ધચક્ક તિહાં કરઇ ખેમ. ૪

---

+ **૧૩** ( રાગઃ—વીરજિનેશ્વરઅતિઅલવેસર )

સિદ્ધચક્ક આરાધો ભવિયાં, નિરમલ થઈ એકચિત્તઇ જી,
શિવસુખદાયક સહુમાં લાયક, નવપદ ગણીઇ નિત્યઈ જી;
વંછિતપૂરણ સંકટચૂરણ, મહિમા અધિક પ્રતાપ જી,
ઇતિ ઉપદ્રવ દુરિય પલાઈ, રોગ શોગ સંતાપ જી. ૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધવલ રકત નિલુત્પલ વરણુઇ, શામલ કંચન કાય જી,
પંચ વરણુ તનુ શોભિત સઘલાં, જપતાં સંપત્તિ થાય જી;
(પંચે) ભરત ઐરાવત વિદેહિ, સિત્તેરસો જિન જાણો જી,
સિદ્ધચક્ર તે ધ્યાનઈ ધ્યાતા, ભાવ ભગતિ મનિ આણો જી. ૨
અરિહંત સિદ્ધ આચારજ વાચક, સાધુ સદાઇ નમીઈ જી,
જ્ઞાન દર્શન ચારિત્ર તપ નિરમલ, નવપદ ધ્યાનઈ રમીઈ જી;
મોટો મહિમા જગમાં દાખ્યો, સિદ્ધચક્રમહાયંત્ર જી,
શિવવધૂ વશી કરવા કારણુ, આરાધો એ તંત્ર જી. ૩
**વિમલયક્ષ ચક્કેસરી**દેવી, ગ્રહ ગણુ સવિ રખવાલી જી,
દશ **દિગપાલ** અનઇ **શ્રુતદેવી**, કરતા સાર સંભાલી જી;
સિદ્ધચક્રમંત્રઇ તે ધ્યાતા, સકલ મનોરથ પૂરઈ જી,
**સુખવિજય** કહી સંઘ સકલના, સંકટ સઘલા ચૂરઈ જી. ૪

---

+ ૧૪

સિદ્ધચક્ર સાહિબ સેવીયે મન ધરી અતિ ઉચ્છરંગ,
કેશર ભરી કચોલડી પૂજી જિનવર અંગ;
વર કુશલ માલા કંઠ ઠવી ભાવિ ભવિજન લોક,
નરીંદ શ્રીશ્રીપાલની પેરે લઈ તે પૂર્ણ ભોગ. ૧
પ્રથમ પદ અરિહંતનું સિદ્ધનું બીજું ધ્યાન,
આચારજ ઉવજ્ઝાયા ચોથે સકલ સાહૂ પ્રમાણુ;
દંસણુ નાણુ ચારિત્ર તપ એ નવે પદની ખાણુ,
જિનરાજ સકલ ત્રિકાલ વિધિસું પૂજીયે સુખ ઠાણુ. ૨
આસો ચૈત્રી માસ ઉજ્જલ પખ ભલો મલધાર,
આંબેલ નવ દિને નવ ઓલી કરીયે પાપ નિવાર;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેર સહસ ગણુણું એ નવપદ ગણો ગુણની ખાણ,
સિદ્ધાન્ત સાખે તપ કરતાં પામીયે બહુમાન. ૩
રુમઝમ રુમઝમ કરતી ગજગતિ ચાલ ચમકંતી ચાલતી,
કેશરીલંકૃત **ચક્કેસરી** મા, હે વિઘન કોડી નિવારતી;
રોગ શોગ દુઃખ દૂર જાવે ધ્યાન સિદ્ધચક્રના ધરે,
**દેવકુશલ** પંડિત ચરણે રણે સેવે **વિદ્યાકુશલ** ક્ષમાવરે. ૪

+ ૧૫ ( રાગઃ—શત્રુંજયમંડનઋષભજિણંદદયાલ. )

શ્રીવીરજિનેસર અલવેસર અરિહંત,
તપ સિદ્ધચક્રકેરો ભાખે શ્રીભગવંત;
આસો ને ચૈત્રે નવ નવ દિન વિકસંત,
એકયાસી આંબિલ તેહનો કીજે તંત. ૧
પહેલે પદ અરિહંત બીજે સિદ્ધ ભગવંત,
ત્રીજે આચારજ ચોથે ઉવજ્ઝાય મહંત;
પાંચમે સર્વ સાધુ છઠ્ઠે દરિસણ નાણ,
સાતમે ચારિત્ર તપ આઠમે નવમે જાણ. ૨
શ્રીજિનવર ભાખે સિદ્ધચક્ર ગુણમાલ,
નિત્ય જિનવરકેરી પૂજા કરો ત્રિણ કાલ;
ઉજમણું કીજે ભાવે થઈ ઉજમાલ,
તે શિવસુખ પામે, જિમ મયણા શ્રીપાલ. ૩
શ્રીસિદ્ધચક્ર કેરો **શ્રીવિમલેસરદેવ,**
જેહ તપ કરશે તેની કરશે સેવ;
પંડિત વર સુંદર **કીર્તિવિજય** બુધરાય,
તસ સેવક ભાવે **જિનવિજય** ગુણ ગાય. ૪

Jain Education International　For Private & Personal Use Only　www.jainelibrary.org

+ ૧૬ ( રાગઃ–શ્રીવીરજિનેશ્વરઅતિઅલવેસર. )

શ્રીસિદ્ધચક્ર આરાધો ભાવે, હરખ સહિત ભવિપ્રાણી જી,
આરજ ખેત્ર નરભવ સામગ્રી, એ તો દુરલભ જાણી જી;
શાસનનાયક વીરજિનેસર, શ્રેણિક આગલી ભાખે જી,
શ્રી શ્રીપાલનરેસરની પરે, શિવસુખ ફલ તે ચાખે જી. ૧

અરિહંત સિદ્ધ આચારય પાઠક, સાધુ સર્વ ગુણવંતા જી,
દરસન નાણ ચારિત્ર પાલો, તપ તપો પુણ્યવંતા જી;
એ નવપદ જપો વલી પૂજો, સિદ્ધચક્ર શુભ ભાવે જી,
સયલ જિનેસર ધ્યાન ધરંતા, આતમ લીલા પાવે જી. ૨

આસો શુદિ સાતમથી ઓલી, આંબિલ નવ સુદયાલ જી,
પડિક્કમણા પડિલેહણ બે વલી, દેવવંદન ત્રિણ કાલ જી;
ત્રિણ ટંક પૂજા યતનાઈ, ભૂમિસંથારો ભાઈ જી,
ધર્મધ્યાન મનમાંહિ રાખો, જિનવાણી હિતદાઇ જી. ૩

**માતંગયક્ષ** સિદ્ધાઇસુરી, જિનશાસન હિતકારી જી,
**વિમલેસર**નાકિ અધિષ્ઠાયક, શાન્તિ કરે નિરધાર જી;
લોકપાલ નવ ગ્રહ સુરાદિક, વિઘન કરે ચકચૂર જી,
**ઋદ્ધિ કીર્તિ અમૃત**પદદાયક, શિવસુખ દે ભરપૂર જી. ૪

---

+ ૧૭ ( રાગઃ–વીરજિનેશ્વરઅતિઅલવેસર. )

આસો ચૈત્રી આંબિલ ઓળી, નવ નવની [1]નવ વાર જી,
પડિક્કમણાં પડિલેહણ બે ટંક, ત્રિકાલ પૂજા સાર જી;
[2]દેરાસરના દેવ જુહારો, દેવવંદન ત્રણ વાર જી,
ત્રિકરણ શુદ્ધ તે ગુણણું ગુણીજે, તેર તથા દોય હજાર જી. ૧

---

1. નિરધારજી. 2 દેરાસર દેહરાં નવ જાહરો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રાસાદ પ્રતિમા [3]અષ્ટાપદ, ઋષભાદિકની કીજે જી,
સંઘ તિલકને સાહમીવચ્છલ, દાન સુપાત્રે દીજે જી;
જ્ઞાનોપકરણ પોથી પ્રભાવના, રાતિજગા નવ નવ કીજે જી,
વિત્ત અનુમાને ઉજમણું કીજે, માનવભવ ફલ લીજે જી. ૨
શ્રીગૌતમ કહે નિસુણો શ્રેણિક, સકલ આગમ અનુસાર જી,
અરિહંત સિદ્ધ આચારય વાચક, સાધુ સદા સુખકાર જી;
દરસણ નાણ ચારિત્ર તપનો, મહિમા આગમ અપાર જી,
આરાધન શ્રીપાલની પેરે, જિમ પામો ભવપાર જી. ૩
શ્રીસિદ્ધચક્રની સેવા કરતાં, સાનિધ કરે સંભારી જી,
શ્રીવિમલેસર સમકિતધારી, જિનશાસન હિતકારી જી;
રોગ શોગ દુઃખ દોહગ [4]ચૂરે, પૂરે સંપદા સારી જી,
શ્રીરૂપવિજય [5]મુનિ માણેક સંઘને, નિતનિત જયજયકારી જી. ૪

---

+ ૧૮ ( રાગઃ—શ્રીવીરજિનેશ્વરઅતિઅલવેસર. )

શ્રીજિનશાસન ભવિક વિભાસન, કુમતિ કુશાસન વારે જી,
જે શુભ ભાવે ભવિયણ ધ્યાવે, નાવે કષ્ટ કીવારે જી;
રાજગૃહી ગુરુ ગૌતમ આવ્યા, વીરતણે આદેશે જી,
શ્રેણિક આગલિ નવપદ મહિમા, શ્રીમુખેથી ઉપદેશે જી. ૧
શ્રીઅરિહાપદ મધ્યે ઠવીયે, પૂરવદિસિ સિદ્ધ જાણો જી,
આચારજ ઉવજ્ઝાય મુનીસર, અનુક્રમ એહ વખાણો જી;
વિદિશે દરસણ નાણ ચરણ, તપ અષ્ટ કમલદલ યંત્રો જી,
ૐ હ્રીઁ બીજાક્ષર ધૂરી ગુણીયે, ગુરુગમજી એ મંત્રો જી. ૨

---

3 પ્રતિષ્ઠા પૂજા. 4 ટાળી આપે. 5 મણિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આસો ચૈત્રની સુદિ સાતમથી, નવ દિન આંબિલ કીજે જી,
આઠ થુઈ કહી દેવ વાંદીને, દેવ ત્રિકાલ પૂજીજે જી;
ઈક ઈક પદની નવકારવાલી, વીશ ગુણો શુભ ભાવો જી,
આવશ્યક દુઈ ટંક કરીને, શ્રીસિદ્ધચક્ર ગુણ ગાવો જી. ૩
નવદિન જિનવર ચૈત્ય પ્રવાડી વાંધા જિમ શ્રીપાલો જી,
સાડી ચારે વરસે ઓલી, નવ કરી તપ ઉજવાલે જી;
મુનિ**ભીમરાજ ચક્કેસરીદેવી**, **વિમલેસર** સુખકારો જી,
શ્રીસંઘ સહુ દિન દિન અતિ દીપે, પામીજે ભવવારો જી. ૪

---

+ ૧૯ ( રાગઃ—રઘુપતિરાઘવરાજારામ. )

સિદ્ધચક્ર સદા આરાહીઈ, જિમ સુખ સઘલાં અવગાહિઈ;
મોટો મહિમા છે જેહનો, ભવ ભવ હું છું એહનો. ૧
ત્રિહું કાલે જેહ છે જિનવરા, નિખેપે ચારે સુખકરા;
સિદ્ધચક્ર સદા અરિહંતનો, જે શરણ અછે જગજંતુનો. ૨
સ્યાદવાદ સદા સોહામણો, નવપદ મહિમા છે અતિઘણો;
તેહ ભાવે ભક્તિ કરી સુણો, એક ચિત્તે નવપદને ગણો. ૩
**વિમલ**જક્ષ સુરસાનિધિ કરે, **ચક્કેસરી** સવિ સંકટ હરે;
શિવસુંદરીને સહેજે વરે, **જ્ઞાનવિમલ** મહોદય વિસ્તરે. ૪

---

+ ૨૦ ( રાગઃ—શ્રીવીરજિનેશ્વરઅતિઅલવેસર. )

શ્રીસિદ્ધચક્રતણો વર મહિમા, શાસનમાંહિ દીપે જી,
જેહને ધ્યાને દુર્મતિ દોહગ, સઘળાં જીપે જી;
વંછિતપૂરણ સુરતરુ સરીખો, નીરખો એહ નિધાન જી,
પાવન પુન્ય કહ્યું એ પરગટ, નવપદ કેરું ધ્યાન જી. ૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉજ્જવલ અરિહંત ધ્યાઓ રાતા, સિદ્ધતણો સમુદાય જી,
કંચન કાન્તિ આયરિજ પ્રણમે, તિમ નીલા ઉવજ્ઝાય જી;
કાલા મુનિવર નાણાદિક પદ, રત્ન કાન્તિ સમવાય જી,
સિદ્ધચક્ર એ સકલ મલીને, જિનશાસન કહેવાય જી. ૨
આગમમાંહિ એહનો મહિમા, મોટો શ્રીજિન ભાખે જી,
ગણધર નરવર આગલી હિત ધરી, નિસુણી ચિત્તમાં રાખે જી;
જે નર એહનું ધ્યાન જ માની, તે જાણો સમકિત પાખે જી,
એહ અનોપમ સરસ સુધારસ, ધન તે જે નર ચાખે જી. ૩
**વિમલદેવ** જસ સાનિધિકારી, **ચક્કેસરી** જયકારી જી,
તિમ દિસિ પાલક ગ્રહ સવિ, વિજયાદિક સુરવરની નારી જી;
સિદ્ધચક્રતપ કરતા ભવિને, વિઘન ઉપદ્રવ વારી જી,
**ધીરવિમલ** કવિ શીસ કહઈ, **નય** શ્રીસંઘને હિતકારી જી. ૪

---

+ ૨૧ (રાગઃ—રઘુપતિરાઘવરાજારામ.)

શ્રીસિદ્ધચક્રનો તપ છે સાર, અનંત ચોવીશી એ નિરધાર;
[1]એ તપનો તો મહિમા ઘણો, પૂજો ને વંદો ભવિયણ જનો. ૧
આસો [2]ચૈત્રની ઓલી કરો, સુદિ સાતમથી હિયડે ધરો;
નવપદની તો પૂજા કરો, જિમ ભવસાયર લીલા તરો. ૨
શ્રીપાલકુંવરના ટાલ્યા રોગ, [3]પામી નમણતણો સંયોગ;
[4]શ્રીસિદ્ધચક્રનો મહિમા ઘણો, પૂજો ને વંદો ભવિયણ જનો. ૩
શ્રીવિમલેસર [5]મોટો જક્ષ, [6]પ્રગટ પ્રમાણે તે પ્રત્યક્ષ;
આપે તે અવિચલ ઋદ્ધિ અપાર, દેવી **ચક્કેસરી** જય જયકાર. ૪

---

1 નવપદ ધ્યાન ધરો નરનાર, જિમ પામો સુખ સંપદ સાર. 2 ચૈત્રથી. 3 નમણથકી પામ્યા સંયોગ. 4 એ તપનો. 5 જેનો. 6 પરતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

+ ૨૨ ( રાગઃ—વીરજિનેશ્વરઅતિઅલવેસર. )

સિદ્ધચક્ર આરાધો પ્રાણી, આણી આણંદ પૂર જી,
વંછિતપૂરણ સુરતરુ સરીખો, વિઘ્ન કરે સવિ દૂર જી;
આસોમાસ ચૈત્રી દિન નવ નવ, ઓલી આંબિલ કીજે જી,
મયણસુંદરી શ્રીપાલતણીપરે, સુર નર સુખ શિવ લીજે જી. ૧
ઋષભાદિક જિનચૈત્ય જુહારો, પૂજા વિવિધ પ્રકાર જી,
ઉભય ટંક આવશ્યક પડિલેહણ, દેવ વંદો ત્રિણ વાર જી;
નિત્ય નિત્ય પદ એકેકું ગણીઈ, નોકારવાલી વીસ જી,
ઇણપરે નવપદ ધ્યાન ધરંતા, લહીયે સયલ જગીસ જી. ૨
અરિહંત સિદ્ધ આચારિજ વાચક, સાધુ સદા ગુણવંતા જી,
દંસણ નાણ ચરણ તપ જપતાં, પ્રગટે ગુણ અનંતા જી;
એ નવપદ મહિમા જેવંતો, વીરજિણેસર આખે જી,
ધ્યાતાં ધ્યેય પદવીનઈ પામે, અક્ષયલીલા ચાખે જી. ૩
સિદ્ધચક્રનો સેવક કહઇ, **શ્રીવિમલેસરયક્ષ** જી,
રોગ શોગ દુઃખ દોહગ પીડા, શાન્તિ કરે પ્રતક્ષ જી;
ભવિયણ પ્રાણી જે ગુણખાણી, તે નવપદ આરાહે જી,
**રત્નવિજય** કહઈ ઉત્તમ પદવી, ભોગવી સુખીયા થાઈ જી. ૪

+ ૨૩ ( રાગઃ—શત્રુંજયમંડનઋષભજિણંદદયાલ. )

*સિદ્ધચક્રને સેવો મન વચ કાય પવિત્ત,
અરિહંતાદિક પદ સેવો એકણ ચિત્ત;
જિનવાણી સુણીને ખરચો બહુલ વિત્ત,
**વિમલેસર** પૂરો મનવાંછિત તુમે નિત્ય. ૧

---

* આ સ્તુતિ—થોય ચાર વખત બોલી શકાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રીપજુસણપર્વસ્તુતિઓ.

+ ૧ ( રાગઃ—વીરજિનેશ્વરઅતિઅલવેસર. )

પરવપજૂસણ પુન્યે પામીઈ, પરિઘલ વિત્ત વાવરીઇ જી,
ચારિત્ર સાધુ સામીની વંદના, છઠ્ઠ અઠ્ઠમ તપ કરીઇ જી;
સંવત્સરી પડિક્કમણું કરીઇ, પાતિક સઘલાં પરિહરીઇ જી,
દેવવંદન ગુરુપૂજા કરીઇ, ધરીઇ ધરમનું ધ્યાનઈ જી. ૧
ચોવીશજિનનું ચરિત્ર સુણીઇ, તો લહીઇ શુભ ઠામ જી,
થીરાવલી સુસમાચારી, પટ્ટાવલીસુ ધરો પ્રેમ જી;
ઇણિપરે ભવિ જે પરવ આરાધે, તસ ઘર હોયે બહુ ખેમ જી,
સિદ્ધિ અનંતી ઇણિ ઘરે હોવે, જિનજી આગમ બોલે જી. ૨
ગિરિવરમાં જિમ મેરુ બિરાજે, છાજે રાજમં રામ જી,
રુપવંતીમાં રંભા સોહિયે, મોહન નિરમલ કામ જી;
તીરથમાં જિમ શત્રુંજોતીરથ, તેજવેણુમાં ભાણ જી,
સાધુ શીયલ જિમ સરોવર સુંદર, કલ્પસૂત્ર વખાણ જી. ૩
જિનશાસનમાં તું જયકારી, સંઘની દોલતદાતા જી,
પહેરણ ચરણા ચોલી ફૂલી, સંઘ એક સુખ તાતા જી;
**વિજયમાનસૂરીસરકેરો**, બુધરાય **સંઘવિજય** જી,
તસ પદ પંકજ મધુકર સરીખો,: **પદ્મવિજય** ગુણ ગાય જી. ૪

---

+ ૨ ( રાગઃ—શત્રુંજયમંડનઋષભજિણંદદયાલ. )

શાસનપતિ સોહે સાચો વીરજિણંદ,
સેવે સુર નરવર નિરુપમ જ્ઞાનદિણંદ;
શુભ પર્વ પજૂસણ પૂજા કીજે તાસ,
અમારી પલાવી આઠ દિવસ ઉલ્લાસ. ૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઋષભાદિક જિનવર વર્તમાન ચોવીશ,
તિમ અતીત અનાગત વિહરમાન વલી વીશ;
ઇણિ પર્વે એ જિન ધ્યાઈજે નિરધાર,
આરંભ નિવારો જિમ પામો ભવપાર. ૨

તીરથ થાપીને ત્રિગડે બેઠા વીર,
ત્રિપદી દીધાથી ગણધર રચે સધીર;
પૂરવદિસિ ચારે અનુક્રમે અંગ ઇગ્યાર,
કલ્પાદિક રચના જિહાં છે વીર અધિકાર. ૩

છઠ અઠ્ઠમ કીજે સાહમી ખામો સર્વ,
વર્ણન સવિ સુણિયે વીરજિણંદ એણે પર્વ;
શ્રીસુખવિજયગુરુ હર્ષવિજય કહે શીશ,
સિદ્ધાઈદેવી પૂરો મનહ જગીશ. ૪

+ ૩ ( રાગઃ—વીરજિનેશ્વર અતિઅલવેસર )

એક પનોતી પદમિણિ પભણઈ, સુણી કંતા સુવિચારો જી,
પરવ પજુસણ એ જો આવ્યા, કીજે કરણી સારો જી;
પ્રેમે પનોતા પૂજા રચાવો, પરિઘલ પુન્ય સંભારો જી,
પઢમ જિનેસર પૂજી પ્રણમી, દુરગતિનાં દુઃખ વારોજી. ૧

છઠ્ઠ અઠ્ઠમ પાંચમ નઈ અઠ્ઠાઇ, દશમ દુવાલસ વારુ જી,
પાસખમણ ને સોલહ સારા, માસખમણ મનોહારુ જી;
ઇણિપરિ દુસ્સહ બહુ તપ તપીઈ, સેવા સુગુરુની કીજે જી,
જિન ચોવીશીઈ ચંદન ચરચી, નરભવ લાહો લીજે જી. ૨



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંગે ઉલટ અતિ ઘણુ આણી, આતમના આધારો જી,
કલ્પસૂત્ર સવિ સૂત્ર નગીનો, સુણતાં ભવનો પારો જી;
તે આપણડઇ ઘરિ પધરાવો, ધવલમંગલ ગવરાવો જી,
સાત ખેત્રે બહુ ધન ખરચી, જીવ અમારી પલાવો જી. ૩

ઓઢણ આછું છાયલ છાજઇ, પહિરણ નવ રંગ ફાલી જી,
ગજગતિ ચાલઇ ચંપકવરણી, સંઘ સયલ રખવાલી જી;
તપીયાં સહુની સાંનિધ કરજો, સા **ચક્કેસરી**દેવી જી,
વિબુધ **વિવેકવિજય** પદ સેવી, **પદ્મ** કહઇ પ્રણમેવી જી. ૪

---

+ ૪ ( રાગઃ—વીરજિનેશ્વર અતિઅલવેસર. )

વીરજિનેસર ત્રિશલાનંદન, ત્રિભુવનનો શિણગાર જી,
કેશર ચંદનસું જિન પૂજો, આણી હરખ અપાર જી;
સ્નાત્ર મહોત્સવ પંચ શબ્દ, સુણો લહી માનવસાર જી,
આવ્યા પજુસણ જાણો પુન્યે, સફલ કરો અવતાર જી. ૧

માસખમણ કરીઇ મન રંગઈ, પાસખમણ ઉમાહી જી,
દશમ દુઆલસ ચત્તારી આઠ, કરો દશ દોઈ સુખદાઈ જી;
ઈમ ચોવીશ જિન પૂજી છઠ કરી, કલ્પ જગાવો ભાઇ જી,
પોથી વિટાંગણા પૂજન કરીનઇ, કલ્પ સુણો ચતુરાઈ જી. ૨

જનમમહોત્સવ પડવે વીરને, અમારી પલાવો અઠ્ઠાઇ જી,
અઠ્ઠમતપ નાગકેતુ કેવલ લહ્યો, શુભ ધ્યાનથી ઠકુરાઇ જી;
તેલાધરના ત્રિણિ કલ્યાણક, ગણધરવાદ વડાઈ જી,
ત્રીજને દિન પાસનેમિઆંતરા, સુણો ઋષભચરિત્ર અધિકાઇ જી. ૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બારસેંસૂત્ર સમાચારી, સંવત્સરીદિન સુણીઇ જી,
પટ્ટાઉલી સુણી ચૈત્યપ્રવાડી, ખમતખામણાં ખામીજઈ જી;
લહિણુ પ્રભાવના સાહમીવચ્છલ, અધિક અધિક કીજે જી,
શ્રીકુંઅરવિજયશીશ વંછિત ફલ, રવિનઈ સિદ્ધાઈદીજે જી. ૪

---

+ ૫ (રાગઃ—પ્રહઊઠી વંદો ઋષભદેવ ગુણવંત.)

પુન્યે ભવિ આવ્યા પર્વ પજુસણુ એહ,
સદ્ગુરુયે સુણીઈ, વીરચરિત્ર ગુણ ગેહ;
પ્રભુજી નવઅંગે પૂજા વિવિધ પ્રકાર
નાટક નવરંગે કરતાં લાભ અપાર. ૧

જિનચૈત્ય જુહારો સયલ જિનેસર ભાવો,
દેશ ગામ પુર નયાર પડહ અમર બજાવો;
તપ ઓચ્છવ કીજે દીજે સુપાત્રે દાન,
સાધુ ને શ્રાવક ભગતિ કરો બહુમાન. ૨

ગજકુંઅર ચડાવી કલ્પસૂત્ર ઠવિ પાસ,
ગાજંતે વાજા ગાવે ગોરી ભાસ;
સ્વસ્તિક પર શ્રીફલ અક્ષત મોતી વધાવો.
જિનાગમ સુણતાં શિવરમણી સુખ પાવો. ૩

પારણા શુભ દિવસે ભક્તિ પ્રભાવના કીજે,
જીવ સયલ બચાવી માનવભવ ફલ લીજે;
ગુરુ જિન ઉત્તમનો રત્નવિજય મનરંગ,
દેજો સિદ્ધાઇ શાશ્વતાં સુખ અભંગ. ૪

---

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રીઅષાડચતુર્માસસ્તુતિ.

+ ૧

અષાઢચોમાસું આવ્યું રે, સવિ મુનિવરને મન ભાવ્યું;
છટ્ઠ કરીનઈ પોસહ કીજઈ રે, શ્રીવીરનાહ સમરીજઈ. ૧
શ્રીશત્રુંજય ગિરિનારી રે, અષ્ટાપદ આબુ મઝારી;
રાણકપુર ને સમેતશિહરઈ રે, જિન વંદો આનંદ લહરઈ. ૨
જિનવાણી અમીય સમાણી રે, કલિમલ ધોવાનઈ પાણી;
તે નિસુણો ભવિયણપ્રાણીરે, જિમ રંગે વરો શિવરાણી. ૩
વીરશાસન ભાસન દેવી રે, **શાસનાદેવી** સમરેવી;
શ્રીસંઘના વિઘન હરીજઈ રે, **ગજાણંદ** સદા સુખ દીજઈ. ૪



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ષોડશ તરંગ

## શ્રીપર્વદિનકથનસ્તુતિઓ.

### દ્વિતીયાદિનકથનસ્તુતિ.

+ ૧ ( રાગઃ-વીરજિનેશ્વરઅતિઅલવેસર )

નરખેત્રે ચરમ છાસટ્ઠિ સંખ્યા, દો શશી પંક્તિવિમાન જી,
શાસયપડિમા સટ્ઠિ સગ, તેવીશ સહસ પ્રમાણ જી;
બીજદિવસ શશી નીરખો હરખી, ઋષભાદિક ચઉનામે જી,
પુન્ય ઉદય કારણ માનવભવ, પામી શુભ પરિણામે જી. ૧

વાસુપૂજ્ય શીતલ અભિનંદન, અર સુમતિ કલ્યાણ જી,
ત્રિહું કાલે પન્નર દશ ખેત્રે, સત પંચાસહ માન જી;
એકાસણ નીવી આંબિલતપ, ઉપવાસે આરાધો જી,
ધરમનું બીજ આરોપો બીજે, જિમ ગુણસંતતિ વાધો જી. ૨

દો પૂરવ દો પશ્ચિમ અરિહા, જંબૂ વિદેહે મઝાર જી,
દુગુણા ધાઇઅ પુક્ખર અરધે, વિચરે ભવ નિસ્તાર જી;
દુવિધ પરિગ્રહ બંધન છંડી, દુવિહા ધર્મ પ્રકાસે જી,
જેહની વાણી દુગ નય શીતલ, કૌમુદી કુમુદ વિકાસે જી. ૩

શ્રદ્ધા ભાસન ભૂષણ ભૂષિત, જે સુર દેવ નિકાય જી,
**ઇન્દ્રસામાનિક પરખદ આતમ-રકખક અગઅ નિકાય જી;**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**લોગપાલ સામાન્ય પુરોહિત**, સર્વ મલીને અસંખ્ય જી,
**ખીમાવિજય** જિનશાસન સાનિધિ, કરજ્યો થઈ પરતક્ખજી. ૪

---

## શ્રીપંચમીસ્તુતિઓ.

+ ૧ ( રાગઃ-શત્રુંજયમંડનઋષભજિણંદદયાલ )

શ્રીનેમિજિનેસર ત્રિભુવન તારણ દેવ,
કરજોડી જિનની સુમરે સારે સેવ;
પંચમીતપ કરતાં દુરગતિ વારે હેવ,
નાણસંપદ જપતાં નાણ લહો તતખેવ. ૧

આદીસર જયકાર શાન્તિનાથ સુખકાર,
નેમીસર જિનવર પાસ વીર મનોહાર;
પંચે જિન નમતાં પંચમગતિ દાતાર,
નાણ પચે લહીયે એહતણો આધાર. ૨

પંચમીને દિવસે તપ કીજે ઉપવાસ,
પડિક્કમણાં બેહુ કરીયે મન ઉલ્લાસ;
દેવવંદન કરીને નાણ સંપદ સુવિલાસ,
સહસ દોય જપો વલી આગમ એહ વિભાસ. ૩

પંચમીનો મહિમા ભાખે નેમિજિણંદ,
વિધિ વિધિસું કરતાં **અંબા** દે આણંદ;
તપ પાંચ વરસનો પાંચ માસ સુખકંદ,
**જયવિજય** પંડિતનો **મેરૂ** લહે સુખ વૃંદ. ૪

---

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

+ ૨

ગિરનારે નેમજી શામલા મુખ સોહે પુનમચંદ,
રાજા સમુદ્રવિજયનો કુઅરૂ માતા શિવદેવી નંદ;
શ્રાવણ સુદિ પંચમી જનમીયા ઓચ્છવ કરી મેરુગિરીંદ,
પંચમીતપ જિન ઉપદેશે સેવે તે સુર નરવૃંદ. ૧

પાંચ ભરત પાંચ ઐરવત દશ ક્ષેત્ર મઝાર,
પ્રભુ જન્મ દીક્ષા એહ દિને પામ્યા તે કેવલ સાર;
અતીત અનાગત વરતમાન સાતસે ને વીશ,
ઈમ સયલ જિનેસર પૂજો ભાવે પોંચે મન જગીશ. ૨

પ્રભુ નેમનાથને ઉપનું અનોપમ કેવલજ્ઞાન,
ભાખે તે જગગુરુ નેહસ્યું આરાધજો તપ નાણ;
વરદત્ત ને ગુણમંજરી પામ્યા તે સુખ ઉદાર,
બહુ હર્ષ આણીઉજયો જિમ લહો જય જયકાર. ૩

ગજગતિએ ચાલે ચમકતી શોભતી ગુણભંડાર,
ગોમુખનામા યક્ષ છે દેવી તે અંબિકા સાર;
મુજ ઋદ્ધિ વૃદ્ધિ વંછિત દેજો જિનશાસનની માય,
શ્રીકુંઅરવિજય ગુરુનામથી રવિવિજય સુખદાય. ૪

---

૩ + ( રાગઃ—રઘુપતિરાઘવરાજા રામ. )

શ્રીપંચમીનો તપ કીજઈ, અહોરત્તો પોસહ લીજઈ;
પંચ નાણનું ગણણું ગણીજઈ, જિમ પાંચે નાણ લહીજઈ. ૧

પંચ ભરહે ઐરવતે તત્થ, પંચ મહાવિદેહે પસત્થ;
પંચ સુરગિરિસિહરે જિણંદા, સવિ વંદુ તિહુઅણે ચંદા. ૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જિનભાષિત પંચમઅંગ, સયલાગમ સાર પયંગ;
જે ભવિ સુણઇ પંચમીદિવસઈ, તે પંચમગતિ સુખ વિલસઇ. ૩
**શ્રીઅંબિકા** શાસનદેવી, શ્રીસંઘના વિઘન હરેવી;
જે પંચમીતપ આરાધઇ, **ગજાણંદ** અખયપદ સાધઈ. ૪

---

+ ૪ ( રાગઃ—વરસદિવસમાં અષાઢચોમાસું )

મંગલિક પંચમી સુણો અધિકાર, કુન્થુજિન દીક્ષા હર્ષ અપાર,
સંભવ કેવલ તિણિવાર,
અજિત સંભવ અનંત સિદ્ધાણું, ધર્મ એ ચારે પંચમી સિદ્ધજાણું,
સુવિધિ નેમિ જન્મ વખાણું;
કાતિવદિ જે બારસે ચવીયા, માતા શિવાદેવી ઉદરે ધરીયા,
યદુકુલે નેમ અવતરીયા,
શૌરીપુર સમુદ્રવિજય રાય, ચઉદ સુપન મંગલિક ગવાય,
શ્રાવણસુદ પંચમી જન્મ થાય. ૧
છપ્પન અંતરદ્વીપની કુમરી, ધવલમંગલ મહોચ્છવ કરે અમરી,
લેલીન પંકજ જેમ ભમરી,
મેરુઈ ચોસઠ ઇન્દ્ર સુર આવે, સોવનકલશ માથે ઢોલાવે,
એક કોડ સાઠ લાખ થાવે;
ઈન્દ્ર સુર કિન્નર ઓચ્છવ કીધા, બાલબ્રહ્મચારી પુહવી પ્રસિદ્ધા,
સંવત્સરી દાન જગ દીધા,
શ્રાવણસુદ છઠ્ઠે લહી દીક્ષા, રાજીમતી તારી દેઈ શિક્ખા,
કેવલદાન દેઈ ભિક્ખા. ૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અષાડવદિ પૂનમે પ્રભુ પાવે, કેવલ મહોચ્છવ સહસાવને થાવે,
રત્ન ત્રિગડો રચાવે,
સુણી વધામણી શ્રીકૃષ્ણ આવે, ચઉ સંઘ મલી ગિરિ તીરથ ઠાવે,
પરખદા બારે બુઝાવે;
જ્ઞાનપંચમી પ્રભુ સયંમુખ બોલે, ગુણમંજરી વરદત્ત નહિ તોલે,
સિદ્ધપદ લહ્યું જે અમોલે,
શ્રાવણસુદ પંચમી અજુઆલી, ચંદ્રપ્રભ ચવીયા કર્મ પ્રજાલી,
પંચમી અનૂપ તિથ ભાલી. ૩

પંચમી પંચ વરસ પાંચ માસ, કરે ઉજમણું મન ઉલ્લાસ,
પામે પ્રાણી અવિચલ વાસ,
જ્ઞાનપંચમીગુણને નેમજી ગાવે, સપ્ત પ્રાતિહાર્યે સુહાવે,
પૂરણ સહસ આયુ થાવે;
અષાઢમાસે આઠમ અજુઆલી, ગીરનારે મુગતિ લહે લટકાળી,
દેવી અંબા સદા રખવાલી,
ગોમુહયક્ષ સદા જિન પાસ, પંડિત **રત્નવિજય**નો દાસ,
**વનીતવિજય** ભણે ઉલ્લાસ. ૪

---

+ ૫ ( રાગઃ—શત્રુંજયમંડનઋષભજિણંદદયાલ )

પંચમીદિન જનમ્યા નેમજિણંદ દયાલ,
પંચ રૂપ કરી હરિ ઓચ્છવ કીધ વિશાલ;
ગ્રહી પંચ મહાવ્રત પામ્યા પંચમનાણ,
[1]પંચમીદિન પૂજો પ્રણમું તે જગભાણ ૧

1 પંચમગતિ પહોંતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રીકુન્થુજિન દીક્ષા સંભવ કેવલ સિદ્ધિ,
તિમ અજિત સંભવજિન અનંત ધર્મ લહી તિથિ;
નેમિ સુવિધિ જનમ્યા ચંદ્રપ્રભ અવતાર,
પંચમીદિન પૂજો જિનવર સહુ સુખકાર. ૨

કરો પંચ વરસ ને પંચ માસ તપ સાર,
ઉપર ઉજમણું કીજે બહુ વિસ્તાર;
લહીઇ ગુણમંજરી વરદત્ત પરે શોભાગ,
શ્રુતભગતિ કરતાં ભવજલનિધિ તાગ. ૩

શ્રી નેમિજિનેસર સેવાકારી સાર,
અંબાઇદેવી ગોમુખજક્ષ ઉદાર;
પંચમીતપ કરતાં હોજો વિઘન નિવાર,
[1]જીવ સૌભાગ્યવિજય કહે સુખસંપત્તિદાતાર. ૪

---

+ ૬ (રાગઃ–વીરજિનેશ્વરઅતિઅલવેસર.)

સમુદ્રવિજયનૃપનંદન નિરુપમ, શિવાદેવીમાત મલ્હાર જી,
શ્રાવણસુદિ દિન પંચમી જાયા, શ્રી જિનનેમિકુમાર જી;
પંચરુપ ધરી સુરપતિ સુરગિરિ, સ્નાત્રમહોત્સવ કરે સાર જી,
પંચમીનો તપ કરતાં ભવિજન, પંચમીગતિ દાતાર જી. ૧

શામલવરણા સોલ જિણંદા, ત્રીસ રાતા સુખવાસ જી,
છત્રીસ પીલા લીલા અડત્રીશ, શ્વેતવર્ણ પચાસ જી;
પંચવર્ણ જિન એકસો સિત્તરિ, આરિ ઉત્કૃષ્ટિ ઉલ્લાસ જી,
જ્ઞાનપંચમીતપ કરી નર નારી, પૂરઇ વંછિત આસ જી. ૨

---

1 બુધ જ્ઞાનવિજય શિશુ જીવવિજય જયકાર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહાનિશિથસૂત્રમાંહિ સુણીઈ, પંચમીતપ પ્રકાસ જી,
ચોથભોજન પોસો વ્રતધારી, નમો નાણુસ્સ ગુણો ખાસ જી;
પરવ પજુસણુથી તે માંડી, પાંચ વરસ પાંચ માસ જી,
તે તપ વિધિ પૂર્વક કરતાં, મુગતિપુરીમાં વાસ જી. ૩

શ્રીનેમિસર સેવા સારે, દેવી અંબિકામાય જી,
સોલ શૃંગાર સોહઈ શશીવયણી, સુંદર સુકોમલ કાય જી;
ઉજીઆલી પંચમીતપ કરતાં, ટાલઇ સવિ અંતરાય જી,
**રત્નવિજય સત્યવિજય** બુધકેરો, **વૃદ્ધિવિજય** ગુણ ગાય જી. ૪

---

+ ૭ ( રાગઃ—વીરજિનેશ્વરઅતિઅલવેસર. )

પંચમીદિવસે જન્મકલ્યાણુક, જાસ થયું અતિ સાર જી,
પંચમજ્ઞાન પ્રમાણે જાણે, સકલ વસ્તુ વિસ્તાર જી;
પંચમગતિ પહોંતા પ્રભુ કરીને, પંચ દેહ પરિહાર જી,
પંચ બાણ ગજ પંચાનન તેહ, નેમિ નમો સુખકાર જી. ૧

પંચ રૂપ સુરપતિકૃત જેહનો, જનમ મહોચ્છવ ચંગ જી,
પંચ મહાવ્રત ભાર ધુરંધર, ધોરી જિમ નિસ્સંગ જી;
પંચ પ્રમાદ તજી જિણિ પાચું, કેવલજ્ઞાન અભંગ જી,
પંચમીદિવસે તે જિન પ્રણમું, મન આણી બહુ રંગ જી. ૨

સૂત્ર ટીકા ચૂરણી નિરયુક્તિ, ભાષ્ય પાંચમું જાણો જી,
એ પંચાંગી મુનિવર ભાખિત, પ્રકરણ અવર ખાણો જી;
નાણપંચમી જિહાં ઉપદેશી, જિનવચન પ્રમાણો જી,
પંચ નાણ આરાધન અરથે, શુદ્ધ ભાવ મન આણો જી. ૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પંચાનન વાહન સુખ સાહન, દેવી અંબિકા નામ જી,
અંબ લુંબીસ્યું હોય કર સુંદર, હોય કર સુત અભિરામ જી;
નાણપંચમી જે આરાધે, વધતે શુભ પરિણામ જી,
કરજ્યો સંઘતણી તે સાનિધ, દાન વધારો મામ જી. ૪

+ ૮

સુવિધિનાથજિન જનમ પંચમીદિન લહીયે,
પંચમીપરવ વિચાર કેતો સુખ કહીયે;
પંચમી કરે અખંડ પામે સુખ જેહ,
પંચમી જ્ઞાન પ્રચંડ આરાહિ તેહ. ૧

પંચ ભરહ વલી ઐરવતસુ પંચ,
પંચ વિદેહે સુક્ષેત્ર કલ્યાણક પંચ;
પંચચૂલ મેરૂ પંચ જિણહર સુવિશાલા,
વંદો ભવિયણ એહ તીરથ તિહુંકાલા. ૨

ઉપનો કેવલજ્ઞાન જિન ત્રિપદી દાખી,
પંચમી પરવ વિરાજી કહે ગણધર સાખી;
પંચમીગતિનો માર્ગ પંચમી ગુણરાશી,
પંચ પમાય નિવારો પંચમી સુખ થાશી. ૩

કમલનયન દ્યુતિ કમલમુખ કમલ સુયંગી,
કમલાસન કર કમલે પાયકમલ સુરંગી;
**પ્રવચનદેવીમાય** સંશય સહુ હરણી,
પંચમી પાલે જેહ તેહને સુખકરણી. ૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

+ ૯ ( રાગઃ–શત્રુંજયમંડનઋષભજિણંદદયાલ. )

શ્રીનેમિજિનેસર ભુવન દિનેસર દેવ,
જસ ચરણકમલની સારે સુર નર સેવ;
પંચમગતિ પામ્યા પામી પંચમનાણ,
તે પંચમીદિવસે આપો પરમ કલ્યાણ. ૧

અતીત અનાગત વર્તમાન જિનચંદ,
મનવંછિત પૂરણ સાચો સુરતરુકંદ;
પ્રભુ ધ્યાન ધરંતા પ્રગટે જ્ઞાન અનંત,
પાંચમદિન ધ્યાવો ભાવે તે ભગવંત. ૨

જેહથી સવિ લહીયે જીવાજીવ વિચાર,
પુન્ય પાપ ને આશ્રવ સંવર નિર્જરા સાર;
બંધ મોક્ષ પદારથ ષટ દ્રવ્ય તિમ ષટ કાય,
અજુઆલી પાંચમ શ્રુત સુણતાં સુખ થાય. ૩

પાયે નેઉર રણુકે ઉર વર નવસરહાર,
શ્રીનેમિજિણંદને ચરણે સેવાકાર;
શ્રીઅંબાદેવી સેવી સુરાસુરવૃંદ,
ભાવસાગર પભણે દેજ્યો પરમાણંદ. ૪

+ ૧૦

પંચ મહાવ્રત નિરમલો એ,
માગું ભવ ભવ નેમિજિનેસર સેવતા એ;
પંચમીતપ કરતાં ભલું એ,
પાંચ સુમતિ શિવનારી સુખી સેવો સદા એ. ૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાંચ સુમતિ કરી દીપતા એ,
પાંચમું કેવલનાણુ વિરાજિત નિરમલું એ;
પાંચે ઇન્દ્રિ જિણે વશ કીયા એ,
તે પરમેસર પાય પૂજું ભક્તિ કરી એ. ૨
પાંચ દશ કર્મભૂમિ થકી એ,
તીર્થંકરની વાણી ત્રિલોકી વિસ્તરી એ;
લોકાલોક પ્રકાશતી એ,
પાપ તિમિર કરી દૂરી હૃદયમાંહિ સમરતાં એ. ૩
સમકિતદૃષ્ટિ દેવતા એ,
પાંચ કલ્યાણક સાર મહોત્સવ જે કરઇ એ;
**ચક્કેસરી** દ્યો મુજ સંપદા એ,
**તેજહરખ** કહી દેવા કૃપા કીજીયે એ. ૪

## શ્રીઅષ્ટમીદિનકથનસ્તુતિઓ

+ ૧ (રાગઃ—ચંપક કેતકી પાડલ જાઈ)

જયશ્રીદાયકા આઠમી પર્વી, ધર્મધ્યાન ધન ધારણ ઉર્વી,
સમહિમ મહિમા ગુર્વી,
અટ્ઠમીનો ઉપવાસ કરીજઇ, અટ્ઠપહરનો પોષહ લીજઇ,
અટ્ઠમ અંગ સુણીજઇ;
અટ્ઠપવયણ માયા પાલીજઇ, અટ્ઠ મહામદ ગદ ગાંલીજઈ,
અટ્ઠ કરમ ટાલીજઈ,
અટ્ઠમ શ્રીચંદ્રપ્રભદેવ, અટ્ઠમીનઇ દિન કરતા સેવ,
અટ્ઠસિદ્ધિ નિતમેવ. ૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અઠ્ઠ કર્મ રહિતા અરિહંતા, અઠ્ઠ ગુણે કરી સિદ્ધિ સોહંતા,
જે તિહુયણે ભગવંતા,
અઠ્ઠગંધોદકે ન્હવણ કરીજઇ, અઠ્ઠાંગમલ વિધિસું અપહરીજઇ,
અઠ્ઠ સુગંધ ઘસીજઇ;
અઠ્ઠ પયારી પૂજા કીજઈ, આઠે મંગલ આગઈ ધરીજઈ,
ભાવના ભવિ ભાવિજઈ,
અઠ્ઠ જિનેસર જન્મ કલ્યાણ, ભણીઇ તેહનાં તવન વખાણ,
થુણીઇ ગુણ સુવિહાણ. ૨

શ્રીજિનભાષિત આગમ સાર, તેમાંહિ અઠ્ઠમ અંગ વિચાર,
સુણતાં હોઈ નિસ્તાર,
અઠ્ઠમીતપનો લાભ અનંત, અઠ્ઠ કરમનો આણઈ અંત,
ઈમ ભાખઈ સિદ્ધાન્ત;
આઠ કોડીનઈ આઠજ લાખ, આઠ હજાર આઠ સઈ જિન શાખ,
એક સો આઠ વલી દાખ,
એટલા નવકાર ગણણું આરાધઇ, જન્મ થકી અઠ્ઠમીતપ સાધઈ,
શિવપદ પામઈ સમાધઈ

ધન્ય ધન્ય તે સાહુ સાહુણી કહીઇ, ધન્ય ધન્ય સાવય સાવયા લહીઇ
[1]સવિ અઠ્ઠમીતપ રહીઈ,
અઠ્ઠ કર્મ ક્ષય કરણ નિમિત્ત, અઠ્ઠમીનો તપ કરતાં નિત્ત,
થાઈ પ્રાણી પવિત્ત;
ચોવિહ સંઘતણી રખવાલી, **શાસનાદેવી** રંગરસાલી,
દાયિકા લીલ વિશાલી,

---

1 ભવિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રીજયાણંદકવીંદનો શીસ, ગજાણંદ ભાસઈ નિશદિશ,
અવિચલ પર્વ જગીશ. ૪

+ ૨ (રાગઃ—વીરજિનેશ્વરઅતિઅલવેસર.)

વીરજિનેસર ભુવનદિનેસર, નિરુપમ જગ ઉપગારી જી,
વાસવવંદિત ભવ નિકંદિત, તુમચી જાઉં બલિહારી જી;
શ્રીમુખ ગૌતમગણધર આગે, ભાખે તિથિ વિચાર જી,
અષ્ટમીતપ આરાધી પ્રાણી, કેઇ પામ્યા ભવપાર જી. ૧

ચ્યવનકલ્યાણક જન્મ ને દીક્ષા, કેવલ ને નિરવાણ જી,
અષ્ટમીદિન બહુ જિનનાં જાણો, એહવી આગમવાણ જી;
અનુભવસંગી નિજગુણરંગી, અષ્ટમી જે આરાધે જી,
સુજશ મહોદય કમલા વિમલા, મનવંછિત સુખ સાધે જી. ૨

વાણી સુધારસ વરસી વિભુ, પાપ તિમિર કરે દૂર જી,
ભવિક કમલ પ્રતિબોધ કરેવા, ઊગ્યો સમકિત સૂર જી;
અષ્ટમી મહિમા એણિપરે ભાખે, જિનવર જગત દયાલ જી,
એ તપ આરાધી (ભવિ) પ્રાણી, પામ્યાં ગુણમણીમાલ જી. ૩

દંડવીર્યાદિ નૃપ આરાધી, અષ્ટમી વિશ્વાવીશ જી,
અષ્ટ કરમ મલ દૂર કરીને, પામ્યા સિદ્ધ જગીશ જી;
સિદ્ધાઇદેવી સંકટ ચૂરે, વીરશાસન રખવાલ જી,
**જિન ઉત્તમ** અવિલંબન કરતાં, **રત્ન** લહે ગુણમાલ જી. ૪

+ ૩ (રાગઃ—પર્વ પજુસણ પુન્યે પામી પરિઘલ પરમાણંદોજી.)

અષ્ટ મહા પ્રાતિહારય સેવિત, અષ્ટ મહા ભય ભેદી જી,
અષ્ટ મંગલ રચનાઈ રાજિત દેઇ, દેશના અવિખેદી જી;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અષ્ટ કરમદલ દારણ દારુણ, ત્રિશલાનંદન નંદો જી,
જસ શાસનિ શુભ વાસનિ કીજઇ, અષ્ટમીતપ આનંદો જી ૧

અષ્ટ પ્રકારઇ પૂજો ભવિયાં, જે જિનવર જગમાહઈ જી,
યોગ અષ્ટાંગ સરુપઇ ધ્યાતાં, શિવવધૂ વરઈ ઉત્સાહઈ જી;
આઠે મદ ચૂરણ ગુણ પૂરણ, ઉરણ પૃથવીકાર જી,
અષ્ટમીતપ પરકાસ્યો તેહનો, આરાધો સુખકાર જી. ૨

અષ્ટ કરમ અરિહંતા સંતા, અરથ પ્રકાસઈ શુદ્ધ જી,
અષ્ટ પ્રવચનમાતા રાતા, ગણધર ગૂંથઈ બુદ્ધ જી;
તે અડબુદ્ધિ ગુણઈ કરી આગમ, અભ્યાસે અવિરુદ્ધ જી,
જેહમાં અષ્ટમીતપનો મહિમા, ભાખ્યો છઇ પરસિદ્ધ જી. ૩

અષ્ટ પ્રભાવક પુરુષ પ્રભાવન, જસ સાહાજિ સાધઇ જી,
અષ્ટ પુષ્ટાંગ પણઇ ધરમીજન, દિન દિન ધરમઈ વાધઈ જી;
વાચક **માનવિજય** કહઇ, **શાસનદેવી** ચિત્તમાં ધરયો જી,
અષ્ટમીતપ આરાધક જનનઇ, અષ્ટ મહાસિદ્ધિ કરયો જી. ૪

---

+ ૪ ( રાગઃ—પર્વ પજુસણ પુન્યે પામી પરિઘલ પરમાણંદો જી )

આઠ પ્રમાદ કરીને અલગા, મદ પણ આઠ તજીજે જી,
પ્રવચનમાતા આઠ ધરીને, આઠમનો તપ કીજે જી;
આઠમદિન જસ જનમકલ્યાણક, તે જિન ઋષભ નમીજે જી,
આઠ મહા સિદ્ધિ પૂરણ પામી, ભવ ભય તાપ વમીજે જી. ૧

અષ્ટાપદપર્વત અતિ સુંદર, ઊંચો જોયણ આઠ જી,
તે ઉપરી જિનવરની પ્રતિમા, સોહે ત્રિગુણી આઠ જી;



Jain Education International        For Private & Personal Use Only        www.jainelibrary.org

તે ચોવીશે તીર્થંકરના, ભવિ કરો ગુણ પાઠ જી,
આઠમદિનનો ઇણ વિધિ આરાધી, દહો દુરિતકુંચ ઠાઠ જી. ૨

જ્ઞાનાવરણી પરમુખ પ્રગટ, કર્મ તે ચાર પ્રકાર જી,
તસ નાસે ઉપજે અવિનાશી, સિદ્ધ ગુણ આઠ ઉદાર જી;
જે માંહે ગણધરે ઇમ ભાખ્યું, ભવિકજીવ હિતકાર જી,
આઠમદિન તે આગમ નિસુણો, કરી વિકથા પરિહાર જી. ૩

અષ્ટમશશી સમ ભાલ અનોપમ, પૂર્ણચંદ્ર મુખ જાસ જી,
બિમણા આઠ બિરાજે અંગે, શણગાર અતિ ખાસ જી;
તે દેવી **ચક્રેસરી** આઠમદિને, કરો સંઘને દુઃખ નાશ જી,
શ્રીવિજયરાજસૂરીસર વિનયી, **દાનવિજય** ઉલ્લાસ જી. ૪

---

+ ૫ ( રાગઃ—શ્રાવણ સુદિદિન પંચમીએ )

ચોવીશમો વ્હાલો વીરજી એ, મગધદેશ વિચરે મહંત તો,
રાજગૃહીનગરી સમોસર્યા એ, સમોસરણે હરખંત તો;
શ્રેણિકે વાંદ્યા ભાવસું એ, પૂછે ષટતિથિ પર્વ સાર તો,
પ્રરુપે પરખદા બારને એ, અધિક આઠમ અધિકાર તો. ૧

ઋષભ જન્મ ને દીક્ષા લહીએ, અજિતનો જન્મકલ્યાણ તો,
સંભવ સુપાર્શ્વ ચવીઆ સહીએ, અભિનંદન પાર્શ્વ સિદ્ધઠાણ તો;
સુમતિ સુવ્રત નમિ જનમીયા એ, નેમતણો નિરવાણ તો,
અનેક સાધુ સિદ્ધશિલાએ, ભાખે વીરજિનભાણ તો. ૨

ઉપવાસ આઠમનો કરે એ, અષ્ટ મહાસિદ્ધિ જોય તો,
અષ્ટ મદ ભટ દૂર કરે રે, પ્રવચન આઠે હોય તો;
અષ્ટ કરમ અલગે કરે એ, સિદ્ધપદ અડ ભેદ પાય તો,
અષ્ટ અનેક કલશા કહ્યો એ, બોલ્યા વર્દ્ધમાનરાય તો. ૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આઠમ પૌષધવ્રત સાધતો એ, દંડવીર્ય લહ્યો નિરવાણ તો,
શ્રેણિક આદિ સહુ પરખદા એ, સુણી તપ ગ્રહે સુખખાણ તો;
**સિદ્ધાઇદેવી** રુમઝુમ કરતી એ, **માયંગયક્ષ** મહાવીર તો,
**સેન** પાટે બુધ **સુખ** રત્નનો એ, **વનીતવિજય** ભાખે સાધારતો. ૪

## શ્રીએકાદશીદિનકથનસ્તુતિ

+ ૧ ( રાગઃ—વીરજિનેશ્વર અતિ અલવેસર )

જયશ્રી એકાદશી અતિ ઉજાલી, વ્રત કીજઈ મનવાલી જી,
શ્રીશ્રેયાંસજિન પૂજા રંગાલી, કરીઈ કલિમલ ટાલી જી;
અહોરત્તો પોસહ પ્રતિપાલી, સમરણ અંગ સંભાલી જી,
ઇણિપરિ ભવિયણ ભાવ નિહાલી, વિધિ આરાધો રસાલી જી. ૧

શ્રાવકપ્રતિમા ઇગ્યારઇ, મુનિવરપ્રતિમા બારઈ જી,
દિવસ એકાદશી નિરતિચારઈ, સેવઈ ભાવ અપારઈ જી;
સયલ તિત્થના ઠાણ વિચારઇ, પૂજા ભાવ જુહારઈ જી,
ગણધરએકાદશી સંભારઈ, નિજ આતમ નિસ્તારઈ જી. ૨

શ્રીજિનભાષિત અંગ ઇગ્યારઇ, ટીકા સૂત્ર લિખાવી જી,
ઠવણી વિંટણા કોલિ પુંજણી, ચાબખી પાઠાં કરાવી જી;
ગણનાયક ઉવજ્ઝાય મુનિસરને, હિતસું વહિરાવી જી,
શ્રીજિનઆગમ સુણીઈ થુણીઇ, ગણીઇ ભાવ વિભાવિ જી. ૩

શ્રીજિનશાસનની રખવાલી, શાસનાદેવી વિખ્યાતા જી,
**બ્રહ્માણીદેવી** સુરસેવી, સાનિધિકરણ વિધાતા જી;
શ્રીએકાદશીના વ્રતધારી, તસ જયકારી માતા જી,
**શ્રીજયાનંદકવિ** શિશુ પામઈ, **ગજાણંદ** સુખસાતા જી. ૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# श्रीचतुर्दशीदिनकथनस्तुतिओ

+ १ (रागः—चंपक केतकी पाडल जाइ)

जयश्री वीर शमामृत कूप, राजगृहि पधारइ अनूप,
वांदई श्रेणिकभूप,
श्रीवीरनइ पूछई नृप एम, चउदसी महिमा कहीइ केम,
श्रीजिन भासइ तेम;
व्रत धरी करी पोसह अहोरत्त, चउदपूर्वना नाम निरत्त,
जपीइ प्रेम पवित्त,
चउदजिनेसर पूजा करीई, पखवाडानुं पातग हरीइ,
निज आतम उधरीइ. १

चउदलोकमां जे जिन राजई, शासताशासत तित्थ विराजई,
ते वंदो शिवकाजई,
चउदमा श्रीजिनराज अनंत, पूजा करीइ भकित अनंत,
पामइ पुन्य अनंत;
अनंतजिनइ चउदसी फल भाख्युं, सोमशर्मा द्विजई व्रत
राख्युं, तिणई परम सुख चाख्युं;
तिणइ कारण ए चउदसी दिवसइ, चउद नियम धरी व्रत
करी निवसइ, ते सवि लीला विलसइ. २

श्रीजिनभाषित चउदश पूर्व, चउदश विद्या भेद अपूर्व,
वर्तित आगम सर्व,
चउद भेद करी पूजा सार, सुणतां जाणइ अर्थ अपार,
चउदश लोक विचार;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આગમ ભાવસું ભાવ ધરીજઇ,ચઉદશ ગુણઠાણાં સમજીજઇ,
નિજ આતમ તારીજઇ,
એણિપરિ ચઉદસીદિવસે વિશેષ, આગમભક્તિ કરીસ વિશેષ,
લીજઇ લભ અશેષ. ૩

પ્રબલ પ્રતાપ પ્રતાપ વિરાજ, **સર્વાનુભૂતિ** મહાજખરાજ,
શાસનદેવ રરાજ,
સંઘ ચતુર્વિધનો રખવાલ, ચઉદસી વ્રતધારી પ્રતિપાલ,
સાનિધિકરણ રસાલ;
જે ભવિહુ ચઉદસી વ્રતકાર, તે હોઇ ચઉદ લોક પતિસાર,
કઈ ચઉદશ રત્ન ધાર,
**શ્રીજયાણંદ**પંડિત પદ શીસ, **ગજાણંદ**કવિ દીઇ આશિષ,
અવિચલ સયલ જગીશ. ૪

---

૨ (રાગઃ—મંગલ આઠ કરી જસ આગલ.)

ચૌદ સુપન સૂચિત હરિ પૂજિત, સિદ્ધારથકુલચંદા જી,
ચૌદરયણપતિ નરપતિ વંદિત, ત્રિશલારાણીનંદા જી;
કેશરીલંછન કંચનવાનિ, સોહે વીરજિણંદા જી,
પાખીપર્વ કહ્યું દિને ચૌદશી, આરાધો સુખકંદા જી.

ચઉદશ દશ જિનચંદા વંદો, ભાવ ધરી ભવિપ્રાણી જી,
ચૌદશમેં ગુણઠાણે ચઢીને, પામ્યા શિવસુખખાણી જી;
ચૌદરાજ ઉપરિ જે પહોંતા, ચૌદશીદિન આરાધો જી,
ચૌદશીતપ કરતાં ભવિજનને, ચૌદ વિદ્યા તે સાધો જી.

ચઉદદેવ મલીને વિરચે, ગઢ ત્રણનું પરિમાણ જી,
ચૌદ સહસ મુનિ પરિકર સંયુત, બેસે શ્રીજિનભાણ જી;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચૌદપૂરવ અરથ ઉપદેશે, નિસુણે પર્ષદા બાર જી,
જીવદયા ચઉદશીદિને પાળો, પ્રાણી ચઉદ પ્રકાર જી. ૩

ચઉદભુવન વશ કરવા વરવા, શિવરમણી મનહરણી જી,
**સિદ્ધાયિદેવી** જન સુખકરણી, **માતંગયક્ષની** ઘરણી જી;
ચઉદશીતપની સાંનિધ કરણી, વિશદ વરણ તનુ વરણી જી,
[1]**જ્ઞાનવિમલ** કહે જિન અનુસરણી, સકલ સંઘ [2]દુઃખહરણી જી. ૪

---

## શ્રીજ્ઞાનપંચમીસ્તુતિઓ

+ ૧ ( રાગઃ—શ્રીશત્રુંજય તીરથસાર. )

જગદાનંદન નેમિજિણંદ, દ્વારિકાનયરી પધાર્યા મુણિંદ,
વાંદઈ કૃષ્ણનરિંદ,
કૃષ્ણજી પૂછ્યા શ્રીજિનનેમ, સૌભાગ્યપંચમી તપ ફલ કેમ,
ભાખઈ શ્રીજિન એમ;
વરદત્તનૃપ ગુણમંજરીરાણી, એક કુષ્ઠિ એક મૂંગી વાણી,
સુણી શીતલજિન વાણી,
સૌભાગ્યપંચમીતપ આરાધ્યું, કષ્ટ ટલ્યું મનવંછિત સાધ્યું,
તિણિ પંચમી જસ વાધ્યું. ૧

મન વચ કાયા મૌન કરીનઇ, અહોરત્તો પોસહ ઉચ્ચરીનઈ,
રહીઈ ઝાંણ ધરીનઇ,
પંચ ભરત પંચ ઐરવત ક્ષેત્ર, પંચ મહાવિદેહે પવિત્ર,
પંચ મેરુગિરિ યત્ર;

---

1 નયવિમલ. 2 સુખકરણી જી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાંચ પરમેષ્ટિ તિહાં રાજઈ, પંચ વર્ણ છબી જસ તનુ છાજઈ.
પંચમીગતિપતિ ગાજઇ,
પંચાંગ શુદ્ધ કરી પંચ સમરીજઈ, પંચ ભાવસું પૂજા કીજઈ
જિમ અવિચલપદ લીજઇ. ૨
શ્રીજિનભાષિત આગમ કહીઈ, પંચ પ્રકારઈ તે સદ્દહીઈ,
ભક્તિ ધરી ઉમહીઈ,
પાઠાં વીટણાં નોકારવાલી, ઠવણી પુજણી કોલી રગાલી,
ચાબખી ચિત્ર રસાલી;
પાંચે ભેદે એ સવિ કીજઈ, ઘૃતસું દીપક પાંચે ભરીજઇ,
પંચમાંગ પૂજીજઇ,
સૌભાગ્યપંચમી ચરિત્ર સુણીજઈ, નમો નાણસ્સ એ પદ સમરીજઈ,
પાંચે નાણ લહીજઇ. ૩
પંચ રૂપ સરૂપ વિખ્યાતા, પંચમાંગશ્રુતદેવી ધાતા,
શાસનાદેવી માતા,
સંઘ સકલનઈ અતિ સુખકારી, સૌભાગ્યપંચમીના વ્રતધારી,
તેહનઈ નિત્ય જયકારી;
સૌભાગ્યપંચમી જે વ્રત કરસ્યઈ, તે ભવિયણ ભવસાગર તરસ્યઈ,
અવિચલપદ સુખ વરસ્યઈ,
શ્રીજયાણંદપંડિત પદ શીસ, ગજાણંદકવિ દીઇ આશીષ,
ચિર તપો સુજગીશ. ૪

---

+ ૨ ( રાગઃ—વરસદિવસમાં અષાઢચોમાસું. )

કાર્તિકસુદિ પંચમી તપ કીજે, ગુરુમુખથી ઉપવાસ કીજે,
આગલ જ્ઞાન ઠવીજે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દીપક પાંચ પ્રગટ કરીજે, બહુ સુગંધી ધૂપ ધરીજે,
સુરભિ કુસુમ પૂજીજે;
પાંચ જાતિના ધાન ઢોઈજે, વલી પાંચે શ્રીફલ મૂકીજે,
પકવાન મેવા થાઈજે,
નમો નાણુસ્સ પદ ગણીજે, ઉત્તર પૂરવ સામા રહીજે,
દોય સહસ ગુણીજે. ૧

[1]પંચમીતપ વિધિસુ આરાધો, પાંચ નાણ સે'જે સાધો,
સૌભાગ્ય જસ વાધો,
શ્રીનેમિજન્મકલ્યાણુક જાણું, વરસ વારુ ને દિવસ વખાણું
તપ કરી ચિત્તમાં જાણું;
પાંચઠ મહિને તપ પૂરો થાય, વરદત્તની પેરે કષ્ટ પલાય
નિર્મલ જ્ઞાન જણાય,
ગુણમંજરીકુમરી ગુણખાણી, તપ કરી હુઈ શિવ ઠકરાણી,
[2]શિવવહુ જિનવરવાણી. ૨

પાટી પોથી ઠવણી કવલી, કાંબી કાતર પાલી ગવલી,
લેખણુ ખડિયો ચવલી,
સઘલાં પાઠાં ને રૂમાલ, ચાબખી લહકે ઝાકઝમાલ,
નોકારવાલી પરવાલ;
કલશ આરતી મંગલદીવો, વાસખેપ ધોતીયાં ધરેવો,
શ્રીજિનબિંબ પૂજેવો,
પંચ પંચ વાના સર્વજ એહ, સિદ્ધાન્ત લખાવી જિનગુણગેહ,
કરી ઉજમણું ધરી નેહ. ૩

---

**1** પંચમીનો તપ ઇણપરે કીજે, પંચમી મહાતમ શ્રવણ સુણીજે, લક્ષ્મી લાહો લીજે. **2** સહુ જન જગમાં જાણી.

Jain Education International  For Private & Personal Use Only  www.jainelibrary.org

પંચમીનો તપ એણી પરે કીજે, પંચમીમાત'મ શ્રવણ સુણીજે,
[1]સુખ સંપત્ત પામીજે,
મન વચન કાયા વશ કરીજે, દાન સુપાત્રે અધિકું દીજે,
[2]લક્ષ્મી લહાવો લીજે;
[3]દેવી **ચક્કેસરી** શાસનદેવી, બહુ દેવે દેવી સેવી,
**શાન્તિ** નામ તસ દેવી,
શ્રીવિજય**પ્રભસૂરિ તપગચ્છરાય, પ્રેમવિજય** ગુરુ સેવા પાય;
**કાન્તિવિજય** ગુણ ગાય. ૪

---

+ ૩. ( રાગઃ—વીરજિનેશ્વરઅતિઅલવેસર. )

શ્રીનેમીસર પંચમનાણી, પંચમગતિ દાતારો જી,
સકલ સુરાસુર નર વિદ્યાધર, બયઠી પરખદા બારો જી;
ત્રિગડે બઈઠા ત્રિભુવન સ્વામી, ભાખે પરવ વિચારો જી,
કારતકસુદ દિન પંચમી જાણો, સકલ પરવ શિરદારો જી. ૧
આઠ પહોરનો પોસો કીજે, ચોથભત્ત ચોવિહારો જી,
સાથિયાં પાંચ પાંચ વાટનો દીવો, પાના પુસ્તક સારો જી;
ઉત્તર સનમુખ બેસી ગુણીઇ, ગણણું હોય હજારો જી,
[5]પાંચ વરસ પાંચ માસ આરાધો, સવિ જિન કહે નિરધારોજી. ૨

---

1 જસ સૌભાગ્ય લહીજે. 2 સ્વામિની ભકિત કરીજે. 3 શ્રીનેમનાથની શાસનદેવી, સુર નર નારી જેહને સેવી, શ્રીસંઘના વિઘન હરેવી, શ્રીવિજયરાજ ગણધર બીરાજે, દયાવિજય પંડિત તસ છાજે, સુખવિજય અતિસય રાજે. 4 સૂરિ સોમ સૂચ ગણધર બીરાજે, ધનવિજય પંડિત તસ સાધે, સુખવિજય અધિક વાધે.—શ્રીવિશાલસોમસૂરિ ગણધર બીરાજે, શ્રીદયાવિમલ પંડિત તસ છાજે, શ્રીજશવિજય અધિક બીરાજે. 5 મન શુધ્ધે પંચમી આરાધો, શ્રીજિન કહે નિરધારોજી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાઠાં પાટી પરત પૂજણી, ચંદરવા ચિત્ત ધારો જી,
લેખન ખડિયા ઠવણી કવલી, પાંચ પાંચ મનુહારો જી;
કલશ ચંગેરી નોકારવાલી, ચરવલા મુહપત્તિ સારો જી,
લખમી લાહો લીજે કીજે, ઉજમણું શ્રીકારો જી. ૩
[1]એ તપથી દુઃખ દોહગ નાશે, દુશ્મન દૂરે જાવે જી,
[2]નાણ વિજ્ઞાન સબ સંપદ સારી, સુરપદ શિવપદ પાવે જી;
**ગોમેધયક્ષ અંબાઈદેવી**, [3]શાસનને સુખદાવે જી,
**રૂપવિજય** પ્રભુ શ્રીસંઘકેરા, **મુનિમાણેક** ગુણ ગાવે જી. ૪

---

+ ૪ ( રાગઃ—પાર્શ્વશંખેશ્વરા સાર કર સેવકા. )

નેમિજિનવર પરિકહી નાણ પંચમી સહી,
નાણપંચમ કરો ભવિયણ સરદ્દહી;
પંચમી પંચ આચાર પરિપાલીઈ,
પંચમી પંચ પરમાદ મદ ટાલીઈ. ૧
પંચ દૂષણ તજો પંચ ભૂષણ ભજો,
પંચ મિથ્થ પરિહરો પંચ સમકિત ધરો;
પંચમી પંચમીષ્ટપદ ધ્યાઈઈ,
પંચમી પંચ પરમેષ્ઠિપદ પાઈઈ. ૨
પંચ વર વાસિયા પંચ વર માસિયા,
પંચમી પાંચ પાંચ કરી ઉપવાસિયા;
પંચમી પંચ વરનાણ આરાધીઈ,
પંચમી પંચમી નામ ગતિ સાધીઈ. ૩

---

1 ઇમ જિનભકિત કરતાં ભવિને. 2 વિધિ સહિત પંચમીતપ કરતાં, ઋદ્ધિ સિદ્ધિ ઘર થાયે જી. 3 જિનશાસન હિતકારી જી, રૂપવિજય કવિરાય પસાયે, મુનિમાણેક જયકારી જી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રોગ સવિ શોગ દોહગ દુઃખ ચૂરતી,
ભોગ સંજોગ સોહગ સુખ પૂરતી;
નાણુપંચમી કરો ઊજવો વિધિ કરી,
તાસ સાનિધ કરે **અંબીકા**[1]સુરી. ૪

+ ૫ ( રાગઃ—સુરઅસુરવંદિતપાયપંકજ )

સૌભાગ્યપંચમી પર્વ મોટું નાણુ પંચ નિવાસ,
કાર્તિકસુદિ પંચમીદિવસે કરો ભવિ ઉપવાસ;
જપો નમો નાણુસ્સ પદ દો સહુસ આણીયે રાગ,
વરદત્ત નઈ ગુણમંજરી પરઈ લહો જિમ સૌભાગ્ય. ૧
પંચમીદિવસઇ પંચ જિનનઇ સેવતાં વર નાણુ,
તિણઈ કારણઇ એ પર્વ મોટું કહ્યું શ્રીજિનભાણુ;
પંચ પરમાદ પંચ નીદ્રા પંચ મદ કરી ત્યાગ,
જાવજીવ સૌભાગ્યપંચમી–તપ કરી લ્યો સૌભાગ્ય. ૨
સૌભાગ્યપંચમી ઉજવો સિદ્ધાન્ત ભક્તિ પ્રભાતિ,
પાટલી ને પોથી પૂજણી ઘૃત દીપક ધાન સુજાતિ;
પંચ પકવાન પંચ ફલ વિધિ યથાશક્તિ બહુભાતિ,
મન વચન કાયા તજીય માયા સેવીઈ દિનરાતિ. ૩
સૌભાગ્યપંચમી સાનિધકારી **અંબિકા** સુવિચાર,
મેખલા ખલકઇ કુંડલ ઝલકે નેઉરનો ઘમકાર;
જસ રૂપ અદ્ભુત અતિ ભલું દેખતાં હર્ષ અપાર,
**ઉવજ્ઝાય ભાનુચંદ** સેવક **દેવચંદ** સુખકાર. ૪

1 ઇશ્વરી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

+ ૬ ( રાગઃ—આગે લાખ પૂરવધર વાસો વસિયા પરીકર યુક્તાજી )

શ્રીનેમિજિનેસરજન્મકલ્યાણક, પંચમીદિન ભવિ જાણો જી,
પંચરૂપ સુધર્મા કરતો, મહોત્સવ હર્ષ ભરાણો જી;
મેરુશિખર પર જિનતનુ અરચી, કંઠ ઠવી વરમાલ જી,
પંચમીતપ કરતાં ભવિ લહીઈ, પંચમનાણુ વિશાલ જી. ૧

પંચ વરણુ એમ સયલ જિનેસર, મહોત્સવ ગિરિવર શ્રૃંગે જી,
મલિય સુરાસુર હરિય ચોસઠ, પૂજે નવ નવ અંગે જી;
અક્ષય અચલ અનંતસુખ સ્વામી, પરમાનંદ વિલાસી જી,
પંચમીતપ કરતાં અમ કરજો, પંચમીગતિના વાસી જી. ૨

અરિહા અર્થ સમોસરણે બેસી, વરસે અમૃતધાર જી,
ઝીલી આગમ ગણધર રચતાં, ભવિયણને હિતકાર જી;
મહાનિશિથ સિદ્ધાન્તમાં દાખ્યો, પંચમીતપ મહિ માંય જી,
ગુણમંજરી વરદત્ત આરાધી, પામ્યા શિવપુર ઠાય જી. ૩

અંબાદેવી સાર કરેવી, શાસનની રખવાલી જી,
વંછિત પૂરે દુરિત નિવારી, કરતી મંગલમાલ જી;
કરજ્યો માતા અમ્હ સુખશાતા, પામી તાસ પસાય જી,
**જિન ઉત્તમ** ગુરુ પદકજ સેવક, **સત્યવિજય** ગુણ ગાય જી. ૪

---

## [૧] શ્રીમોક્ષએકાદશીસ્તુતિ.

+ ૧ ( રાગઃ—ઇણિપુરી કંબલ કોઈ ન લેસી. )

જગપતિ વીરજિણંદ પયાસઇ, મોક્ષએકાદશી મહિમા ખાસ,
ઇણિદિન અદકોડી [1] અઠુજ લાખ, અઠુ હજારનઈ અઠુસયઈ ભાખ;

---

૧ કારતક વદ ૧૧ 1 અડસઠ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એકસો આઠ જિનેસર નામી, ઈણિદિન મુક્તિ પહુંતા સામી,
તિણિ એ મોક્ખઇગ્યારસી કહીઇ,વ્રત આરાધઈ વિવિધ સુખ લહીઈ.૧.

મોક્ખઇગ્યારસી દિવસ ઉલ્લાસ, મન શુદ્ધઈ કીજઈ ઉપવાસ,
અહોરત્તો પોષહ આદરીઈ, સયલ તિત્થના સમરણ કરીઈ;
શાશ્વતાશાશ્વતા જિનવર જેહ, સયલ [2]દેવાલયે પૂજો તેહ,
ધન્ય તે સાવય સાવિયા દેહ, મોકખએકાદશી સાધઇ નેહ. ૨

શ્રીજિનવાણી સયલ સુહાણી, ત્રિપદી ભાસઇ અમીય સમાણી,
નિસુણી હિતસું ગણધરનાણી, આગમરચના રચે સરસાણી;
ભક્તિ યુક્તિ ચિત્તમઈ અતિ આણી, ધર્મલાભ ફલ અધિકો જાણી,
ભાવ પ્રભાવઈ ભવિઅણ પ્રાણી, નિત્ય સુણો આગમનયખાણી. ૩

શ્રીવીરશાસનાદેવી માતા, શ્રી**સિદ્ધાયિકા** સમહિમખ્યાતા,
સયલ સંઘનઈ સાનિધિદાતા, સદા જયોદય સંપત્તિદાતા;
જેહને એકાદશી નાતા, તેહને હુઈ **માતંગજખ** ત્રાતા,
શ્રી**જયાણંદ**કવિ ચરણે રાતા, કવિ **ગજાણંદ** આણંદ વિખ્યાતા. ૪

---

## શ્રીમૌનએકાદશીસ્તુતિઓ.

\+ ૧. ( રાગઃ—શત્રુંજયમંડનઋષભજિણંદદયાલ. )

અરજિનની દીક્ખા નમિજિન કેવલનાણ,
જનમ્યા મલ્લિજિન તિમ સંજમ સુપ્રમાણ;
કેવલ પિણ ઓપતો કરતાં ઉજ્જવલ ઝાણ,
ઇગ્યારસ મિગશિર સુદિ ઇમ પંચકલ્યાણ. ૧

---

૨ દેવાલયે તુમ્હે પૂજો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઈમ પંચ ભરતે ઐરવત પિણ એમ,
પંચ પંચ કલ્યાણક ક્ષેત્ર દશે હૈ ખેમ;
પચાસ પ્રમાણઇ ત્રિહુંકાલઇ ગિણ તેમ,
સો દોઢ કલ્યાણક જિન સહુ નમીયે જેમ. ૨
અરિહંતે ભાખ્યો અરથે કરી અપાર,
ગણધર તે ગૂંથે સૂત્રે કરી સુવિચાર;
ઈગ્યારે અંગે ઈગ્યારસ અધિકાર,
તે કરતાં ભવિયણ પામે ભવનો પાર. ૩
ઇગ્યારસ કીજે વરસઇ ગ્યાર માસ,
ઉજમણો કીજે યથાશકિત સુજગીશ;
સુખ સંપદ મંગલ પામીજે નિશદિશ,
સુયદેવી સાનિધિ કહે જિનચંદ્રસૂરીશ. ૪

---

+ ૨. ( રાગઃ—શ્રીશત્રુંજયતીરથસાર. )

શ્રીનેમીસર જગ જયવંત, સકલ જગત જંતુ પાલંત,
જગદીપક જશવંત,
તેજ પ્રતાપે અતિ ઝલકંત, કેવલનાણ દરસણ દીપંત,
મોહ તિમિર છીપંત;
અષ્ટાદશ ગણધર ગુણવંત, અઢાર સહસ મુનિવર મહંત,
સાથઇ સુર સેવંત,
ગામાનુગામ વિહાર કરંત, ભવિપ્રાણીને બહુ બુઝવંત,
દ્વારાપુરી પુહંત. ૧
કૃષ્ણ કહે પ્રભુ પ્રણમી પાય, સકલ દિવસ ધર્મ નવિ થાય,
દીયો સાર દિવસ બતલાય,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નેમ કહે સુણો કેશવરાય, મુનિઅગ્યારસ સાર કહાય,
એહનો મહિમા થપાય;
શ્રીઅરનાથ મહામુનિ થાય, જન્મ દિક્ખા મલ્લિજિનરાય,
શ્રીનમિ નાણ તે પાય,
દશે ખેત્રે ત્રિણકાલઈ થાય, ત્રીણ ચોવીસી નેઉ જિનરાય,
દોઢસો કલ્યાણક થાય. ૨

શેઠ સુવ્રતે કરી સુખદાય, ચોથભત્તો ચઉવિહાર મુનિ ધ્યાય,
પોસો અહોરત્તો દ્દાય,
અગ્યાર વરસ અગ્યાર માસે થાય, પૂરે તપે ઉજમણું થાય,
અગ્યાર વસ્તુ લાય;
અંગ અગ્યાર ઉપાંગ લીખાય, કોડી અગ્યાર લચ્છિ લલનાપાય,
સરગ અગ્યારમેં શિવ જાય,
હરિહલ ધરઇ કરી મન લયલાય, અવર દસે કરાવી કહાય,
તે દિનથી પ્રસિદ્ધ થાય. ૩

એ તપ લોક લોકોત્તર થાય, એ તપથી સુખસંપદ પાય,
સકલ જગત જશ ગાય,
શ્રીનેમીસરના ગુણ ધ્યાય, પૂજી પ્રણમી વંદી પાય,
નિજ નિજ ઘાતક જાય;
ગોમેધયક્ષ અંબાઇમાય, સંકટ વિકટ રોગ શોગ શમાય,
દુઃખ દોહગ દુરિત ગમાય,
શ્રીરૂપવિજય કવિરાજ પસાય, મુનિમાણેક પ્રભુના ગુણ ગાય,
અક્ખય અચલપદ પાય. ૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

+ ૩ (રાગ :–શત્રુંજયમંડનઋષભજિણંદદયાલ )

અરનાથ આરાધો જન્મ્યા જિન જગિ ભાણ,
શ્રીમલ્લિજિનેસર જન્મ દીક્ષા વર નાણ;
એકવીશમા નમિજિન કેવલનાણકલ્યાણ,
એકાદશી ઉજલી માગશિરકેરી જાણ. ૧

જિન અતીત ચઉવીશી અનાગત વર્તમાન,
દશ ક્ષેત્રે દોઢસો જિનકલ્યાણક માન;
તે ગુણણું ગુણતાં મુગતિવધૂ વરવાણ,
તે માટે માગશિર એકાદશી પ્રધાન. ૨

સિદ્ધાન્તમાં સુણીઈ એકાદશી ઉલ્લાસ,
પોસો અહોરત્તો ચઉવિહાર ઉપવાસ;
તપવિધિસું કીજઈ બાર વરસ તે ખાસ,
સુખસંપદા પામો મુગતિપુરીમાં વાસ. ૩

દેવ દેવી ચઉવિહ સમકિતધારી સાર,
તપસાનિધિ કરજો મૌનએકાદશી ધાર;
સંઘસંકટ હરજો કરજો પરઉપગાર,
બુધવૃદ્ધિવિજયનો વીરવિજય જયકાર. ૪

---

+ ૪ (રાગ :–

દ્વારિકાનગરી સમોસર્યા નેમિ, બાવીશમા જિનરાયા જી,
સેના સહિત તિહાં શ્રીકૃષ્ણ આવે, સમોસરણે પ્રભુ પાયા જી;
પરખદા બાર મલી મુખ આગલ, કૃષ્ણરાય પ્રશ્ન તિહાં પૂછે જી,
કહો સ્વામી વર્ષમાં દિન મોટો, શિવસુખ તિથિ તે શું છે જી. ૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માગસરસુદ ઈગ્યારસ મહિમા, નેમિજિણંદ વખાણે જી,
દોઢસે કલ્યાણકદિન આ છે, સુવ્રતશેઠ સિદ્ધ માણે જી;
ઇગ્યાર ક્રોડ ધન છંડી નારી, ઈગ્યાર તરુણી પોતે દીક્ખા જી,
પરભવ આભવ ઈગ્યારસ અનુભવી, સિદ્ધપદ લહે ગ્રહી શિક્ખાજી. ૨

શ્રાવકની ઇગ્યારે પડિમા, ઈગ્યારસવ્રત તપ ધરશે જી,
ઈગ્યાર વરસ ને માસ ઈગ્યારે, ઉપરે ઉજમણું કરશે જી;
ઈગ્યારે પુસ્તક ઠવણી કવલી, પાટી પાઠાં નોકારવાલી જી,
રૂમાલ કાબી પૂંજણી કુંપી, ઉજમણે તપ શિવ ભાલી જી. ૩

રમકે ઝમકે ઘમકે પાય ઘૂઘરી, સંઘ સહાય અંબાઇ જી,
ગોમેહયક્ષ મુનિપય નિત પૂજે, ભવોભવ તપથી ભલાઈ જી;
શ્રીવિજયસેનસૂરિ ગચ્છધારી, તત્ત્વબુધ સુખ જય પાયા જી,
પંડિતરત્ન પસાઈ પભણે, **વનીતવિજય** ગુણ ગાયા જી. ૪

---

+ ૫. ( રાગઃ—વરસદિવસમાં અષાઢચોમાસું. )

નયરી દ્વારામતી કૃષ્ણનરેશ, રાજા રાજ્ય કરે સુવિશેષ,
તેજે જાણે દિનેશ,
સમવસર્યા શ્રીનેમિજિનેશ, પરિકર સહસ અઢાર મુનીશ,
પ્રણમે સુર નર ઇશ;
તવ વંદે શ્રીકૃષ્ણનરેશ, સ્વામી દાખો દિવસ વિશેષ,
પૂછે નામી શીશ,
જિણ દિન પુન્ય કર્યું લવલેશ, બહુ ફલદાયક હોઇ અશેષ,
તે દાખો જિન ઇશ. ૧



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નેમિજિણંદ વદે ઇમ વાણી, અર્ધમાગધી જે કહેવાણી,
સાંભલે [1]સારંગપાણી,
મૃગશિરસુદિ અગીઆરસ જાણી, દોઢસો કલ્યાણકની ખાણી,
વેદ પુરાણે વખાણી;
શ્રીમુનિસુવ્રતસ્વામી વખાણી, સુવ્રતશેઠે તે શુભ જાણી,
આરાધી ચિત્ત આણી,
તે તપથી થયો કેવલનાણી, જિન ચોવીશતણી ઇમ કહાણી,
શિવસુખની નિશાની. ૨

ત્રણ જિનનાં મલી પંચકલ્યાણ, ત્રણ ચોવીશ નવ જિન ભાણ,
એકણ ભરત પ્રમાણ,
પણયાલીસે જિનવર જાણ, પંચોત્તર તેહના કલ્યાણ,
ઐરવતે તિમ જાણ;
દશ ક્ષેત્રે ઇણિપરિ જાણ, નેવું જિનનાં દોઢસો કલ્યાણ,
અગીયારસ દિને આણ,
દીક્ષા જન્મ અને વળી નાણ, તિમ વળી પામ્યા જિન નિર્વાણ,
આગમવયણ પ્રમાણ. ૩

પન્નર સહસ જિનનામ ગુણીજે, મૌન ધરીને પોષહ લીજે,
અહોરત્ત હો પાળીજે,
જિન પૂજીને પારણું કીજે, વરસ અગીઆરસ લગે ઇમ કીજે,
પાપ પડલ સવિ છીજે;
શકતે જાવજ્જીવ કરીજે, ગુરુ વચ સરસ સુધારસ પીજે,
નરભવનું ફલ લીજે,

---

૧ કૃષ્ણ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઇમ અંબાઇ સાનિધ કરીજે, **ધીરવિમલ** કવિ જગે જાણીજે,
કવિ **નય** ઈમ પભણીજે. ૪

---

+ ૬. (રાગઃ—વરસદિવસમાં અષાઢચોમાસું.)

જય શ્રીનેમિજિણંદ પધારઇ, નયરી દ્વારાવતી જન નિસ્તારઇ,
કૃષ્ણજી પાયક જુહારઈ,
મૌનએકાદશી દિવસ વિશેષ, પૂછઈ જિનને કૃષ્ણનરેશ,
શ્રીજિન દીઈ ઉપદેશ;
શ્રીજિનવર એકસો પચાસ, તેહનાં કલ્યાણક શિવવાસ,
હુઆ ઇણિ દિન ખાસ,
મૌન ધરીનઈ જે વ્રત કરસ્યઇ, અહોરત્તો પોસહ આદરસ્યઇ,
[1]તે શિવલીલા વરસ્યઇ. ૧

મૌનએકાદશી દિવસ આરાધો, મૌન કરી શુદ્ધ કિરિયા સાધો,
પુન્યે એ દિન લાધો,
દોઢસઇ જિનનાં નામ જપીજઈ, દોઢસઇ નોકારવાલી ગણીજઇ,
પંચકલ્યાણક તવીજઈ;
સયલ તિત્થનાં ઠાણ થુણીજઈ, સયલે દેહરે પૂજા કીજઇ,
ઢોયણાં વિધિ ઢોઇજઇ,
સવિ વિધિ ભેદે ઈગ્યારે કીજઈ, ભવ ભવ સંચિત પાતિક છીજઇ,
મણુઅ જનમફલ લીજઈ. ૨

શ્રીજિનભાષિત આગમસાર, તે માંહિ મોટાં અંગ ઇગ્યાર,
જુજુઆ નામ સંભાર,

---

1 તે ભવિ ભવોદધિ તરસ્યઇ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાઠાં વીંટણા ઠવણી ઇગ્યાર, પુંજણી ચાબખી કોલી પ્રકાર,
પરતી પ્રતઇ શુચિ ધાર;
કેશર ચંદન ઘસી ઘનસાર, પૂજીઇ આગમ રંગ અપાર,
જપીઈ જાપ ઇગ્યાર,
ગુરુમુખઈ સુણીઇ અર્થ વિચાર, હિતસું ધરીઈ ચિત્ત મઝાર,
જિમ લહીઇ ભવપાર. ૩

મૌનએકાદશીપર્વ પ્રધાન, જે આરાધઇ બુદ્ધિનિધાન,
પામઈ કેવલજ્ઞાન,
જય શ્રીશાસનાદેવી માતા, વિદ્યાદેવી નામ વિખ્યાતા,
સમરત સાનિધિ દાતા;
સયલ સંઘનઇ રંગી વધાઈ, દિન દિન ચઢતી દોલતી દાઈ,
વિઘન હરઈ મહામાઇ,
શ્રીજયાણંદપંડિતનો શીશ, ગજાણંદકવિ દીઇ આશીષ,
અવિચલ પર્વ જગીશ. ૪

---

+ ૭.

શ્રીનેમિજિન ઉપદેશી મૌનએકાદશી,
કરહુ ભવિક ઉલ્લસી ધ્યાન રુડઈ વસી;
મૂકી સંદેહ તપ જેહ આરાધીઈ,
મૌનએકાદશીપર્વ ઇમ સાધીઈ. ૧

પંચ વર ભરતના પંચ ઐરવતના,
અતીત અનાગત વર્તમાન જિના;
દોઢસો તીર્થંકર નામ ગુણ લીજઈ,
મૌનએકાદશીપર્વ ઇમ કીજીઈ. ૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મિગશિરમાસની સુદિ એકાદશી,
ઇગ્યાર વરસે કરો બાર (?) એકાદશી;
[1]મૌન ચૌવિહાર અહોરત્ત પોસહ વસી,
સૂત્ર વિધિસું કરો મૌનએકાદશી. ૩
ભવન [2]વણુ જોઇસી કલ્પવાસીસુરા,
શુદ્ધસમકિતધરા [3]સંઘ મંગલકરા;
મૌનએકાદશી તપસી જય સાદરા,
[4]તાસ સાનિધકરા સંતુઠે સુરવરા. ૪

+ ૮. (રાગઃ–પર્વ પજુસણ પુન્યે પામી પરિઘલ)

[5]નેમિજિણુંદે શ્રીપતિ આગલ, મૌનએકાદશી સાર જી,
ઉપદેશી નિજ મુખી સ્વામી પોતે, જાણી લાભ અપાર જી;
**ધર્મઘોષસૂરિ**તનુ શ્રાવક, સુવ્રત નામે ઉદાર જી,
તાસ તણી પરે જે આરાધે, તે પામે ભવપાર જી. ૧
પાંચ ભરત ને પાંચ ઐરવત, દશ ક્ષેત્ર જિન ઠામ જી,
અતીત અનાગત વર્તમાનનાં, દુઢસો કલ્યાણક નામ જી;
[6]સકલ પર્વમાંહિ મૌનએકાદશી, દિવસ પર્વ અભિરામ જી,
દોઢસો કલ્યાણક નામ જપંતાં, સીઝે વંછિત કામ જી. ૨
માગશિરમાસતણી એકાદશી, અજુઆલી મનોહાર જી,
ધ્યાને મૌનએકાદશી કીજે, પોસહ ચઉવિહાર જી;

---

1 ઇગ્યાર ચોવિહાર અદ્દ્ભુત પોસહ વસી. 2 વર. 3 દુઃખ દુરગત હરા. 4 તાસ સંકટહરા સન્તુ તે સુરવરા.—તાસ સાનિધકરા સંઘ મંગલકરા. 5 શ્રીનેમીશ્વરજી સુરપતિ આગલ, ભાખે અતિ હિતકારીજી, સકલ પર્વ શિરમુકુટ સમોવડી, મૌનએકાદશી સારી જી. 6 ચ્યવન જન્મ દીક્ષા ને કેવલ, જ્ઞાન મુગતિ અભિરામ જી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[1]વરસ ઇગ્યાર લગે મૌનએકાદશી, કીજે અતિ ઉદાર જી,
આગમવિધિસું જે ઇમ કરશે, તે તરશે સંસાર જી. ૩
સકલ સુરાસુર દેવ ને દેવી, જે જે સમકિતધારી જી,
શ્રુતદેવી વલી શાસનદેવી ગોરી ને ગાંધારી જી;
દેવ દેવી સવિ મૌનએકાદશી, તપસિ [2]સાનિધિકારી જી,
[3]કવિ **લાભવિમલ** શિષ્ય **રત્નવિમલ** કહે, સકલ સંઘ જયકારીજી.૪

---

+ ૯. ( રાગઃ—શત્રુંજયમંડનઋષભજિણંદદયાલ. )

અરનાથજિનેશ્વર દીક્ષા નમિજિન જ્ઞાન,
શ્રીમલ્લિ જનમ વ્રત કેવલજ્ઞાન પ્રધાન;
ઇગ્યારસ મિગશિરસુદિ ઉત્તમ અવધાર,
એ પંચ કલ્યાણક સમરી જય જયકાર. ૧
ઇગ્યારે અનુપમ એક અધિકાર ગુણ ધાર,
ઇગ્યારે બારે પ્રતિમા દેશક સાર;
ઇગ્યારે દુગુણા દોય અધિકા જિનરાય,
મનશુદ્ધે સેવ્યા સબ સંકટ મીટ જાય. ૨
જિહાં વરસ ઇગ્યારે કીજે વ્રત ઉપવાસ,
વલી ગુણણો ગુણીયે વિધિ સેતી સુવિલાસ;
જિનઆગમવાણી જાણી જગતપ્રધાન,
એક ચિત્ત આરાધો સાધો સિદ્ધ વિધાન. ૩
સુર અસુર ભવન વણ સમ્યગ્ દરસણવંત,
**જિનચંદ્ર** સુસેવક વેયાવચ્ચ કરંત;

---

1 સંઘ ચતુર્વિધ ભક્તિ યુક્તિસું, કીજે વર્ષ ઇગ્યાર જી. 2 વિઘન નિવારી જી. 3 શ્રીહીરવિજયસૂરીશ્વર સેવક, કીર્તિ આનંદકારી જી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રીસંઘ સકલમેં આરાધક બહુ જાણુ,
જિનશાસનદેવી **દેવ** કરો કલ્યાણ. ૪

+ ૧૦

પ્રણમે ગુરુ ગૌતમ શિરનામી, મહાવીરજિનેસર કહો સાચી,
દાખો તિથિ જિનવર મહારિસી, આરાધો ભવિયણ મન ઉલ્લસી;
તવ બોલ્યા પ્રભુ મધુરી વાણી, ઉજ્જલ એકાદશી ગુણખાણી,
દોઢસો કલ્યાણક તે દિને, આરાધી કૃષ્ણે શુભ મને. ૧
નેમિજિનવર પદપંકજ પૂજી, હરિ બોલ્યા પાપથકી ધ્રૂજી,
તું ત્રિભુવન શિર શેહરો, સ્વામીજી મુજ તુમ સમ કરો;
કલ્યાણક નેવું જિનતણા, દોઢસો આરાધો શુભમના,
એકાદશી મુન કરી નમો, તું થાઇશ જિનવર દ્વાદશમો. ૨
બેઠા ત્રિગડે ત્રિભુવન જગધણી, સોહે ત્રિશલાનંદન દિનમણી,
જિનવરસે અમૃતરસવાણી, રચી આગમ ગણધર ગુણખાણી;
માગશિર ઉજ્જલ એકાદશી, દાખ્યો મહિમા જિનરાજ રિસી,
**સુવ્રત**શ્રાવક મુખ્ય એક મના, આરાધી જીવ તર્યા ઘણા. ૩
મહાવીરપદકજ મધૂકરી, સમરું **સિદ્ધાઈ** હરખ ધરી,
કરે ભક્તિ સદા જિનવરતણી, તસ આશા પૂરે અતિ ઘણી;
જિનશાસન સાનિધ નિત કરે, શ્રીસંઘ વિઘ્ન દૂરે હરે,
**ઉત્તમવિજય** વિબુધ પાય સેવી, **રત્નવિજય**ના પુર મનોરથ તું દેવી.

## શ્રીપોષદશમીદિનસ્તુતિઓ.

+ ૧

જય શ્રીમહિનો પોષહો નિર્દોષ સુહાવઈ,
વદિ દશમી દિન ધન્ય હો ભવિજન મન ભાવઈ;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઇણિદિન પાસજિણંદ હો જનમ્યા જયકારી,
તિણિ કારણ ભવિલોય હો પૂજો સુખકારી. ૧
આંબિલતપ કરી સાર હો દશમીદિન રંગઇ,
પૂજો પાસજિણંદ હો આણંદ ઉમંગઇ;
ત્રિભુવન તીરથરાજ હો મહારાજ જિણંદા,
તે પ્રણમો ત્રિકાલ હો જગપાલ સુહંદા. ૨
શ્રીજિનવચન વિલાસ હો રચના શ્રીઆગમ,
સુણતાં શ્રદ્ધા વિશુદ્ધ હો અટ્ઠસિદ્ધિ સમાગમ;
શ્રીજિનપાસચરિત્ર હો સુણો પવિત્ર થઈનઇ,
જિમ લહો અભયપ્રભૃતિ હો પ્રભુતા નિત્ય નઇ નઈ. ૩
શ્રીજિનશાસનસેવ હો કારક **નાગરાય,**
**પઉમાવઇ** મહામાય હો સંઘનઈ સુખદાય;
પંડિત શ્રી **જયાણંદ** હો શીસ કવિ **ગજાણંદ,**
પાસજિનેસર પાય હો પ્રણમઇ આણંદ. ૪

---

+ **૨** (રાગઃ—પર્વપજુસણ પુન્યે પામી પરિઘલ)

ઈહલોક પરલોકે પૂરે પરતો પાસનાથે જી,
દશ અવતાર આરાદ્યો આંબિલ, ઉપવાસે શિવ સાધો જી;
નિરયાવાસતણી દશવેયણ, દશદિસિ દૂરે કાઢે જી,
શિવસુખ દેઈ પૂજો પ્રણમો, શુભ દશમીને દાઢે જી. ૧
દશ દૃષ્ટાન્તે લહી માનવભવ, ભવિયણ હિયડે હિંસે જી,
દશવિધ કલ્પવૃક્ષથી અધિકા, જાણો જિન ચોવીસે જી;
આશાયણા ટાળી દશ દશમી, દિવસે જે આરાધેજી,
પાર્શ્વનાથપ્રસાદે તે નર, અર્થ આપણા સાધે જી. ૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જે સિદ્ધાન્ત અનંત અર્થમય, દશ મુનિધર્મ દીપે જી,
જિહાં એષણાદૂષણ દશ દૂરે, જે પરમતને જીપે જી;
દશ પચ્ચકખાણ વિનય વૈયાવચ્ચ, વિધિ સવિ અવધારો જી,
પાર્શ્વનાથ દશમીદિન હિયડે, આણી અર્થ વિચારો જી. ૩
ધરણેન્દ્રાદિક દશ ભુવનાધિપ, દેવતા દોહગ ટાળે જી,
દશદિગપાલ ત્રિર્યકજૃંભિક, જિનશાસન અજુઆલે જી;
ત્રેવીશને દશમીદિન છંડી, બહુ સુખ પામે અંગે જી,
લબ્ધિ કહે દશમીદિન પૂજો, પાર્શ્વનાથ મન રંગે જી. ૪

---

## શ્રીમેરુત્રયોદશીદિનસ્તુતિ.

+ ૧ ( રાગઃ—જય જય કર મંગલ. )

માહમહિનઈ મહિમા મેરુતેરસીનો કહીઇ,
ઇણિદિન એકસો આઠ જન્મકલ્યાણક મહીઇ;
પંચ મેરુગિરિશૃંગિ જન્મમહોત્સવ ભાવી,
ભવિજન જિન પૂજો પૂજા સુવિધિ પ્રભાવી. ૧
નિય નયરે જે જિન તિહુયણે જે જિનરાજઈ,
તે સવિ શિવ કાજઈ આરાધો ભવિ સજઈ;
મેરુતેરસીદિવસઈ શ્રાવિકા ભાવ વિશેષ્યઇ,
જિનપૂજા કરસ્યઈ તે કામિત ફલ લેસ્યઈ. ૨
મેરુતેરસી રાત્રિ રાત્રિજાગરણ કીજઈ,
પંચ સુરગિરિઘૃતના મૂરતિવંતા રચીજઈ;
તસ આગલિ શ્રીજિનઆગમમાંહિ જેહ,
જિનજન્મમહોત્સવ મહિમા ગાઉં તેહ. ૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જિનશાસનસેવાકારણી કામિત વેલી,
નિત હિત અનુસારણી સયલ સંઘની બેલી;
મેરુતેરસીધારણી રંગ વધારણી માતા,
લીલા વિસ્તારણી **ગજાણંદ** [1]સુખશાતા. ૪

---

## શ્રીચૈત્રીપૂનમદિનસ્તુતિઓ.

+ ૧. ( રાગઃ–ઈમ નાચે કર્મ વિનાણી રે. )

ચૈત્રમહિનો પવિત્ર કહીજઈ રે, સિદ્ધચક્ર આરાધન કીજઈ;
પૂર્ણિમદિન ભક્તિ અશેષઈ રે, પૂજો સિદ્ધચક્ર વિશેષઇ. ૧
[૨]નવ દિવસે તીરથમાલા રે, નવધા પ્રણમો ત્રિણ કાલા;
જિન પૂજો પૂનમ ચૈત્રી રે, આંબિલતપ કરો શુચિ મૈત્રી. ૨
જિનઆગમ રંગ અપાર રે, સુણીઈ નવ દિવસ ઉદાર;
સિદ્ધચક્રનો મહિમા સુણીઇ રે, નવદિન નવપદવિધિ ગણીઇ. ૩
સિદ્ધચક્રતણા રખવાલા રે, **દેવ દેવી** દીનદયાલા;
શ્રીસંઘની રક્ષા કરજો રે, **ગજાણંદ** સદા સુખ વરજ્યો. ૪

---

+ **૨.** ( રાગઃ–વરસદિવસમાં અષાઢચોમાસું. )

સકલ તીરથમાંહે શિરદાર, શ્રીશત્રુંજો અતિ હે ઉદાર,
મહિમા જેહનો અપાર,
શ્રીઆદીશ્વર જગદાધાર, સમોસર્યા પ્રભુજી સુખકાર,
પૂરવ નવ્વાણું એ વાર;
એક દિન ચૈત્રીપૂનમ સાર, પ્રભુજી આવ્યા શત્રુંજે લેઇ પરિવાર,
સુર રચે સમોસરણ તિવાર,

---

1. સુખદાતા. ૨ નવમે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે સમોસરણે પ્રભુજી વિરાજઈ, છત્ર ત્રય શિર ઉપર છાજઈ.
જોજનવાણી ગાજઈ. ૧
પ્રણમો ભગતે ભવિયાં સોય, નંદીશ્વર યાત્રાઈ ફલ હોય,
તેહુથી બિમણું પુંડરીક જોય,
રુચકાચલ ગજદંતે ચૈત્ય વખાણું, જંબૂવૃક્ષ ધાતકી મન આણું,
પુક્ખરદ્વીપ સમેતશિખરે જાણું,
આબુ અષ્ટાપદ ચૈત્ય જુહારી, ભવ ભવના હુવઈ કાજ સમારી,
આતમને હિતકારી,
એ તીરથસેવાથી જે ફલ લીજઈ,તેથી ક્રોડગણું શત્રુંજઈ જો ભાવઈ,
આદીશ્વર પૂજીજઈ. ૨
પુંડરીકગણધર પૂછઈ એમ, ચૈત્રીપૂનમનો મહિમા છઈ કેમ,
શ્રીઆદીશ્વર ભાખે તેમ,
પાંચકોડી મુનિસું કેવલજ્ઞાન, ચૈત્રીપૂનમે લહેસ્યે મોક્ષનિદાન,
તેણે એ પુંડરીક ઓપમાન;
અનંત ચોવીશીના તીર્થંકર જેહ, ચૈત્રીપૂનમે સિદ્ધચા સિદ્ધાચલ તેહ,
વલી સીઝસ્યઇ એણ ગિરિ કેહ,
આગમમાંહુઈ એહ વખાણી, [1]ચૈત્રીમહિમા ગુણની ખાણી,
ઇમ કહે કેવલનાણી. ૩
**ગોમુખજક્ષ ચક્કેસરી**દેવી, શત્રુંજે સાનિધ કરે નિતમેવી,
સમકિતધારી સેવી,
જિનશાસનની છે રખવાલી, મિથ્યામતિના મદ જ ગાલી,
રૂપે કરી રઢીઆલી;

---

1 ચૈત્રીપૂનમ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શ્રીવિજયસિંહસૂરિ** ધ્યાને ધ્યાવે, તસ શિષ્ય **ઉદય-**
**વાચક** સુખ પાવે, જય જય શબ્દ સુણાવે,
તસ શિસ **નય** વિબુધ સુખકારી, દેવી કરજો સાનિધ મારી,
શીશ **ભાણુ**ને જય જયકારી. ૪

---

+ ૩. ( રાગઃ—શત્રુંજયમંડન ઋષભજિણંદદયાલ. )

શ્રીઆદિજિનેસર વિમલાચલ શિણગાર,
મરૂદેવીનંદન નાભિનરિંદ મલ્હાર;
જસ ગણધર સુયધર પુંડરીક મનોહાર,
ચૈત્રીપૂનમદિને પુહતા મુગતિ મઝાર. ૧

તીર્થાધિપ સકલા વિમલાચલગિરિ આવ્યા,
પ્રણુમું પ્રભુ પગલા રાયણ હેઠ બેઠાયા;
મૂરતિ ભરતેસરે પણુસય ધણુય ભરાવી,
બહુ ઉદ્ધાર કીધા વલી શુભ ભાવી. ૨

શ્રીચૈત્રીપૂનમદિને શ્રીજિનવર પૂજીજે,
તપ કરી સવિશેષે ત્રિકાલ દેવ વંદીજે;
વ્રત પંચ ધરીને પોસહવિધિ પરિ કીજે,
ઇમ આગમવિધિસું કરતાં ભવફલ લીજે. ૩

સમકિત શુભ પાલો શ્રાવક કુલ અજુવાલો,
જિનશાસનના **સુર** ધર્મિજન પ્રતિપાલો;
**શ્રીવિજયદેવસૂરિ વિજયસિંહસૂરિરાય,**
કવિ **લાભવિમલ**શિષ્ય **રત્નવિમલ** ગુણ ગાય. ૪

---

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

+ ૪. ( રાગઃ—શત્રુંજયમંડનઋષભજિણંદદયાલ. )

શાસય પરિએ શત્રુંજડુંગર સુંદર સાર,
કાંકરે કાંકરે એકે સિદ્ધા અનંત અપાર;
તિણે કારણે સિદ્ધાચલ નામ હુઓ અભિરામ,
ચૈત્રીદિન જિન ઋષભજી પૂજી જપીયે નામ. ૧
તીરથનો બહુ મહિમા જાણી જૈન અનંત,
જિનવર ગણધર મુનિવર આવ્યા સંઘપતિ સંત;
વલી શત્રુંજય આવસી હોસે જે વલી કૃતપુન્ય,
અહો ઉત્તમ એ પર્વત પેખે તે ધન્ન ધન્ન. ૨
સીમંધર સમોસરણિ બયઠાં સુરપતિ પાસી,
મહિમા અનંત એ ડુંગર ભાખે મન ઉલ્લાસી;
તિહાં ગણધરિ સિદ્ધાન્તે મહિમા બોલ્યો સાર,
ભરતખેત્રના ધન જન જે કરે યાત્રા ઉદાર. ૩
ચૈત્રી આસોઇઇ આવે સંઘ,
દેવ સુર વિદ્યાધર વાજિંત્ર નાદ અસંખ;
સંઘ મનોરથ પૂરે ચૂરે દુર્ગતિ દુઃખ,
રત્નવિમલગણિ ઇમ ભાખે દેવે અનંતા સુખ. ૪

---

+ ૫. (રાગઃ—રઘુપતિ રાઘવ રાજા રામ. )

જય જય જન તારણહાર, વિમલાચલમંડન મનોહાર;
જિહાં મૂરતિ પુંડરીકગણધાર, ચૈત્રીદિને ભવિજન આધાર. ૧
અઢીદ્વીપ ચોવીશી માન, અતીત અનાગત ને વર્તમાન;
સાતસે શ્રીજિન ઉપરી વીસ, ચૈત્રીદિન પ્રણમું નિશદિસ. ૨
અંગ ઈગ્યાર ઉવંગા બાર, દશ પયન્ના છેદ ષટ્ સાર;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચાર મૂલ નંદી અનુયોગ, એ પણુયાલ નમો ભવિ લોગ. ૩
કમલવદની કમલદલલોચની, કમલનિવાસિની કમલકાન્તિની;
**સરસતી** સુખદાઈ વદતિ, **રત્ન** એ અંબામાઈ. ૪

+ ૬. ( રાગઃ–રઘુપતિ રાઘવ રાજારામ. )

ઋષભદેવ દેવાધિપ સાર, વિમલાચલમંડન જયકાર;
પુંડરીક ચૈત્રીદિન જપો, આઠ કર્મ જિમ દૂરે ખપો. ૧
આઠ કોડી ને છપ્પન લાખ, સહસ સત્તાણું ચઉદસય ભાખ;
બ્યાસી એ જિનવર જગદીશ, તિહું ભુવને નમિયે નિશદિસ. ૨
ત્રિપદી જિનવર ભાખે જેહ, ગણુધર સૂત્રે વિરચે તેહ;
ચૈત્રીપૂનમદિન અધિકાર, ઠામે ઠામે નમીયે શ્રીકાર. ૩
સમકિતધારી **સુર** ને **સુરી**, જે લહશે નિશ્ચે શિવપુરી;
તે સવિ સુસેવો ઉલટ ધરી, **રત્ન** કહે ભવિ ખેમંકરી. ૪

+ ૭. ( રાગઃ–મનોહરમૂરતિમહાવીરતણી. )

પુંડરગિરિવર વર જાણીઈ, ચૈત્રીદિન મહિમા વખાણીઈ;
ઋષભદેવ તિહાં ધ્યાઇઇ, પરમાણંદ પદવી પાઇઇ.
સકલતીર્થ નાયક નમું, જિમ હું ભવગહને નવિ ભમું;
પુંડરીકગણુધર ભલા, ચૈત્રીદિને પૂજું નિર્મલા. ૨
આગમે અધિકાર અનેક કહ્યાં, તે માંહિ થકી ભાવ લહ્યા;
ચૈત્રીદિન પૂજા સમ તોલઇ, નવિ ઉપમા ઇમ ગણુધર બોલઈ. ૩
ગ્રહ ગણુ વ્યંતર યક્ષાદિ સુરા, જિનશાસન ઉપર ભક્તિભરા;
ચૈત્રીદિને શ્રીસંઘ શાન્તિકરા, ભણુઇ **રત્નવિમલ** જય લચ્છિવરા. ૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

+ ૮. ( રાગઃ–શ્રીશત્રુંજયતીરથસાર. )

શ્રીવિમલાચલ તીરથ સાર, પુંડરીક પ્રભુ વિસ્તાર,
શત્રુંજગિરિ મનોહાર,
સિદ્ધક્ષેત્ર મહાપર્વત એહ, પુષ્પદંત મહાપદ્મ નામ જેહ,
પુન્યરાશીય ગેહ;
કર્મ રહિત તીર્થરાજ વિરાજે, પર્વત ઇન્દ્ર શાશ્વત ગુણ ગાજે,
જસ દૃઢશક્તિ છાજે,
ક્ષિતિમંડન મહાતીર્થ કહીયે, ઇત્યાદિક બહુ નામ જસ લહીયે,
ઇણે નામે દુઃખ દહીયે. ૧
[1]શત્રુંજયની ટૂંક એક જાણું, રૈવત તાલધ્વજ સુવખાણું,
લોહિચઉ મનિ આણું,
પંચ કોડીસું શ્રીપુંડરીક, ચૈત્રીદિન સિદ્ધા પુન્ય નીક,
એહવી મુક્તિ નજીક,
વીસ કોડીસું પાંડવ સિદ્ધા, શાંબ પ્રદ્યુમ્ન સંથારા કીધા,
અઉઠ કોડી સિધાં.
નારદ શૈલાદિક અણગાર, જિનવર ગણધર મુનિ નહિ પાર,
એણુઇ ગિરિ પામ્યા પાર. ૨
એકાહારી જે નર નારી, ભૂમિશયન ને રહે બ્રહ્મચારી,
સચિત્ત સવિ પરિહારી,
અણુહાણુ પાયે જે વારી, સમકિત શુદ્ધધારી મદ વારી,
યાત્રા કરે ઉદારી;
સાત છઠ્ઠ અઠ્ઠમ કરે જેહ, ત્રીજે ભવે શિવપદ લહે તેહ,
એ તીરથ ગુણગેહ,

1 ઢંકો તારંગો અભિરામ, અર્બુત્તરસો કૂટ સુઠામ, સારે વાંછિત કામ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિધિસું સેવે આણી નેહ, ભવ ભય જન વારે તેહ,
ગણધરવાણી એહ. ૩
**કવડયક્ષ ગોમુખ ચક્કેસરી**, શાસનદેવી શારદ સુંદરી,
વિદ્યાદેવી વિચારી;
ઇત્યાદિક જે દેવ ને દેવી, બહુ દેવે કરી જે છે સેવી,
સંઘ વિઘન હરેવી;
વીર પરંપર જે પટધારી, અનુક્રમે **વિજયદેવગણધારી**,
**વિજયસિંહ** સુહકારી,
ચૈત્રીપૂનમદિનિ અધિકારી, **લાભવિમલ** પંડિત સુવિચારી,
**રત્નવિમલ** જયકારી. ૪

---

+ ૯. ( રાગઃ—શત્રુંજયમંડનઋષભજિણંદદયાલ. )

વિમલાચલમંડન　　નાભિનરીંદ　　મલ્હાર,
જિહાં　બહુ　મુનિ　સંયુત　પુંડરીકગણધાર;
એણઇ　ગિરિ　આવ્યા　પંચ　કોડી　પરિવાર,
ચૈત્રીપૂનિમદિનિ　પામ્યા　ભવજલપાર. ૧
અષ્ટાપદ　ગિરિવર　અર્બુદ　તીરથ　ઉદાર,
સમ્મેતશિખરિગિરિ　શ્રીતીર્થ　ગિરનાર;
ઇત્યાદિક　તીર્થ　સકલ　તીર્થ　અવતાર,
ચૈત્રીપૂનમદિને　ત્રિભુવન　તારણહાર. ૨
એ　તીરથયાત્રા　કારણ　જે　જન　આવે,
છહરી　વિધિપૂર્વક　કરતા　શિવપદ　પાવે;
મોટો　ગિરિમહિમા　સૂત્રે　ગણધર　બોલે,
ચૈત્રીપૂનિમદિન　એ　સમો　કોઇ　ન　તોલે. ૩

Jain Education International　For Private & Personal Use Only　www.jainelibrary.org

એ ગિરિવર ઉપરે પંખી કાગ ન આવે,
જે અભવ્ય હુઈ જન તેહ ન જાઈ નાવે;
**ચક્કેસરી ગોમુખ** તીરથના રખવાલ,
મુનિ**રત્નવિમલ** કહે સંઘની કરે સંભાલ. ૪

---

+ ૧૦. ( રાગઃ—વીરેજિનેશ્વરઅતિઅવલેસર. )

શ્રીશત્રુંજયગિરીંદ મનોહર, ધન ધન જન મન મોહઈ જી,
નાભિનરેસરનંદન નિરુપમ, મૂલનાયક જિહાં સોહઈ જી;
સન્મુખ મૂરતિ પુંડરીકની, ભવિજન આનંદકારી જી,
ચૈત્રીપૂનમદિન બહુ બહુ મહિમા, પ્રણમું સુમતિ વિચારી જી. ૧
અતીત અનઈ વર્તમાન અનાગત, જે હુઆ ભગવંત જી,
સંપ્રતિ છે વલી હોસ્યઈ જે જિન, શિવકમલાના કંત જી;
એ ગિરિકેરો મહિમા જાણી, સમોસર્યા અનંતા જી,
પ્રણમું ભરતખેત્રિ અનંતા, આવસ્યઈ જે અરિહંતા જી. ૨
જિનવર ભાખ્યો ગણધર ગૂંથ્યો, આગમ જલધિ અપાર જી,
તેમાંહિ એ તીરથમહિમા, અનંતા અર્થ વિસ્તાર જી;
ચૈત્રીપૂનમદિનઈ જે ભવિજન, યાત્રા કરે ઉદાર જી,
ત્રીજે અથવા સત્તમ ભવે, તે પામે ભવપાર જી. ૩
**ગોમુખ** ને **ચક્કેસરી**દેવી, શ્રીસંઘ કરતી સંભાલ જી,
ચઉવીશે જિન દેવ ને દેવી, એ ગિરિના રખવાલ જી;
ચૈત્રીપૂનમ યાત્રાએ આવે, શત્રુંજયગિરિ નીભાળ જી,
વિઘન નિવારઈ કારજ સારઈ, **રત્નવિમલ** જયકાર જી. ૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

+ ૧૧.

શ્રીવિમલગિરિમંડન આદિદેવં, પુંડરીકગણાધિપ સારઇ સેવં;
ચૈત્રીપૂનમદિન પંચ કોડી મુનિ, સાથઈ સિદ્ધા નમું હાથજોડી. ૧
નેમિનાથ વિના ત્રેવીસ જિન, સમોસરિયા એહ ગિરીંદ ધન્ન;
શ્રીઋષભ પૂર્વ નવ્વાણું વાર, ચૈત્રીદિન હું નમું વારંવાર. ૨
સિદ્ધાન્તઇ મહિમા જાણીયો, વિમલાચલ તિહાં વખાણીઓ;
છહરી ધરી જાત્રા જે કરઇ, બીજે ભવે તે શિવશ્રી વરઇ. ૩
**કવડયક્ષ ગોમુખ ચક્કેસરી**, શત્રુંજય સંઘ વિઘનહરી;
**લાભવિમલ** પંડિત શિષ્ય ઇમ મુદા, **રત્નવિમલ** કહઇ દીયે સંપદા. ૪

---

૧૨. ( રાગઃ—મનોહરમૂરતિમહાવીરતણી. )

વિમલગિરિમંડન જિનવર નમું, વિકટ સંકટ પાતક નિગમું;
ગણધરવર પુંડરીક મનોહરુ, ચૈત્રીપૂનિમદિન જન સુહંકરુ. ૧
સકલ તીર્થંકર મુનિ પરિવર્યા, વિમલાચલી બહુવાર સમોસર્યા;
ચૈત્રપૂનિમનઈ દિન હું વલી, તે ભાવે પ્રણમું જિન કેવલી. ૨
નૈગમ પ્રમુખનઇ કરી શોભતો, આગમ પરપાખંડી ખોભતો;
તેમાંહિ મહિમા ચૈત્રીદિનતણો, એ ગિરિનો ગણધરે ભાખ્યો ઘણો. ૩
જિનમુખામ્બુજવાસનિવાસીની, વિઘનઓઘ તમોભરનાસિની;
**શારદદેવી રત્નવિમલ** કહઈ, આરાધક મનવંછિત સુખ લહઇ. ૪

---

## શ્રીઅક્ષયતૃતીયાદિનસ્તુતિ.

+ ૧. ( રાગઃ—શત્રુંજયમંડનઋષભજિણંદદયાલ. )

શ્રીઆદિજિનેસર **વરસીતપ** વ્રતધાર,
જાતિસ્મરણનાણઇ જાણી **શ્રેયાંસકુમાર**;

Jain Education International　For Private & Personal Use Only　www.jainelibrary.org

ઇષુરસ વહિરાવઈ પ્રભુ કરઈ પારણું પાણિ,
તિણિ કારણિ એ **અખાત્રીજ** કહઈ જગિ જાણી. ૧
અતીત અનાગત વરતતા તિહુઅણુ વરતી જેહ,
તીરથ શ્રીજિનરાજના પ્રણમું પાવન નેહ;
[1]અખાત્રીજનઈ દિવસઇ સવિશેષઇ કરી સેવ,
પૂજઇ આદિજિનાદિક સયલ જિનાલયે દેવ. ૨
[2]શ્રીઋષભદેવના ચઉરાશી ગણધાર,
તેહનાં ધ્યાન ધરંતાં પામઈ જય જયકાર;
સવિ સંકટ ચૂરઈ પૂરઈ વંછિત કાજ,
તીર્થંકર પૂજ્યાં લહે મુગતિનું રાજ. ૩
**ચક્કેસરી**માતા ત્રિજગ વિખ્યાતા જેહ,
સંઘ ચતુર્વિધનઈ [3]સુખસાતા સહી એહ;
કવિ શ્રી**જયાણંદ**શીસ મુદા પ્રણમઈ અતિ નેહ,
**ગજાણંદ**કવિ અણુંદ પામઈ સદા સુખગેહ. ૪

---

## શ્રીગણધરએકાદશીદિનસ્તુતિઓ.

+ ૧ (રાગઃ—મનોહરમૂરતિમહાવીરતણી.)

માધવ ઉજ્જવલ એકાદશી, ગણધરપદથાપન ચિત્ત વસી;
ચઉસહસ્સ અધિક સય ચ્યાર ઋષિ,કીયા ત્રિશલાનંદન સમરસી. ૧

---

1. આખાત્રીજતણુઈ દિન કરઈ ઋષભની સેવ, મન વચ કાય પૂજો જિનાલયે દેવ. 2 શ્રીજિનભાષિત આગમ આગમ સયલ કલ્યાણ, શ્રી જિન આદિચરિત્ર પવિત્ર ગુણોઘવખાણ; જે ભવિયણ થુણી સુણસ્યઈ ભણસ્યઈ નિત સુવિહાણ, તે ભવસાગર તરસ્યઇ વરસ્યઈ કેવલનાણ. ૩
3 સુખદાતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉત્સર્પિંણી અંતિમ જિનવરા, અવસર્પિંણી આદિમ ગુણભરા;
દશમીદિન કેવલ શ્રીવરા, દશ ખેત્રે વિચરે તિત્થંકરા. ૨
પ્રભુ વદન પદ્મદ્રહ નિસરી, જગપાવન ત્રિપદી સુરસરી;
પસરી ગણધર હૃદિ પાપહરી, મુનિ માહન ઝાલે રંગ ભરી. ૩
મહાવીરપદામ્બુજ મધુકરી, રણઝણતી પાયે નેઉરી;
**સિદ્ધાઈ** સમરું શાન્તિકરી, **જિનવિજય** સુભક્તિ અલંકરી. ૪

---

+ ૨.

વૈશાખમહિનઈ ગુણનીલો, ગણધરએકાદશી દિન ભલો,
જગતીલો, ભાસઈ મુનિવર ભાવસ્યું એ,
ઇણિદિન આદિજિનેસરુ, થાપઈ ચોરાશી ગણહરુ,
સુહકરુ, કેવલ પામઇ પ્રભાવસ્યું એ;
ઇણિંદિન વીરજિણંદ એ, એકાદશ ગણઇંદ એ,
ચંદએ, થાપઈ પદવી ગણહરુ એ.
તિણિ કારણી એ દિન સહી, ગણધરએકાદશી કહી,
ગહગહી, ભવિ આરાધઇ વિધિવરુ એ. ૧
ગણધરએકાદશીદિનઈ, ધન્ય ભવિયણ સહુ ઇકમનઈ,
રસિ ઘણઇ, પવિત્ર કરી અંગ આપણો એ,
સયલ જિનેસર પૂજીઇ, સ્નાત્ર કરી ફલ લીજીઇ,
પીજીઈ, શ્રીજિનભક્તિ સુધા ઘણું એ;
જગપતિ આદિજિણંદ એ, પૂજો મનિ આણંદ એ,
છંદ એ, નવ નવ ગાઓ ગુણ થુણીએ,
વીરજિનેસર અરચીઈ, નવરંગી આંગી વિરચીઈ,
ખરચીઈ, વિત્ત શુભમતિસ્યું હિત ભણીએ. ૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રીજિનભાષિત વાણી એ, નિસુણી ગણધરનાણી એ,
વાણી એ, આગમરચના સુચિ રચઈ એ;
લાભ અનંતો જાણી એ, નિસુણો ભવિયણ પ્રાણીએ,
આણીએ, ઉલટ અંગ રુચી સિંચઈ એ,
ગણધરએકાદશી વરી, અહોરત્તો પોસહ કરી,
ચિત્ત ધરી, સમરો ગણધરરાજનઈ એ,
ચઉદહ સઈ બાવન્ન એ, નામ જપો એક મન્ન એ,
ધન્ન એ, આરાધઈ શુભ કાજનઈ એ. ૩
શ્રીજિનશાસનસેવા એ, શાસનદેવી દેવા એ,
દેવા એ, સુખસંપત્તિ શ્રીસંઘનઇ એ,
જે ગણધરએકાદશી કરઈ, તેહનાં સંકટ સવિ હરઇ,
જય વરઇ, અવિચલ કમલા સંગનઈ એ,
ગણધરએકાદશીદિવસ્યઇ, ગણુનાયકપય અતિ હરસ્યઈ,
પરસઈ એ, ભવસાગરથી નિસ્તરઇ એ,
પંડિત શ્રીજયાણુંદ શીસ, **ગજાણુંદ** કવિ આશીષ,
સુજગીશ, જગિ જયવંતી વિસ્તારઈ એ. ૪

---

## શ્રીમાસખમણદિનસ્તુતિ.

+ ૧ ( રાગઃ–મનોહરમૂરતિમહાવીરતણી. )

જય શ્રાવણ પંચમી શુદ્ધ દિનઈ, માસખમણ આરાધો વિશુદ્ધ મનઇ;
જિન વીરપયાંબુજ પૂજા કરો, ભવસંચિત દુષ્કૃત દૂરી હરો. ૧
માસખમણદિને જિનરાજતણાં, સવિ તિત્થ નમો ભવિયણ સુગુણા;
ભગવંત શ્રીવીર વિશેષકરી, અરચો વિરચો રચના શુદ્ધ ધરી, ૨
જિનભાષિત આગમરંગ ઘણુઈ, માસખમણદિને ભવિ જે નિસુણઇ;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તસ કર્મ નિકાચિત બંધ હરઈ, મનવંછિત કામિત લચ્છિ વરઈ. ૩
જિનશાસન સંઘ સહાય કરી, દેવી શાસનાસામિની ધ્યાન ધરી;
ભવિ સેવીઈ ભાવ પ્રભાવ મુદા, ગજાણંદ જયોદય સિદ્ધિ મુદા. ૪

---

## શ્રીબળેવદિનસ્તુતિ.

+ ૧

શ્રીભરતચક્રી માસ શ્રાવણ દિવસ પૂર્ણિંમ રંગ,
જિનધર્મ કારણ રક્ષા બાંધઇ સયલજન કરે ચંગ;
ભાદ્રવઇમાસઈ તજો આરંભ ભજો આદિજિણંદ,
તિણિ કારણી એ દિવસ રાખી સયલ ભાખી સુહૃદ. ૧
બત્રીસ સહસ નૃપાદિનઇ કહે ભરતચક્રી એમ,
નિજ દેશ જાઓ દયા પલાઓ રિસહ ધ્યાઓ ખેમ;
જિન સયલ દેવાલય કરાઓ સ્નાત્રપૂજા પ્રેમ,
ભાદ્રવો આરાધો સુકૃત સાધો ચિત્ત બાંધઉ નિયેમ. ૨
જિનરાજ શ્રીરિસહેસર ભાષિત સયલ આગમતત્ત્વ,
શ્રીભરતચક્રી સંઘ સહિતઇ સુણઇ ચિત્ત ધરી સત્ત્વ;
ચક્રેશ વિધિ સવિશેષ પાલઇ શ્રીપજ્જુસણપર્વ,
તિમ સયલ પાલઇ ભવિકજન ષટખંડવાસી સર્વ. ૩
જગદંબા શ્રીજગદીશ્વરી **ચક્રેશ્વરી** વિખ્યાત,
શાસનામાતા કરણ સાતા સંઘ રંગ સુહાત;
કરી સુવિધિ સાખી દિવસ રાખી પૂજઈ રિસહેશ,
કવિ **ગજાણંદ** આણંદ લીલા જયતિ જગતિ વિશેષ. ૪

---

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## શ્રીપાસખમણદિનસ્તુતિ.

+ ૧ ( રાગઃ—આસાઉરી. )

ભાદ્રવઇમાસી બહુલ પંચમી, તિથિ પાસખમણદિન કહીઈ,
ભવિયણ તપ કરી સુવિધિ આરાધો, પુન્ય સંયોગઇ લહીઇ;
શ્રીમહાવીરજિનેસર પૂજા, વિરચો શુચિ રુચિ ભાવઈ,
સકલ સુમંગલમાલા બાલા, લીલા લે ઘરી આવઇ. ૧
આતમશક્તિ પાસખમણતપ, કરીયઇ ભવિયણ પ્રાણી,
પાસખમણદિને મન વચ કાયા, ત્રિકરણ શુદ્ધિ સુનાણી;
સયલ જિનેસર પૂજા કીજઇ, લીજઇ સુકૃત લાહો,
નર્દ્દષણ શ્રીપર્વપજુસણ આગમ રંગ ઉમાહો. ૨
શ્રીજિનભાષિત ત્રિપદી સુણતાં, શ્રીગણધર ગુણખાણી,
અંગ ઉપાંગ મહા શુભ વિરચઈ, રચના અમૃતવાણી;
પાસખમણદિને સાધુ સાધવી, શ્રાવક શ્રાવિકા રંગઈ,
શ્રીસિદ્ધાન્ત સુણો જિમ પામો, અવિચલ કમલા સંગી. ૩
શ્રીવીરશાસન સેવાકારી, દેવી શાસના માઈ,
ચઉવિહ સંઘનઈ સાનિધિ કરયો, હરયો સંકટ કાઇ;
પાસખમણ તપીયા જે ભવિયણ, તેહનાં વેયાવચ્ચ કીજઇ,
ગજાણંદકવિનઈ સુખસંપત્તિ, લીલા અવિચલ દીજઇ. ૪

---

## શ્રીઅટ્ઠાઇદિનસ્તુતિ.

+ ૧ ( રાગઃ—પર્વપજુસણ પુન્યે પામી )

પર્વ અઠ્ઠાઈ જગમાં મોટું, અઠ્ઠાઇતપ કરીઈ જી,
અઠ્ઠપવયણમાયા સંભાલી, અઠ્ઠપહરપોસહ ઉચ્ચરીઈ જી;
અઠ્ઠપયારે અઠ્ઠ સુગંધસ્યું, જિનપૂજા અનુસરીઇ જી,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અઠ્ઠ દિવસ દયા પાલી પલાવી, અઠ્ઠ કરમ સંહરીઇ જી. ૧
અઠ્ઠ કુલાચલ શિહરે તીરથ, અઠ્ઠાવયગિરિશૃંગઇ જી,
રુચકદ્વીપ નંદીસરદ્વીપે, જે માનુષોત્તરશૃંગઈ જી;
તિહુઅણ વરતી જે જિન તીરથ, ભવિયણ ભક્તિ રસાલ જી,
પર્વ અઠ્ઠાઇદિવસઇ વિશેષઇ, પૂજો પ્રણમો ત્રિકાલ જી. ૨
શ્રીજિનવયણે ત્રિપદી નિસુણી, શ્રીગણધર તતકાલ જી,
શ્રીદ્વાદશાંગી આગમરચના, વિરચે વાણી રસાલ જી;
અઠ્ઠપયારે ભક્તિ કરીનઈ, સુણીઇ સૂત્ર સિદ્ધાન્ત જી,
પર્વ અઠ્ઠાઇદિન જે સુણસ્યઇ, થાસ્યઇ કેવલકાંત જી. ૩
શશીવયણી મૃગનયની સુંદરી, શ્રીવીરશાસનાદેવી જી,
સંઘતણાં વિઘનૌઘ નિવારઈ, વારઇ સંકટ કેવી જી;
શ્રીજયાણંદ પંડિત પદ સેવક, **ગજાણંદ** ઇમ બોલઇ જી,
પર્વ અઠ્ઠાઇ જે આરાધઇ, વાધઇ સંપત્તિ તોલઈ જી. ૪

---

## શ્રીવડાકલ્પદિનસ્તુતિ.

\+ ૧ ( રાગઃ–શ્રીઋષભજિનેસર નિત્ય નમો. )

મહાપર્વ શ્રીકલ્પ વડો આરંભ ક્રિયા કરણી વિહડો,
પોસહ ઉપવાસ કરી પ્રગડો શ્રીકલ્પસૂત્ર સુણીઇ પ્રવડો;
શ્રીવીરચરણ પ્રભુ હીયડો, ચિર લાઇ ધરીઇ ધ્યાન ઘડો,
મન વચ કાયાથી દંભ નડો શ્રીકલ્પ આરાધી સુકૃત ઘડો. ૧
ભવિયણ નિજ ગાત્ર પવિત્ર કરો સયલ જિનદેહરે સ્નાત્ર કરો,
જિનઅંગઇ આંગી સુરંગ તરો વિરચો અરચો રુચિ રંગ વરો;
સયલતિત્થનાં પય સમરો વિધિસાધનસું શુદ્ધ ધ્યાન ધરો,
શ્રીકલ્પસૂત્ર સુણીઇ સખરો પરિહરીઇ મિથ્યામતિ નિખરો. ૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જિનભાષિત આગમ ભાવકથા નિત્ય સુણો ભવિયણુ તજી વિકથા,
શ્રીકલ્પસૂત્ર વખાણુ પ્રથા મહિમા વિધિસું કરીઇ શાસ્ત્ર યથા;
સમજો અન્યાગમ સર્વ વૃથા જિનઆગમ ધ્યાઓ ધર્મરથા,
શિવકમલા મેલન મિત્ર તથા મતિનાણુ વિન્નાણુ પઈઠ્ઠવહુથા. ૩
ગુણમંદિર સુરસુંદરી પવરા જિનશાસન નાયકા અતિ ચતુરા,
શ્રીકલ્પસૂત્ર સેવન સુકરા સંઘવિઘન નિવારન ભકિતપરા;
વૃદ્ધકલ્પ આરાધઈ જે સુનરા તે સાધઈ કામિત સિદ્ધિવરા,
સિદ્ધાયિકાદેવી ઋદ્ધિધુરા કવિગજાણુંદને વિજયકરા. ૪

## શ્રીવીરજન્મદિનસ્તુતિ.

+ ૧

ધન્ય ધન્ય ભાદ્રવાસુદિ પડિવા સહુનઈ સુખદાય,
શ્રીકલ્પસૂત્ર સુવાચના શ્રીવીરજન્મ વંચાય;
શ્રાવક શ્રાવિકા રંગ વધાવઈ પાવઈ મોદ અપાર,
શ્રાવિકા હાલરુઆ ગુણ ગાવઇ વીરકુમાર. ૧
સયલ તીર્થંકરના જે જન્મતણાં દિન સાર,
તે સવિ પડિવાદિનઇ સંભારઇ ચિત્ત મઝાર;
શ્રીવીરજન્મમહોત્સવ રંગઇ અંગ આણુંદ,
વિધિસ્યું આંગી વિરચઈ અરચો સયલ જિણંદ. ૨
શ્રીજિનભાષિત આગમ સંગમ ગંગાતીર,
સુણતાં પાવન થાઇ જાઇ દુઃખ શરીર;
શ્રીજિનધર્મ પ્રકાશન શાસનનો આધાર,
શ્રીકલ્પસૂત્ર આરાધન સાધન નિજ નિસ્તાર. ૩
શ્રીવીરશાસન નાયિકા દેવી સિદ્ધાયિકા નામ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રીસંઘને સુખદાયિકા કાયિકા વંછિત કામ;
શ્રીવીરજન્મમહોત્સવ ઠાયિકા રંગ કલ્યાણ,
ગજાણંદકવિ ગાઇકા સયલ જગીશ સુહાણ. ૪

## [1] શ્રીલઘુકલ્પદિનસ્તુતિ.

+ ૧

પર્વ મહા લઘુકલ્પ ભવિયણ પોષહ લીજઇ,
શ્રીવીરજન્મ વિલાસ ક્રીડા રાસ થુણીજઇ;
પૂજી શ્રીવીરપાય નિસાલગરણું કરીઈ,
શ્રીકલ્પસૂત્ર વખાણ સુવિધિ પ્રમાણ સુણીજઇ. ૧
શ્રીજિનપાસ ચરિત્ર શ્રીજિન નેમિચરિત્ર,
આંતરા જિન ચોવીશ ચરિત્ર શ્રીઋષભ પવિત્ર;
સુણીઈ કરીઈ સ્નાત્રપૂજા સત્તર ભેદે,
સયલ જિનાલય દેવ પૂજો પાય નિખેદે. ૨
શ્રીજિનઆગમ સાર અંગ ઉપાંગ કહીજઈ,
નિસુણી શ્રીકલ્પસૂત્ર સંચિત દૂરી હરીજઈ;
થિવરાવલી થિર થાય સુણીઈ ભવિયણ પ્રાણી,
જિમ પામો અભિરામ શિવકમલા પટ્ટરાણી. ૩
અતિ છબી રૂપ વિરાજ રાજઈ **શાસનાદેવી,**
શ્રીસંઘ રંગ અભંગ કર્તા નિત સમરેવી;
શ્રી લઘુકલ્પ અવશ્ય જે નર નારી આરાધઈ,
ગજાણંદ આણંદ જગતિ જયોદય વાધઇ. ૪

---

૧ ભાદરવા શુદ બીજ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# [1]શ્રીસંવત્સરીદિનસ્તુતિ.

+ ૧ ( રાગઃ—શ્રીશત્રુંજયતીરથસાર. )

શ્રીસંવત્સરીપર્વ પ્રતાપ, અનંત ચઉવીશી ભાસઇ આપ,
જયઇ જોગીસર જાપ,
અઠ્ઠમ કરી પોષહ ઉચ્ચરીજઇ, બારસઈ શ્રીકલ્પસૂત્ર સુણીજઇ,
બંધ નિકાચિત છીજઈ;
સાત વાર જે ઇણિપરી સુણસ્યઇ, તેહનાં કાજસમિહિત સરસ્યઈ,
અવિચલ લીલા વરસ્યઇ,
શ્રીવીરશાસન ભાસન ભાણુ, પર્વ સંવત્સરીદિવસ પ્રમાણુ,
નામઈ નિત્ય કલ્યાણુ. ૧

અતીત અનાગત નઈ વર્તમાન, ભેદે અનંત ચઉવીસી પ્રધાન,
શ્રીજિનજ્ઞાનનિધાન,
તેહનાં શાસનમાંહિ સદ્દહીઇ, પર્વ સંવત્સરીમહિમા મહીઈ,
સર્વશિરોમણી કહીઇ;
પુન્યે પર્વ સંવત્સરી પામી, સયલ જિનાલયે નિત્ય શિરનામી,
રચીઇ પૂજા સામી,
ગત ભવના કીધા જે પાપ, આગંતુકનાં જે સંતાપ,
ટાલઇ કલુષ કલાપ. ૨

શ્રીજિનભાષિત આગમ રત્ન, પામ્યા રાખીઈ સંચય યત્ન,
સેવીઈ ભક્તિ પ્રયત્ન,
સયલાગમનું જે શૃંગાર, શ્રીકલ્પસૂત્ર મહિમા આગાર,
ભાસઈ શ્રીગણધાર;

---

૧ આ સ્તુતિ દેવવંદન—ચૈત્યવંદનમાં બોલી શકાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પર્વ સંવત્સરીદિવસઇ જેહ, શ્રીકલ્પવાચના સુણસ્યઈ તેહ,
તરસ્યઇ નિઃસંદેહ,
રાગ દ્વેષ મનથી પરીહરઈ, કલ્પસૂત્ર આરાધન કરીઇ,
નિત જયલીલા વરીઈ. ૩
અતિ વિચિત્ર રચના રુચિધારી, રૂપ અનૂપમ કલા મનોહારી,
જિનશાસન જયકારી,
સયલ જિનેસર **શાસનાદેવી**, સયલ સંઘનાં વિઘન હરેવી,
કામિત નિત્ય કરેવી;
પર્વ સંવત્સરીના જે સેવ, તેહનાં સાનિધિકરણ સહેવી,
વંછિત સિદ્ધિ સરેવી,
શ્રીજયાણંદકવિ નિત્ય પ્રણમેવી, ગજાણંદકવિ સત્ય કહેવી,
અવિચલ લીલા લહેવી. ૪

---

## શ્રીમરુદેવીસામિનીતપદિનસ્તુતિ.

+ ૧

ભાદ્રવેમાસી શુદ્ધિ સપ્તમી દિનથકી,
મરુદેવાસામિણીતપ કરો વિધિ છકી;
નવ દિનઇ શુભ મનઇ નવ નવી ભાંતિસ્યું,
આદિજિનરાય પય પૂજીઇ ખાંતિસ્યું. ૧
આઠ એકાસણાં નવમ ઉપવાસ એ,
નવ દિને ભવિ કરો અધિક ઉલ્લાસ એ;
નવ દિને સયલ જિનદેવ પય પૂજીઈ,
શુદ્ધ કિરિયા કરી ધર્મ ફલ લીજીઈ. ૨
નવ દિને દેવ ત્રિણકાલ વંદન કરો,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પડિક્કમણુ પ્રાત સંધ્યા સમઈ આદરો;
નવ દિને શ્રીજિનાગમ સુણી ચિત્ત ધરો,
શ્રીમરૂદેવી ગુણુ ધ્યાન ધ્યાઉ ખરો. ૩
શાસનાસામિણી દેવી **ચક્કેસરી,**
સંઘ સાનિધિ કરો નિત્ય પરમેશ્વરી;
શ્રીમરૂદેવીતપ સાધન જે કરઈ,
કવિ ગજાણુંદ આણુંદ સુખ તે વરઈ. ૪

---

## શ્રીવિજયાદશમીદિનસ્તુતિ.

+ ૧

જય વિજય દશમીદિન મનોહર લોક કહે દસરાહો,
ઈણિ દિવસઈ નૃપ શ્રીરામચંદ્રઇ કીયો વિજય ઉમાહો;
આરાધી શ્રીમુનિસુવ્રતાંઘ્રિ લહી તાસ પસાય,
ચઢઈ લંક લેવા અંક દેવા રાક્ષસપતિ શિર જાય. ૧
નિત્ય નામ શ્રીમુનિસુવ્રત જપતાં જીત હુઇ નૃપ રામ,
વિધ્વંસ કરી દશકંધનો ગ્રહ્યું રાજ લંકા ઠામ;
અતિરંગે નૃપ શ્રીરામ લખમણુ સેવઇ સુવ્રતસ્વામી,
વિધિ વિવિધસું જિન સયલ પૂજા કરઇ વરપરિપરિણામી. ૨
જિનરાજ શ્રીમુનિસુવ્રતભાવિત સયલ આગમ રૂપ,
નિત સુણુઈ નૃપ શ્રીરામ લખમણુ થુણુઇ ભક્તિ અનૂપ;
પ્રતિ વરસિ હરસ્યઇ વિજયદશમીદિવસ્યે જિન ગુરુપાય,
પૂજઇ પ્રભાવઇ સુગુણ ગાવઇ રામ લખમણુ રાય. ૩
જિનશાસનોન્નતિકરણુ શુભમતિ દેવીશાસના માત,
**ગંધારી**દેવી સવિ સુધારઈ સંઘ રંગ સુહાત;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નૃપ રામ લખમણુનઈ સહાઇ હુઇ આઇ જેમ,
કવિ ગજાણુંદનઇ મોદદાઇ હોજ્યો માઇ તેમ. ૪

## શ્રીશરદપૂર્ણિમાદિનસ્તુતિ.

+ ૧

મોટો મહિનો આસોજ, દિન પૂર્ણિમ પુન્ય સરોજ;
સિદ્ધચક્રની પૂજા કરીઈ, જિમ નિજ આતમ ઉદ્ધરીઈ. ૧
નવ દિવસ્યઈ નવ નવ ભાંતિ, જિન પૂજો નવ નવ ખાંતિ;
ત્રિહુંલોકે તીરથ જેહ, ભવિયણ પ્રણમો ધરી નેહ. ૨
નવ દિવસ્યઈ આંબિલ તપસ્યું, જિનઆગમ સુણીઇ ખપસ્યું;
સિદ્ધચક્ર મહિમા સુણીઈ, નવપદનું ગણણું ગણીઇ. ૩
સિદ્ધચક્રઉપાસકદેવ, સંઘનઇ સુખ દ્યો નિત્યમેવ;
શ્રીજયાણુંદ કવિ પય સીશ, ગજાણુંદ સદા સુજગીશ. ૪

## શ્રીધનતેરસદિનસ્તુતિ.

+ ૧

શુભ કાર્તિકમાસઇ ધનતેરસ સુપ્રભાવી,
ઇણિદિન ઘણા ભવિ સાધુનઇ ઘૃત વહિરાવી;
તીર્થંકરપદવી સોહઇ ઋષભજિણંદ,
તિણિ કારણી એ દિન સંથુણઇ મહામુણીંદ. ૧
ધનતેરસીદિવસઇ પવિત્ર કરી નિજ ગાત્ર,
સવિ જિન દેવાલયે કરીઇ પૂજા સ્નાત્ર;
નિજ ઘરિ પધરાવઇ પડિલાભઇ મુનિપાત્ર,
સાહમી સાહમણીનઇ ભક્તિ કરઇ ભવિ છાત્ર. ૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધનતેરસીદિવસે આગમપૂજા કરીઇ,
રૂપાનાણું વીંટણું પાઠાં ચાબખી ધરીઇ;
ઇણિ દિન **ગૌતમજીનઇ અઠવીશલબ્ધિ ઉપન્ની,**
તેહનાં ધ્યાન ધરીઈ વરીઇ ઋદ્ધિ નિપન્ની. ૩
ધનતેરસીદિવસઈ તેરસ્યઇ કીરિયા ધ્યાતા,
તેર કાઠિયા નઠવઇ તેરમથાણુક દાતા;
જિનશાસનદેવી સમરો રંગ વિધાતા,
**ગજાણંદ** કવિનઇ દાયિકા નિત્ય સુખસાતા. ૪

---

## શ્રીદિવાલીદિનસ્તુતિઓ

+ ૧

સુખસું સંપતદાયક વીરજી સોવનવરણ સોહે,
ત્રિશલાનંદન ગુણનીલો દીઠે ભવિમન મોહે;
સિદ્ધાર્થસુત દિનમણી મોહ તિમિરને ખોહે,
સોલપુહર દેશના ભવિજનને પડિબોહે. ૧
દેવશરમાને બુઝવા મોકલા ગૌતમ સામ,
દીવાલી દિન દિપતે પામ્યા શિવપુર ઠામ,
વલતાં સુરસુખ સાંભલી વીરતણું નિરવાણ,
પડવે ગૌતમસ્વામીને ઉપનું કેવલનાણ ૨
અતીત અનાગત થયાં થાશે કલ્યાણક અનંત,
સ્વાતિનક્ષત્ર સાહબો પહુતો મુગત પહંત;
સકલ પરવ શિરસેહરો દીવાલીપરવ સાર,
વિધિસું પરવ આરાધતાં પામીજે ભવપાર. ૩
નંદીવરધનને સુદંસણા કહે એ સંસાર અસાર,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્ઞાનામૃત ભોજન કરો જિમ પામો ભવપાર;
**શ્રીરૂપવિજય** કવિરાય વિરાજતો **માણિક** કહે નિરધાર,
ભવસાયરથી ઉદ્ધરી આપો શિવપુર સાર. ૪

---

+ ૨

સકલ મહિધર માંહે મોટો, જિમ કનકાચલ લહીઇ જી,
તિમ દીવાલી દિનમાંહે મોટો, જગ સચરાચર કહીઇ જી;
મહાવીરનિર્વાણ ભણીજે, કાર્તિક વદની રાતે જી,
છઠ કરીતે ગૌતમગણધરનો, જાપ જપો બહુ ભાતે જી. ૧

જુહારપટોળાં દિવસે વંદો, જિન સઘલા મન શુધે જી,
ગૌતમમુનિને જ્ઞાન પ્રભાતે, આવે નિશ્ચલ બુધે જી;
સેવ સુંહાલી દીપક લેઇ, જિનપતિ સેવા કીજે જી,
સાધુતણા પદપંકજ પ્રણમી, સ્વર્ગતણાં સુખ લીજે જી. ૨

અંતસમે શ્રીવીર પ્રકાશે, ભવિયણને હિત જાણી જી,
પુન્ય પાપ અજ્ઝયણા દાખે, અર્થ મનોહર આણી જી;
શ્રેણિધર આગલ જિન ભાખી, મહાનંદપદ સીધા જી,
તિહાં થકી બહુ લોકે દીવા, ઉલટ આણી કીધા જી. ૩

સ્વસ્તિક શંખતણા બહુ પૂરી, કીજે મંગલ ચાલા જી,
ઉચ્છવ જિનવર પૂજા કીજે, મૂકી મનના ચાલા જી;
શ્રી**માણિભદ્ર અંબાઈ** દેવી, સંઘ વિઘન નિવારે રંગે જી,
**ભક્તિકુશલ** બુધ શિષ્ય પયંપે, હર્ષ ધરી બહુ અંગે જી. ૪

---

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

+૩( રાગઃ–વીરજિનેશ્વરઅતિઅલવેસર. )

પર્વ દીવાલીદિવસ વખાણું, પર્વ સયલ શિર જાણું જી,
શ્રીજિનવીરતણું નિર્વાણ, તે અધરાતઇ ગવાણું જી;
પાછલી રાતઇ ગૌતમજીનઇ, ઉપનું કેવલનાણ જી,
પોષહ છટ્ઠ કરી જે આરાધઇ, તસ ઘરિ નિત્ય કલ્યાણ જી. ૧
મેરુમેરીયાં વેલા સવિ જિનહરે, દીપકમાલા કરીઇ જી,
**શ્રીવીરસર્વજ્ઞાય** નમો એ, દો સહસ ગણણું ગણીઇ જી;
અધરાતઇ **વીરપારંગતાય** નમો, સહસ દોઉ ગણી થુણીઇ જી,
પાછલી રાતઇ **સર્વજ્ઞાય** નમો, **ગૌતમ**નામઇ ભણીઇ જી. ૨
દીપકમાલા થાલ ભરીનઇ, ઘસી કેશર ઘનસાર જી,
શ્રીજિનઆગમ પૂજા કરીનઇ, સુણી અર્થ વિચાર જી;
વીરચરિત્ર નઇ કલ્પ દીવાલી, ગણધર ગુણ વિસ્તાર જી,
વિધિસ્યું સુણીઇ પાતક લુણીઇ, હુઇ આતમ નિસ્તાર જી. ૩
શ્રીસિદ્ધાયિકા શાસનદેવી, સુર નર કિન્નર સેવી જી,
ચઉવિહ સંઘનાં વિઘન હરેવી, હિતદાતા સમરેવી જી;
**શ્રીજયઆણંદ**પંડિત પદ સેવી, કામિત કલ્પ વરેવી જી,
**ગજાણંદ**કવિ નિત્ય પ્રણમેવી, કમલા અચલ લહેવી જી. ૪

+ ૪ ( રાગઃ–વીરજિનેશ્વર અતિ અલવેસર.

સુરવર પુરવર ઓપમ ઓપઈ, ક્ષત્રિયકુંડપુરરાયા જી,
સિદ્ધારથ પટરાણી ત્રિશલા–પુત્ર ચરમ જિનરાયા જી;
સંજમ લેઈ કર્મ ખપેઈ, કેવલકમલા લેઈ જી,
તીરથ થાપી બંહોતર વરસે, પાવાપુર પાવેઈ જી. ૧



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હસ્તીપાલરાજાઈ લેખક-શાલાઇ ચોમાસે જી,
સોલ પહોર ઉપદિસિ અમાસ્યે, નિશિ સા કાર્તિક માસે જી;
શિવરમણી પરણ્યા જિનવીર, ભાવ ઉદ્યોત અભાવે જી,
દ્રવ્ય ઉદ્યોતે દીવાલી દીઠી, તે જિન વંદુ ભાવે જી. ૨
હસ્તિપાલ સાનિધે ઘર ઘર, દીવાલી પ્રગટાઈ જી,
મેરાઇઆ સુર નર ને નારી, દિવઈ તિમિર મીટાઇ જી;
લબ્ધિનિધાન ગુરુ ગૌતમ પામ્યા, કેવલજ્ઞાન પ્રભાતે જી,
સકલ લોક હરખ્યા સુખસંપત્ત, વિલસે સૂત્ર સિદ્ધાન્તે જી. ૩
**વિષ્ણુકુમર** સાનિધિ ઘર ઘર, ભટ્ટારક જોહાર જી,
વીરનિર્વાણ ઉપવાસી ભાઈ, બીજે કરે આહાર જી;
**વાચક શ્રુતસાગર સંતિસાગર,** વીરચરિત્ર એમ ભાખે જી,
જય કલ્યાણ કરે સહુ સંઘની, **સિદ્ધાચિકા** પરભાવે જી. ૪

---

+ ૫ ( રાગઃ—વીરજિનેશ્વર અતિ અલવેસર. )

એ દીવાલી મંગલમાલી, રાયરાણા સહુ ધ્યાય જી,
વર્ધમાનકલ્યાણક દિવસે, ઓચ્છવ અધિકો થાય જી;
છટ્ઠ કરીને પોસા પરગટ, અઢાર રાય રંગે પાલે જી,
ગરણું ગણતાં પાપ પલાય, નિજ આતમ અજુઆલે જી. ૧
ચોવીશે જિનચંદા વંદો, દીપે જિન જગચંદા જી,
દીવાલીદિન પરવ પ્રકાસ્યું, માને ચોસઠ ઇંદા જી;
ઈણિદિન ખાજે પીજે લીજે, દીજે દાન સુપાત્ર જી,
ડગલા દોટી ચિર સાવટૂ, ભૂષણ પહેરો ગાત્ર જી. ૨
વીરવાણી સોલ પહોર વખાણી, પુન્યતણી તે ખાણી જી,
બાર પ્રખદા તે મન આણી, જાણી અમૃત સમાણી જી;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દીવાલી વેલા અવધારી, સૂત્ર શાલાઈ પહોંચે જી,
છત્રીસ અધ્યયન અણુપૂછ્યા ભાખે,પ્રધાન અધ્યયન તે વંછે જી. ૩
વીરનિરવાણ કલ્યાણક નિસુણી, ગૌતમ કેવલ પામ્યા જી,
ત્રિભુવનમાં જયકાર વિસ્તાર્યો, સુર સઘલા શિરનામ્યા જી;
[1]શ્રીગુરૂ**ભાનુચંદ્ર** ઉવજ્ઝાયા, શીસ કહે **દેવચંદા** જી,
સંઘ દીવાલી મંગલમાલી, સકલ સંઘ આણંદા જી. ૪

---

+ ૬ ( રાગઃ—વીરજિનશ્વર અતિ અલવેસર. )

સિદ્ધારથ સિદ્ધારથનંદન, નંદન વાસવ વંદઈ જી,
વીર વીર અતુલી બલ કીર વર, મુજ મન વન માકંદઈ જી;
દીવાલી સુખઆલી પરણી, લટકાળી શિવનારી જી,
સુપ્રભાતિ ગણધર ગૌતમ વર, પ્રણમું કેવલધારી જી. ૧
કનકાચલ આદીલ સમિતાચલ, વીશ નેમિ ગિરનારી જી,
વાસુપૂજ્ય ચંપા પાવાપુરી, વીર વરઈ શિવનારી જી;
દીવાલી સુપ્રભાતિ સ્વાતિ તવ, પ્રણમઇ સદા સુરરાય જી,
મેરુથકી આવ્યા મેરાઈઆ, દીવા ઇમ કહીવાય જી. ૨
ત્રિશલાસુત અદ્દ્ભુત પુત્રરતન, દી દેશના અભિરામ જી,
પહોર સોલ કલ્લોલ અમૃતનાં, દીવાલીદિન ઠામ જી;
પંચાવન પંચાવન અધ્યયન, પુન્ય પાપ ફલ ભાખઇ જી,
ભૂપ અઢાર નિસુણઇ તે આગમ, આરાધું જિન સાખઇ જી. ૩
વીરજિણંદનિરવાણ કલ્યાણક, જાણી દીવા કીજઈ જી,
**સિદ્ધાયિકા**દેવી તસ તુઠી ઋદ્ધિ, વૃદ્ધિ સુખ દીજઇ જી;
વિજયવંત જય વિશારદ, શારદશશીમુખ સોહઇ જી,
સીસ **સુમેરુ** કહઇ દીવાલી, દેખી જન મન મોહઇ જી. ૪

---

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

+ ૭ (રાગઃ—વીરજિનેશ્વર અતિ અલવેસર.)

પર્વ [1]પનોતા પુન્યે પામી, જપીયે વીરજિણંદા જી,
તિમ ગૌતમ જપતાં દુઃખ જાવે, આવે ઘેર આણંદા જી;
કાર્તિક વદિ કોડીસ શતી, જુગતિ જે નિશિ સિદ્ધા જી,
તેહથી દીવાલીદિવસિ, નર દેવે દીવા કીધા જી. ૧
જુહારો ચોવીસે જિનવર, જુહારો ભટ્ટારક દિવસે જી,
તિમ ગૌતમ મનડી ઝલહલતું, નિશ્ચલ કેવલ નિવસે જી;
સેવ સુંહાલી દીપક દેઈ, શ્રીજિન સેવા સારો જી,
શંખતણા સાથીડા પૂરી, શાસનવિઘન નિવારો જી. ૨
એકસો દાહોત્તર પરકાસ્યા, પુન્ય પાપ અધ્યયના જી,
તિમ છત્રીસ [2]અવ્યાકરણ વીરે, કહિયા સુણજો સયણા જી;
મયા કરી મહાવીરે મનસું, અરથ અનુપમ દાખ્યા જી,
દીવાલીદિન જાણીને જપજો, આગમ અરિહંત ભાખ્યા જી. ૩
ૐ **નમો ગૌતમગણધરનાં**, છઠ્ઠ કરી જાપ જપીયે જી,
બાર સહસહ દીવાલી દિવસે, તો ત્રિભુવનમાં તપીયે જી;
**માનભદ્ર અંબાઈ** અંબા, સમરું સાનિધકારી જી,
ગૌતમ વીર ભગતે જે ભવિયા, **લબ્ધિ** લીલ લખ[3] લીજે જી. ૪

---

+ ૮ (રાગઃ—શત્રુંજયમંડનઋષભજિણંદદયાલ.)

* જય ગૌતમ હિતકર વીરજિનેસર વાર,
ભવ મોહ મહીરુહ ભંજન કઠિન કુઠાર;
પ્રવચન સોહાકર શ્રીવિજયદેવ જયકાર,
દીવાલી કમલા ગલે મુગતાફલહાર. ૧

---

1 તું પુરા. 2 અપૂછ્યા. * આ સ્તુતિ—થોય ચાર વખત બોલી શકાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

+ ૯ ( રાગઃ—મનોહરમૂરતિમહાવીરતણી )

*સોવનગિરિ ઉપરિ વીર નમું, દીવાલી ગૌતમ નામ જપું;
શાસનનાયક નિત સમરું, શ્રીવિજયપ્રભસૂરીચિત્ત ધરું. ૧

---

૧૦ ( રાગઃ—શત્રુંજયમંડનઋષભજિણંદદયાલ. )

*જય ત્રિભુવનસેવિત શ્રીવર્દ્ધમાન જિનરાજ,
ગૌતમાદિ ગણધર શીક્ષિય કૃત ગુણરાજ;
જિનવીર મહાગમ સુણતા ગુણગણરાજ,
દીવાલી દીપક તીર્થાધિપ [1]સુરરાજ. ૧

---

+ ૧૧

*જય કમલ કર કમલદલ લોચન લોચન વીર,
દીવાલીવાસર મૌલિ વિમલ કોટિર;
કમલાશ્રિય કાંચન કાન્તિ સમાન શરીર,
જિનભાષિત સુરગણ કામિત કામ કરીર. ૧

---

* આ સ્તુતિ–થોય ચાર વખત બોલી શકાય છે. 1 આત્મરાજ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# અષ્ટાદશતરંગ

## શ્રીકલ્યાણકસ્તુતિઓ

### શ્રીઅરજિનદીક્ષાકલ્યાણકસ્તુતિઓ.

+ ૧ ( રાગઃ–શત્રુંજયમંડનઋષભજિણંદદયાલ. )

નાગપુરનો નાયક નામે સુદર્શનરાય,
સહસ્રારથી ચવીયા જનમ્યા દેવી માય;
ત્રીશ ધનુષ પ્રમાણઇ ઉંચાઇ છે સોવન કાય,
અરનાથ નિરંજન મહિર કરો મહારાય. ૧
તારઈ ભવિજનનઇ ચઉવીશે ભગવંત,
અજરામર પામ્યા જેહનો આદિ અનંત;
કામ ક્રોધનઈ માયા લોભતણો પરિહાર,
સવિ કર્મ ખપાવી સિદ્ધ થયા સુખકાર. ૨
જસ સમજ્યા લહીઈ શાન્ત દશા શ્રીકાર,
આઠ મદ છંડઈ એ પ્રવચન ઉપગાર;
જિનજીનો ભાખ્યો પરકાસ્યો ગણધાર,
નિત નમતાં રંગઈ ઉલટ આણો અપાર. ૩
**ધારણી** દૃઢ ભગતિ દેવી સારઈ સેવ,
સંઘ વિઘન નિવારેઇ **યક્ષેન્દ્ર**નામિ દેવ;
**ઉજ્જવલ** એકાદશી મૃગશિર માસની જેહ,
આરાધઈ ઈણિપરઈ **સૌભાગ્ય** પામઈ તેહ. ૪

---

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

+ ૨ ( રાગઃ—શત્રુંજયમંડનઋષભજિણંદદયાલ. )

સુર નર ને કિન્નર સેવઈ શ્રીઅરનાથ,
લંછન નંદાવર્ત મુગતિપુરીનો સાથ;
નાગપુરનો સ્વામી ચામીકર સમ દેહ,
એહવા જિનજીનઈ પૂજો આણી નેહ. ૧
થુણીઈ નિજ વયણે નયણાનઇ આણંદ,
દીઠા દુઃખ હરીઇ વરીઈ મંગલકંદ;
ચઉવીશઇ જિનેસર પાપ તિમિર દિનકાર,
ઇન્દ્રાદિક પૂજિત દ્યો મુજ જય જયકાર. ૨
જિનમત જે રાતા સાતા પામે તેહ,
આવઈ અણુતેડી ઋદ્ધિ સિદ્ધિ નિજ ગેહ;
ત્રિપદી જિન ભાખઇ દાખઇ ગણધર સાર,
સૂત્ર અર્થ ભણતાં લહીઇ ભવનો પાર ૩
શશીવદની સુંદર પહિરણ પરિઘલ ચીર,
નવ ભૂષણ ભૂષિત શોભઈ જાસ શરીર;
શાસનરખવાલી **ધારિણી** પૂરઇ જગીશ,
ઉજ્જવલ એકાદશી **સૌભાગ્ય** પ્રણમે શીશ. ૪

---

+ ૩ ( રાગઃ—વીરજિનેશ્વરઅતિઅલવેસર. )

અઢારમા જિનવર ભવિયણ વંદો, જિમ પામો સુખકંદો જી,
અહનિશિ સેવ્યાં પાતિક જાઈ, થાઈ અધિક આણંદો જી;
માગશિરસુદિ એકાદશી દિક્ખા, દીપે તેજ દિણંદો જી,
ઘનઘાતી ચઉ કર્મ ક્ષય કરીનઇ, પામ્યા કેવલચંદો જી. ૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અતીત અનાગત વર્તમાન જિન જે, તેહના પાય વંદીજે જી,
અઢીદ્વીપમાં નંદીસરગિરિ, વંદી ચિર નંદીજે જી;
પર્વત શિખરે સુરને વિમાને, ગુફા દ્રહ સવિ લીજે જી,
શાશ્વતાશાશ્વત જિહાંજિહાં જિનવર, પ્રણમી સુખ માગીજે જી. ૨
ત્રિગડે બેઠા ભવિ પડિબોહે, ભવિજન સંશય વારે જી,
ગણધર થાપી ત્રિપદી આપી, ભવ્યજીવને તારે જી;
જિનદર્શન દેખી નિજ મન હરખી, ઉત્તમકારિજ સારે જી,
દુરગત દુઃખ ભયથી ભવિ બીહતા, આવ્યા શરણે ઉગારે જી. ૩
અરજિનશાસન રક્ષા હેતે, **સુરદેવી** દુઃખવારી જી,
સોલ શ્રૃંગારે કરી તનુ સોહે, મોહે મન નર નારી જી;
અહનિશિ જે અરજિનને ધ્યાવે, તે પામે શિવબારી જી,
પંડિતવર **હરિરુચી**નો સેવક, **ગણેશરુચી** સુખકારી જી. ૪

---

+ ૪ ( રાગઃ–વીરજિનેશ્વર અતિ અલવેસર. )

શ્રીઅરજિન (વર) ગુણમણિમંદિર, સુંદર વદન સુરૂપ જી,
રાય સુદર્શન વંશ પ્રભાકર–કર પંકજ અનુરૂપ જી;
નવનિધિ ચઉદ રતન પરમુખ, સવિ છોડી ઋદ્ધિ અનુપ જી,
માગશિરસુદ એકાદશી દિવસે, આપ થયા મુનિરૂપ જી. ૧
ભોગ કરમ પીછઇ નિજ જ્ઞાને, જિન વ્રતકાલ વિભાવે જી,
તવ લોકાંતિકદેવ પ્રભુને, દીક્ષાસમય જણાવે જી;
દાન સંવત્સરી દે તવ જગમાં, સહુનાં દારિદ્રય સમાવે જી,
આદરે વ્રત ઈણિવિધ તે જિનવર, હું વંદુ મન ભાવે જી. ૨
સિદ્ધ નમી સામાયિક ઉચરે, રાગ રોષ મદવારી જી,
મનઃપર્યવ તવ નાણુ ઉપજે, મનુજ લોક વિસ્તારી જી;

Jain Education International　For Private & Personal Use Only　www.jainelibrary.org

જબ લગ રહે છદ્મસ્થપણે બહુ, તપ કિરિયા વ્રતચારી જી,
જિન સ્વરૂપ જિહાં ઇણવિધ ભાખ્યું, તે આગમ સુખકારી જી. ૩
વ્યંતર ભવનપતિ ને જોઈસ, વૈમાનિક સુરરાય જી,
દીક્ષાઓચ્છવ ઇમ કરી જિનનો, પુણ્યભંડાર ભરાય જી;
નંદીશ્વર કરી યાત્રા અનુપમ, સુર સુરલોકે જાય જી,
તે દેવા સેવા કરે જિનની, દાન સદા સુખદાય જી. ૪

---

\+ ૫ ( રાગ –આદિજિનવરરાયા. )

અરજિન સુખકારી સાતમો ચક્રધારી,
મદ મદન વિદારી [1]માન માતંગ વારી;
અશુભ તમ નિકારી દુષ્ટકર્મારિ હારી,
વ્રત વિપીન વિહારી પુન્ય વિસ્તારકારી. ૧
જસ [2]જશ જગિ નામે મોહનું જોર ભાજે,
સુર નર મુનિરાજે જે થુણ્યા બહુ દિવાજે;
સુગતિ સુખ નિવાજે વિશ્વના રૂપ છાજે,
જિન તેહ શુભ સાજે, વંદીઇ મોક્ષ કાજે. ૨
નવલ નય તરંગા સપ્તભંગ પ્રસંગા,
કૃત પરમત ભંગા સર્વથા [3]તે અભંગા;
વિમલ દશ દુ અંગા પાપ સંતાપ ગંગા,
ભવિજન સુણી ચંગા જૈનવાણી સુરંગા. ૩
જિનચરણની સેવી સર્વ સંસાર સેવી,
મનિ મહિર વહેવી વિઘ્નવાડી દહેવી;

---

1 સર્વને સુખકારી. 2 જગ જેહનો ગાજે. 3 જે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બહુ ભગતિ ધરેવી સંઘ રક્ષા કરેવી,
શકિત **ધારિણીદેવી દાન** સંસિદ્ધિ દેવી. ૪

---

+ ૬ ( રાગઃ—આદિજિનવરાયા. )

અરજિનવર રાજા અઢારમા તીર્થરાજા,
હુઆ ભરથરાજા સાધી છ ખંડ તાજા;
ચોસઠિ સહસ નારી સાતમો ચક્રધારી,
માગશિરસુદિ સારી એકાદશીવ્રત ધારી. ૧
પાય નમિય નરીંદા, ભત્તદેવીંદ વંદા,
નયન જિનવરચંદા, પંચકલ્યાણકંદા;
કે કમલદલંદા, સાર સ૦વે જિણંદા,
પભણે ઉવજ્ઝાયા નૈન ચકોર ચંદા. ૨
જય જિનવરવાણી નેમનાથી વખાણી,
**શારદ** (!) શ્રુત કલ્યાણી એકાદશી હૈ પુરાણી;
કુમતિ ફલ કૃપાણી અનંત કલ્યાણખાણી,
પભણે ઉવજ્ઝાયા નંદચી વાધ વાણી. (?) ૩
નવગ્રહ જસ પાલા, ખંડણા લોકપાલા,
વાણી નિરંગાણા જક્ખિણી જક્ખપાલા;
ત્રિભુવન રખવાલા, જક્ખરાજા કૃપાલા,
સોલે સુરદેવી નંત કલ્યાણમાલા. ૪

---

+ ૭ ( રાગઃ—મનોહરમૂરતિ મહાવીરતણી. )

શ્રીઅરજિન વંદુ જગધણી, જે અરતિ ટાલઈ ભવતણી;
એક ભવે પદવી દોઈ ભલી, તીર્થંકર ચક્રધર નિર્મલી. ૧

Jain Education International　For Private & Personal Use Only　www.jainelibrary.org

હોઇ શ્વેતવર્ણા હોઇ શામલા, રત્તુફ્લ હોઈ [1]મૃગવન ભલા;
સોલઇ જિન સોવનવન્ન સાર, તેહ જિન નમતા હુઇ દુરિય પાર. ૨
સમોવસરણી સુખકારણી, ભવિજન ભૂમિ ઘન વારણી;
સમકિત બીજ ઉદય કારણુ જેહ, તેહ વાણી આરાહું ધરિય નેહ. ૩
શ્રીસંઘતણી રક્ષાકરા, સાધુ સાધ્વી શ્રાવક શ્રાવિકા સુદરા;
સમકિતધારિણી જેહ દેવ, **હેમશ્રી** કહઇ સમરઉ નિત્યમેવ. ૪

---

+ ૮ (રાગઃ—રઘુપતિ રાઘવ રાજારામ.)

ધન ધન નયરી જે ગજપુર, અવતરીયા જિહાં શ્રીજિનવર;
માગશિરસુદિ એકાદશીદિન, પ્રભુ આદરઈ ચારિત્ર એકમન. ૧
અતીતકાલિ જિન જેહવા, અનાગત હોશઈ તે નવા;
શ્રીવર્તમાન જિન ધ્યાઇઇ, તું મનવંછિત સુખ પાઇઇ. ૨
શ્રીજિનવર ત્રિપદી ત્રણઇ દીધ, સૂત્ર રચના ગણધરદેવ કીધ;
જસ ગોરસઉ ઘૃત જે સમાન, તે વાણી આરાહુ ધરિય જ્ઞાન. ૩
શ્રીજિનવર ભક્તિ સદા કરઈ, ધર્મિજનનાં દુઃખ સવિ હરઇ;
**હેમશ્રી** કહઈ નિત નમિય પાય, મુજ દેજો સંપદ સુખ માય. ૪

---

## શ્રીમલ્લિજિનજન્મકલ્યાણકસ્તુતિઓ

+ ૧ (રાગઃ—ગોયમ બોલે ગ્રંથ સંભાલી.)

મિથિલાનયરી વર વિસ્તાર, કુંભરાય તિહાં બહુ અધિકાર,
રાણી પ્રભાવતી સાર,
જણ તસ કુખિ લહ્યો અવતાર, ચૌદ સુપન દેખે તિણિવાર;
પામે પરમ કરાર;

---

[1] કાળિયાર(મૃગ)ના વર્ણ જેવા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મગશિર માસ શુકલ પખ તાર, તિથિ એકાદશી ને શુભવાર,
મધ્યરાત્રિ નિરધાર,
મલ્લિજિન જનમ્યા જગદાધાર, તવ સઘલે થયો હરખ અપાર,
વરત્યો જય જયકાર. ૧

ઈન્દ્રના જબ સિંહાસન હાલે, તવ સુરપતિ નિજ જ્ઞાન સંભાલે,
જિનવર જન્મ નિહાલે,
ઘંટ સુઘોષા તવ સંચાલે, સુર સવિ બેસી વિમાન વિશાલે,
સુરગિરિ ઉપરી ચાલે;
તિહાં જિન આણી ભાવ રસાલે, તીરથઉદકસું અંગ પખાલે,
નિજ સવિ પાતક ટાલે,
ચઉવીશે જિનનો નિશિકાલે, ઈમ ઓચ્છવ કીધો સુરપાલે,
તે નિજ ભવ અજુઆલે. ૨

જિનજન્મોચ્છવ અવસર જાણી, આવે સુર ઉલટ આણી,
ભાવ ભગતિ સહ નાણી,
આઠ જાત કરી કલશ વિનાણી, સુરભિ ભર્યા વર તીરથપાણી,
પુષ્પાદિક બહુ આણી;
અચ્યુતેન્દ્ર આદિ ગુણખાણી, તિમ અંતે સોહમવજ્રપાણી,
સ્નાત્ર કરે શુભ નાણી,
એહવિધિ જેહમાંહિ વખાણી, તે આગમ નિસુણો ભવિપ્રાણી,
જિમ લહો શિવ પટરાણી. ૩

વીણા તાલ મૃદંગ વજાવે, કેઇ સુરસુંદરી નૃત્ય બનાવે,
ગીત સરસ કેઈ ગાવે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભક્તિરાગ મનમાંહી જગાવે, કેઇ જિન[1]મુખસું નયન લગાવે,
નિજ ભવ પાપ ભગાવે;
ઈમ જન્મોચ્છવ કરી મન ભાવે, સવિ સુરપતિ નિજ થાનક આવે,
મન પરમાનંદ પાવે,
તે ચોવિહ દેવા સદભાવે, સકલ સંઘને કુશલ વધાવે,
**દાન** સકલ દુઃખ જાવે. ૪

+ ૨ (રાગઃ—પર્વપજુસણપૂન્યેપામીપરિઘલપરમાણંદોજી.)

મલ્લિજિન અદ્ભુત તનુ સુંદર, જનમ્યા જેણિ વેલા જી,
છપ્પન દિસિકુમરી તવ આવે, ગાવે જિનગુણ હેલા જી;
જિન જિનજનનીના પદ પ્રણમી, સૂતિકરમ કરે ભેલા જી,
નિજ થાનક જાઈ હરખ ધરંતી, સવિપ રિવાર સમેલા જી. ૧
દેહ રૂપ મલ રહિત સુગંધી, નહિ પરસ્વેદ વિકાર જી,
નવિ નવિ છદ્મસ્થ નિહાલે કોઈ, આહાર ને નિહાર જી;
રુધિર માંસ ઉજ્જવલ અભિનંદિત, શ્વાસ કમલ અનુસાર જી,
જન્મ થકી એ જસ ચઉ અતિશય, તે જિન વંદુ ઉદાર જી. ૨
મતિ શ્રુત અવધિનાણ ગુણખાણી, જાણે બહુ જગભાવ જી,
તોહિ પિણ પ્રભુ બાલકની પરિ, રાખે બાલસ્વભાવ જી;
નિજ અંગૂઠે અમૃત પીવે, નહિ ખેલાદિ વિભાવ જી,
ઇમ કહી બાલદશા જિહાં જિનની, આગમ તેહ અપાવ જી. ૩
કંદુક પ્રમુખ રયણમય વિરચી, કેલી કરે બહુ ભાતિ જી,
બાલરૂપ કરી ભક્તિ રાગ ધરી, જે રમે જિન સંઘાતિ જી;
સમકિતધારી પરઉપગારી, વરતે ગુણ પક્ષપાતિ જી,
દેયો સંઘને તે સુરમંગલ **દાન**, સયલ દુઃખ ઘાતે જી. ૪

1 રાગસું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

+ ૩ ( રાગઃ—મનોહરમૂરતિમહાવીરતણી. )

શ્રીમલ્લિનાથ નમું મિથિલાપુરી, જસ જનમ જેહ સફ્લો કરી;
ઈન્દ્રાદિક સુરવર આવિયા, પ્રભુ લઇ સુરગિરિ ન્હવરાવિયા. ૧
સ્વર્ગમૃત્યુભવન છઇ જે પાયાલી, ત્રિભુવનબિંબ હું વંદુ અતિરસાલી;
તિહાં બિંબ અસંખ્યાતા જાણીઇ, શ્રીજિનવચને વખાણુઈ. ૨
જિનવચન સુધારસ જલધરઉ, તેણુઈ સીંચઉ આત્મસુરતરૂ;
અર્થ કુસુમ પરાગ મહિ મહઇ, શિવફ્લ દીઠઈ ભવિ ગહઈ. ૩
શ્રીવિદ્યાદેવી **સરસ્વતી,** વાણી નિર્મલ જે વરસતી;
આરાધું હું તુજ એક મન્ન, [1]સેવક કહી હોજો મુજ પ્રસન્ન. ૪

---

+ ૪ ( રાગઃ—મનોહરમૂરતિમહાવીરતણી. )

સુખદાયક વંદુ મલ્લિનાથ, ભવસાયર પડતાં દીઇ હાથ;
માગશિર એકાદશી જનમીયા, તવ સર્વ જગ આણંદ પામીયા. ૧
ચઉવીશઇ જિનવર વંદઇ, સબ જનમનાં પાપ નિકંદઇ;
મનવંછિત આપઇ સુખ ઋદ્ધિ, તે જિનવર પ્રણમું ભાવસિદ્ધિ. ૨
પ્રભુવાણી યોજનગામિની, જે દુરગતિનાં દુઃખદામિની;
ભવિજનનાં ચિત્ત આલ્હાદની, તે વાણી સુણું મનસાદની. ૩
જિનશાસનની જે સુખકારણી, પુણ્યવંતનાં પાતિક વારણી;
**હેમશ્રી** કહઈ નિત ધ્યાઈઈ, તું આપણાં વિઘન પલાઇઈ. ૪

---

+ ૫ ( રાગઃ—શ્રાવણસુદિ દિન પંચમી એ. )

માગશિરસુદિ એકાદશી એ, જનમ્યા મલ્લિજિણંદ તો,
છપ્પનદિસિ કુમરી મિલી એ, તિમ મીલે ચોસઠ ઇંદ તો;

---

૧ સાધ્વી હેમશ્રીજી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પંચરૂપ શક્રે ધરી એ, લેઇ ગયા મેરૂગિરીંદ તો,
જિન ઉચ્છંગે થાપીને એ, નમણુ કરે દેવીંદ તો. ૧
જંબૂદ્વીપ દક્ષિણ દિસિ એ, ક્ષેત્ર ભરત સુવિશાલ તો,
મિથિલા કુંભનરેસરૂ એ, પ્રભાવતીકુખિ મરાલ તો;
પ્રહ સમે જન્મ જાણી કરી એ, ગાવે ગીત રસાલ તો,
ઇમ સવિ જિનવર વંદતા એ, હોવે મંગલમાલ તો. ૨
પૂરવભવ ષટ મિત્રસું એ, વંચી તપ કર્યો જેહ તો,
સ્રીવેદ જિન પામીયા એ, કપટતણાં ફલ એહ તો;
મૃષા વચન ભવિ પરિહરો એ, જિમ હોઈ જગ જસ રેહ તો,
જિનવચન ચિત્ત ધારતા એ, પામે મુગતિ સુગેહ તો. ૩
તીર્થંકર ઓગણીસમા એ, ધરીઈ તેહનું ધ્યાન તો,
શાસનદેવી શુભ ચિત્તે એ, ગાવે જિનગુણ ગાન તો;
કલશલંછન સોહે સદા એ, નામ જપો એકતાન તો,
ગણેશરૂચિઈ વિનવે એ, આપો મુગતિનું દાન તો. ૪

---

+ ૬ ( રાગ–શત્રુંજયમંડનઋષભજિણંદદયાલ. )

પ્રહ ઊઠી પ્રણમઈ મલ્લિજિનેસર જેહ,
પામઈ મનરંગઈ મુગતિતણાં ફલ તેહ;
પંચવીશ ધનુષની કંચનવરણી દેહ,
એહવા જિનજીને સેવો આણી નેહ. ૧

જેહનો નવિ લહીઈ પાર અપાર સંસાર,
તસ પાર પામીનઇ પહુતા મુગતિ મોઝાર;
રાતા દોય જિનવર ઉજ્જવલ દોય ઉદાર,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દોય શામલવન્ના દોય નીલવરણ સુખકાર;
સોલહ જિન પ્રણમું કંચનવરણ સફાર. ૨
જિનની વાણીનો જોજન લગી વિસ્તાર,
સૂત્ર અર્થ પ્રકાશઇ સાંભલી પર્ષદા બાર;
શુદ્ધ મનસું સુણતાં છેદીજે ગતિ ચાર,
એ વાણી જાણી લહીઈ ભવનો પાર. ૩
યક્ષ કુબેરનામિ શ્રીજિનભક્તિ કરંત,
**વૈરોટ્યાદેવી** સંઘના વિઘન હરંત
ઉજ્જવલ એકાદશી આરાધો મન ખંત,
સુખ સંપત્તિ સઘલે **સૌભાગ્ય** તેહ લહંત. ૪

---

+ ૭ (રાગઃ—આગે લાખ પૂરવ નવ્વાણું)

*જેહનું મુખડું નિરમલ દીસે, તે વંદો જગદીશો જી,
કેવલ પામી મુગતિ પોહતા, સેવો જિનચોવીશો જી;
પ્રભુ મુખવાણી અમીય સમાણી, સુણતાં લહીઈ જગીશો જી,
દેવી **વૈરોટ્યા** મલ્લિજિનેસર, **સૌભાગ્ય** પ્રણમે શીશો જી. ૧

---

+ ૮

છપ્પનદિસિ કુમરી, સૂતિકર્મ નિવારી,
કરે ભક્તિ સારી, માયા મલ્લિ નિવારી;
ચોસઠિ હરિ હારી, [1]મેરુ ઉચ્છંગે ધારી,
એણે તિરથની વારી, સ્નાત્ર મલ્લિકુમારી. ૧

---

* આ સ્તુતિ—થોય ચાર વખત બોલી શકાય છે. 1 નેહસું.

Jain Education International　For Private & Personal Use Only　www.jainelibrary.org

# શ્રીમલ્લિજિનદીક્ષાકલ્યાણકસ્તુતિઓ.

+ ૧ ( રાગઃ—શત્રુંજયમંડનઋષભજિણંદદયાલ. )

પ્રભુ મલ્લિજિનેશ્વર આદરે દીક્ષા જામ,
ચઉવિહ સુર આવી ઓચ્છવ કરે અભિરામ;
મણિ રયણ કંચનની વૃષ્ટિ કરે ઉદ્દામ,
ભવિજન તે જિનનામના રાખો ગુણગ્રામ. ૧
વ્રત લેઈ વિચરતે અપ્રતિબદ્ધ વિહાર,
સમ તૃણ મણિ જીવિત મરણ અમમ અવિકાર;
ધરી વિવિધ અભિગ્રહ ઇન્દ્રિયનિગ્રહકાર,
તે જિન ચોવીશે વંદુ વારોવાર. ૨
પ્રભુ હસ્તયુગલમાં સાગર સર્વ સમાય,
[1]શીખ ઉપરી શીખ બિન્દુ પાત નવિ થાય;
છદ્મસ્થ જિણંદની ઈમ જિહાં લબ્ધિ કહાય,
તે આગમ સુણતાં સંશય સકલ પલાય. ૩
વિહરંતા જિનને ઉપસર્ગ ઉપજે જામ,
જાણી ઈન્દ્રાદિક આવી નિવારે તામ;
જિનસેવા તત્પર જે દેવા ગુણધામ,
પૂરો શ્રીસંઘને દાન સકલ સુખ હામ. ૪

---

+ ૨ ( રાગઃ—શત્રુંજયમંડનઋષભજિણંદદયાલ. )

ભુવનાનંદન જિન નીલ વરણ જસ દેહ,
પરભાવતીનંદન મંગલતરુ વન મેહ;

---

૧ શીખા ઉપરિ વાધે બિન્દુ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મૃગશિર સુદિ કેરી એકાદશી દિન એહ,
થયા ભાવચરણધર છાંડી પરિકર ગેહ. ૧
અહો દાન ઘોષણા સુરદુંદુભિ વાજંત,
નીપડે વસુધારા જલસુગંધ વરસંત;
ફૂલવૃષ્ટિ કરે સુર એ પંચ દિવ્ય હવંત,
જસ પારણુ ઠામે તે વંદુ અરિહંત. ૨
સામાયિક આદિ ચારિત્ર પંચ પ્રમાણ,
તે માંહિ પહિલું ચોથું પંચમ જાણ;
જિનને એ હોઈ ક્રમે ચઢત ગુણઠાણ,
એ કહ્યો જિહાં વિધિ તે વંદુ સુયનાણ. ૩
છદ્મસ્થપણે જિન વિચરે મહિયલમાંહિ,
ઇન્દ્રાદિક આવે ભક્તિવંત ઉચ્છાંહિ;
પ્રભુ ઉજાત કાજે બહુ પૂજા કરે ત્યાંહિ,
તેહ સુરસાનિધથી દાન સુમતિ અવગાહિ. ૪

---

+ ૩ ( રાગઃ—મનોહરમૂરતિમહાવીરતણી. )

પરભાવતીનંદન મલ્લિજિણંદ, જસ મુખ સોહઇ પૂનિમચંદ;
નવનિધિદાય પય અરવિંદ, દિન દિન વંદઇ ચોસઠિ ઇંદ. ૧
સકલ જિનેસર શાસનધણી, કેવલ પામી ચઉગતિ હણી;
પાપ તિમિર ભર અંબર મણી, સેવ્યાં લહીઈ સંપત્તિ ઘણી. ૨
જયવંતો જગજંતુ આધાર, આગમ ખીરમહોદધિ સાર;
સૂત્ર સલિલ જિહાં સબલ, અરથ રયણનો ન લહુ પાર. ૩
વૈરોટચાદેવી નિરમલી, નાસા દીપે ચંપક કલી;
મલ્લિજિનેસર ચરણે મિલી, સૌભાગ્યવિજયની પૂરો વલી. ૪

---

Jain Education International　　For Private & Personal Use Only　　www.jainelibrary.org

+ ૪ ( રાગઃ—શત્રુંજયમંડનઋષભજિણંદદયાલ.

કરે નવલા મંગલ મલ્લિજિનેસરદેવ,
મન વચન કાયાઈ ભગતિ કીજે સેવ;
મેરુશિખર ઉચ્છંગે નવરાવ્યા નીરલેવ,
ઈન્દ્રાદિક પૂજિત ચરણકમલ નિતમેવ. ૧
સુપસન્ન સદા પ્રભુ કેવલીમાંહિ ચંદ,
તારો કરુણાપર ચૂરો કર્મના કંદ;
સવિ પાપ નિવારઈ પુહતા મુગતિ મુણીંદ,
એહવા આરાધો ચઉવીશે જિણંદ. ૨
સય મુખ પરકાસી ધરમના ચાર પ્રકાર,
ગણધર બહુ બુદ્ધિ રચઈ અંગ ઈગ્યાર;
અતિ અરથ વિરાજે તે ધારે ગણધાર,
નવ તત્ત્વ જ લહીઈ તે અણુમું શ્રુતસાર. ૩
શાસનના સેવક કુબેરનામે દેવ,
દેવી વૈરોટયા શ્રીજિન કરતી સેવ;
ઉજ્જવલ એકાદશી મૃગશિરમાંહિ દેવ,
આરાધઈ જે વર સૌભાગ્ય પામે તેવ. ૪

+ ૫ ( રાગઃ—શત્રુંજયમંડનઋષભજિણંદદયાલ. )

શ્રીમલ્લિજિનેસર ઓગણીસમા જિન દેવ,
સુર અસુર વિદ્યાધર અહનિશ સારે સેવ;
જિન દીક્ષા એકાદશી માગશિરસુદિની હેવ,
એહ જિનવર સેવ્યાં ફલે વંછિત નિતમેવ. ૧
પંચ ભરતે જિનવર ઐરવત પંચે જેહ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પંચ વિદેહમાં જિન જે હું વંદુ નિત તેહ;
ગતરાગી જિનને સેવો ચિત્ત ધરી નેહ,
પુષ્પ ચંદન લેઈ અરચો પ્રભુજીની દેહ. ૨
સમોસરણે રાજે છાજે ભામંડલ સાર,
બાર પરખદા આગે દેશના જિમ જલધાર;
જિનવાણી નિસુણી ભવિ વ્રત લીઈ અપાર,
કેઇ પંચ મહાવ્રત દેશથકી વ્રત બાર. ૩
જિન તીરથ થાપી દૂરિ કરે મિથ્યાત,
શાસન રખવાલી જાસ સુકોમલ ગાત;
ઓગણીસમા જિનવર સેવો મલ્લિ તાત,
બુધ **હરિરુચિ** કેરો શીશ નમે દિનરાત. ૪

---

+ ૬ ( રાગઃ—આદિજિનવરરાયા. )

પ્રભાવતી અભિલક્ખા કુંભરાયા સુમક્ખા,
હય પુર પરક્ખા દિંત આશીષ લક્ખા;
છસેં પુરૂષ પક્ખા મગ્ગમુક્તિં સુસક્ખા,
માગશિરસુદિ પક્ખા, (એ)કાદશી મલ્લિદીક્ખા. ૧

---

+ ૭ ( રાગઃ—રઘુપતિરાઘવરાજારામ. )

બાલબ્રહ્મચારી શ્રીમલ્લિદેવ જસુ સુર નર કિન્નર કરઇ સેવ;
સોવન પુતલડી જેણિ કરી, ષટરાય બુઝવિયા બુદ્ધિ ખરી. ૧
પ્રભુ અતિશય સોવન રાજિયા, જેહ મહિમા ત્રિભુવનિ ગાજિયા;
જેણિ દોષ અઢાર નિરાકર્યા, તે વંદુ સકલ જિનેસરા. ૨
ત્રિગડઇ બઈઠા દેશના દીઈ, વાણી અમૃત રસ જે પીઇ;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધન નર નારી ધન તે નરીંદ, વાણી સુણી પામ્યા પરમાણંદ. ૩
દેવી વૈરોટચા જિનતણી, પ્રભુ મલ્લિની ભક્તિ કરઇ ઘણી;
દુષ્ટ રોગ શોગ મ ચૂરતી, [1]સેવકના વંછિત પૂરતી. ૪

+ ૮ ( રાગઃ—મનોહરમૂરતિમહાવીરતણી. )

[2]કુંભરાયતણુઈ કુલિ જસ કરી, મલ્લિ દેઇ દાન સંવત્સરી;
માગશિરએકાદશી દિન ભલું, પ્રભુ આદરઈ ચારિત્ર નિર્મલું. ૧
તીર્થંકર જે ઉત્કૃષ્ટ કાલિ, અવતરિયા સ્વામી જગદયાલ;
જગતારક જિનવર ભુવનપાલ, તે જિનવર વંદુ ત્રણિ કાલ. ૨
છ છેદ ગ્રંથ દશ પઈન્ના સાર, મૂલ નંદીસૂત્ર અનુયોગદ્વાર;
અગ્યાર અંગ ઉપાંગ બાર, પણયાલીસ આગમ અત્યંત સાર. ૩
સમકિતધારી કુબેરયક્ષ, મલ્લિચરણ કમલિ રહ્યું જે પ્રત્યક્ષ;
શ્રીસંઘનઈ નવનિધિ ઋદ્ધિ દીઉ, તે યક્ષનું નામ અહનિશિ છીઉ. ૪

## શ્રીમલ્લિજિનકેવલજ્ઞાનકલ્યાણકસ્તુતિઓ.

+ ૧ ( રાગ—શત્રુંજયમંડણઋષભજિણંદદયાલ. )

વર શુકલધ્યાનના ભાગ દોય જબ ધ્યાત,
કરી કરણ અપૂરવ તવ ટાળે ઘનઘાત;
પામે પ્રભુ કેવલ દરિસણ જ્ઞાન વિખ્યાત,
મલ્લિજિન જાણે સર્વ ભાવ સાક્ષાત.
છત્ર ત્રય ચામર તરુ અશોક સુખકાર,
દિવ્યધ્વનિ દુંદુભિ ભામંડલ ઝલકાર,
સુર કુસુમવૃષ્ટિ વર ભદ્રાસન અતિ સાર;

૧–૨ રચયિત્રી–: સાધ્વીહેમશ્રીજી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એહ પ્રાતિહાર્ય જસ તે જિન વંદુ ઉદાર. ૨
વર કેવલનાણે જાણે સયલ પયત્થ,
ભાખે શુભ વચને શ્રીજિનપતિ તિહાં અત્થ;
વિરચે સૂત્રરૂપે ગણધર તેહ સમત્થ,
જગમાંહિ એકજ આગમ તે પરમત્થ. ૩
શ્રીમલ્લિજિનેસર સેવા કર ગુણધામ,
જિનશાસનદેવી **વૈરોરૂચા** ઇતિ નામ;
ગુણરાગે રંજિત સપ્ત ધાતુ અભિરામ,
તેહ **દાન** પસાયે [1]રાખતો શ્રીસંઘ મામ. ૪

---

+ ૨ (રાગઃ—વીરજિનેશ્વરઆતઅલવેસર.)

સમવસરણ સિંહાસને બેઠા, નીલવરણ જસ કાય જી,
માનુ મેરુશિખરશિર ઉપરી, એ નવ જલદ સુહાય જી;
ભવિચાતકને જસ દરિસણથી, પાપ સંતાપ પલાય જી,
મલ્લિજિનેસર મહિમા મંદિર, ભવિ પ્રણમો તસ પાય જી. ૧
એકાદશ જસ અતિશય પ્રગટે, કર્મ કલંક ઉચ્છેદે જી,
તિમ ઓગણીશ કરઈ શુભ અતિશય, સુરસમુદાય અખેદે જી;
જન્માતિશય ચઉ સંયુત એ, અતિશય ચોત્રીશ ભેદે જી,
તેહસું જેહ વિરાજે જિનવર, પ્રણમું તેહ ઉમેદે જી. ૨
ચઉમુખ રૂપઈ જિન ઉપદેશઇ, ચાર પ્રકારે ધર્મ જી,
તે માંહિ જીવાજીવાદિક, સૂક્ષ્મ છે બહુ મર્મ જી;
શીતલતર ચંદન અનુકારે, વારે ભવ [2]ભય ઘર્મ જી,
તે જિનવાણી ભવિપ્રાણીનાં, ટાળે સકલ કુકર્મ જી. ૩

---

1 રાખજો. 2 દુઃખ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શુદિ મૃગશિર એકાદશી ઉપનું, મલ્લિજિનને નાણ જી,
પ્રભુ પાસે રહે અહનિશિ તનુથી, સુરવર કોડી પ્રમાણ જી;
શાન્તિ સમાધિ વેયાવચ્ચકારક, સમરણ યોગ્ય સુજાણ જી,
**દાન** શિવંકર તે સુર કરજો, શ્રીસંઘ નિત કલ્યાણ જી. ૪

---

+ ૩ ( રાગઃ-વરસદિવસમાં અષાઢચોમાસું )

નિરમલ વદન વિરાજઈ જાસ, મલ્લિજિનેસર ગુણગણ રાસ,
ચઉવિહ ધર્મ પ્રકાસ,
હરખિત થઈઈ દરિસણ ખાસ, તુઠો ટાળે ગરભાવાસ,
સકલ સુરાસુર દાસ;
મોહદ્વિપ કેશરી પ્રતિભાસ, છેદે ચિહુંગતિનો જે વાસ,
સાહિબ લીલ વિલાસ,
સેવકજનની પૂરઈ આસ, નિત નિત થાઈ મંગલ તાસ,
જે સેવઈ મન ઉલ્લાસ. ૧
કમલાકારી જિન ચઉવીશ, સિદ્ધ સદા પામ્યા જગદીશ,
જિહાં નહિ રાગ અને રીશ,
આઠ ગુણે કરી શોભઈ ઈશ, અચલ અક્ષય થઈઆ સુજગીશ,
પ્રણમું તે મુનિ જિન શીસ;
પ્રહ ઊઠી વંદો નિશદીશ, આનંદ આવઈ વિસવાવીસ,
મંગલમાલ વરીશ,
દીરઘકાલિ કરમ હરીશ, કરમ નિવારણ બિરુદ લહીશ,
આણા તાસ વહીશ. ૨
શ્રીજિનમુખની વાણી સાર, નય અનેક જિહાં વિસ્તાર,
ત્રિપદી પ્રથમ વિચાર,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગૂંથે ગણધર બુદ્ધિ પ્રચાર, સૂત્રઅર્થનો તિહાં નહિ પાર,
બુધજનને સુખકાર;
ત્રિગડઇ બેઠા જગદાધાર, ધર્મ પ્રકાશઈ ગાઉ ચાર,
તે ચઉગતિનઈ વાર,
નિસુણે વાણી પરખદા બાર, મોક્ષ હેત કરઈ વ્રત ઉચ્ચાર,
પ્રતિબુઝી નર નાર. ૩
નવ નવ ભૂષણ ભૂષિત દેહ, ચંચલ ગતિ કરી ચાલે જેહ,
નિત નિત નવલે નેહ,
દેવી વૈરોટચા ગુણગેહ, સાનિધિદાઇ સંઘને એહ,
રૂપવતીમાં રેહ;
યક્ષ કુબેર નામે કહ્યો જેહ, ભગતિ કરઈ ભગવંતની એહ,
સેવઈ મલ્લિજિનેહ,
મૃગશિરસુદિ એકાદશી દિનેહ, આરાધિકનાં વિઘન હરેહ,
સૌભાગ્ય ધર્મ જપેહ. ૪

---

+ ૪ (રાગઃ પર્વપજુસણ પુન્યે પામી પરિઘલ પરમાણંદા જી.)

મલ્લિજિનેસર પ્રહસમે ભજતાં પામીજે શિવરાણી જી,
સુદિ ઇગ્યારસ માગશિર માસે હુઆ કેવલનાણી જી;
પરખદા મધ્યે નારી બેસે અંતિમ પુરુષની જાણી જી,
સુર નર તિર્યંચ નિજ નિજ ભાષા સુણતાં જિનવર વાણી જી. ૧
ગાઉ બાર પ્રમાણે સુંદર સમોસરણ સુવિરાજે જી,
ચામર છત્ર ભામંડલ દીપે અંબરે દુંદુભિ ગાજે જી;
ચોત્રીશ અતિશય પ્રાતિહારજ કેવલલક્ષ્મી છાજે જી,
ચોવીશે જિનની પ્રભુતાઈ દેખી મિથ્યાત્વ ભાજે જી. ૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધરમ મુખ કહતા સવિ દીસે નવિ લહે ધર્મનું સાર જી,
શ્રીજિનદેવે નિજ મુખ ભાખી જીવદયા સુખકાર જી;
એહ ધર્મ આદરતાં ભવિજન પામે સુખ અપાર જી,
જિનજીઈ સવિ જીવને હેતે કીયો બહુ ઉપગાર જી. ૩
ષટ રાયા પડિઓહી દીધો સંયમભાર સુસાજ જી,
ઉગ્ર તપ તપી કાયા દમીને પામ્યા અવિચલ રાજ જી;
શાસન સાનિધ કરતી દેવી સારે વંછિત કાજ જી,
**ગણેશરુચિ** ઇમ જિનજી આગે માગે સુખ સમાજ જી. ૪

+ ૫ ( રાગઃ—આદિજિનવરરાયા. )

સમોસરણ આયા ઇન્દ્ર ચોસટ્ઠિ રાયા,
ત્રિગડે જિનરાયા દેશના દેશ ભાયા;
બહુ પોહર કીયો ઝાણુ એકાદશી લદ્ધિમાણું,
એણે તીરથ નઊવાણું મલ્લિ ઉપ્પન્નનાણું. ૧

+ ૬ ( રાગઃ—મનોહરમૂરતિમહાવીરતણી. )

ઓગણીસમા વંદુ તીર્થંકર મલ્લિ, મુજ વંછિત પૂરણ કલ્પવલ્લિ;
લંછન કલશ તનુ નીલવાન, ઉચ્ચૈસ્તનુ પણવીશ ધનુષ માન. ૧
શ્રીઋષભ પ્રમુખ જિનેસરા, ચોવીશી તે નમું સુંદરા;
તસ ગુણસ્તુતિ કરતાં ભવતણા, જાઇ જે દુકૃત કર્યા ઘણા. ૨
જગહિતકારી પુષ્કરાવર્તપરિ, વાણી જલધરા જગગુરુ;
શ્રીસંઘ નંદનવન સિંચઉ, દાન પુન્ય ફલ ઉપદેશઉ. ૩
નિરતિચાર ચારિત્ર પાલતા, તેણઇ કુમત કદાગ્રહઇ ટાલતાં;
તેહ સાધુતણી સાનિધ કરઇ, [1]સેવકનાં દુઃખ સવે હરઈ. ૪

૧ રચયિત્રીઃ—સાધ્વી હેમશ્રીજી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

\+ ૭ (રાગઃ—મનોહરમૂરતિમહાવીરતણી.)

ચિત્ત ચોખઇ તપ સંયમ ધરી, ઘનઘાતીયાં કર્મ ક્ષય કરી;
માગશિરએકાદશી સુંદરા, મલ્લિસ્વામી જ્ઞાનલક્ષ્મી વર્યા. ૧
જિનઆગલિ કહુઈસદા હાથજોડી, અણુહુંતઇ અચરજ એક કોડી;
પ્રભુ રૂપ અનંત ગુણ ન લહું પાર, તે પ્રણમું સકલ જિન વાર. ૨
મલ્લિવાણી સુણી ચિત ચેતીઇ, પાપ પંકના મલ સવિ ધોઇઈ;
જિનઆગમ અમૃત પાનજ કરૂં, તેણિ ભવતણા તાપજ હરૂં. ૩
કરિ વીણા પુસ્તક રાજતી, જપમાલી કમલ કરિ છાજતી;
હંસગમની માતા જગતણી, [1]સેવક પ્રતિ પ્રજ્ઞા દિઉ ઘણી. ૪

## શ્રીનમિજિનકેવલજ્ઞાનકલ્યાણકસ્તુતિઓ

\+ ૧ (રાગઃ—કનક તિલક ભાલે.)

સકલ ગુણનિધાનં શાન્ત મુદ્રા પ્રધાનં,
[2]શિવગતિનિદાનં મર્દિતાનાં ગમાનાં;
સુરકૃત ગુણગાનં વિશ્વવિખ્યાત દાનં,
ભજ નમિ અભિધાનં શ્રીજિનં સાવધાનં. ૧
નમિત સુર નરીંદા દીપ્ર તેજે દિણિંદા,
શમિત સકલ દંદા દગ્ધ સંસારકંદા;
વદનવિજિત ચંદા પ્રીતિ આણી અમંદા,
ભવિકજન જિણંદા વંદિયે તે અફંદા. ૨
મદન અગનિ પાણી પાપ ધેલી કૃપાણી,
ઉપશમ ગુણખાણી ઇન્દ્ર ચંદ્રે વખાણી;

૧ રચયિત્રીઃ—સાધ્વી હેમશ્રીજી 2 શિવ સુગતિદાનં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભુવનજન ગુરાણી ભવ્યજીવે ધરાણી,
ત્રિભુવનપતિ વાણી સાંભલો ભાવ આણી. ૩
કરકમલ ધરંતી કેલી લીલા કરંતી,
જિનપદ સમરંતી સંઘ વિઘ્ન હરંતી;
સમકિત ગુણવંતી ભારતી સૌમ્યકંતી,
શુભમતિ વિલસંતી દાન દક્ષા જયન્તી. ૪

+ ૨ ( રાગઃ—વરસદ્દિવસમાં અષાઢચોમાસું. )

શ્રીનમિજિનવર ભુવનદિણંદ, વિજયરાજકુલ જલનિધિચંદ,
વપ્રારાણી નંદ,
સુરપતિપૂજિત પદ અરવિંદ, મત્ત મદન માતંગ મયંદ,
માયાવેલી ગયંદ;
મન વચ કાયા જાસ અફંદ, ક્રોધાદિક અરિ કીધા મંદ,
છેદિત દુરમતિ મંદ,
સુદિ મૃગશિર માસે સુખકંદ, એકાદશીદિવસે આનંદ,
કેવલ પામ્યું અમંદ.
જિન કેવલ ઉપજે જિણિ [1]ઠાય, ટાળે રેણુ વિકુર્વિ વાય,
નીર કુસુમ વૃષ્ટિ થાય,
રયણ કંચન ને રજત સુહાય, પ્રાકાર ત્રિણ રચે સુખદાય,
તિહાં મણિપીઠ ઠરાય;
તે વીચે વૃક્ષ અશોકની છાય, સોવનસિંહાસન મંડાય,
તિહાં બેસે જિનરાય,

1 વાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શિર ઉપરી ત્રિણ છત્ર ધરાય, બિહું પખિ સુર ચામર વિંજાય,
પ્રણમું તેહના પાય. ૨
સિંહાસન બેસી જિનભાણ, ભાખે વાણી અમૃત સમાન,
સ્યાદવાદ મંડાણ,
શ્રીજિનવર મત પોત સુખાણ, જિહાં બહુ નય નિક્ષેપ પ્રમાણ,
હેતુ ભંગ ગમ ઠાણ;
જિહાં નિશ્ચય વ્યવહાર વખાણ, પસરે યોજનભૂમિ પ્રમાણ,
ગુણ પાંત્રીસ નિહાણ,
નિજ નિજ ભાષા રૂપે જાણ, સહુ તે પરિણમે ઘન ઉવમાણ,
સાંભલો તેહ સયાણ. ૩
જિનપદકજ મધુકર અનુકાર, જે મુનિ પંચમહાવ્રત ધાર,
સાધવી ગુણભંડાર,
શ્રાવક જે પાલે વ્રત બાર, શ્રાવિકાનો એહ જ આચાર,
સંઘ ચતુર્વિધ સાર;
તેહની રક્ષાના કરનાર, જે **દેવા** છે ચઉર પ્રકાર,
જેહની શક્તિ અપાર,
તે હરજો દુઃખનો વિસ્તાર, કરયો સકલ વિઘન સંહાર,
**દાન** સદા જયકાર. ૪

---

+ ૩ ( રાગઃ-વરસદ્દિવસમાં અષાઢચોમાસું )
એકવીશમા શ્રીનમિ જિનદેવ, સુર નર સારે જસ બહુ સેવ,
હું વંદુ નિતમેવ,
સુદિ ઇગ્યારસ માગશિરમાસ, પ્રભુજી પામ્યા કેવલ ખાસ,
ગાઉં તસ ગુણરાસ;

Jain Education International  For Private & Personal Use Only  www.jainelibrary.org

નિર્મલ સોહે જસ ગુણ બાર, વાણી ગુણ પાંત્રીશ ઉદાર,
લક્ષણ અંગે અપાર,
અતિશય સોહે જિન ચોત્રીશ, ત્રિણ કાલ જપીઈ જિન ઈશ,
વંદો ભવિ નિશદીશ. ૧
જંબૂ ધાતકીખંડ વિશાલ, પુષ્કર અરધો લીજે રસાલ,
સોહે ઝાકઝમાલ,
ક્ષેત્ર પન્નર તિહાં સોહે સાર, પામીજે જિન જિહાં સુખકાર,
પ્રણમું ચિત્ત ઉદાર;
અતીત અનાગત સંપ્રતિ જાણુ, જિનવરના થયા પંચ કલ્યાણ,
સાર્ધ શત પરિમાણ,
મૌનઇગ્યારસ મોટો પર્વ, પોષહ ધરી જપીઈ જિત સર્વ,
મેલી નિજ મત ગર્વ. ૨
મુનિ પછી વૈમાનિકદેવ, સાહુણી બેસે તસ પુઠિ હેવ,
અગ્નિકુણિ કરે સેવ,
જ્યોતિષી ભવનપતિની દેવી, વ્યંતરદેવી જિનપયસેવી,
નૈઋતકુણિ પ્રણમેવી;
જ્યોતિષી ભવન વ્યંતરના દેવા, વાયુકુણિ કરતા જિનસેવા,
બેઠા જિનવાણી સુણેવા,
વૈમાનિકની દેવી સાર, મનુષ્ય અને મનુષ્યની નાર,
ઈશાનકુણિ ઉદાર. ૩
ત્રિગડે સોહે શ્રીજિનરાય, યોજન ભૂમિ શબ્દ સુણાય,
આવે રાણા રાય,
ધર્મદેશના નિસુણે ભવિપ્રાણી, સાકરપે અતિ મીઠી જાણી,
ધારે સવિ ચિત્ત આણી;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નમિજિનશાસન સાનિધ કરતી, પય ઘૂઘરડી ઘમ ઘમકંતી,
ગજગતિ ચાલી ચમકંતી,
પંડિત હરિરુચિકેરો શીશ, ગણેશરુચિ પભણે નિશદિશ,
પ્રણમું નામી શીશ. ૪

+ ૪ ( રાગઃ—મનોહરમૂરતિમહાવીરતણી. )

એકવીશમા શ્રીજિનવર વંદીઈ, મનમોહન દેખી આણંદીઈ;
મૌનએકાદશી દિન શુભપરે, શ્રીનમિજિન કેવલસિરિ વરે. ૧
દોઢસો કલ્યાણુક જિનતણા, ભવિજિન ધ્યાઓ થઇ એકમના;
માગશિરસુદિ દિન એકાદશી, ધરમીજનને એ મન વસી. ૨
અર્થથકી કહે સહુ જિનવરા, સૂત્રથી ગૂથે તે ગણધરા;
તે નિસુણી મિથ્યામતિ ટાલીઇ, નિજ પાતિક પંક પખાલીઇ. ૩
મૌનવ્રત ધરી જિનગુણ આચરો, જિમ ભવિ તુમે ઉત્તમ મુગતિ વરો;
દેવી વિઘ્ન નિવારે શાસનના, ગણેશરુચિ કહે શુભમના. ૪

---

+ ૫ ( રાગઃ—શત્રુંજયમંડનઋષભજિણંદદયાલ )

ભવભય જિણે વારી, તાર્યા બહુ નર નારી,
શરણાગત જિનને દાન અભયદાતારી;
નમિનાથ નરોત્તમ મદન કદન મહારાજ,
સુખદાયક લાયક સવિ દેવા શિરતાજ. ૧
વિદ્યા મુજ કેરી વિસ્તારો વિલસંત,
ઘન કર્મ ખપાવી આપ થયા અરિહંત;
દ્યો અવિચલ પદવી જિહાં નહિ શોગવિયોગ,
એ જિન ચોવીશે લહીઈ પુન્યને યોગ. ૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપશમ રસદાતા ત્રાતા સબલ કહીઇ,
પ્રવચન જિનજીનું મુનિજનને સુખદાઇ;
તસ જનમ મરણ દુઃખ દૂર રહે નિરધાર,
કામક્રીડા પીડા નાવે તાસ લિગાર. ૩
દેવ ભૂકુટી નામે કામિત પૂરે આસ,
દેવી ગંધારી નમિજિન પય નિરધાર નિવાસ;
સેવે સુખદાઈ ઉજ્જવલ મૃગશિરમાસ,
એકાદશીની દિને સૌભાગ્ય પૂગી આસ. ૪

---

+ ૬ ( રાગઃ—શત્રુંજયમંડનઋષભજિણંદદયાલ.
તીરથના કરતા હરતા પાપના કંદ,
પ્રભુજીના દીક્ષિત વીશ હજાર મુણિંદ;
છઠને પચક્ખાણે સમેતશિખર મનરંગિ,
શ્રીજિનનમિ પામી મુગતિવધૂનો સંગિ. ૧
જસ કેવલ કમલા ગલે વરમાલ,
સોવનને કમલે ઠવતા પગ સુવિશાલ;
અણુહુંતે સેવે દેવતણી એક કોડી,
ઋષભાદિક પ્રણમું સવિ જિનને કરજોડી. ૨
જયવંતો કરતો કલપ સમાન સિદ્ધાન્ત,
જેહનો નવિ પામે સુરગુરુ સરીખા અન્ત;
મિથ્યાત્વ નિવારણ કારણ શિવસુખ એહ,
નિશ્ચય વ્યવહારે ધરીઈ એહ નયેહ ૩
કટિમેખલ ખલકઈ ઝલકે કુંડલ કાને,
શૃંગારી સુંદરી દેહિ ચંપકવાને;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉજ્જલ એકાદશી મૃગશિરમાસની જેહ,
ગંધારીદેવી સૌભાગ્ય આપે નેહ. ૪

+ ૭ ( રાગઃ–મનોહરમૂરતિમહાવીરતણી. )

૧વિજયરાયકુલિ ગગનિ દિનકરૂ, ઉદ્યોતકારી શ્રીજગગુરુ;
નમિનાથજી જિન એકવીશમા, મુજ હૃદયકમલ મધ્ય વીસમ્યા. ૧
જસ ટાળિયા કર્મતણાં કલેશ, ખુઝવિયા અનેક નિવેશ દેશ;
તેહ પયપૂજંતા પાપ દૂરિ, જિન સકલ નમું ઉલટ પૂરી. ૨
પ્રભુ થાપ્યા સત્તર ગુણ વરૂ, વંદુ સહસ વીશ યતિવરૂ;
સહસ એકતાલીસ સેવંતા ગુણીભરી, નેમિવાણી સુણી જેણિસંજમ વરી.૩
પ્રભુ ચરણકમલ આરાહઉ, ભ્રકુટિયક્ષ મહિમા વધારઉ;
શ્રીસંઘનઇ અવિહડ સિદ્ધિ દીઉ, કલ્યાણકારી નામ તેહનું લીઉ. ૪

+ ૮

વપ્રાકુંઅરી શ્રીરાજહંસ, અવતરિયા નમિજી કુલવતંસ;
એકાદશીસુદિ માગશિરતણી, નમિ આદરઇ સંયમ શ્રીગુણી ૧
પન્નર પન્નર પાંચ ભરતે કહ્યા, ઐરાવતેં પંચોત્તરી વલી લહ્યાં;
ત્રિણ કાલિ નેઉ જિનનાં હવાં, એણિદિન કલ્યાણક દુઢસુ મલ્યાં. ૨
સર્વજ્ઞવાણી સુણ ધરી ભાવ, ભવસાયર તારણ જેહ નાવ;
આપદ અરતિ સવિ ટલઈ દૂરી, જિનવાણી સુણ ઉલટ પૂરી. ૩
શાસનદેવી સુખકારીકા, તે ધ્યાઉ સુરી ગંધારિકા;
શ્રીસંઘનઈ આણંદકારણી, હેમશ્રીનાં દુઃખનિવારણી. ૪

૧ રચયિત્રીઃ– સાધ્વી હેમશ્રીજી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# એકોનવિંશતિતમતરંગ

## વિવિધતપસ્તુતિઓ

### શ્રીરોહિણીતપસ્તુતિઓ.

+ ૧ ( રાગઃ—વીરજિનેશ્વર અતિ અલવેસર. )

રોહિણી નક્ષત્ર જે દિન આવે, તે દિન ઉત્તમ જાણો જી,
ચઉવિહાર ઉપવાસ ને પૌષધ, અષ્ટ પહોર મન આણો જી;
વાસુપૂજ્ય જિનબિંબ ભરાવી, ગણણું તસ નામ જપીજે જી,
વરસ સાત સત્તાવીશ સીમા, જાવજ્જીવ પણ કીજે જી. ૧
અતીત અનાગત વરતમાન જિનેસર, વંદો ધરી મન રંગે જી,
સ્વામિવચ્છલ ભક્તિ પ્રભાવના, કીજે અતિ ઉચ્છરંગે જી;
રોહિણીતપ કરતા અઘ નાસે, રોગ શોગ જાય દૂરે જી,
અષ્ટ મહાસિદ્ધિ નવનિધિ પ્રગટે, પામે આણંદ પૂરે જી. ૨
વિગતે જિનવર આગમ ભાખ્યા, તપના અનેક પ્રકાર જી,
ચઉગતિ ચૂરણ આશા પૂરણ, રોહિણીતપ જગ સાર જી;
અનુભવજોગી નિજ ગુણભોગી, એહ તપ જેહ આરાધે જી,
જ્ઞાન દર્શન ચરણ ફરસી વિલસે, જેહ સુખ ઉચ્છાહે જી. ૩
ચંડાયક્ષિણી શાસનસુરી દ્વાદશમા જિનકેરી જી,
કામિત દાતા જગવિખ્યાતા, આપે ઋદ્ધિ ભલેરી જી;
જ્ઞાનદિવાકર જગપરમેસર, ધ્યાન જીવનમાં ધ્યાવે જી,
ઉત્તમ વિબુધ પાયસેવક, રત્નવિજય ગુણ ગાય જી. ૪



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

+ ૨ ( રાગઃ—દ્રુતવિલમ્બિત )

સકલ વંછિતદાયક સુંદરું, પ્રણમીસું વાસુપૂજ્યજિનેસરું;
અરુણકાંતિ વિનિર્જિત ભાસ્કરં, મહિષલંછન લંછિતમંદિરં. ૧
વિમલ કેવલનાણ વિરાજિતં, વિહિત રોહિણી સોહગ મંડિતં;
ત્રિજગ નાયક આયુષમાણીઈ, વરીસ લાખ બહુત્તરી જાણીઈ. ૨
ભયહરં ભવસાયર તારકં, સરસ બારહ અંગ ઉદ્ધારકં;
સુહકરં જિનરાયપણાસિયં, જન લહે સુણતાં મનવંછિયં. ૩
જિન પયાસિય રોહિણીદેવતા, તપ કરંત સદા સુર સેવિતા;
ભવ મહાભય આપદ ચૂરણા, ઉદયસાગર કામિત પૂરણા. ૪

---

## શ્રીવીશસ્થાનકતપસ્તુતિઓ

+ ૧ ( રાગઃ—વરસદિવસમાં અષાઢચોમાસું )

પહેલે પદ **અરિહંતને** નમીયે, બીજે **સિદ્ધ** સદા સંથુણીયે,
**પવયણ** ત્રીજે ચિત્ત ધરીયે,
**આયરિય** પદ ચોથે મન આણો, **થિવર** પંચમ હિતકર જાણો,
છઠ્ઠે **ઉવજ્ઝાય** વખાણો;
**નમો લોએ સવ્વસાહૂ** સત્તમ, અઠ્ઠમ **નાણ દંસણ** તિમ નવમ,
**વિનય** પદ ધરો દશમ,
**ચારિત્ર** ઇગ્યારમે **બંભવય** બારમે, તેરમે **કિરિયા તપ** કરો ચઉદમે,
**ગોયમ** જાણો પન્નરમે. ૧
જિનપદ સોલમે જાણો સાર, સત્તરમે **ચારિત્ર** ઉદાર,
જેહથી હોઈ ભવપાર,
**નાણપદ** અઢારમે ખાસ, આદરીયે મન ધરી ઉલ્લાસ,
જેહથી અવિચલ વાસ;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઓગણીસમે **સુયભગતિ** વિશાલ, આગમ પૂજો રંગરસાલ,
જિમ પામો પરમ દયાલ,
વીસમે પદ **તીરથ** સેવીજે, માનવ ભવનો લાહો લીજે,
સહજ સુધારસ પીજે. ૨
સમોવસરણ બેઠા જિનભાણ, વાણી વદતા સુગુણ પ્રધાન,
સુણજો થઈ સાવધાન,
દૂધ સાકરથી મીઠી લાગે, આદરતાં અનુભવ રસ જાગે,
મોહ મહામદ ભાગે;
વીશસ્થાનક તપ મહિમા બોલે, નહિ કો જગમાં એહને તોલે,
આરાધો ભવિ ટોલે,
એ તપનું કારણ લહી જેહ, આતમતત્ત્વે પરણમ્યા જેહ,
પામ્યા શિવસુખ ગેહ. ૩
ચરણે નેઉર રમઝમ કરતી, કટિ મેખલ ચૂડી ખલકંતી,
હિયડે હાર ધરંતી,
**ચક્કેસરી** શાસન સુખદાય, ઋષભદેવના પ્રણમે પાય,
પરમાતમ ગુણ ગાય;
તપગચ્છમાંહિ દિનકર સરીખો, **શ્રીકલ્યાણસાગર**સૂરીશ્વર નીરખો,
વાંદી તેહને હરખો,
પંડિત **અજિતસાગર**તણો શીશ, કહે **વસંત** પદ વંદો વીશ,
જિમ લહો પરમ જગીશ. ૪

---

\+ ૨ ( રાગઃ—વીરજિનેશ્વ અતિ અલવેસર. )

થાનિકતપ સેવા જિનપદ લેવા, ધરો ભવિ તુમ્હે હેવા જી,
નમો નિત્ય મેવા દુઃખડાં હરેવા, જિનનાયક જિનદેવા જી;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ તપ અતિ વારુ ભવજલ તારુ, જસ મહિમા જગચારુ જી,
ગુણનિધિ ગુણકરુ પ્રભુપદ ધારુ, જિમ થાઉં દિદારુ જી. ૧
સિદ્ધાચલ સાચો તીરથ જાચો, મહિમા દેખી મન માચો જી,
સુકૃત કરી સાચો નાટિક નાચો, રૈવત દેખી દિલ સાચો જી;
જિનપતિ જિનચંદા ચોવીશ જિણંદા, દીઠે જાઈ દુઃખદંદા જી,
વૃંદારક વૃંદા પદ અરવિંદા, પૂજિત પરમ આનંદા જી. ૨
જિનવાણી સારી આગમ અનુહારી, સુણજો તુમે નર નારી જી,
થાનિક પદ ધારી દોય હજારી, ગુણણું ગુણો મનોહારી જી;
પડિક્કમણું દો વારી પડિલેહણ સારી, દેવવંદન ત્રિણ વારી જી,
ઉપવાસ ચઉવિહારી ઓલી સારી, કાઉસગ્ગ લોગસ્સ ધારી જી. ૩
સંઘસાનિધકારી પરઉપગારી, દેવી **ચક્કેસરી** સારી જી,
ચક્ર આયુધધારી દુરિત નિવારી, પ્રભુપદ સેવાકારી જી;
આભરણ અલંકારી ઉજ્જવલ ઉદારી, દીસે દેવી દિદારી જી,
**ઋદ્ધિસૌભાગ્ય**કારી સંપદ સારી, આપજો અતિ મનોહારી જી. ૪

---

+ ૩ ( રાગઃ—શત્રુંજયમંડનઋષભજિણંદદયાલ. )

અરિહંત સિદ્ધ પવયણ આચારજ થિવરાણ,
ઉવજ્ઝાય સાહુ શ્રુત દંસણ વિનય પહાણ;
ચારિત્ર બ્રહ્મ કિરીયા તપ ગોયમ જિનભાણ,
સંયમ નાણ શ્રુત સંઘ સેવો વીશે ઠાણ. ૧
ઉત્કૃષ્ટે જિનવર એકસો સિત્તેર ધીર,
વલી કાલ જઘન્યે જિનવર વીશ ગંભીર;
જિન થાય અનંત અતીત અનાગત કાલ,
એ વિશે થાનક આરાધી ગુણમાલ. ૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવશ્યક બે વેલા જિનવંદન ત્રિણ કાલ,
થાનક પદ ગુણવો સહસ દોય સુકમાલ;
કાઉસગ્ગ ગુણ સ્તવનો પૂજા પ્રભાવના સાર,
ઇમ શાસનવચ્છલ કરતા ભવચો પાર. ૩
સમરીજે અહનિશ ગુણરાગી સુર સાથ,
જક્ષ જક્ષણી સુરપતિ વૈયાવચ્ચ કર નાથ;
થાનક તપ વિધિસું જે સેવે મનરંગ,
**દેવચંદ્ર** આણાએ સાનિધ કરે તસુ ચંગ. ૪

## શ્રીઉપધાનતપસ્તુતિ.

+ ૧ ( રાગઃ—વીરજિનેશ્વર અતિ અલવેસર. )

વીરજિનેસર ભાખે ભવિને, ઉપધાન વહો ભવિ પ્રાણી જી,
**પંચમંગલમહાસુઅક્ખંધ** નામે,પહેલું બહુ ગુણખાણી જી;
અઢાર પોસહ સાડ્ા બાર, ઉપવાસ કીજે જાણી જી,
વાચના દોય ઇણિપરિ બીજી, વહીઇ ઉલટ આણી જી. ૧
**શક્રસ્તવ** ઇતિ નામે ત્રીજી, પોસહ દિન પાંત્રીશ જી,
ઓગણીસ ઉપવાસ તપની સંખ્યા, વાચના ત્રણ ભણીશ જી;
**ચૈત્યસ્તવ** ઉપધાન ચોથું, ચાર દિવસ સુણી શીશ જી,
અઢી ઉપવાસ ને વાંચના એક, ભાખે સવિ જગદીશ જી. ૨
અઠ્ઠાવીશું **નામસ્તવ** કહીઇ, પાંચમું પન્નર ઉપવાસ જી,
વાચના ત્રણ કહી અરિહંતે. આગમમાંહિ ઉલ્લાસ જી;
**શ્રુતસ્તવ** ને **સિદ્ધસ્તવ** ઇતિ, ઉપધાન છઠ્ઠું ખાસ જી,
સાત પોસહ ને ચાર ઉપવાસ, વાચના દોયની ભાસ જી. ૩
પડિક્કમણું પડિલેહણ પોસહ, પવેયણું વલી કીજે જી,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સો લોગસ્સનો કાઉસગ્ગ હોય, સહસ સજ્ઝાય ગણીજે જી;
દેવી **સિદ્ધાયિકા** એ વિધિ કરતાં, મનવંછિત ફલ લીજે જી,
**હંસવિજય** બુધ સદ્ગુરુ સેવક, **ધીર**ને લીલ કરીજે જી. ૪

---

# વિંશતિતમતરંગ

## શ્રીગણધરસ્તુતિઓ.

### શ્રીપુંડરીકગણધરસ્તુતિઓ.

+ ૧ ( રાગઃ—મનોહરમૂરતિ મહાવીરતણી. )

ગણધર પહિલો ઋષભતણુઓ, શ્રીઋષભસેન મુનિરાજ થુણુઓ;
ભવિયણ મન આણી ભાવ પણુઓ, જિમ હેલાં મુગતિવહુ પરણુઓ. ૧
દુત્તર ભવસાયર ઊતર્યા, જિન સયલ અનંત ગુણે ભર્યા;
વર કેવલ નાણુ અલંકર્યા, મુજ શરણ હુયા મુગતિ વર્યા. ૨
જિનવાણી અમૃતસારણી, મુજ મનવનમાં સંચારણી;
મંગલતરુ અરુ સુખકારિણી, થાયો ભવ તાપ નિવારિણી. ૩
જે નિતુ જિનસેવા આદરઈ, જસ આણા બહુ સુર સુરી ધરઈ;
તે કવડિયખાનઇ જે સમરઇ, મુનિ ભાવ ભણઈ વર લચ્છિ વરઈ. ૪

---

+ ૨ ( રાગઃ—મનોહરમૂર્તિ મહાવીરતણી )

શ્રીઋષભજિનેસર ગણધરુ, પુંડરીક મહામુનિ હિતકરુ;
વિમલાચલમંડન વંદીઈ, પ્રભુ દરિસણ દેખી આણંદીઈ. ૧
બહુ દુરિત દાવાનલ શોષવા, વલી ધરમ મહાતરુ પોષવા;
ઘન સરીખા જે જિન વાસવા, તે સમરઉ મન ધરિ વાસવા. ૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મરણાદિક દુઃખ સંહારતી, કોપાદિક તાપ નિવારતી;
વલી નિરમલ બુદ્ધિ વધારતી, સેવઓ અમૃતસમા જિનભારતી. ૩
જે જિનવરપાય સેવઈ સદા, જિમ માનસસરિ હંસી મુદા;
**ચક્કેસરી** ચૂરઓ આપદા, પૂરઓ શુભભાવની સંપદા. ૪

---

+ ૩ ( રાગઃ—શત્રુંજયમંડનઋષભજિણંદદયાલ. )

ભરહેસર ભદંત ઋષભજિનેસર શીસ,
પુંડરીકગણાધિપ પ્રણમું નામી સીસ;
ચૈત્રી પૂનિમ દિનિ શ્રીવિમલાચલ શૃંગઇ,
પંચમગતિ પામ્યા પંચકોડી મુનિસંગઇ. ૧

જસ ચરણકમલ નિતુ સેવઇ સુર સંદોહ,
જસ ધ્યાનઈ નાસઈ મોહ લોહ અંદોહ;
જસ વયણે થાઈ ત્રિભુવનનઈ પડિબોહ,
તે સવિ જિન સેવઓ જિમ પામઓ બહુ સોહ. ૨

શુભ ધર્મતણી જે સબલ વધારઈ લાજ,
જસ સેવા કરતાં લહીઈ અવિચલ રાજ;
તે જિનવર આગમ સંસારોદધિ પાજ,
ભવિયણ આરાધઉ સાધઓ વંછિતકાજ. ૩

ચક્રાદિક શોભિત આઠ ભુજા જસ રાજઇ,
જસ કાયતણી રુચિ દેખી કંચન લાજઇ;
તે ગરુડવાહની દેવી પ્રબલ પ્રભાવ,
**ચક્કેસરી** દેયો શિવસુખ કહઇ મુનિ **ભાવ.** ૪

---

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

+ ૪

વિમલાચલ ઉપરિ જેહ સિદ્ધ, ચૈત્રીપૂનિમ દિન સુપસિદ્ધ;
મુનિ મન માનસસરિ પુંડરીક, તે ગણધર પ્રણમું પુંડરીક. ૧
જે નિરુપમ કરુણારસ પવિત્ત, દુહ ટાલઈ આલઈ નાણચિત્ત;
તે જિન જગજીવહ પરમમિત્ત, આણંદઈ વંદુ નિત નિત્ત. ૨
જિન ધનપતિ આદેશઈ ઉદાર, જે રચઈ ગણધર સૂત્રધાર;
તે પ્રવચન પ્રવહણ સેવી સાર, જિમ તરીઇ ભવસાયર અપાર. ૩
કમલાસની બઇઠી કમલ નિત્ત, જિનશાસન ભાસન એક ચિત્ત;
**શારદ**દેવી મુજ સાધુભાવ, દેયો ઇમ જંપઇ સાધુ **ભાવ**. ૪

---

## અગીઆર ગણધરસ્તુતિઓ

+ ૧

*જગજયકર**ગોયમ** ગણધાર, જિનવર સવિ સેવઓ સુખકાર;
જિનવાણી સુધિ આદરઓ, શાસનદેવી સંઘ હિતકરઓ. ૧
*બીજો **અગનિભૂતિ** મુનિરાય, પ્રણમો ભવિ સહુ જિનરાય;
અરિહંત વચન નિરમલ મનિ ધરઓ, શાસનરક્ષણ જખિ અનુસરો.૨
***વાયુભૂતિ** ત્રીજા પૂજીઈ, જિન સવિ સેવી ભવ સુઝીઇ;
તીર્થંકર વાણીસુ રચઓ, શાસનસુરી સાધ્વી દુઃખ ગમઓ. ૩
***વ્યક્ત** પટોધર ચઉથા ભજઓ, સયલજિન પ્રણમી ભવ ત્યજઓ;
ધરીઈ આગમતણો વિચાર, દેવી સંઘનઈ કરઈ જયકાર. ૪
***સુધર્મસ્વામી** નિત નિત ધ્યાઈઈ, ચઉવીસઈ જિનગુણ ગાઈએ;
જિનવચનિ સવિ પાતક ગલઈ, જખિ સાનિધાઇ વિઘનજ ટલઇ. ૫

---

* આ સ્તુતિ–થોય ચાર વખત બોલી શકાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

*મંડિતમુનીશ્વર પ્રણમો પાય, જિનવરવૃંદ નમઇ સુરરાય;
સર્વસૂત્રનો મહિમા ઘણુઓ, માતંગ જક્ખિ જિનશાસનતણુઓ. ૬
*નમીઈ **મોરીપુત્ત** મુણીંદ, અઢીદ્વીપના ભજો જિણિંદ;
શંભુ મતસું રાખો ચિત્ત, વિજયદેવ આપઈ સુખ વિત્ત. ૭
***અકંપિત**નામિ શિવ લહ્યો, ભાવ ભલઈ સવિ જિન પડિરહ્યો;
શ્રીસિદ્ધાન્ત મરમ જસ ગમઇ, તસ ઘરિ શાસનદેવી રમઈ. ૮
***અચલભાય** ભવભંજનહાર, જિનસમૂહ મનવંછિતકાર;
જયવંતો જસ ધરમ પ્રધાન, સેવંતા દીઇ ગોમુખ ગાન. ૯
***મેતારજ** દશમ મુનિનાથ, સર્વજ્ઞ વૃંદ નમું શિવસાથ;
હીઅડઇ ધરીઈ આગમ નામ, તુબરુ દેવ કરઈ સંઘકામ. ૧૦
***પ્રભાસ**ગણધર ઇગ્યારમઓ, સર્વજ્ઞદરસી સહુનઇ નમઓ;
સુણો સૂત્ર શાસનદેવતા, **પ્રીતિવિજય** ભગતિઈ સેવતા. ૧૧

---

+ ૨ (રાગઃ—શાન્તિસુહંકર સાહિબો સંજમ અવધારે)

વીર વઝીર વખાણિયે ગણધર અગિયાર,
**ઇન્દ્રભૂતિ અગ્નિભૂતિ વાયુભૂતિ** વિચાર;
ગૌતમ ગોત્રી એ કહ્યા ચોથા **વ્યક્તસ્વામી**,
ભારદ્વાજ ગોત્રી કહ્યા પ્રણમું શિર નામી. ૧
સ્વામી **સુધર્મા** જાણિયે અગ્નિવેશ્યાયન નામે,
**મંડિત** વશિષ્ઠ ગોત્રના પ્રભુપદ શિર નામે;
**મૌર્યપુત્ર** કાશ્યપ કહ્યા **અકંપિત** ગણધારી,
ગૌતમ ગોત્રી શોભતા જાઉં નિત્ય બલિહારી. ૨
**અચલભ્રાતા ગણધર** ગુરુ હારિયાયન ગોત,

---

* આ સ્તુતિ—થોય ચાર વખત બોલી શકાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**મેતારજ પ્રભાસજી** કૌડિન્યકે હોત;
ગોત્ર કહ્યાં ગણધર તણાં વર્ણવું પરિવાર,
પાંચના પાંચસો પાંચસો સૂત્રે અધિકાર. ૩
ઊંઠશત હોય ગણધરા ચઉ ત્રણ શત ધાર,
ચઉવિહ દેવ દેવી સદા કરે ભક્તિ ઉદાર;
ગણધર પરિકર ગોત્રએ વર્ણવ્યાં કવિરાજે,
દ્વાદશાંગી આપ આપણી ગૂંથી ગચ્છરાજે. ૪

---

## સાતપૂર્વધરોનીસ્તુતિ

+ ૧ ( રાગઃ—શંખેશ્વરપાસજી પૂજિયે. )

શાસનપતિ વીર વખાણિયે, તસ પટ્ટધર **સોહમ** જાણિયે;
તસ પાટે **જંબૂ** કેવલી, **પ્રભવસૂરિ** વંદું વળી વળી. ૧
તસ પટ્ટધર **શય્યંભવસૂરિ** શ્રુતકેવલી જિનશાસન ધોરી;
દશવૈકાલિક ગૂંથ્યું હર્ષે, થયા વીરથી અઠ્ઠાણું વર્ષે. ૨
પટ્ટધર **યશોભદ્રસૂરિ** રાજે, તસ પાટે શ્રુતધર દો છાજે;
**સંભૂતિવિજય શ્રીભદ્રબાહુ**, તસ પટ્ટધર **સ્થૂલભદ્ર**સાહૂ. ૩
આ સાતે ચૌદ પૂર્વધરા, કરે સાન્નિધ્ય સમકિત સુરવરા;
કહે **દીપવિજય** જગહિત ભણી, કીધી રચના સવિ સૂત્રતણી. ૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# એકવિંશતિતમતરંગ

## પરિશિષ્ટ

### શ્રીૠષભજિનસ્તુતિ.

+ ૧ ( રાગઃ-પર્વ પજુસણ પુન્યે પામી )

*આદિકરણ આદીસર સાહિબ, સેવા શિવસુખ સારો જી,
ૠષભાદિક જિન પૂજ્યા પ્રણમ્યાં, પામીજે ભવપારો જી;
ચઉમુખ ચઉવિધ ધરમ પ્રકાસે, જિમ પુકખર જલધારો જી,
**ગોમુખયક્ષ ચક્કેરીસ**દેવી, પૂરઈ સુનિ **માણેક** સારો જી. ૧

---

### અહિપુરમંડનશ્રીૠષભજિનસ્તુતિ

+ ૧ ( રાગ—વીરજિનેશ્વર અતિ અલવેસર )

અહિપુરમંડન આદિજિનેસર, નાભિરાયકુલચંદા જી,
ઝગમગ સોવનવરણી કાયા, દીપઈ જિમ દિણુંદા જી;
જન મનવંછિત પૂરણ સુરતરુ, મરુદેવીમાતા નંદા જી,
પ્રહ ઊઠી પ્રભુ સેવ કરંતા, દિન દિન હોઈ આણુંદા જી. ૧
વીશ ભવનપતિ બત્રીસ વ્યંતર, એક સૂરજ એક ચંદા જી,
દશ વૈમાનિક સુરપતિ આવઈ, ઈણિપરિ ચઉસઠિ ઈંદા જી;
જનમ ઉચ્છવ કરઇ મેરુમહિધર, પામઈ અતિહિ આણુંદા જી,
પૂજી પ્રણમી સયલ જિનેસર, દૂરી કરઈ દુઃખદંદા જી. ૨

---

* આ સ્તુતિ—થોય ચાર વખત બોલી શકાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કેવલનાણી જગઉપકારી, શ્રીજિન આપ વખાણી જી,
ગુણનિધિ ગણધરમુખ ગુંથાણી, શિવસુખની નિશાની જી;
દુઃખહરણી પાતક તમ તરણી, અરથ રયણની ખાણી જી,
શ્રીજિનવાણી અમીય સમાણી, આરાહઉ ભવિપ્રાણી જી. ૩
સોવન ભૂષણ ભૂષિત દેહા, વીજ પરઈ ચમકંતી જી,
ગજગતિ ચાલઈ દેવી **ચક્કેસરી**, ચાલઇ રુમઝુમ કંતી જી;
શ્રીજિનચરણકમલ સેવંતી, અહનિશિ ધ્યાન ધરંતી જી,
**શ્રીવીરવિમલ** ગુરુચરણપસાઈ, સંઘનઈ **કુશલ** કરંતી જી. ૪

---

## પાક્ષિકસ્થાપનગર્ભિતશ્રીઋષભજિનસ્તુતિ.

+ ૧

પ્રથમ તિર્થંકર આદિજિનેશ્વર, તિનકી કરસ્યું સેવ,
ગચ્છ ચઉરાશી તેણઇ થાપ્યા, તિનકી કરણી એવ;
તેણઇ **પાખી ચઉદસી** કીધી, બીજઇ અંગી કહાયે,
પાખી સૂત્ર શોધી તુમ્હ દેખઉ, જિમ્હ સાંસઉ જાયે. ૧
ચઉવીસઇ જિનવર પાય લાગું, માનું તિનકી આણ,
કલ્પસૂત્રમઈ **પાખી ચઉદશી**, જોવઉ ચતુર સુજાણ;
ઇણિ પરિઠામિ ઠામિમઈ જોયઉ, પાખી ચઉદશી હોઇ,
ભૂલા કાંઇ ફિરતહઉ પ્રાણી, સુધઉ જિનધર્મ જોઇ. ૨
ચઉદશી કઇ દિન પાખી જાણઉ સૂત્રહ કેરી સાખી,
ભવિકજીવ ઇકમનિ થઇ દેખઉ ટીકા ચૂરણી ભાખી;
શ્રીઆવશ્યકસૂત્ર ઇમ બોલઈ ચઉદશી તિણિ દિની પાખી,
ચઉદ પૂરવધર ઇણિપરિ બોલઈ તે નિશ્ચલ મનિ રાખી. ૩
**શ્રુતદેવી** ઇકમનિ આરાહઉ જિમ વંછિત ફલ દેઇ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જે જિનઆણા સૂધી પાલઈ તેહતણા વિઘન હરેઈ;
સેવક ઇકમનિ કરઈ વિનતિ શુદ્ધઉ સમકિતુ પાઈ,
**તપગચ્છમંડન** કુમતવિહંડણ **શ્રીવિજયદાનસૂરિરાઈ.** ૪

---

## શ્રીઅજિતજિનસ્તુતિ

+ ૧ ( રાગઃ—શત્રુંજયમંડનઋષભજિણંદદયાલ. )

સંપદ સુખકારી અજિતનાથ શિવ સાથ,
ભવસાયર પડતાં હોય ધરઈ નિજ હાથ;
આપદ ભય કાપે થાપે ઉત્તમ ઠાણ,
તે નામજ જપતાં થાવે કોડી કલ્યાણ. ૧

બત્રીસ બત્રીસે વિજય વિજયે એક,
વિચરંતાં સામી સહિસય સુવિવેક;
પંચ ભરતે ઐરવતે દશ ભવ પાર ઉતારે,
વંદુ કરજોડી અજિતનાથને વારે. ૨

જીવ પુદ્ગલ કાલ ધર્મ અધર્મ આકાશ,
ષટ્દ્રવ્ય પ્રકાસે ગુણપર્યાય વિલાસ;
સ્યાદ્વાદ ઉપેતા વાણી કહે જિન સાર,
તે સુણતાં નાસે મિથ્યામોહ અંધાર. ૩

પ્રભુ આણા પાલઈ ટાલઇ કર્મ વિકાર,
તપ જપ આરાધે સંયમ સત્તર પ્રકાર;
તસ વિઘન નિવારે **મહાજક્ખ** તત્કાલ,
**શ્રીકીર્તિવિમલથી** વાધઇ લચ્છિ વિશાલ. ૪

---

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## શ્રીસુમતિજિનસ્તુતિ

+ ૧ ( રાગઃ—શત્રુંજયમંડનઋષભજિણંદદયાલ )

સુમતિજિનેસર પંચમા સુમતિ દાતાર,
મેઘ ભૂમિપતિનઈ કુલઈ લીધો અવતાર;
જગત જીવ કૃપા કરી મંગલા માત મલ્હાર,
પંચમગતિ આપઈ પ્રભુ ધ્યાતા નિરધાર. ૧
કરુણાસાયર જાણિયે સુમતિ સુખકાર,
નામ ઠવણ દ્રવ્ય ભાવ તે કરી ચાર પ્રકાર;
ચારઈ ગતિના જીવને ઉદ્ધરે વીતરાગ,
અનંત જિનેસર એહવા પ્રણમું ધરી રાગ. ૨
ચોમુખઉ ચોવિહ દેશના ભાખઇ ભગવંત,
મણુઅ દેવ તિર્યંચના કરઇ સંશય અંત;
બોધિબીજ તીન ભુવનમાં વાવી દીનદયાલ,
જે આગમ રસ સીંચિયે તે નમું ત્રણકાલ. ૩
સુમતિજિનેસરશાસને રાતા નર જેહ,
દુર્મતિ ફંદે નવિ પડઈ ન ધરઈ મન સંદેહ;
કુમ્બરયક્ષ સાનિધ કરઈ હરઈ દુરિત અશેષ,
કીર્તિવિમલ પ્રભુસેવથી લહઇ લચ્છિ વિશેષ. ૪

---

## શ્રીસુવિધિજિનસ્તુતિ.

૧ ( રાગઃ—આદિજિનવરરાયા )

સુવિધિ સુવિધિકારી કર્મ સંતાપવારી,
વિવિધ તાપ નિવારી મુક્તિ માર્ગ પ્રચારી;
ગુણનિધિ ગુણકારી ભવ્ય ચિત્તે વિહારી,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુશ્રીવકુલ સુધારી સર્વ લોકોપકારી. ૧
જિનવર ગુણકારા ધર્મીને ખૂબ પ્યારા,
ચઉવીશ જયકારા નિત્ય વંદુ સવારા;
ભવિયણ ભવહારા આઠ કર્મો નિવારા,
પુનિત વયણકારા નાવની જેમ તારા. ૨
શ્રુત જગદુપકારી મોહતિમિર વારી,
દશ હોય પ્રકારી અંગ છે ગંગ વારી;
કરમ મલ નિવારી જીવ નિર્મલકારી,
ભવભીતિ સવિ વારી રાખિયે ચિત્ત ધારી. ૩
શાસનરખવાલી નામ જ્વાલા દીવાલી,
સુવિધિજિન નિહાલી સેવ કરતી નિરાલી;
વિઘન સવિ ટાલી શાસને ઉજમાલી,
ભવિયણ અતિ વ્હાલી સૂરિલબ્ધિ ગુણાલી. ૪

---

## શ્રીવાસુપૂજ્યજિનસ્તુતિ.

+ ૧. ( રાગઃ—શત્રુંજયમંડનઋષભજિણંદદયાલ. )
ચંપાપુરીમાંહિ વાસુપૂજ્યજિન હુંત,
દુઃખ દોહગ નાસે નાણભાણ વિકસંત;
દ્વાદશમો જિનવર ભવિજન પાપ હરંત,
ગુણ મકરંદ આશી ભવિજન સેવ કરંત. ૧
ચોવીશે જિનવર કારક ભવભય ભંગ,
ભવિજનના તારક સારક ગુણગણ રંગ;
દેઈ દેશના સુંદર કરી અનંગનો ભંગ,
ગુણ ગણ એ ગંગા સેવો કરી મન ચંગ. ૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મોટો જગમાંહિ આગમ ગુણનો રંગ
ગતિ ફંદ નસાવે કરી કરમથી જંગ;
વિધિપૂર્વક સેવી હરો દશા નિજ તંગ,
સંયમસું સાધી કરો મુક્તિનો સંગ. ૩
ત્રિપુરા વર દેવી શાસનની રખવાલ,
જિનચરણની સેવી રૂપે ઝાકઝમાલ;
સંઘ વિઘન હરેવી મહિમા જાસ કમાલ,
તસ જન્મ સફલ છે આતમ લબ્ધિ રસાલ. ૪

---

## શ્રીવિમલજિનસ્તુતિ

૧ ( રાગ—આદિજિનવરરાયા. )

વિમલ વિમલકંત તેરમા શ્રીમહંત,
ભવિ ભવ ભય હંત અષ્ટકર્મ નિહંત;
કરી ભવજલ અંત પ્રાણી તારે નિતંત,
મનથી ન વિસરંત સ્વામી મુક્તિ વરંત. ૧
પ્રતિહારજ આઠ જામીયો ખૂબ ઠાઠ,
ગઇ વિપદા નાઠ બાળિયા કર્મ કાઠ;
શ્રીજિન સોલ આઠ નામ જપશું સુપાઠ,
દુરિત સવિ દાટ કર્મ નાશે જયું માઠ. ૨
ત્રિપદી મુખ ભાખી દ્વાદશાંગી સુસાખી,
સમતા ઘટ રાખી ગણધરે તે છે દાખી;
નહિ કહિં તસ ઝાંખી ભવ્યવૃંદે સુચાખી,
દુર્ગતિ દૂર નાખી, ચૌદશે કહી છે પાખી. ૩
છમ્મુહજખ છે જાસ નિત્ય સેવે ઉલ્લાસ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિમલચરણુ વાસ રાખી મુક્તિની આસ;
હરે વિઘન ભવિ ખાસ, જાસ રૂપે સુભાસ,
જિનશાસન દાસ **આત્મ-લબ્ધિ** પ્રકાસ. ૪

## શ્રી અનંત જિનસ્તુતિ

૧ ( રાગઃ-મનોહરમૂરતિમહાવીરતણી )

નમું અનંત જિન જે જગધણી, થઈ રહિયે જાસ સદા ઋણી;
જિન સેવો એ છે ખરો પારસમણી, કરે સ્વર્ણદશા છે લોહતણી. ૧
ચોવીશે જિનવર ગુણખાણી, સેવો ચરણો કરી ભકિત ઘણી;
એ ખેતી ખરી ભવિ મુગતિતણી, છોડી આલસ લ્યોએ જલ્દી લણી. ૨
જૈનાગમવાણી ગુણ ભલી, કંઠે **સૂત્રાર્થમુક્તાવલી**;
છોડો છોડો પાપતણી ગલી, રહો સુમતિશેરીમાં જાઇ ભલી. ૩
દેવી **અંકુશા** સહાય કરે, જિનશાસનની જે ભક્તિ ધરે;
નિજ **આત્મ-કમલ-લબ્ધિ** ભરે, હરી કર્મ સકલને મુક્તિ વરે. ૪

## શ્રીધર્મજિનસ્તુતિ

૧ ( રાગઃ-આદિજિનવરરાયા )

ધરમ ધરમ કહંદા, ભવ્ય કમલે સુચંદા,
હરે તિમિર દિણુંદા, મોહના ગાઢ કંદા;
જો નમે ભવિ બંદા, તાસ કર્મો હરંદા,
હરે જે ગલીચ ધંધા, ટાલિયે દુઃખદંદા. ૧
ચોવીશ જિન વંદો, તોડવા કર્મ કંદો,
નિજ મને આનંદો, ટાળવા દુઃખ દંદો;



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હરો વિષય છંદો, જ્ઞાન પામો અમંદો,
લહો ગુણગણ કંદો, પામવા શિવ નંદો. ૨
કરી શ્રુત અભ્યાસો, પામવા મુકિત વાસો,
ધરી પુણ્યની રાશો, આત્મભાવે ઉપાસો;
નિજ ગુણે વિલાસો, શુદ્ધ ચિત્ત પ્રકાસો,
ભવ ભય કરી નાસો, તોડવા કર્મ પાસો. ૩
ધરમચરણ દેવી, નામે પ્રજ્ઞપ્તિદેવી,
જિનચરણની સેવી, વિઘ્નના પાસ ખેવી;
જસ ગતિ ગજ જેવી, રૂપથી રતિ દેવી,
નિજ ગુણ વિકસેવી આત્મ-લબ્ધિ ધરેવી. ૪

---

## શ્રીશાન્તિજિનસ્તુતિઓ.

+ ૧ ( રાગઃ—શત્રુંજયમંડનઋષભજિણંદદયાલ. )
શ્રીશાન્તિજિનેસર શાન્તિકરણ ભગવંત,
વંછિત ફલદાયક બહુ ગુણવંત;
જોગીસર જંગમ સોહે સુરતરુ દેવ,
**શ્રીરત્નવિજયસૂરિ** કરે નિરંતર સેવ. ૧
ક્રોધાદિક વૈરી વિષમ વદિતા જેહ,
તેહના મદ જીપી પહોંતા શિવપુર તેહ;
જે અતીત અનાગત વરતમાન જિનરાય,
**શ્રીરત્નવિજયસૂરિ** પ્રણમે તેહના પાય. ૨
શ્રીજિનવરભાષિત આગમ વયણ વિવેક,
દુરગત દુઃખવારક કારક સુખ અનેક;
ઇમ આગમ સિદ્ધાન્તે મુક્તિપંથ અપાર,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રીરત્નવિજયસૂરિ ભાખે તેહજ સાર. ૩
શ્રીજિનવરશાસન ભાસન સુરી સપરાણી,
દુરગત દુઃખ ટાલણુ પાલન સંઘ સુજાણી;
સુખ સંપત્તિ સોહે મોહે ગુણમણિખાણી,
શ્રીરત્નવિજયસૂરિ પાયે નમે નિરવાણી. ૪

+ ૨

વર કેવલ નિર્મર નાણુધરં, તમ તિમિર પણાસિય ગાઢતરં;
જિન નંજીય ગંજીય મયનસરં, સમરામિ સદા કુલ શાન્તિ પરં. ૧
પ્રણમંતિ સુરાસુર ઝાય પયા, ઝાણાનલ જોગે સિદ્ધ થયા;
મહિમંડન ખંડન દુરિય સયા, તુજ ભેઘા અઘ સહુ દૂરી ગયા. ૨
જગતારણુ વારણુ મોહવનં, ભવભંજન ગંજન રીયવનં;
વયરાગર સાગર સરીસ થુણું, સમ હંતિ જિનાગમ સુહકરણું. ૩
સુઈ સામિણિ વાહિણી હંસગયા, વાણી રસપલ્લવ અમીય મયા;
કમલાઈણુ લોયણુ તેહ ગયા, સા શારદ તુસે અમ્હ સયા. ૪

## વાંસામંડન (રાજસ્થાન) શ્રીશાન્તિજિનસ્તુતિ

+ ૧ (રાગઃ-શ્રીશત્રુંજયતીરથસાર)

વાંસામંડનશાન્તિજિણંદ, જસ મુખ સોહઇ પૂનિમચંદ,
વંદો ધરી આણંદ,
અચિરામાતાકેરો ઇંદ, વિશ્વસેન કુલ કમલ દિણંદ,
ટાલઇ ભવભયફંદ;
કનકવરણા ત્રિભુવનકો ઈશ, પ્રભુ ઊઠીનઈ નામો શીશ,
પહુંચઈ સયલ જગીશ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મૃગલંછન સોહઈ જગદીશ, જેહનું ધ્યાન ધરઈ નિશદિશ,
શ્રીવિજયસિંહસૂરીશ. ૧
શ્રીશત્રુંજયતીરથ સાર, આબૂ અષ્ટાપદ ગિરનાર,
સમેતશિખર વૈભાર,
ઇત્યાદિક જે તીરથ ઉદાર, અહનિશિ ધ્યાન ધરઈ નર નાર,
તસ ઘર જય જયકાર;
જિન ચોવીશ જગદાધાર, પૂજી સફલ કરો અવતાર,
એ મુગતિતણા દાતાર,
ઇણિપરિ જે જિન તીરથ સાર, પ્રણમઇ આણી હરખ અપાર,
શ્રીવિજયસિંહગણધાર. ૨
સમવસરણ બઈસી ભગવંત, વાણી મેઘ પરિ વરસંત,
ચોત્રીસ અતિશયવંત,
બારહ પરખદ આણી ખંતી, જિનવરવાણી જે ગુણવંતી,
નિસુણી થઈ એકાંતી;
ગણધરદેવે તે હિત જાણી, જિનશાસન સિદ્ધાન્ત રચાણી,
પુન્યતણી સહિ નાણી,
જેહથકી વરીઇ શિવરાણી, વિજયસિંહસૂરિંહિ વખાણી,
સુણો ભવિયણ મન આણી. ૩
શાન્તિજિણંદ પંકજ સેવી, શ્રીજિનશાસનની તું દેવી,
મનવંછિત પૂરેવી,
શાસનદેવી વિઘન હરેવી, પ્રહ ઊઠીનઈ નિતુ સમરેવી,
અહનિશિ ધ્યાન ધરેવી;
વાસાસંઘ સકલ સુખદાઇ, સંકટ વિકટ હરે તું આઇ,
દેજે સયલ વધાઈ,

Jain Education International    For Private & Personal Use Only    www.jainelibrary.org

શ્રીવિજયસિંહસૂરિંદિ ધ્યાઇ, વિબુધ વિદ્યાચંદ શીશ ગાઇ,
ઉત્તમ ઋદ્ધિ સવાઈ. ૪

## જાવરા(રાજસ્થાન)મંડનશ્રીશાન્તિજિનસ્તુતિ.

+ ૧

*જય જયકર **જાવરપુરમંડન** જિનરાજ,
ઋષભાદિમ વીરાન્તિમ તીર્થેશ સમાજ;
વિષયોદ્ધુર સિંધુરગણ બંધુર હરિરાજ,
જૈનાગમ લાભે પ્રિય સૌખ્યદ સુરરાજ. ૧

## જ્ઞાનોપયોગીશ્રીશાન્તિજિનસ્તુતિ.

+ ૧ ( રાગઃ–પર્વ પજુસણ પુન્યે પામી. )

થાળી કલસલી ને કચોલાં, બહુ વાસણ સોહાવો જી,
ગાઢે ગલણે પાણી ગળીયે, પાકસ્થાનક દીપાવો જી;
મલીન ચાલણી દૂર તજીને, સુપડે ચોખા ધરીયે જી,
આંગણે આવ્યા અચિરાનંદન, શાન્તિજિન સેવા કરીયે જી. ૧
બાલને લાલા બહુ પડે છે, મુખ ચકે છે ગૂલીયા જી,
ઘરનાં છિયાં ઘરટી ચાટે, ખાય જાય છે ચૂલીયા જી;
એ ઉપયોગ આણી ગુણ ખાણી, ઘરથી અશુભ નિવારો જી,
સમિતશિખરી ગિરનારી શત્રુંજય, આદિ તીર્થ જુહારો જી. ૨
શોભા ન વાધે તે નવિ રાખો, બલ્યો કચોખો કોઇઓ જી,
અણચાલ્યો અણશોધ્યો આટો, તેહનો વલો ન લોઇઓ જી;
ઉજલો ઘરવ્યવહાર હુએ તો, સજ્જન તાસ વખાણે જી,
જિનપ્રણીત પ્રમાણુની ઘટના, નયનિક્ષેપથી વણે જી. ૩

* આ સ્તુતિ–થોય ચાર વખત બોલી શકાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નહિ ઘરમાંહિ કાંઈ અણુસૂઝે, જોઈએ તે દીસે જી,
શાલી દાલી ઘૃત ગોરસ સરસાં. તમને સ્ત્રી પીરસે જી;
લોક સ્વભાવની નહિ એ ભાષા, **ભાવપ્રભ** જ્ઞાન સરાહો જી,
નિર્વાણીસુરીને સુપસાયે, શાસય સુખ આરાહો જી. ૪

## શ્રીઅરજિનસ્તુતિ

૧ ( રાગઃ–પ્રહઊઠી વંદુ સિદ્ધચક્ર ગુણમાલ. )

સપ્તમ શ્રીચક્રી છોડયું ષટખંડ રાજ,
અરનાથ જિણંદા પામ્યા સંજમ સાજ;
પ્રભુ ઘાતિ નિવારી પામ્યા કેવલજ્ઞાન,
મુગતિગતિ પામ્યા આપો શિવસુખ દાન. ૧
ચઉવીશ જિણંદા હું પ્રણમું ધરી નેહ,
તારક ભવહારક ચરણ કરણ ગુણગેહ;
નિત્ય ઊઠી વંદુ ધરી હૃદય આણંદ,
મોહતિમિર હરંદ ભવિક કમલ દિણંદ. ૨
ધન ધન જિનવાણી નાનાવિધ નયખાણી,
ભવિ અંતર આણી સહ પ્રમાણ પ્રમાણી;
તારે ભવિપ્રાણી **દ્વાદશારેનય** વાણી,
**મલ્લવાદી** વખાણી હું પ્રણમું હિતઆણી. ૩
શાસનરખવાલી **ધારિણી** અઘ હરનારી,
અરનાથજિણંદની સેવા દિલ ધરનારી;
ભવિ સંકટ ચૂરે મનરંજન કરનારી,
નિજ **આત્મ–કમલની લબ્ધિ** સુગંધ ધરનારી. ૪

Jain Education International    For Private & Personal Use Only    www.jainelibrary.org

# ભોયણીમંડનશ્રીમલ્લિજિનસ્તુતિ.

૧ ( રાગઃ—શત્રુંજયમંડનઋષભજિણંદદયાલ. )

શ્રીભોયણીમંડન મલ્લિનાથ ભગવાન,
કરું ચરણની સેવા પામું નિર્મલ જ્ઞાન;
જસ નામે દીવાલી લેવા મુક્તિ સ્થાન,
પ્રહ ઊઠી પ્રણમું તે જ ગણું સુવિહાણ. ૧
ચઉવીશ જિણંદા ગુણ ગણ કેરા કંદા,
હરે કરમના ફંદા જપતાં હુવે આણંદ;
મોહ તિમિર હરંદા ભવિકમલ વિકસંદા,
જિમ પૂનિમચંદા નમું નિત્ય મુણિંદા. ૨
ધન ધન જિનવાણી કર્મવલ્લિ કૃપાણી,
ગુણખાણી જાણી પૂજે તે ભવ્યપ્રાણી;
નય ભંગે ભરાણી **તત્ત્વન્યાય** રચાણી,
**વિભાકર** ઠાણી હું પ્રણમું મન આણી. ૩
**વૈરોટયા**દેવી મલ્લિચરણની સેવી,
પરચા પૂરેવી શાસનસેવા હેવી;
ચીર ચમક ધરેવી ગતિ માતંગ જેવી,
વિઘ્નૌઘ હરેવી **આત્મ-લબ્ધિ** ભરેવી. ૪

---

# શ્રીનેમિજિનસ્તુતિ.

+ ૧ ( રાગઃ—શત્રુંજયમંડનઋષભજિણંદદયાલ. )

યાદવકુલમંડન નેમિનાથ જગનાથ,
ત્રિભુવનજન મોહન શોભવ શિવપુર સાથ;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગિરનારશિખર શિર દિક્ખ નાણ નિર્વાણ,
શૌરીપુર નયરે ચવણ જન્મ સુખખાણ. ૧
ઇમ ભરતે પાંચઈ ઐરવતિ વલી સાર,
ચોવીશી જિનની થાયે જન આધાર;
[1]શુચિ પંચકલ્યાણક વંદે પૂજે જેહ,
નિરૂપમ સુખસંપતિ નિશ્ચે પામે તેહ. ૨
જિનમુખ લહી ત્રિપદી ગણધર [2]ગૂંથ્યા જેહ,
વર અંગ ઇગ્યાર દૃષ્ટિવાદ ગુણ ગેહ;
ત્રિણિ કાલ જિનેસર કલ્યાણક વિધિ તેહ,
સમકિત થિર કારણે સેવો ધરી સનેહ. ૩
શ્રીનેમિજિનેસર શાસન વિનયરત્ત,
જિનવર કલ્યાણક આરાધક ભવિ ચિત્ત;
**દેવચંદ્રને** શાસન સાંનિધિ કર નિતમેવ,
સમરીજે અહનિશિ સા **અંબાઈ** દેવી. ૪

---

## શ્રીપાર્શ્વજિનસ્તુતિ.

+ ૧

પણમામિ પાસનાહં, અનંત વરનાણ દંસણસનાહં;
કમ્મવણ ગહણદહણં, ભવિયાણં ભવોહિ નિમ્મહણં. ૧
પક્ખાલિય પાવમલા, ચોસઠ સુરિંદા પણઈ પયકમલા;
પણપાણ કયા નંદા, જયતિ અકલંક જિનચંદા. ૨
કઈ સયલ મલવિણાસં, ભવિયાણં જણિ શિવપુરવાસં;
ભૂરિગમ ભંગ સયં, જિનવયણં જયો હી જીવહિયં. ૩

1 તસ. 2 થયા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમ્મદંસણુ જિત્તા, જિનભયભત્તાણુ હિયઈ સંયુત્તા;
જિન વેયાવચ્ચકરા, સવ્વે મે હુંતિ શાન્તિકરા. ૪

## શ્રીગોડીપાર્શ્વજિનસ્તુતિ

+ ૧ ( રાગઃ–મનોહરમૂરતિમહાવીરતણી )

શ્રીગોડીપાર્શ્વ મન ધરી, હું નામું શીસ ફરી ફરી;
રોગ શોગ આપદ જાયે ટળી, મુજ વાંછિત આશા સવિ ફળી. ૧
સુર નર મુનિ ઈંદ સેવા કરે, ભવિજનના સવિ પાતક હરે;
પંચ ભરત ઐરવત વિદેહના, તુજ નામઈ નમો જિન તેહના. ૨
પરઉપગારી ત્રિભુવનધણી, દેશના વિધિ ચઉ કર્મ હણી;
તેહ સુણતાં આણંદ અતિ ઘણો, મુજ આદર હોજો તેહતણો. ૩
**ધરણેન્દ્ર પદ્માવતી**, શ્રીગોડીપાસપદ સેવતી;
ચઉવિહ સંઘ વિઘ્નનિવારતી, ભવિ **કીર્તિવિમલ**પદ થાપતી. ૪

## ડુંગરપુર (રાજસ્થાન)મંડન શ્રીપાર્શ્વજિનસ્તુતિ.

+ ૧ ( રાગઃ–મનોહરમૂરતિમહાવીરતણી )

ડુંગરપુર પાસજિનેસરુ, નિત આવી પૂજન સુરવરુ;
કરલે એ ચંદન કે કેસરુ, ગુણ ગાઈશ નિશદિન મનોહરુ. ૧
જિનસંતતિ જગમાંહે દીપતા, વર પદ્મશ્રેણિ રુચિ જીપતી;
મુખ કરી શોભા શોભતી, દેખે ઇન્દ્ર ઈન્દ્રાણી મોહતી. ૨
જિન આગમ સદ્ગુણ સાગરુ, ભયહરણુ જન્તુ સુખાકરુ;
શુભ અરથ સંયુત સુંદરુ, મન ધ્યાયે તેહને સુખાકરુ. ૩
**પદ્માવતી**દેવી સુંદરી, જિનશાસનની સેવા કરી;
**ભાણુચંદ્રવાચક**માંહિ કેશરી, **ઋદ્ધિચંદ્ર** કહે મંગલકરી. ૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રીવર્દ્ધમાનજિનસ્તુતિઓ

+ ૧ ( રાગઃ—આદિ જિનવરરાયા )

સહુ સુર નર રાયા, જાસ વંદન્તિ પાયા,
કનકવરણ કાયા દૂરી કીધા કષાયા;
કરમ ભય ગમાયા, કેવલજ્ઞાન પાયા,
શિવપદ સુખદાયા, શ્રીમહાવીર ધ્યાયા. ૧
વિમલગુણ અગારા, કર્મવલ્લી કુઠારા,
મથિત મદન ચારા, કીધ માયા નિવારા;
ભવજલધિ તારા, વીતરાગા ઉદારા,
ત્રિભુવન સુખકારા, દેહુ મે નાણુસારા. ૨
સમકિતતરુ પાણી, સુખની સાર ખાણી,
ભવદુઃખ તિલ ઘાણી, પુન્ય ભૂપાલ રાણી;
જિનવર મુખ વાણી, મીઠડી ખાંડ પાણી,
સકલ ભવિકપ્રાણી, સાંભલો ભાવ આણી. ૩
અજબ મુગટધારી, દેહની કાન્તિ સારી,
સબલ ભય નિવારી, કષ્ટ હાથી મૃગારિ;
જિનવર અનુચારી, સંઘના દુઃખ હારી,
સવિ સુખ અધિકારી, **નેમની** સુખકારી. ૪

---

# ધમકડામંડનશ્રીવર્દ્ધમાનજિનસ્તુતિ

+ ૧ ( રાગઃ—શત્રુંજયમંડનઋષભજિણંદદયાલ )

**ધમકડાપુરમંડન** પ્રવચન ધર્મ ધરાલ,
ત્રિશલાની કૂખે સુંદર બાલ મરાલ;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સિંહલંછન છાજે ભાજે ભય વિકરાલ,
મહાવીરથી થાવે, દુરગતિ દુઃખ વિસરાલ. ૧
ચઉવીશે જિનવર નાણુ રયણુ ભંડાર,
અતીત અનાગત વર્તમાન સુખકાર;
ત્રિણુ લોકમાં જે છે શાશ્વતા નામથી ચાર,
ઋષભાદિક વંદી સફલ કરો અવતાર. ૨
આગમ જિન દાખે અર્થથકી નિરધાર,
સૂત્રથી તે ગૂંથે વારૂ પરે ગણધાર;
નય સાતે સોહે જિહાં નિશ્ચય વ્યવહાર,
ભાવે સાંભલતાં છેદીજે ગતિ ચાર. ૩
સિદ્ધાયિકાદેવી જેહની મોટી મામ,
એહને આરાધે પાવે વંછિત કામ;
પંડિત પરધાન **ગજવિજય** ગુરુ નામ,
**હિતવિજય** સુખશાતા લહિયે ઠામોઠામ. ૪

---

## ચંદનગામમંડનશ્રીવર્દ્ધમાનજિનસ્તુતિ

+ ૧

ત્રિશલાનંદન વીર ત્રિભુવનકે સ્વામી,
તારણુ ભવજલતીર ભેટ્યા સુખ પામી;
**ચંદન**ગામ પ્રસિદ્ધ ચિહું દિસિ દરસન આવે,
સુર નર નારી વૃંદ પૂજે ચિત્ત ચાવે. ૧
અતીત અનાગત વરતમાન શ્રીજિન તીન ચોવીસી,
સીમંધર વિહરમાન વલી જિનવર વીસી;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વર્ગ મૃત્યુ પાયાલ જિહાં જિહાં હોય જિનાલા,
જિંકિંચિ નામ અરિહા વંદુ ત્રિહું કાલા. ૨
મીઠી અમીય સમાણી શ્રીજિનવરની વાણી,
સમજે જાણુ અજાણુ ભવિજીવ જી કે' છે પ્રાણી;
પ્રભુ જ્ઞાન અનંત ત્રિહુંલોકની વાત જ જાણે,
ઇંદ નરિંદ મુનિરાજ જગમાંહિ જસ વખાણે. ૩
ધન ધન સિદ્ધાયિકામાય ભવિજીવા બુદ્ધિ જું દીધી,
સમર્યા તે તતકાલ સાંનિધિ ભાલ કીધી;
તિલકસૂરિની અરદાસ સુણી શાસનમાઈ,
સંઘ સહુની પૂરો આશવંછિત સુખદાઈ. ૪

## સંપ્રતિરાજાગુણગર્ભિતશ્રીવર્દ્ધમાનજિનસ્તુતિ

+ ૧ ( રાગઃ—પર્વ પજુસણ પુન્યે પામી )

જાસ પટોધરનઈ ઉપદેશી, સંપ્રતિ ભૂપ ઉદાર જી,
છત્રીસ સહસ કરાવે જીરણ, જિનમંદિર ઉદ્ધાર જી;
દોય હજાર ઉપાશ્રય અનોપમ, ઈન્દ્ર વિમાન સમાન જી,
તે ત્રિશલાસુત ભગતઈ જુહારો, આપ વધારો વાન જી. ૧
ચંદ્રગુપ્ત નર નાયક બંધુર, બિન્દુ થકી વલી સાર જી,
નૃપ અશોક સિરિકુમાર કુણાલ, લબ્ધિકલા બુદ્ધિ પાર જી;
તસ સુત સંપ્રતિ રાય કરાવઈ, બિંબ પ્રતિષ્ઠા વિશાલ જી,
જે ઋષભાદિક જિનપ મંડાવ્યા, નમીઈ તેહ ત્રિકાલ જી. ૨
જસ અનુભાવથકી નૃપ સંપ્રતિ, પુન્ય કરઈ સુવિચાર જી,
બાર લાખ પ્રાસાદ કરાવ્યા, ઉપરી પંચ હજાર જી;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બાર કોડી જિનબિંબ ભરાવ્યા, ઉપરી પંચવીસ લાખ જી,
ગંગાજલ નિરમલ તુમ તુસો, જે ભગવંતની ભાખ જી. ૩
મોરીયવંશ કમલવન ખંડઈ, દિનકર તેજે ઝમાલ જી,
સંપ્રતિ અવનિ રમણી જિનઅરિહલ કદલીદલ સુકુમાલ જી;
મંગલ માલા આપો સમરી, શાસન અમરી તાસ જી,
કહઈ **ગુણવિજય** અમિત આણંદઈ, આણી મનિ ઉલ્લાસ જી. ૪

## શ્રીસામાન્યજિનસ્તુતિઓ

+ ૧ ( રાગ–શ્રીશત્રુંજય તીરથ સાર )

[1]ચંપક કેતકી પાડલ જાઈ, સેવંતરી ને માલતી સુહાઈ,
પરિમલ પુહવી ન માઇ,
ચારુ શ્રાવક પૂજે ફૂલે, વલિય વિશેષે અતિ બહુ મૂલે,
ઇહાં તું જીવ મ ભૂલે;
કરણી સાધુ ભલી પરં જાણી, વયરસ્વામી ગુરુ એણીપરે આણી,
[2]વલિય વિશેષ વખાણી,
પૂજા કરીને કરસું સેવ, [3]મુજ મન લાગી એહી જ ટેવ,
વાંદુ અરિહંત દેવ. ૧
આંબા રાયણ સરસ ખજૂરા, સાદા સદાફલ ને બીજોરા,
ચારુ ફલ જંબીરા,
ખડબૂજા ને કોહલા વડેરા, જાંબૂ નીંબુ [4]ફણસ ભલેરા,
અતિ મોટા નાલેરા;

---

1 શ્રીઅરિહંત જિનેસરરાય, પદ પ્રણમે સુરવર નરરાય, પૂજે પાપ પલાય. 2 સુણો ભવિક મન આણી. 3 ભાવપૂજા પણ કરસ્યું હેવ. 4 સરસ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નારંગી નવરંગી કેલા, પાકા દાડિમ કરસું ભેલા,
ધોઈ ભેલ સંભેલા,
વલી ઢાઉં ખૂરસાણી સેવ, મુજ મન લાગી એહિજ ટેવ,
વાંદુ [1]અરિહંત દેવ. ૨
[2]નીમજાં ને સાકરની જોડ, ચારુ દ્રાક્ષ બદામ અખોડ,
ખાતાં [3]ઉપજે કોડ,
અતિ ઉજલા સરસ ગુંદવડાં, દહિવડા ખારક ને સીંગોડા,
સાંભલીયાં વરસોડાં;
ઘણી સુખડી એણી પરે આવે, ગુંદગિરી શેલડી સુહાવે,
ચારોલી પણ ભાવે,
ગુલ ને ગુંહ ભલી ગુલધાણી, સવિ હુંતિ મીઠી જિનવાણી,
[4]વાંદે ભવિક મન આણી. ૩
ખાજા લાડુ મરકી માંડી, ભલી જલેબી ન શકું છાંડી,
ઘેવરસું રઢ માંડી,
ખીર ખાંડ માંડાની ભાતો, [5]અનેક છે પકવાનની જાતો,
ઉપરી [6]પીશું પાતો;
સુરહા ઘી ને ઉનાં ધાન, [7]કુણ કહઈ લાપસી સમાન,
ઉપર ફોફલપાન,
ઘણાં સાંલણાં [8]ઘણી સજાઈ, હરખે પીરસે અપની માઈ,
જો [9]તુંસે દેવી અંબાઈ. ૪

---

1 સઘલા દેવ—ચોવીશ દેવ. 2 પસ્તા. 3 પહોંચે 4 સુણો. 5 આણી. 6 દિધિ. 7 કવિયણ કહે. 8 ભણી. 9 તું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## જન્મકલ્યાણકઆશ્રિતશ્રીસામાન્યજિનસ્તુતિ.

+ ૧ ( રાગઃ—પુંડરીકમંડન પાય પ્રણમીજે. )

છપ્પન દિશિકુમરીનાં આસન, કંપ્યાં તે સહુ આવે જી,
જોયણ એક અશુચિ ટાળી, પ્રભુગુણ મંગલ ગાવે જી;
અધોવાસી ને ઉરધવાસી, આઠ આઠ જે દેવી જી,
આવી પ્રણમી નિજ નિજ કરણી, કીધી પ્રભુપદ સેવી જી. ૧
તેરમે દ્વીપે પર્વત રુચકે, દેવી ચાલીશ જાણો જી,
આઠ આઠ એક એક દિશિની, બત્રીશ એમ પ્રમાણો જી;
ચાર વિદિશાની ચઉ દેવી, ચાર મધ્યે વસનારી જી,
ઇમ છપ્પન પરિવાર સંઘાતે, જિનભક્તિ મનોહારી જી. ૨
ભૂમિશોધન મેઘ ફૂલનો, વીંજણા કળશા નીર જી,
ચામર વીંઝણ દર્પણ ધારણ, દીપક ધારણ ધીર જી;
નાલચ્છેદ એ આપ આપણી, કરણી સૂત્ર વખાણી જી,
જન્મ સફલ કરવા બહુ ભકતે, આતમહિતકર જાણી જી, ૩
ઇમ બહુ ભકતે છપ્પન કુમરી, કીધી કરણી રંગે જી,
પ્રભુ ગુણ ગાવે નવ નવ તાને, નાટક ગીત ઉમંગે જી;
**દીપવિજય** કવિરાજ પ્રભુજી, જીવજો કોડી વરિસ જી,
ઇમ આશિષ દઇ નિજ નિજ સ્થાનક, પહોંચે સકલ જગીશ જી. ૪

---

## ચાર અતિશયગર્ભિતશ્રીસામાન્યજિનસ્તુતિ

+ ૧ ( રાગ—પર્વપજુસણ પુન્યે પામી )

પહેલો **અપાયાગમાતિશય**, જિન વિચરે ત્યાં હોવે જી;
રોગ શોક ને ઇતિ ઉપદ્રવ, પાપ પરાભવ ખોવે જી;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કંટક અવલા કુસુમ સવલા, જાનુ લગે વરસાવે જી,
સુભિક્ષ સદા કર અતિશય એહવા, નમતાં શિવસુખ આવે જી. ૧
બીજો **જ્ઞાન** મહાવડ **અતિશય**, કેવલ કમલા દાખે જી,
ચઉદ રાજમાં જીવ સકલના, ભાવ: મનોગત ભાખે જી;
જે ભવિયણ તસ સેવા સારે, તસ દુરિગતથી રાખે જી,
લખ ચોરાશી જલનિધિતારણ, નહિ કો જિનવર પાખે જી. ૨
ત્રીજો **વચન** મહારસ **અતિશય**, બોલે માગધ વાણી જી,
પ્રખદા બાર મલે સુર નરની, સાંભલવા ગુણખાણી જી;
એક વચનમાં ભૂચર ખેચર, સહુકો સમજે પ્રાણી જી,
જિન ચોવીશે એહવા વંદુ, હિયડે ઉલટ આણી જી. ૩
ચોથો **પૂજાતિશય** મોટો, ત્રણ ભુવન જસ પૂજે જી,
સત્તરભેદ સ્નાત્ર કરીને, નરભવ લાહો લીજે જી;
શાસનદેવી વીરપદ સેવી, સંઘની સાનિધ કીજે જી,
**મણિવિજય** ઈમ પંડિત જંપે, જય સુખ મંગલ કીજે જી. ૪

---

## ષટ્અતિશયગર્ભિતશ્રીસામાન્યજિનસ્તુતિ.

+ ૧ ( રાગ:–શ્રીશત્રુંજયતીરથસાર )

ષટ અતિશય કહું વર્ષીદાન, સોધર્મ ઈન્દ્ર સુગુણ નિધાન,
અવસર પુણ્ય પ્રધાન,
હોય હાથ પર વેસે સુજાણ, થાકે નહિ પ્રભુ દેતાં દાન,
અતિશય પહેલો જાણ;
બીજો ઇન્દ્ર જે કહિયે ઈશાન, છડીદાર થઈ રહે એક ધ્યાન,
શાશ્વત એહ વિધાન,

Jain Education International  For Private & Personal Use Only  www.jainelibrary.org

ચોસઠ ઈન્દ્ર વર્જીને જાણુ, લેતાં દેતાં સુરવારે તે ઠાણુ,
અતિશય બીજો પ્રમાણ. ૧
ભવનપતિમાં વડા કહાવે, ચમર બલીન્દ્ર નામ સુહાવે,
જિનપતિના ગુણ ગાવે,
પ્રભુજી મૂઠી નિયમાવે, યાચક ભાગ્યથી અધિક જાવે,
ચમરેન્દ્ર હીન કરાવે;
ભાગ્યાધિકને ઓછા થાવે, બલીન્દ્ર તેહમાં અધિક બનાવે,
ભાગ્ય પ્રમાણે પાવે,
નિજ કરણી કરી આનંદ પાવે, ત્રીજો અતિશય એહ જણાવે,
પ્રભુભક્તિ દિલ લાવે. ૨
ભવનપતિના નવ નિકાય, તેહના ઇન્દ્ર અઢાર કહાય,
સૂત્ર સિદ્ધાન્તે લખાય,
તે સહુ ઇન્દ્રના જીત ગણાય, દાન સમય લહી અવસર પાય,
કરણી આપ કરાય;
ભરતક્ષેત્રના નર સમુદાય, દાન લેવા જસ ઇચ્છા થાય,
તે લેવા મન ધાય,
તે સહુ માણસને ઇહાં લાય, એ ચોથો અતિશય ગવાય,
દીપવિજય કવિરાય. ૩
વાણવ્યન્તર ને વ્યન્તર જેહ, સહુ મળી ઈન્દ્ર બત્રીશ ગુણગેહ,
સમકિતદષ્ટિ તેહ,
ભરતવાસી માનવને એહ, પાછા નિજ નિજ ધામ ધરેહ,
અતિશય પંચમ એહ;
જ્યોતિષી ઇન્દ્ર કરણી એહ, વિદ્યાધરને જાણ કરેહ,
છઠ્ઠો અતિશય તેહ,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**દીપવિજય** કવિરાજ સનેહ, એ ષટ્ અતિશય વરસે સદેહ,
વીર જગતગુરુ મેહ. ૪

## શ્રીનમિજિનકેવલજ્ઞાનકલ્યાણકસ્તુતિ

+ ૧

વાણી ગુણ ગાજે, દેહ સંદેહ ભાજે,
ત્રિગડે જિન છાજે, દુંદુભિ નાદ વાજે;
મણિ તિહુઅણ ભાણું, એકાદગી લદ્ધિમાણું,
એણે તિરથ નમિનાણું, પંચ કલ્યાણક જાણું. ૧

## શ્રીસમવસરણભાવગર્ભિતશ્રીસામાન્યજિનસ્તુતિ

૧ ( રાગઃ—શત્રુંજયમંડનઋષભજિણંદદયાલ )

મિલ ચૌવિહ સુરવર વિરચે ત્રિગડું સાર,
અઢી ગાઉ ઉંચો પહુલો યોજન ચાર;
બિચ કનક સિંઘાસન પદમાસન સુખકાર,
શ્રીતીરથનાયક બેસે ચૌમુખ ધાર. ૧
તીન છત્ર શીરોમણી ચમ્મર ઢાળે ઈંદ,
દેવદુંદુભિ વાજે ભાંજે કુમતિ ફંદ;
ભામંડલ પુંઠે ઝબકે જાણી દિણંદ,
ત્રિહુઅણ જન મન મોહે સયલ જિણંદ. ૨
દ્રવ્ય ભાવસું ઠવણા નામ નિક્ષેપા ચાર,
જિનગણધરે ભાખ્યા સૂત્ર સિદ્ધાન્ત મોઝાર;
જિનવરની પડિમા જિન સરખી સુખકાર,
સુસ્વભાવે વંદો પૂજો જગ જયકાર. ૩
દુઃખહરણી મંગલકરણી જિનવર વાણી,
ભવ છેદ કૃપાણી મીઠી અમીય સમાણી;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[1]મન શુદ્ધે આણી પ્રતિબુઝો ભવિપ્રાણી,
[2]સુયદેવી વસાવે પામે જયતિ સુનાણી. ૪

## ષટ્પર્વીઆશ્રિતષટ્જિનસ્તુતિ

+ ૧

સીમંધર બીજ દિને નમેમિ,
ઈગ્યારસી પંચમી મલ્લિ નેમિ;
પાખી અને આઠમ વર્દ્ધમાન,
શ્રી પાર્શ્વસ્વામી દશમી પ્રધાન. ૧

સુવર્ણ રત્તોપલ નીલવના,
હિમપહા અંજન વન ઘના;
ભૂયા પવટ્ટા તહ વટ્ટમાણા,
સવ્વે નમું તીત્થયરા પહાણા. ૨

અરથ કહ્યો જગ ભગવંત વીરે,
સૂત્રે રચ્યા જે ગણધર ધીરે;
જે દુર્ગતે જીવ પડંત વારે,
સિદ્ધાન્ત સંસારસમુદ્ર તારે. ૩

થુણે જી કે' પર્વતિથે જિનેન્દ્ર,
શ્રી શાસનાદેવી કરે આણંદ;
ટાળે સદા સંકટ તેહ દૂરે,
કોરંટગચ્છે ભણે નન્નસૂરે. ૪

1 તે ધારી અહનિશિ. 2 શિવલખમી લીલા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રીજ્ઞાનપંચમીસ્તુતિઓ

+ ૧ ( રાગઃ—શત્રુંજયમંડનઋષભજિણંદદયાલ )

શ્રીનેમિ જિનેસર ત્રિભુવન તારણ દેવ,
કરજોડી જિનની સુપરે સારે સેવ;
પંચમીતપ કરતાં દુરગતિ વારે હેવ,
નાણસંપદ જપતાં નાણ લહો તતખેવ. ૧
આદીસર જયકાર શાન્તિનાથ સુખકાર,
નેમિસર જિનવર પાસ વીર મનોહાર;
પંચ જિન નમતાં પંચમગતિ દાતાર,
નાણપંચે લહીયે એહ તણો આધાર. ૨
પંચમીને દિવસે તપ કીજે ઉપવાસ,
પડિક્કમણાં બેહુ કરિયે મન ઉલ્લાસ;
દેવવંદન કરીને નાણ સંપદ સુવિલાસ,
સહસ દોય જપો વલી આગમ એહ વિભાસ. ૩
પંચમીનો મહિમા ભાખે નેમિજિણંદ,
વિધિ વિધિસું કરતાં **અંબા** દે આણંદ;
તપ પાંચ વરસ ને પાંચ માસ સુખકંદ,
**જયવિજયપંડિતનો મેરુ** લહે સુખ વૃંદ. ૪

---

+ ૨ ( રાગઃ—મનોહરમૂરતિમહાવીરતણી )

પ્રથમ નેમિજિનેસર ઉપદિસિઉ,
સરસતી રાણી તે મન વસીઉ;
તપ કરી સો નાણપંચમી,
લહુ જિમ સુખ ગતિપંચમી. ૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરી વિરૂપજી પંચઈ સુરવરઈ,
શિખરી પંચઈ મેરુગિરિ સરી;
ન્હવિય જે જિન પંચમ ચઉગુણા,
ગુણ થુણસુ પંચમી તેહ તણા. ૨
વરસ પંચ માસય વલી કરઈ,
પછઇ ઉજમણું બહુ વિસ્તરઈ;
વિધિ ઈસી જિહાં પંચમીની કહી,
ભણુઉ આગમ આદરી તે સહી. ૩
વસઈ કોડીનારી શ્રાવિકા,
શિખરી ઉજલી દેવી અંબિકા;
તેહ પંચમી નાણુના ભણુઈ,
નજસૂરિ પૂરઉ કામના. ૪

## શ્રીસિદ્ધચક્રસ્તુતિ

+૧ ( રાગઃ—શ્રીવીરજિનેશ્વરઅતિઅલવેસર )

શ્રીસિદ્ધચક્રજિણેસર સુંદર, સુરપાદપ સમો જગમાં જી,
તસુ છાયાઈ જે નર રસિયા, તે વસિયા શિવવગમાં જી;
કાલ અનંતે જીવ અનંતા, એ તપને ખપ કરતાં જી,
ભવ દવ તાપ સંતાપ મિટાવી, અધ્યાતમ અનુસરતા જી. ૧
બારસગુણી અરિહંત પહેલે, પદ ત્રિકાલના વંદ્યા જી,
બીજે સિદ્ધ કૃતારથ અડગુણી, કરમમૂલ નિકંદ્યા જી;
ગુણ છત્રીસધારક સૂરિરાજા, પંચ પ્રસ્થાને તાજા જી,
પંચવીસ સત્તાવીસ ગુણ કાંતા, પાઠક સાધુ દિવાજા જી. ૨
દંસણ સમકિત સદ્દહણા પદ, સડસઠિ ભેદે ભેદ્યા જી,
ત્રિભુવનદીપક જ્ઞાન સમ પદ, ભેદ એકાવન વેદ્યા જી;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચારિત્રરમણુતા વિરતી સંયમ, ભેદ સત્તરથી ધ્યાયા જી,
કર્મ ખયાવે મંગલમંદિર, બાર ભેદે તપ ગાયા જી. ૩
હૃદયે ભાલસ્થલે એ નવપદ, ધ્યાતા ધ્યેયને ધ્યાવે જી,
નવ નિયાણુ ટાળે શીલપાલે, નવ નવ ભ્રમણુ ન પાવે જી;
સોહમવાસી **વિમલેસર** સુર, તિમ સાસનના દેવા જી,
**સૌભાગ્યલક્ષ્મીસૂરિ** સુખદાતા, શ્રીશ્રીપાલ જિન સેવા જી. ૪

## શ્રીપજુસણપર્વસ્તુતિ

+ ૧ ( રાગઃ–પુન્યનું પોષણ પાપનું શોષણ. )

પર્વ પજુસણ પુન્યે આવ્યા, સંઘ ચતુર્વિધ મેલી જી,
સત્તરભેદી પૂજા રચાવો, સ્નાત્ર કરો ત્રિણ વેલી જી;
અમારી પલાવી પાપ ટલાવી, અઠ્ઠમ કરો ભાવ ભેલી જી,
વીર જિનભક્તિ સમકિત હેતઈ, ખરચો સોવન થેલી જી. ૧
વાજા વજડાવી ચૈત્ય પરવાડી, વંદો જિન ચોવીસ જી,
દેઈ ગુરુવાંદણા લેઈ ખામણા, કરો પોસા નિસદિસ જી;
પોઢે પચ્ચખાણિ પભાવના લાહિણુ, દાને પોષી પાત્ર જી,
રાતિજગા ભગતિ કરતાં શક્તિ, હોવઈ જનમ પવિત્ર જી. ૨
હાથી મસ્તકિ થાપી પુસ્તક, ઉત્થવી દેઈ મુનિ હાથે જી,
કલ્પસૂત્ર ગુરુમુખી સાંભલીઈ, અરચી ઘણું સંઘ સાથે જી;
જેહમાં ચરિત્ર જિન ગણુધર આદિ, થિવિરાવલી સામાચારી જી,
એકવીશ વેલા એણિ વિધિ સુણુતાં, શિવસુખ લહે સંસારી જી ૩
પડિક્કમણાં સંવચ્છરી ખામણાં, પારણાં પુન્યના ઠામો જી,
પામી પજુસણુ જેહ કરઈ, ભવિયણુ ધરમના કામો જી;
વિઘન હરો તેહના સુરસમકિત–ધારી વલી ઇંદ હેજાલા જી,
**ભાવવિજય** ઉવજ્ઝાય શીસ **ભાણુ**, કહે દીઈ મંગલમાલા જી. ૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# द्वाविंशतितमस्तरङ्गः

## श्रीऋषभादिजिनस्तुतयः

### श्रीऋषभजिनस्तुतयः

१ (हरिणीप्लुतछन्दः)

श्रीनाभेयं योगिध्येयं देहज्योतिः[१]सारङ्गं,
सर्वश्रेयःश्रेयः पद्यागत्यामाद्यत्[२]सारङ्गम् ।
कर्मक्षोणीजन्मश्रेणी×श्रेणीध्वंसे [३]सारङ्गं,
नौम्युत्कण्ठाव्याप्तस्वान्तः सौवस्थाम्ना [४]सारङ्गम् ॥ १ ॥
अर्हद्वृन्दं कल्पताऽऽनन्दं चञ्चच्चक्षुः सा[५]रङ्गं,
विश्वाऽमर्त्यव्याधाऽऽदित्यछायाभेदे [६]सारङ्गम् ।
क्षाँमाऽश्मेमं दक्षक्षोणीकौमुद्या मुत्[७]सारङ्गं,
श्रेयोरत्याः कण्ठाश्लेषे स्तोष्ये नन्दत्[८]सारङ्गम् ॥ २ ॥
स्तौम्यध्वान्तं ध्वस्तध्वान्तं श्रीसिद्धान्तं [९]सारङ्गं,
भव्याऽम्भोजेष्वाविर्भूताऽऽनन्दाऽम्भोरुट् [१०]सारङ्गम ।
अज्ञानाऽऽलीपाथोदालीशत्या हृप्यत्[११][१२]सारङ्गं,
वन्दारूणां भीदारूणां [१३]वक्षोवृक्षे [१४]सारङ्गम् ॥ ३ ॥

---

१ सुवर्णम् । २ अश्वम् । ×श्रेणि°—मार्ग° ३ गजम् । ४ सिंहम् । ५ मृगम् ६ राहुम् । ७ कृशीभूतदुरितम् । ८ चन्द्रम् । ९ कामदेवम् । १० सूर्यम् ११ हंसम् । १२ वायुम् । १३ पञ्जर० । १४ शुकसदृशम् ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जैनाऽध्यक्षं दक्षं यक्षं सुष्ठुछायासारङ्गं[1],
सौम्या वाण्या गाम्भीर्येण ध्वस्तोद्रुजेत्सारङ्गम्[2] ।
अर्हत्सर्पद्वाक्योद्रुर्जत्पर्जन्याऽम्भः सारङ्गं[3],
वन्दे क्रीडाकामक्रीडाकासारश्रीसारङ्गम्[4] ॥ ४ ॥

---

२ ( उपजातिः )

*सज्ज्ञानलक्ष्म्याः सुनिवेशनार्थं, सन्मण्डपत्याशु समाऽऽगमोऽस्था(?) ।
लसद्यदंसोपरि केशवल्ली, सदा मुदे वः स युगादिदेवः ॥ १ ॥
त्रैलोक्यलक्ष्म्या वृतये स्वयं या, सम्मण्डपत्याहर्तचैत्यराजी (?) ।
साऽनित्यनित्या नमतां नृणां स्या-दनित्यनित्याय सुखाय नित्यम् ॥२॥
सत्तीर्थलक्ष्म्या विशतौ हि रङ्गात्, श्रीमण्डपत्यास्तृतसूत्रितं यत्।(?)
तदस्तु मे जैनीवचः प्रपञ्चि, सुवाचनं प्रावचनं सुवाचौ ॥ ३ ॥
श्रीपङ्क्तलक्ष्म्या सुचिरं सदा ये, समण्डपन्तीह सुराऽसुरीभिः (?) ।
सद्ध्यावृतव्यावृतभावभावाः, सुदृष्टयः सन्तु सुदृष्टये ते ॥ ४ ॥

---

३ ( उपजातिः )

श्रीनाभिसुनो वस सिद्धिपूर्यां, निःशेषशर्मावलिपूरितायाम् ।
दुष्टाष्टकर्माऽवनिभृद्धिनाश–सुधाऽशनाधीश्वरसिद्धिदाता ॥ १ ॥
समस्ततीर्थप्रभवः प्रकृष्ट–प्रभावयुक्ता ददतां सतां शम् ।
मुखप्रभाबाधितशीतपादाः, समर्त्यशक्रालिनिषेव्यमानाः ॥ २ ॥

---

* पू. मुनिकुंजरश्रीधर्मकीर्तेः कृतिरियम् । १ प्रवालसदृशम् । २ मेघसदृशम् । ३ चातकम् । ४ कमलम् ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

*राधान्त एष प्रकरोतु सिद्धिं, श्रीणाऽष्टकर्माऽऽननपद्मजातः ।*
निर्देशतस्तीर्थकृतां गणेशाः, सूत्रं यदीयं रचयाम्बभूवुः ॥ ३ ॥
चक्रेश्वरी सा मम मङ्गलाऽऽली–महर्निशं मङ्क्षु सुरी तनोतु ।
सूरीश्वरीऽऽनन्दगुरोर्गणे या, समीहितं राति सुहंमत्राणो ॥ ४ ॥

---

४ ( वसन्ततिलकावृत्तम् )

श्रीसूरिहर्षविनयप्रभुताप्रतिष्ठा–
श्रीसूरिहर्षविनयस्मरणीयरूपः ।
श्रीसूरिहर्षविनयध्वनिरत्नराशौ,
श्रीसूरिहर्षविनयः प्रथमः श्रियेऽर्हन् ॥ १ ॥

पूज्याः सहर्षविनयस्तुतपादपद्मा–
स्तीर्थस्थहर्षविनयश्रियमादधानाः ।
सर्वत्र हर्षविनयस्वनसन्निधाना,
यच्छन्तु हर्षविनयप्रसृतं जिनास्ते ॥ २ ॥

सूरीशहर्षविनयद्विपदर्पपायी,
सूरीशहर्षविनयस्थितिकेसरश्रीः ।
सूरीशहर्षविनयप्रियकक्षशाली,
श्रीरागमो हरिरिवोत्तमधर्महंसः ॥ ३ ॥

श्रीधर्महंसललने नलिनीसधर्म–
श्रीधर्महंसनमनाः कमला श्रुतेशा ।
पद्मा श्रियेऽस्तु भविनां गुरुधर्महंस–
श्रीधर्महंससुमहाविजयाजयाऽम्बा ॥ ४ ॥

---

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## सोपारकपुरमण्डनश्रीऋषभजिनस्तुती

१ ( शार्दूलविक्रीडितम् )

श्रीसोपारकपत्तनाऽद्भुतरमारामाशिरः शेखरं,
श्रीनाभिक्षितिपालवंशकमलप्रोल्लासने भास्करम् ।
माद्यन्मोहमदाऽष्टकक्षयकरं मोक्षाऽध्वनिस्पन्दनं,
भक्त्याऽऽदीशजिनं स्तुवे प्रतिदिनं श्रीजीवितस्वामिनम् ॥ १ ॥
पञ्चैरावतपञ्चभारतमुखक्षेत्रेषु ये संस्थिता,
भूताऽनागतवर्तमानजिनपा विश्वत्रयीवन्दिताः ।
लोकाऽलोकविलोकिकेवलमहाज्ञानश्रिया संश्रिता-
स्तेषां श्रीपदपङ्कजं भवभिदे भूयाज्जिनानां सदा ॥ २ ॥
श्रीसिद्धान्ततरुः पदत्रयमहामूलोऽखिलाङ्गस्फुर-
च्छाखाभिः समलङ्कृतो वरतरोपाङ्गप्रशाखाऽन्वितः ।
अर्थश्रेणिसुगन्धिपुष्पनिकरैः संवासिताऽऽशामुखो,
देयान्मोक्षफलं जरामृतिहरं भव्यावलीनां सदा ॥ ३ ॥
श्रीमन्नादिजिनेन्द्रपादकमलप्रोद्यन्नखालीविभा-
श्रेणीनव्यपरागपूरमधुपः श्रीगोमुखो यक्षराट् ।
विघ्नौघप्रबलाऽन्धकारनिकरप्रध्वंसनेऽहर्मणि-
र्भव्यानां सततं तनोतु विशदा नानाविधाः सम्पदः ॥ ४ ॥

---

२ ( वसन्ततिलकावृत्तम् )

श्रीकुङ्कणाख्यविषयस्थितपत्तनश्री-
सोपारकाऽवनितलामलभूषणाऽऽभ ! ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

श्रीमद्युगादिजिननायक ! मौलिनाऽहं,
भक्त्या वहे तव पदाऽब्जयुगं जिनेश ! ॥१॥

राज्यं विहाय सकलं तृणवद्गृहीतः,
श्रीसंयमो नरसुराऽसुरसाक्षिकं यैः ।
ते तीर्थपा ऋषभदेवमुखाः सुखानि,
त्रैलोक्यलोकनिवहस्य सदाऽपि दद्युः ॥ २ ॥

श्रीतीर्थनाथमुखपङ्कजजन्मभूमि–
मोहान्धकरनिकुरम्बविनाशभानुः ।
उद्भासिताऽखिलजगत्त्रितयस्वरूपः,
श्रीआगमो दिशतु मे शिवसौख्यलक्ष्मीम् ॥ ३ ॥

सोपारकप्रवरतीर्थपतेः पदाब्जं,
या सेवते मधुकरीव मुदा सदापि ।
चक्रेश्वरीसुरसुरीनिकरेण सेव्या,
सा सङ्घलोकनिवहस्य सुखं चिनोतु ॥ ४ ॥

---

## श्रीअजितजिनस्तुतिः ।

१ ( उपजातिः )

*नमाम्यहं श्रीविजयाङ्गजातं, समीहितोत्सर्जनपारिजातम् ।
उन्निद्रहेमाम्बुजचारुकान्तिं, सौवाननश्रीजितशुभ्रकान्तिम् ॥ १ ॥

---

* पू. आ. श्री. विजयानंदसूरीश्वराणां पट्टशिष्य पू० मुनिशेखरश्रीलक्ष्मीविजयाणां विनेयमुनिराजश्रीहंसविजयस्य कृतिरियम् ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तमाप्तसङ्घातमहं वहामि, श्रीखण्डकाश्मीरजपुष्पमुख्यैः ।
प्रचण्डमार्तण्डविमानकान्ति यद्धर्मचक्रं गगने चचाल ॥ २ ॥
श्रीद्वादशाङ्गीत्रिदशापगा या, सर्वज्ञगौरीजनके प्रशस्ता ।
मुखाब्जशोणात्प्रससार विश्वे, निःसृत्य सा कर्ममलं जहातु ॥ ३ ॥
श्रीरोहिणी सा विदधातु भद्रं, शरीररोचिर्जितरोहिणीशा ।
सद्रोहिणीनन्दनगौरकीर्तिः, संरोहिणी सर्वतमोभरेषु[1] ॥ ४ ॥

---

## श्रीशम्भवजिनस्तुतयः ।

१ ( उपजातिः )

*अभिष्टुमः शम्भवतीर्थराजं, नमन्नराऽमर्त्यसुराधिराजम् ।
जितारिसन्ताननभोनभोगं, सम्प्राप्तकैवल्यवशोपभोगम् ॥ १ ॥
जिनोत्तमास्ते सततं समग्रा, रक्षन्तु संसारभयान्मनुष्यान् ।
यद्दर्शनात् कल्कगणाः प्रणाशं, प्रयान्ति मेघादिव [2]वेणुवाराः ॥२॥
श्रीवीतरागाऽऽगमवीचिमालि—पुत्रीहृदीशाऽग्रज एष नित्यम् ।
अज्ञानभूमीधरमाशु सप्त—नयस्फुरद्वज्रधरो निहन्तु ॥ ३ ॥
हर्षं प्रकर्षं मम मानसीयं, दद्याद् सुरी राजमरालयाना ।
वज्रं करे वारिजनेत्रयुग्मा, विद्युल्लतागात्ररुचिर्दधाना ॥ ४ ॥

---

1 व्रणेषु। 2 रेणुवाराः । * पू. आ. श्रीविजयानन्दसूरीश्वराणां पट्टशिष्य पू. मुनिशेखरश्रीलक्ष्मीविजयानां विनेयमुनिराजश्रीहंसविजयस्य कृतिरियम् ।

Jain Education International   For Private & Personal Use Only   www.jainelibrary.org

२ ( द्रुतविलम्बितम् )

चरणपद्मयुगं प्रणमाम्यहं, तव भवोच्छितताषमलाऽपहम् ।
अमरकोटिभि[1]र्रचितमादरा–दमदशं भवनाथ ! गुणाऽम्बुधे ! ॥ १ ॥
भवभयात्किल पान्तु जिनोत्तमा, मदनपर्वतभेदभिदूपमाः ।
गतरुजः क्षतनाशजरोद्भवा, असुमतां शिवशर्मकृतश्च माम् ॥ २ ॥
कुमतमत्तमतङ्गजमारणे, नयचितः समयो नखरायुधः ।
तव भवाऽम्बुनिधौ खलु मज्जतां, प्रवहणं भविनां [2]भवनाशनम् ॥३॥
त्रिभुवने त्रिमुखस्त्रिकयोगिनां, [3]कुरु तृतीयजिनेश्वरशासने ।
तनुमतां दुरितं दुरितारिका, हरतु यच्छतु कीर्तिशुभश्रियम् ॥ ४ ॥

---

## श्रीअभिनन्दनजिनस्तुतिः ।

१ ( वसन्ततिलका )

*वन्देऽभिनन्दनजिनं जनरञ्जनं तं,
श्रीसंवराऽन्वयसुराऽऽलयवज्रपाणिम् ।
सावद्ययोगविरतं रततोयवाह–
प्रोज्जासनोद्धतसमीरणमाप्तसातम् ॥ १ ॥
भव्या जिनेश्वरगणं श्रयत प्रकामं,
यूयं क्षमारसपयःसरिदीशचन्द्रम् ।
श्रेयस्करं सुकृतिनां नतकन्धराणां,
यं देवताऽधिपतयः प्रणमन्ति शश्वत् ॥ २ ॥

---

1 शिरो । 2 भय । 3 वर० । * पू. आ. श्रीविजयानन्दसूरीश्वराणां पट्टशिष्य-पू. मुनिशेखरश्रीलक्ष्मीविजयाणां विनेयमुनिराजश्रीहंसविजयस्य कृतिरियम् ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सम्यग्दृशां जिनवराऽऽगमसत्कुमारो,
हर्षं चिनोतु सुतरां प्रियवाक्यसारः ।
रम्यस्वरः सुगतिदर्शनदायिदेहः,
स्फूर्जद्गुणावलियुतो जगति प्रतिष्ठः ॥ ३ ॥
वज्राङ्कुशी सकलशर्मविधायिनी सा,
पुंसां सुखं प्रवितनोतुतरां मृगाक्षी ।
याऽनेकपं श्रितवती दधती कराभ्यां,
दम्भोलिमङ्कुशमलं च मरालभासम् ॥ ४ ॥

---

## श्रीसुमतिजिनस्तुतिः ।

१ (तोटकम्)

*सुमते ! सुमते ! ऽसुमतां सुतरां, सुगतिप्रद ! मेघमहीशसुत ! ।
तव दर्शनमत्र मनोज्ञमपा–कुरुताद्दुरितं चिरकालभवम् ॥ १ ॥
विततान यदीय जनुः सुमहं, शिखरे तपनीयगिरेः प्रमदात् ।
शतयज्ञततिस्तपनीयघटैस्त–महं प्रणमामि जिनेशगणम् ॥ २ ॥
भगवन्नवतात् भवतो वचनं, भवतो भवतो भवभीतिहरम् ।
कुमतोत्कटहस्तिमृगेन्द्रसमं, दुरितव्रततिक्षयसामभवम् ॥ ३ ॥
समवाऽम्बुददेहरुचिर्भयतो, मनुजान् बत कालि सदा सदया ।
अवनीधरभृद्वरदया सहिता, सहिता महिताऽमलदन्ततति: ॥ ४ ॥

---

* पू. आ. श्रीविजयानन्दसूरीश्वराणां पट्टशिष्यपू.मुनिशेखरश्रीलक्ष्मीविजयाणां विनेयमुनिराजश्रीहंसविजयस्य कृतिरियम् ।

Jain Education International    For Private & Personal Use Only    www.jainelibrary.org

## श्रीपद्मप्रभजिनस्तुतिः ।

१ ( वसन्ततिलका )

*पद्मप्रभः प्रतिदिनं प्रददातु पद्मां,
प्रौढप्रमादपवनाशनपन्नगारिः ।
श्रीमद्धरक्षितिपतेः कुलमेरुकल्पो,
रक्ताङ्कभूवनरुची रुचिरप्रभावः ॥ १ ॥

संसारनीरनिधिपीतसरिद्धदीशा–
स्तीर्थङ्कराः शुभभरं मम ते दिशन्तु ।
सन्त्यज्य ये नृपरमां गजवाजियुक्तां,
मुक्तिश्रिये तृणमिवाऽऽददिरे तपस्याम् ॥ २ ॥

